ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૪૯ |
| પાઉન્ડ | ૧૦૫.૦૪ |
| યુરો | ૯૦.૦૨ |
| સઉદી રિયાલ | ૨૨.૨૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૪,૦૦૫ |
| ચાંદી (૧ કિલો) | ૮૪,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૭૮ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

## ત્રીજા તબક્કામાં ૧૨ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાન થશે

# ગુજરાત સહિત દેશની ૯૩ બેઠકો માટે આજે મતદાન

## ત્રીજા તબક્કા સાથે ગુજરાત, કર્ણાટક અને ગોવામાં મતદાન પૂર્ણ થઈ જશે, ૯૩ બેઠકો માટે કુલ ૧,૩૫૧ ઉમેદવારો મેદાનમાં

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

ગુજરાત સહિત ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૯૩ બેઠકો પર મતદાન માટેનો તખ્તો ગોઠવાઈ ગયો છે. મંગળવારે ૭ મેએ આ બેઠકો પર મતદાન થશે. મતદાન દસ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી ૯૩ લોકસભા મતવિસ્તારોમાં થશે. ત્રીજા તબક્કાના મતદાનમાં જમ્મુ-કાશ્મીરની અનંતનાગ-રાજૌરી લોકસભા બેઠકો પર પણ મતદાન થવાનું હતું. જો કે, અનેક કનેક્ટિવિટી સમસ્યાઓને કારણે ચૂંટણી પંચે તેને ૨૫ મેના રોજ ફરીથી કાર્યક્રમ જાહેર કર્યો છે. ગુજરાતની તમામ ૨૫ બેઠકો પર એક જ તબક્કામાં ગોવાની બે બેઠકો સાથે મતદાન થશે. કર્ણાટકના બાકીના ૧૪ મતવિસ્તારો જેમાં મુખ્યત્વે ઉત્તર કર્ણાટકમાં પણ મંગળવારે મતદાન યોજાનાર છે જે બાદ રાજ્યમાં મતદાન પૂર્ણ થશે.

ત્રીજા તબક્કામાં ૧૦ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી ૯૩ લોકસભા બેઠકો પર મતદાન થશે. ત્રીજા તબક્કાના રાજ્યોમાં આસામ (૪ બેઠકો), બિહાર (૫), છત્તીસગઢ (૭), ગોવા (૨), ગુજરાત (૨૫), કર્ણાટક (૧૪), મધ્યપ્રદેશ (૮), મહારાષ્ટ્ર (૧૧), ઉત્તર પ્રદેશ(૧૦)નો સમાવેશ થાય છે. ઉપરાંત પશ્ચિમ બંગાળ (૪), દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનો પણ સમાવેશ થાય છે. આ તબક્કાની સાથે જ ગુજરાત, કર્ણાટક અને ગોવામાં મતદાન પૂર્ણ થશે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ત્રીજા તબક્કામાં ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના કુલ ૧,૩૫૧ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આમાં મધ્યપ્રદેશની ૨૯-બેતુલ (એસટી) PCમાં મુલતવી રાખવામાં આવેલી ચૂંટણી માટે ૮ ઉમેદવારોનો સમાવેશ થાય છે. વધુમાં, ગુજરાતમાં સુરત સંસદીય મતવિસ્તારમાંથી એક ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા છે. તમામ ૧૨ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખ ૨૨ એપ્રિલ ૨૦૨૪ હતી. લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં મતદાન માટે ૧૨ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૯૫ પીસી (૨૯-બેતુલ સહિત) માટે કુલ ૨,૯૬૩ નામાંકન દાખલ કરવામાં આવ્યા હતા. ટોચના ઉમેદવારોમાં અમિત શાહ (ગાંધીનગર), જ્યોતિરાદિત્ય સિંધિયા (ગુણા) પ્રહલાદ જોશી (ધારવાડ), સુપ્રિયા સુલે (બારામતી), અધીર રંજન ચૌધરી (બહરામપુર), ડિમ્પલ યાદવ (મૈનપુરી), શ્રીપદ નાઈક (ઉત્તર ગોવા), બદરૂદ્દીન એ. (ધુબરી), શિવરાજ સિંહ ચૌહાણ (વિદિશા) અને દિગ્વિજય સિંહ (રાજગઢ)નો સમાવેશ થાય છે. આ તબક્કામાં સૌથી વધુ આતુરતાથી જોવામાં આવતી મતવિસ્તાર લડાઈઓમાંની એક અલબત્ત બારામતીમાં પવાર વિરૂદ્ધ પવારની લડાઈ હશે. એનસીપીના નેતા સુપ્રિયા સુલે બારામતીથી ફરીથી ચૂંટણી લડી રહ્યા છે, તેમનો સામનો ડેપ્યુટી સીએમ અજિત પવારની પત્ની સુનેત્રા પવાર સાથે છે. બારામતી એ મહારાષ્ટ્રમાં રોચક બેઠક છે. મૈનપુરીમાં બીજી ઉચ્ચ દાવની હરીફાઈ થશે જ્યાં અખિલેશ યાદવની પત્ની, સમાજવાદી પાર્ટીના નેતા ડિમ્પલ યાદવ, યાદવ પરિવારના ગઢમાં ભાજપના મંત્રી જયવીર સિંહ અને બસપાના શિવ પ્રસાદ યાદવ સામે ટકરાશે. કોંગ્રેસના પૂર્વ નેતા અને ભાજપના દિગ્ગજ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા અને કોંગ્રેસના નેતા રાવ યાદવેન્દ્ર સિંહ વચ્ચેની ગુણાની લડાઈ પણ એક પ્રકારની રસપ્રદ લડાઈ હશે. પ્રથમ તબક્કાની ચૂંટણી ૧૯ એપ્રિલે અને બીજા તબક્કાનું મતદાન ૨૬ એપ્રિલે થયું હતું. ત્રીજા તબક્કાના મતદાન બાદ ૫૪૩ બેઠકોમાંથી ૨૮૫ બેઠકો પર ચૂંટણી પૂર્ણ થશે. ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા તબક્કા માટે અનુક્રમે ૧૩ મે, ૨૦ મે, ૨૫ મે અને ૧ જૂનના રોજ મતદાન થશે. ૪ જૂને મતગણતરી હાથ ધરાશે. લોકસભા ચૂંટણીના પ્રથમ અને બીજા તબક્કામાં મતદાન અનુક્રમે ઘટીને ૬૬.૧૪ ટકા અને ૬૬.૭૧ ટકા થયું હતું. ચૂંટણી પંચના મતે ૨૦૧૯ની ચૂંટણીઓ કરતાં આ વખતે પ્રથમ અને બીજા તબક્કામાં મતદાનમાં ઘટાડો થયો હતો જેમાં ૬૯.૪૩ ટકા અને ૬૯.૧૭ ટકા મતદાન થયું હતું.

## અમિત શાહ, જ્યોતિરાદિત્ય સિંધિયા, સુપ્રિયા સુલે, અધીર રંજન ચૌધરી, ડિમ્પલ યાદવ અને દિગ્વિજયસિંહના ભાવિનો ફેંસલો ઈવીએમમાં કેદ થશે



## ભાજપના નેતૃત્વવાળી NDAને લોકસભા ચૂંટણીમાં ૧૫૦ બેઠકો પણ નહીં મળે : રાહુલ ગાંધી

(એજન્સી) અલીરાજપુર, તા.૬

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સોમવારે દાવો કર્યો હતો કે, ભાજપની આગેવાની હેઠળની એનડીએ ચાલુ લોકસભા ચૂંટણીમાં ૧૫૦ બેઠકો પણ મેળવી શકશે નહીં અને આ ચૂંટણીઓનો હેતુ બંધારણને બચાવવાનો હતો જેને ભગવા પક્ષ અને આરએસએસ બદલવા માંગે છે. મધ્યપ્રદેશમાં રતલામ-ઝાબુઆ લોકસભા બેઠક હેઠળના અલીરાજપુર જિલ્લાના જોબત શહેરમાં ચૂંટણી રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ સરકાર લોકોના હિતમાં અનામત પરની ૫૦ ટકાની મર્યાદાને હટાવવાની



ખાતરી કરશે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે ફરી જાતિ ગણતરી માટે સમર્થન કરતા કહ્યું કે, તે લોકોની સ્થિતિ વિશે બધું જ જાહેર કરશે અને દેશમાં રાજકારણની દિશા બદલશે. ગાંધીએ દાવો કર્યો કે, 'ભાજપના નેતાઓએ સ્પષ્ટપણે કહ્યું છે કે, તેઓ પુસ્તક (બંધારણ) બદલી નાખશે. તેઓએ 'અબકી બાર, ૪૦૦ પાર'નું સૂત્ર આપ્યું છે. ૪૦૦ને છોડી દો, તેમને ૧૫૦ બેઠકો પણ નહીં મળે.' તેમણે વધુ દાવો કર્યો કે, 'આ લોકસભાની ચૂંટણીઓ બંધારણને બચાવવા માટે છે જેને ભાજપ અને આરએસએસ રદ કરવા, બદલવા અને ફેંકી દેવા માંગે છે.' તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ અને વિપક્ષ ઈન્ડિયા ગઠબંધન બંધારણની રક્ષા કરી રહ્યા છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, 'તેના કારણે (બંધારણ) આદિવાસીઓ, દલિતો અને ઓબીસીને લાભો મળી રહ્યા છે. બંધારણને કારણે આદિવાસીઓને પાણી, જમીન અને જંગલો પર અધિકાર છે.' તેમણે દાવો કર્યો હતો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકોના અધિકારો છીનવી લેવા માંગે છે. તેમણે ઉમેર્યું કે, 'અમે તેને રોકવા માંગીએ છીએ.' ગાંધીએ કહ્યું કે, 'તેમના નેતાઓએ કહ્યું છે કે, તેઓ આદિવાસીઓ, દલિતો અને ઓબીસીને આપવામાં આવેલ અનામત છીનવી લેશે.' તેમણે કહ્યું કે, 'હું તમને આ તબક્કે કહેવા માંગુ છું કે, અનામત છીનવી લેવાની વાત છોડી દો, અમે તેમને ૫૦ ટકાથી ઉપર વધારવા જઈ રહ્યા છીએ. કોર્ટે અનામતની મર્યાદા ૫૦ ટકા રાખી છે.' ગાંધીએ કહ્યું કે, કોંગ્રેસ સરકાર આદિવાસીઓ, દલિતો અને ઓબીસીને તેમની જરૂરિયાત મુજબ અનામત આપવા માટે કામ કરશે. ગાંધીએ દાવો કર્યો કે, 'અમે તમને આદિવાસી કહીએ છીએ, જમીન અને જંગલના પ્રથમ માલિક. તમારા અધિકારોના રક્ષણ માટે વન અધિકાર અધિનિયમ, PESA લાગુ કરવામાં આવ્યો છે. અમે તમને જે લાભ આપ્યો છે તે તેઓ પાછું લાવવા માંગે છે.' ઈન્ડિયા ગઠબંધન જો સત્તા પર આવશે તો જાતિ આધારિત વસ્તી ગણતરી અને 'આદિવાસી, દલિતો, ઓબીસી અને સામાન્ય જાતિના ગરીબોના ઉત્થાન માટે આર્થિક વસ્તી ગણતરી સાથે આગળ વધવામાં આવશે. તેમણે કહ્યું કે, 'આ ક્રાંતિકારી કાર્ય છે જે અમે કરવા જઈ રહ્યા છીએ.' ગાંધીએ દાવો કર્યો કે, 'મોદીજી માત્ર ૨૨ અબજોપતિ ઉદ્યોગપતિઓની જ ચિંતા કરે છે અને તેમની લાખો કરોડની લોન માફ કરી દીધી છે.' ગાંધીએ આરોપ લગાવ્યો કે પીએમ મોદીએ તેમની સરકાર બે કરોડ (વાર્ષિક યુવાનો)ને રોજગાર આપવા અંગે જૂઠું બોલ્યા. તેમણે વધુમાં કહ્યું કે, કોંગ્રેસ દેશમાં કરોડો લોકોને 'લખપતિ' બનાવવા માંગે છે. ગાંધીએ જણાવ્યું હતું કે, મહાલક્ષ્મી યોજના હેઠળ ગરીબ મહિલાને તેના પરિવારને ગરીબીમાંથી બહાર કાઢવામાં આવે ત્યાં સુધી ૧ લાખ રૂપિયા (વાર્ષિક) આપવામાં આવશે. તેમણે કહ્યું કે, 'આ યોજનાના ભાગરૂપે એક મહિલાને દર મહિને ૮૫૦૦ રૂપિયા મળશે.' ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, વિપક્ષી ગઠબંધન, એકવાર સત્તામાં આવ્યા પછી ખેડૂતોને તેમની પેદાશો માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) સુનિશ્ચિત કરવા માટે કાયદો ઘડશે. તેમણે કહ્યું કે, અમારી સરકાર બનતાની સાથે જ અમે ખેડૂતોની લોન માફ કરીશું. ગાંધીએ દાવો કર્યો હતો કે, દેશમાં હાલમાં બેરોજગારી છેલ્લા ૪૫ વર્ષમાં સૌથી વધુ છે. કોંગ્રેસ નેતાએ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA) હેઠળ વેતનમાં રૂા.૨૫૦થી રૂા.૪૦૦ પ્રતિદિન વધારો કરવાની પણ જાહેરાત કરી હતી.

## સત્તામાં આવ્યા પછી ખેડૂતોની લોન માફ કરીશું, મનરેગાનું દૈનિક ભથ્થું વધારીને રૂા. ૪૦૦ કરીશું : રાહુલ ગાંધી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૬

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સોમવારે કહ્યું હતું કે કેન્દ્રમાં ચૂંટણી પછી પાર્ટીની સરકાર બન્યા પછી તરત જ ખેડૂતોની લોન માફ કરવામાં આવશે અને મનરેગા યોજના હેઠળ દૈનિક ભથ્થું ૨૫૦ રૂપિયાથી વધારીને ૪૦૦ રૂપિયા કરવામાં આવશે. મધ્ય પ્રદેશમાં ખરગોન લોકસભા મતવિસ્તાર હેઠળના સેગાંવ ખાતે પ્રચાર રેલીને સંબોધતા, ગાંધીએ આરોપ લગાવ્યો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બંધારણમાં ફેરફાર કરવાનું મન બનાવી લીધું છે અને આખરે તેને રદ્દ કરી દીધું છે. "કેન્દ્રમાં સત્તામાં આવ્યા પછી તરત જ, કોંગ્રેસ સરકાર ખેડૂતોની લોન માફ કરશે અને મનરેગા ભથ્થું ૨૫૦ રૂપિયા પ્રતિ દિવસથી વધારીને ૪૦૦ રૂપિયા કરશે," તેમણે કહ્યું.

કોંગ્રેસે પોરલલ ખરતે અને નરેન્દ્ર પટેલને અનુક્રમે ખરગોન (ST) અને ખંડવા લોકસભા મતવિસ્તારમાંથી મેદાનમાં ઉતાર્યા છે. ગાંધીએ કહ્યું, "આ ચૂંટણી બંધારણ, આરક્ષણ અને આદિવાસી લોકોના જલ, જંગલ અને જૈમીન અને જાહેર ક્ષેત્રને બચાવવા માટે લડવામાં આવી રહી છે," ગાંધીએ કહ્યું. પીએમ મોદી આ બધી વસ્તુઓ અદાણી સહિત ૨૨-૨૫ અબજપતિઓને આપવા માંગે છે, એમ તેમણે આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું કે ભારતની ગઠબંધન સરકાર ગરીબ મહિલાઓને લાખપતિ બનાવવા માટે તેમના ખાતામાં ૧ લાખ રૂપિયા જમા કરશે.

**ક્યા બાત હૈ ?!**

**બાબાને ભવિષ્ય માટે તૈયાર કરૂં છું !**




## "અનામતમાં ૫૦%ની મર્યાદા હટાવીશું, જરૂર પડે એટલી અનામત આપીશું" : રાહુલ ગાંધી

(એજન્સી) રતલામ, તા. ૬

કોંગ્રેસ સર્વોચ્ચ અદાલત દ્વારા જાતિ આધારિત અનામત પરની ૫૦ ટકાની મર્યાદાને દૂર કરશે અને દલિત, પછાત અને આદિવાસી સમુદાયના લોકો માટે ક્વોટા લાભો વધારશે એમ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સોમવારે જણાવ્યું હતું. મધ્યપ્રદેશના રતલામમાં એક ચૂંટણી રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે આ ચૂંટણી બંધારણને બચાવવા માટે લડવામાં આવી રહી છે. તેમણે બંધારણની નકલ બતાવીને કહ્યું કે, ''ભાજપ અને આરએસએસ આને સમાપ્ત કરવા માંગે છે, આને બદલવા માગે છે. અને કોંગ્રેસ અને ઈન્ડિયા જૂથ આને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ બંધારણે તમને જલ (પાણી), જંગલ, જમીન પર અધિકાર આપ્યા છે. નરેન્દ્ર મોદી ઈચ્છે છે. તેમને હટાવો, તેમને સંપૂર્ણ સત્તા જોઈએ છે.'' તેમણે કહ્યું કે ભાજપના નેતાઓએ જાહેર કર્યું હતું કે જો તેઓ જીતશે તો તેઓ બંધારણમાં ફેરફાર કરશે. તેમણે કહ્યું કે, ''તેઓ કહે છે કે તેઓ અનામત હટાવી દેશે. હું તમને આ મંચ પરથી કહેવા માંગુ છું કે, અમે આરક્ષણને ૫૦ ટકાની મર્યાદાથી આગળ વધારીશું. અમે ગરીબો, પછાત, દલિતો અને આદિવાસીઓ માટે જરૂરી એટલું અનામત આપીશું.'' ગાંધીની ટિપ્પણીઓ લોકસભા ચૂંટણી માટે પ્રચાર વેગવંતો બનાવ્યો છે અને એનડીએ તથા ઈન્ડિયા વચ્ચે જોરદાર પ્રહારો થઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસ મુસ્લિમોને ફાયદો પહોંચાડવા માટે પછાત વર્ગના આરક્ષણ સાથે ચેડા કરવાની યોજના બનાવી રહી છે. કોંગ્રેસે આરોપોને નકારી કાઢ્યા છે. ગુજરાત બનાસકાંઠામાં એક રેલીમાં વડા પ્રધાને કહ્યું, ''હું કોંગ્રેસના 'શહેજાદા' તેમજ તેમની પાર્ટી અને તેના સમર્થકોને પડકાર આપું છું કે તેઓ જાહેર કરે કે તેઓ ધર્મના નામે ક્યારેય અનામતનો દુરૂપયોગ નહીં કરેર અને તેઓ બંધારણ સાથે રમત નહીં કરે, અથવા ધર્મના નામે આરક્ષણ આપશે.'' રતલામ રેલીમાં રાહુલ ગાંધીએ કહ્યું કે મીડિયા આદિવાસીઓ પર અત્યાચાર સંબંધિત સમાચાર બતાવતું નથી. તેમણે કહ્યુંવ કે, ''તમારા બાળકો પર બળાત્કાર થાય છે, તમારી જમીન છીનવાઈ જાય છે, પરંતુ મીડિયા રિપોર્ટિંગ કરતું નથી. તેનું કારણ છે કે, આ મીડિયા કંપનીઓમાં કોઈ આદિવાસી નથી.'' રાહુલ ગાંધીએ કહ્યું કે ૯૦ સનદી અધિકારી દેશની સરકાર ચલાવે છે. તેમણે કહ્યું કે, ''તેઓ બજેટનું વિતરણ કરે છે. ૯૦ માંથી માત્ર ૧ આદિવાસી છે, ત્રણ પછાત વર્ગના છે, ત્રણ દલિત સમુદાયના છે. તમારા લોકો ન તો મીડિયામાં છે કે ન તો કોર્પોરેટ જગતમાં. અમે આને બદલવા માંગીએ છીએ. આ કારણે અમે જ્ઞાતિની વસ્તી ગણતરી અને આર્થિક સર્વેક્ષણ હાથ ધરવાનું નક્કી કર્યું છે.'' રાહુલ ગાંધીએ ખાતરીપૂર્વક MSP અને લોન માફીના સ્વરૂપમાં ખેડૂતોને રાહતની ખાતરી પણ આપી હતી. તેમણે લોકોની ભીડને કહ્યું કે, ''"આ અમારી ગેરંટી છે. આ ગેરંટી તમારૂં જીવન બદલી નાખશે.''




# હેમંત કરકરે અંગેની ટિપ્પણી મુદ્દે શશિ થરૂરે વિજય વડેટ્ટીવારનું સમર્થન કર્યું અને ઉજ્જવલ નિકમ પર આક્ષેપ કર્યા

(એજન્સી) તા.૬

કોંગ્રેસના નેતા શશિ થરૂરે તેમના પક્ષના સાથી વિજય વડેટ્ટીવારના એવા દાવાને સમર્થન આપ્યું હતું કે મહારાષ્ટ્રના પૂર્વ એટીએસ વડા હેમંત કરકરેની પોલીસ અધિકારી દ્વારા હત્યા કરવામાં આવી હતી અને તેમણે કહ્યું હતું કે આ નેતાના ગંભીર આરોપની તપાસ થવી જોઈએ અને ખરેખર શું થયું હતું તે જાણવાનો રાષ્ટ્રને અધિકાર છે.

કોંગ્રેસના નેતા શશિ થરૂરે કહ્યું છે કે જ્યારે વિપક્ષના નેતા સાર્વજનિક રીતે આરોપો કરે છે તો તેની યોગ્ય તપાસ થવી જોઈએ. તેમણે કહ્યું કે, આ મામલો અત્યંત ગંભીર છે. અમારી ચિંતા એ છે કે જ્યારે નેતા એવી કોઈ વસ્તુ તરફ ધ્યાન દોરે છે અથવા એવો આરોપ કરે છે જે છેલ્લા કેટલાક સમયથી જાહેર ક્ષેત્રમાં ચર્ચામાં છે અને પૂર્વ પોલીસ આઈજી મુશરીફના પુસ્તકમાં દર્શાવવામાં આવ્યું છે કે, કરકરેના શરીરમાં જે



ગોળીઓ મળી આવી હતી તે અજમલ કસાબ દ્વારા ફાયર કરવામાં આવી ન હતી અને તે એક પોલીસની રિવોલ્વર દ્વારા ફાયરિંગ કરવામાં આવી હતી.. થરૂરે કહ્યું હતું કે ખરેખર શું થયું હતું તે જાણવાનો રાષ્ટ્રને અધિકાર છે.

શશિ થરૂરે ભાજપના ઉમેદવાર ઉજ્જવલ નિકમ પર પણ હુમલો કર્યો હતો, જેઓ ૨૬/૧૧ના મુંબઈ આતંકી હુમલામાં સરકારી વકીલ હતા, તેમણે એક સમયે એવો દાવો કર્યો હતો કે અજમલ અમીર કસાબને જેલમાં બિરયાની પીરસવામાં આવી હતી. કોંગ્રેસના નેતાએ કહ્યું કે, અમે પહેલાથી જ જાણીએ છીએ ઉજ્જવલ નિકમે ગેરવાજબી કથાનો પ્રચાર કર્યો હતો કે પાકિસ્તાની આતંકવાદીને જેલમાં બિરયાની પીરસવામાં આવી હતી. તેણે પહેલેથી જ પોતાનો રાજકીય પક્ષપાત જાહેર કરી દીધો છે. તેના રાજકીય પક્ષપાતથી તેના અન્ય કોઈને પ્રભાવિત કર્યા હતા કે કેમ તે અંગે ચિંતા છે, અમે એમ નથી કહી રહ્યા કે તેની તપાસ થવી જોઈએ. ૨૦૦૮માં મુંબઈમાં આતંકવાદીઓ સામે લડતી વખતે મહારાષ્ટ્રમાં એક ઉચ્ચ અધિકારી હેમંત કરકરે શહીદ થયા હતા. અજમલ કસાબ એકમાત્ર આતંકવાદી જીવતો પકડાયો હતો. તેને ૨૦૧૨માં પુણેમાં ફાંસી આપવામાં આવી હતી. મહારાષ્ટ્ર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા વિજય વડેટ્ટીવારે રવિવારે દાવો કર્યો હતો કે કરકરેની હત્યા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નજીકના એક પોલીસ અધિકારીએ કરી હતી. નિકમે કોંગ્રેસના નેતાની ટિપ્પણીને પાયાવિહોણી ગણાવી હતી અને કહ્યું કે, તમે કયા આરોપો લગાવી રહ્યા છો ? પાકિસ્તાન શું કહેશે ? પાકિસ્તાને ક્યારેય આનો ઈન્કાર કર્યો નથી કારણ કે, અમે ન્યાયિક પુરાવા રજૂ કર્યા છે. પરંતુ અમારા માણસો જ રાજકારણ કરી રહ્યા છે. તમે માત્ર ગોબેલ્સ પ્રચાર કરવા માંગો છો. તેનાથી માત્ર નિકમની જ બદનક્ષી થતી નથી. તે રાષ્ટ્રને બદનામ કરે છે. વડેટ્ટીવારે આ ટિપ્પણીની સ્પષ્ટતા કરતા કહ્યું કે આ તેમના શબ્દો નથી. તેમણે કહ્યું કે પૂર્વ આઈજીપી એસએમ મુશરિફે તેમના પુસ્તકમાં આ આરોપ લગાવ્યો છે. તે મારા શબ્દો નથી, મેં ફક્ત તે જ કહ્યું છે જે એસએમ મુશ્રીફ દ્વારા પુસ્તકમાં લખવામાં આવ્યું હતું. હેમંત કરકરેને જે ગોળી મારવામાં આવી હતી તેના વિશે તમામ માહિતી હતી, તે આતંકવાદીઓની ગોળી ન હતી.

## પ્રિયંકાએ અમેઠી અને રાયબરેલીમાં ચૂંટણી પ્રચાર શરૂ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા સોમવારના રોજ ઉત્તર પ્રદેશમાં પાર્ટીના ઉમેદવારો રાહુલ ગાંધી અને કે એલ શર્માના ચૂંટણી પ્રચારની શરૂઆત ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને કરશે. પ્રિયંકા આજે સાંજે રાયબરેલી પહોંચશે અને રાયબરેલી અને અમેઠીના કાર્યકર્તાઓની બેઠક યોજશે. કોંગ્રેસ પાર્ટી કોઈપણ ભોગે અમેઠી અને રાયબરેલીની બેઠકો જાળવી રાખવા માંગે છે. આ માટે પ્રિયંકા ગાંધી તેમની ૪૦ સભ્યોની ટીમ સાથે બંને બેઠકો પર કાર્યરત છે.આ અંતર્ગત તેઓ દરેક જગ્યાએ સભાઓ કરશે. રાયબરેલી અને અમેઠી લોકસભામાં ૨૦ મેના રોજ મતદાન થવાનું છે. કોંગ્રેસના સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું કે, આ બંને લોકસભા બેઠકો માટે ચૂંટણી યોજવાની જવાબદારી કોંગ્રેસના મહાસચિવના હાથમાં સોંપવામાં આવી છે. પ્રિયંકા ગાંધી ૬ મેથી રાયબરેલીમાં પ્રચાર કરશે. સૂત્રોનું માનીએ તો રાયબરેલી અને અમેઠીમાં બૂથ વાઈઝ પ્રચારની રણનીતિ પૂરી થઈ ગઈ છે. દરેક બૂથ પર સમિતિઓની સમીક્ષા પૂર્ણ કરવામાં આવી છે. દરેક બૂથનો ફીડબેક તૈયાર કરવામાં આવી રહ્યો છે. પ્રિયંકા ગાંધીએ અગાઉ રાયબરેલી અને અમેઠી લોકસભામાં પણ બૂથ મુજબની વ્યૂહરચના બનાવીને પ્રચાર કર્યો હતો. સૂત્રોએ જણાવ્યું કે, તેઓ સોશિયલ મીડિયાના અભિયાન પર પણ નજર રાખશે. ખાસ કરીને ફેસબુક, ટ્વિટર, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપના સંચાલનની રણનીતિ પર જોરદાર રીતે કામ કરવામાં આવી રહ્યું છે. આ સાથે રાયબરેલી અને અમેઠીના વિવિધ સામાજિક સંગઠનો, બાર એસોસિએશનો અને મહિલા જૂથો સાથે પણ વાતચીત કરવામાં આવશે. બે દાયકાથી કોંગ્રેસ સંગઠન અને રાયબરેલી અને અમેઠીમાં ચૂંટણીના સંચાલનથી સારી રીતે વાકેફ પ્રિયંકા કાર્યકર્તાઓનો ઉત્સાહ બમણો તો કરશે જ, પરંતુ મતવિસ્તારના લોકોમાં પણ ઉત્સાહ ફેલાવશે. બીજી તરફ, કોંગ્રેસની ટોચના નેતૃત્વ એ રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતને અમેઠી લોકસભા બેઠકના નિરીક્ષક તરીકે અને છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને રાયબરેલી બેઠકના નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે.

## કર્ણાટક ભાજપના 'મુસ્લિમો'ને ટાર્ગેટ કરતા વીડિયો બાદ કોંગ્રેસે જે.પી. નડ્ડા, અમિત માલવિયા વિરૂદ્ધ 'નફરતને પ્રોત્સાહન આપવા' બદલ FIR નોંધાવી

### કોંગ્રેસ પાર્ટીએ આ એનિમેટેડ વીડિયો ભારતના ચૂંટણી પંચને બતાવીને ફરિયાદમાં જણાવ્યું કે, ભાજપ SC/ST સમુદાયના લોકોને ડરાવી રહ્યું છે, જે આદર્શ આચારસંહિતા (MCC)નું ઉલ્લંઘન છે

(એજન્સી) તા.૬

કર્ણાટક ભાજપે સોશિયલ મીડિયા પર કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી અને સિદ્ધારમૈયા અને મુસ્લિમોને નિશાન બનાવતા એક વીડિયો પોસ્ટ કર્યાના એક દિવસ બાદ, કોંગ્રેસે, ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડા, આઈટી સેલના વડા અમિત માલવિયા અને પાર્ટીના રાજ્ય એકમના વડા બી.વાય. વિજયેન્દ્ર વિરુદ્ધ તિરસ્કારયુક્ત પ્રચાર કરવા બદલ એફઆઈઆર દાખલ કરી છે. વિવાદાસ્પદ વીડિયોમાં રાહુલ ગાંધી અને સિદ્ધારમૈયાના વ્યંગચિત્રો દર્શાવવામાં આવ્યા છે જેમાં પક્ષીના માળામાં 'મુસ્લિમ' લખેલું ઈંડું મૂકવામાં આવ્યું છે અને તેની સાથે 'SC, ST અને OBC' લખેલા અન્ય ત્રણ ઈંડા છે. રાહુલ ફક્ત મુસ્લિમ ઈંડામાંથી નીકળતા પક્ષીને 'ફંડ' ખવડાવે છે. ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૫(૨) (જાહેર દુષ્કર્મ આચરતું નિવેદન) અને લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૨૫ (વર્ગો વચ્ચે દુશ્મનાવટને ઉત્તેજન આપવી) હેઠળ ભાજપના નેતાઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે.

**MCC પર ઉલ્લંઘન : કોંગ્રેસ**

કોંગ્રેસ પાર્ટીએ, આ એનિમેટેડ વિડિયો, ભારતના ચૂંટણી પંચને બતાવીને ફરિયાદમાં જણાવ્યું કે, ભાજપ SC/ST સમુદાયના લોકોને ડરાવી રહ્યું છે, જે આદર્શ આચાર સંહિતા (MCC)નું ઉલ્લંઘન છે. "સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા આ વિવાદાસ્પદ વિડિયોમાં રાહુલ ગાંધી અને સિદ્ધારમૈયાના વ્યંગચિત્રો દર્શાવવામાં આવ્યા છે જેમાં પક્ષીના માળામાં 'મુસ્લિમ' લખેલું ઈંડું મૂકવામાં આવ્યું છે અને તેની સાથે 'SC, ST અને OBC' લખેલા અન્ય ત્રણ ઈંડા છે. રાહુલ ફક્ત મુસ્લિમ ઈંડામાંથી નીકળતા પક્ષીને 'ફંડ' ખવડાવે છે. તે પછી આ પક્ષી SC, ST અને OBC સમુદાયોને ધક્કા મારીને બહાર કાઢે છે." રમેશ બાબુ, અધ્યક્ષ, મીડિયા અને સંચાર, કેપીસીસી, બેંગલુરુ સિટી પોલીસને કરેલી ફરિયાદમાં ઉપરોક્ત આરોપ કરવામાં આવ્યો છે. "ભાજપનો, તેના સત્તાવાર ઠ હેન્ડલ પર વિડિયો પોસ્ટ કરવાનો ઉદ્દેશ્ય, કોંગ્રેસ પાર્ટીને મુસ્લિમ સમુદાયની તરફેણમાં હોવાનો બતાવીને, લોકસભાની ચૂંટણીમાં મત મેળવવાનો હોવાનું જણાય છે. જેપી નડ્ડા, રાષ્ટ્રીય અધ્યક્ષ- ભારતીય જનતા પાર્ટી, અમિત માલવિયા - ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય સોશિયલ મીડિયા ઈન્ચાર્જ, બી.વાય. વિજયેન્દ્ર- રાજ્ય પ્રમુખ-કર્ણાટક ભાજપ અને સોશિયલ મીડિયા ઈન્ચાર્જ- કર્ણાટક BJPનું, SC-ST સમુદાયને અપમાનજનક રીતે દર્શાવવા માટેનું કૃત્ય છે. મુસ્લિમ, ST-ST સમુદાયને લાત મારે છે તે, એક ચોક્કસ ઉમેદવારને મત ન આપવા માટે અને રોકવા અથવા ડરાવવાના હેતુ સાથે હોવાથી તે SC/ST PoAની કલમ 3(L)(A) અધિનિયમ ૧૯૮૯ હેઠળ સજાપાત્ર અપરાધ છે. તેથી તે સ્પષ્ટ થાય છે કે, વિડીયોમાં દરશાવવામાં આવેલ છે કે, ST-SC માટે અનામત ભંડોળ મુસ્લિમો દ્વારા હડપ કરવામાં આવશે. ઉપરોક્ત વ્યક્તિઓ દ્વારા પોસ્ટ કરવામાં આવેલ વિડિયો સોશિયલ મીડિયામાં SC/ST સમુદાયના લોકોને, કોંગ્રેસ પક્ષને મત ન આપવા માટે ડરાવવાનો છે", તેમણે ઉમેર્યું.

## 'અમને શાંતિ, ન્યાય અને વિકાસ જોઈએ' : કોંગ્રેસના કનૈયાકુમારે ઉત્તરપૂર્વ દિલ્હીમાંથી ઉમેદવારી કરી

(એજન્સી) તા.૬

કોંગ્રેસના ઉમેદવાર કન્હૈયા કુમારે સોમવારે દિલ્હી ઉત્તર પૂર્વ સંસદીય મતવિસ્તારમાંથી ઉમેદવારી નોંધાવ્યા બાદ એક વિશાળ રોડ શો યોજ્યો હતો. કુમારે આમ આદમી પાર્ટી (AAP)ના વરિષ્ઠ નેતા અને દિલ્હીના મંત્રી ગોપાલ રાયની હાજરીમાં નંદ નગરીમાં જિલ્લા મેજિસ્ટ્રેટ ઓફિસમાં પોતાની ઉમ્મેદવારી દાખલ કરી. તેમનો મુકાબલો એ જ મતવિસ્તારમાંથી બે વખત ભાજપના સાંસદ અને ભોજપુરી ગાયકમાંથી રાજકારણી બનેલા મનોજ તિવારી સામે છે. કુમારે બિહારની બેગુસરાઈ બેઠક પરથી CPIના ઉમેદવાર તરીકે ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી લડી હતી. કોંગ્રેસ દિલ્હીમાં આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરીને લોકસભાની ચૂંટણી લડી રહી છે. સીટ-વહેંચણીની ગોઠવણના ભાગરૂપે કોંગ્રેસ ત્રણ બેઠકો પર ચૂંટણી લડી રહી છે, જ્યારે AAPએ રાષ્ટ્રીય રાજધાનીમાં ચાર મતવિસ્તારમાંથી ઉમેદવારો ઊભા રાખ્યા છે. દિલ્હીમાં લોકસભાની સાત બેઠકો માટે છઠ્ઠા તબક્કામાં ૨૫ મેના રોજ મતદાન થશે.

## 'સ્મૃતિ ઈરાની ખરાબ રીતે ડરી ગયાં છે' : કોંગ્રેસે અમેઠી કાર્યાલયની બહાર તોડફોડ માટે ભાજપને જવાબદાર ઠેરવ્યો

### કોંગ્રેસે આક્ષેપ મૂક્યો કે, પોલીસ મૂકપ્રેક્ષક બનીને જોઈ રહી હતી

(એજન્સી) તા.૬

કોંગ્રેસે ભારતીય જનતા પાર્ટી પર આરોપ લગાવ્યો અને કહ્યું કે, રવિવારે મોડી રાત્રે ગૌરીગંજમાં તેમની ઓફિસની બહાર થયેલ તોડફોડ માટે ભાજપની અમેઠી લોકસભા ચૂંટણીના ઉમેદવાર સ્મૃતિ ઈરાની અને બીજેપી જવાબદાર છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે હુમલા દરમિયાન પોલીસ 'મૂકપ્રેક્ષક બની રહી' હતી.

રવિવારે મોડી રાત્રે ગૌરીગંજમાં કોંગ્રેસ કાર્યાલયની બહાર કોંગ્રેસના કાર્યકરો અને કેટલાક સ્થાનિક લોકોના પાર્ક કરેલા વાહનો પર હુમલો કરવામાં આવ્યો હતો. કોંગ્રેસે ટ્વિટ કર્યું હતું કે, યુપીના અમેઠીમાં સ્મૃતિ ઈરાની અને બીજેપી કાર્યકર્તાઓ તેમની હારને જોતા ખરાબ રીતે ડરી ગયા છે. લાકડીઓ અને સળિયાથી સજ્જ ભાજપના ગુંડાઓ અમેઠીમાં કોંગ્રેસ કાર્યાલયની બહાર પહોંચ્યા અને ત્યાં પાર્ક કરેલા વાહનોમાં તોડફોડ કરી હતી. તેઓએ કોંગ્રેસના કાર્યકરો અને અમેઠીના લોકો પર ઘાતક હુમલો થયો છે. કોંગ્રેસે કહ્યું કે, આ હુમલામાં પાર્ટીના ઘણા કાર્યકરોને ઈજા થઈ છે અને સ્થાનિક લોકોના વાહનોને પણ નુકસાન થયું છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે, 'સમગ્ર ઘટના દરમિયાન પોલીસ પ્રશાસન મૂકપ્રેક્ષક રહ્યું હતું.' કોંગ્રેસના જિલ્લા પ્રમુખ પ્રદીપ સિંઘલે આક્ષેપ કર્યો હતો કે, આ ઘટના રાજ્ય પોલીસની ગેરજવાબદારીનું પરિણામ છે. કોંગ્રેસના જિલ્લા પ્રવક્તા અનિલસિંહે દાવો કર્યો હતો કે, કારની અંદર બેઠેલા કેટલાક લોકોને ઈજા થઈ હતી. સિંહે જણાવ્યું કે, 'છ લોકો એક કારમાં આવ્યા અને વાહનોને નુકસાન પહોંચાડ્યું, જેમાં કેટલાક લોકો ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. આ વિશે ચૂંટણી પંચને ફરિયાદ કરવામાં આવશે.' યુપી કોંગ્રેસના પ્રભારી અવિનાશ પાંડેએ મીડિયાને કહ્યું કે, 'આ અત્યંત નિંદનીય કૃત્ય છે. પીએમ મોદી અને સ્મૃતિ ઈરાની સ્પષ્ટપણે પોતાની હાર જોઈ રહ્યા છે. તેથી તેઓ અમેઠીમાં હિંસાનો માહોલ બનાવવા માંગે છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે, ઉત્તરપ્રદેશમાંથી ભાજપનો સફાયો થવા જઈ રહ્યો છે.' કોંગ્રેસ પાર્ટીએ કે.એલ. શર્મા ઈરાની સામે અમેઠીમાં ગાંધી પરિવારના નજીકના સાથી છે. દરમિયાન ગૌરીગંજના નાયબ પોલીસ અધિક્ષક મયંક દ્વિવેદીએ કહ્યું કે, આ મામલાની તપાસ કરવામાં આવશે અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# 'કોઈપણ મુસ્લિમ હાલમાં અથવા ભવિષ્યમાં જીતી શકશે નહીં' આસામના બારપેટામાં સીમાંકન પછીનો ભય સાચો પડી રહ્યો છે

### સંસદીય મતવિસ્તારની વસ્તી વિષયક રૂપરેખામાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવ્યો છે અને પહેલીવાર કોઈ મોટી પાર્ટીએ મુસ્લિમ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા નથી

(એજન્સી) તા.૬

આસામમાં દર વર્ષે બારપેટા જિલ્લામાં ચેંગા વિધાનસભા મતવિસ્તારમાં ગામો બ્રહ્મપુત્રાના પૂરથી અસરગ્રસ્ત થાય છે. બ્રહ્મપુત્રાના કિનારે માલીપરા ગામના મુખ્ય અધિકારી જિલિયમ ઉદ્દીને જણાવ્યું હતું કે, ૨૦ વર્ષોમાં આ નદી લગભગ પાંચ કિ.મી. આગળ વધી છે. અહીંના ગામો છે. બ્રહ્મપુત્રાના રેતીના કાંઠા અથવા નદીના ટાપુઓ પર બંગાળી મૂળના મુસ્લિમોની મોટી વસ્તી છે. ઉદ્દીને જણાવ્યું કે, નજીકના ગામ ચેનીમારીના લગભગ તમામ વિસ્તારો પાણી હેઠળ ગાયબ થઈ ગયા છે. નદી હવે ચેનીમારા સરકારી શાળાથી માત્ર ૫૦ મીટર દૂર વહે છે, જેના કારણે તે ડૂબી જવાનો ભય છે અને કોઈ સરકાર આ સમસ્યાને હલ કરવાનો પ્રયાસ કરતી નથી. લોકસભાની ચૂંટણી પહેલાં ઉદ્દીન વિવિધ પક્ષોના ઉમેદવારોના ધ્યાન પર ધોવાણ અંગેની તેમની આ ચિંતાઓ દર્શાવવા ઈચ્છે છે. પરંતુ ધુબરી લોકસભા સીટ માટે ઊભા રહેલા એક પણ ઉમેદવારે ૩૦ એપ્રિલના રોજ સુધી આ વિસ્તારની મુલાકાત લીધી ન હતી. ઉદ્દીન અને નજીકના ગામોના રહેવાસીઓ સીમાંકન કવાયતને તેના માટે દોષ આપે છે. તે બારપેટા જિલ્લાનો ભાગ હોવા છતાં ચેંગા વિધાનસભા ક્ષેત્રમાં કેટલાક ગામો ધુબરી લોકસભા મતવિસ્તારમાં ઉમેરવામાં આવ્યા છે. આસામમાં બારપેટા અને ધુબરી બંને સંસદીય મતવિસ્તારોમાં ૭ મેના રોજ મતદાન થશે. માલીપારા નજીકના ચેંગલીડિયા ગામના ૩૨ વર્ષીય બાંધકામ મજૂર રાજીવ અલીએ કહ્યું કે, ઉમેદવારો પહેલેથી જ અહીંથી દૂર છે, રાજકારણીઓ ભાગ્યે જ અમારી કાળજી લે છે. તેમના ગામ અને ધુબરી જિલ્લા મુખ્યાલય વચ્ચેનું અંતર ૨૫૦ કિ.મી. છે તો અહીં કોણ આવશે ? આસામમાં ૨૦૨૩માં હાથ ધરવામાં આવેલ મતવિસ્તારોનું સીમાંકન વિવાદાસ્પદ રહ્યું છે.



વિશ્લેષકોએ તેને વિધાનસભામાં મુસ્લિમ ધારાસભ્યોની સંખ્યા ઘટાડવાનો સરકારનો પ્રયાસ ગણાવ્યો છે. આસામની વસ્તીના લગભગ ૩૫% મુસ્લિમો છે. બારપેટા અને ધુબરી જેવા અન્ય આસામના જિલ્લાઓ બંગાળી મૂળના મુસ્લિમોની મોટી વસ્તી છે, જેમને ઘણીવાર ગેરકાયદેસર વસાહતીઓ તરીકે અપમાનિત કરવામાં આવે છે અને અપમાનજનક રીતે મિયા મુસ્લિમો તરીકે ઓળખવામાં આવે છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ધુબરીમાં ૭૯.૬૭% અને બરપેટામાં ૭૦.૭૪% મુસ્લિમ વસ્તી હતી. આસામના મુખ્યપ્રધાન હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું છે કે, સીમાંકનથી ૧૦૦ જેટલી વિધાનસભા બેઠકોમાં આદિવાસી અથવા બહુમતી હિંદુ સમુદાયોનું વર્ચસ્વ અને પ્રતિનિધિત્વ પ્રાપ્ત થયું છે. તેમની સરકારના એક વરિષ્ઠ મંત્રીએ દાવો કર્યો હતો કે, આ કવાયતથી મુસ્લિમ ધારાસભ્યોની સંખ્યા ઘટીને ૨૨ થઈ જશે. હાલમાં આસામમાં ૩૧ મુસ્લિમ ધારાસભ્યો છે. બારપેટા જેવી સીટ પર ૧૯૬૭થી બે લોકસભા ચૂંટણીઓ સિવાય તમામમાં મોટાભાગે મુસ્લિમ ઉમેદવારો જીત્યા છે, સીમાંકન પછી લોકોનો આરોપ છે કે, ભવિષ્યમાં કોઈ મુસ્લિમ અહીંથી જીતી નહીં શકે. સીમાંકન પહેલા મતદારક્ષેત્રના મતદારોમાં મુસ્લિમો ૬૦% હતા, તેમનો હિસ્સો ઘટીને લગભગ ૩૫% થઈ ગયો છે. કોંગ્રેસના વર્તમાન બારપેટા સંસદસભ્ય અબ્દુલ ખાલેકે જણાવ્યું હતું કે, જો ત્રણ મુખ્ય મુસ્લિમ વિધાનસભા બેઠકો - ચેંગા, બાગબાર અને જાનિયા - ધુબરીમાં ઉમેરવામાં ન આવી હોત તો આ વખતે પણ બારપેટાથી મુસ્લિમ સાંસદ આવ્યા હોત. સીમાંકન રાજકીય રીતે કરવામાં આવ્યું હતું જેથી કરીને કોઈ મુસ્લિમ બારપેટાથી જીતી ન શકે. નોંધપાત્ર વાત એ છે કે, બદલાયેલી વસ્તીને કારણે બારપેટામાં આ ચૂંટણીમાં કોઈ પણ મોટા પક્ષે મુસ્લિમ ઉમેદવાર ઊભા રાખ્યા નથી. ચેંગા એસેમ્બલી સેગમેન્ટના બહુવિધ રહેવાસીઓએ ધ્યાન દોર્યું હતું કે, મોટી મુસ્લિમ વસ્તી ધરાવતી પંચાયતોને બારપેટા લોકસભા સીટમાંથી બહાર કાઢીને ધુબરીમાં ઉમેરવામાં આવી છે. પરંતુ નોંધપાત્ર હિંદુ વસ્તી ધરાવતા નજીકના પંચાયત વિસ્તારોને બારપેટામાં ઉમેરવામાં આવ્યા છે. ઘણા ગ્રામવાસીઓએ ચૂંટણી પંચના નિર્ણયનો વિરોધ કર્યો હતો પરંતુ કોઈ ફાયદો થયો નથી. સીટોનું પુનઃ આલેખન કરતી વખતે ચૂંટણી પંચે તેની પોતાની માર્ગદર્શિકાની વિરુદ્ધ કામ કર્યું હતું, જે કહે છે કે, સીમાંકન દરમિયાન 'ભૌતિક લક્ષણો, વહીવટી એકમોની હાલની સીમાઓ, સંદેશાવ્યવહારની સુવિધાઓ અને જાહેર સુવિધા' ધ્યાનમાં લેવામાં આવે છે. ભેરગોન ગામના રહેવાસી ૪૫ વર્ષીય અમતાબ અલીએ જણાવ્યું હતું કે, મારૂં ઘર બારપેટા શહેરથી બે કિ.મી. દૂર છે જે જિલ્લાનું મુખ્ય મથક છે, બારપેટા જિલ્લાના રહેવાસી હોવા છતાં અમે બારપેટા લોકસભા માટે મત આપી શકતા નથી. તેઓ કહે છે કે, અનેક રાજકીય પક્ષો અને વિશ્લેષકોએ ધ્યાન દોર્યું છે કે, અહીં સરકાર ભાજપની છે. તેથી તેઓએ મતવિસ્તારોને ફરીથી બનાવ્યા છે જેથી મુસ્લિમ પ્રતિનિધિ ક્યારેય બારપેટા લોકસભા અથવા બારપેટા વિધાનસભા બેઠક પરથી ચૂંટાઈ ન શકે. સીમાંકન પછી બારપેટા વિધાનસભા બેઠક અનુસૂચિત જાતિ અનામત મતવિસ્તારમાં ફેરવાઈ ગઈ છે. સંસદીય મતવિસ્તારમાં સમગ્ર ધુબરી જિલ્લો, બારપેટા જિલ્લામાંથી ત્રણ મુસ્લિમ બહુમતીવાળા વિધાનસભા ક્ષેત્રો અને ગોલપારા જિલ્લામાંથી બે મુસ્લિમ બહુમતીવાળા વિધાનસભા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચના ૨૦૧૯ના ડેટા અનુસાર સીમાંકન પહેલાં, ધુબરી સંસદીય બેઠકની વસ્તી ૧૬.૮૫ લાખ હતી. ૧૯૯૧, ૧૯૯૬ અને ૨૦૧૪ સિવાયની તમામ લોકસભા ચૂંટણીઓમાં બારપેટા પરંપરાગત રીતે કોંગ્રેસનો ગઢ રહ્યો છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના અબ્દુલ ખાલેક ૧ લાખથી વધુ મતોના માર્જિનથી જીત્યા હતા. આ વર્ષે પૂર્વ મંત્રી અને આસોમ ગણ પરિષદના ઉમેદવાર ફની ભૂષણ ચૌધરી, કોંગ્રેસના દીપ બયાન અને CPI(M)ના મનોરંજન તાલુકદાર મેદાનમાં છે. ભારતીય જનતા પાર્ટી આ સીટ પર ચૂંટણી લડી રહી નથી. બારપેટા લોકસભા બેઠકના નવા વસ્તી વિષયક નકશામાં, ખાસ કરીને મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોને બાકાત રાખવાથી ભારતીય જનતા પાર્ટીના સહયોગી અસોમ ગણ પરિષદને ફાયદો થયો છે. ઓલ આસામ સ્ટુડન્ટ્સ યુનિયનના બારપેટા જિલ્લાના વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે, મુસ્લિમ મતદારોની સંખ્યા હવે ઓછી હોવાથી એજીપી-ભાજપ માટે બારપેટામાં સારી તક છે. આ સીમાંકનથી ભવિષ્યમાં પણ હિંદુ બહુમતી માટે બારપેટા લોકસભા સીટ સુરક્ષિત થઈ ગઈ છે. બહારી ગાંવ પંચાયતના દાસ રહે છે કે, આ સિમાંકન અમારા માટે સારૂં છે, અગાઉ વિધાનસભાની ચૂંટણીમાં એક પણ હિંદુ જીત્યો ન હતો પરંતુ હવે બારપેટામાંથી એક પણ મુસ્લિમ જીતી શકે તેમ નથી, કારણ કે, હિન્દુ મતદારોની સંખ્યા વધુ છે. બારપેટાના ચાર વિસ્તારોના ગ્રામવાસીઓ તેમના મતાધિકારના મૂલ્ય અને તેમના મતવિસ્તારના ભાવિ વિશે ચિંતિત છે. ફરિદ ભૂયને જણાવ્યું હતું કે, ધુબરીનો એક પણ ઉમેદવાર હજુ સુધી અમારા ગામની મુલાકાતે આવ્યો નથી. શું તે જીત્યા પછી અહીંની મુલાકાત લેશે ? શું તે અમને મહત્ત્વ આપશે ?

## પૂંચ આતંકી હુમલો ભાજપને મદદ કરવા માટેનો 'ચૂંટણી સ્ટંટ' : પંજાબના પૂર્વ CM ચરણજીતસિંહ ચન્ની

(એજન્સી) જલંધર, તા.૬

કોંગ્રેસના નેતા અને પંજાબના પૂર્વ મુખ્યપ્રધાન ચરણજીતસિંહ ચન્નીએ કહ્યું હતું કે, પૂંચ આતંકવાદી હુમલો, જેમાં એક IAF કોર્પોરલ માર્યો ગયો હતો અને ચાર જવાનો ઘાયલ થયા હતા, તે ભાજપને ફાયદો કરાવવા માટે 'ચૂંટણીનો સ્ટંટ' હતો. તેમની ટિપ્પણીથી ભાજપ તરફથી તીવ્ર પ્રતિક્રિયા આવી હતી, જેણે કોંગ્રેસ પર સૈનિકોનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો અને રાષ્ટ્રની માફી માંગવાની માંગ કરી હતી. પૂંચમાં શનિવારના હુમલાનો ઉલ્લેખ કરતા ચન્નીએ જે જલંધરથી કોંગ્રેસના ઉમેદવાર છે, પત્રકારોને કહ્યું, આ સ્ટંટ છે, હુમલા નથી. છેલ્લી ચૂંટણીઓમાં ભાજપને જીતાડવા માટે આવા સ્ટંટ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસના વર્કિંગ કમિટીના સભ્ય ચન્નીએ કહ્યું કે, આ હુમલાઓ અગાઉથી આયોજન કરીને કરવામાં આવે છે. ભાજપને જીતવા માટેનો આ એક સ્ટંટ છે, તેમાં કોઈ સત્ય નથી. લોકોને મારીને તેમના મૃતદેહ પર રાજકારણ રમવું એ ભાજપની આદત છે. ભાજપે ચન્નીની ટિપ્પણી પર આક્રોશ વ્યક્ત કર્યો અને તેને સૈનિકો અને રાષ્ટ્રનું અપમાન ગણાવ્યું. પંજાબ ભાજપના અધ્યક્ષ સુનીલ જાખરે X પર એક પોસ્ટમાં કહ્યું, 'CWC સભ્ય ચન્ની દ્વારા આપણા બહાદુર સૈનિકોની બહાદુરીને બદનામ કરતું ઘૃણાસ્પદ નિવેદન કોઈ અપરાધ અને રાષ્ટ્રના અપમાનથી ઓછું નથી. પૂંચમાં એરફોર્સના જવાનો પર થયેલા હુમલા અંગે ચન્નીનું શરમજનક નિવેદન તેમની બહાદુરીને સ્ટંટ ગણાવે છે તે ચન્નીની નાદારી અને હતાશા દર્શાવે છે. દેશ તેને માફ નહીં કરે. તેમનું માથું શરમથી ઝૂકી જવું જોઈએ.' સંજોગવશાત, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ શનિવારે મોડી રાત્રે X પર એક પોસ્ટમાં કહ્યું હતું, 'J&Kના પૂંચમાં અમારા લશ્કરી કાફલા પર કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલો દુઃખદ અને શરમજનક છે. હું શહીદ સૈનિકને મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરૂં છું અને તેમના પરિવાર પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરૂં છું. હું આશા રાખું છું કે, હુમલામાં ઘાયલ સૈનિકો જલદીથી સ્વસ્થ થઈ જાય.'

## ઝારખંડના મંત્રીના સચિવના નોકરના ઘરેથી EDને રોકડ રકમનો પહાડ મળી આવ્યો

### EDના સૂત્રોએ કહ્યું કે, હજુ સુધી આ રકમ કેટલી છે તે કહી શકાય તેમ નથી, ગણતરી ચાલુ છે

(એજન્સી) રાંચી, તા.૬

દેશમાં ચાલી રહેલી ચૂંટણીઓ વચ્ચે EDએ ઝારખંડ સરકારના મંત્રી આલમગીર આલમના અનેક સ્થળો પર દરોડા પાડ્યા છે. આ સમયગાળા દરમિયાન EDને મોટી સફળતા મળી છે. દરોડામાં મોટી રકમ રોકડ મળી આવી છે. આ સમયગાળા દરમિયાન EDએ અત્યાર સુધીમાં ૨૫થી ૩૦ કરોડ રૂપિયાની રોકડ રિકવર કરી છે જ્યારે નોટોની ગણતરી હજુ ચાલી રહી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ઝારખંડ સરકારના ગ્રામીણ વિકાસ મંત્રી આલમગીર આલમના અંગત મદદનીશ (પીએસ) સંજીવ લાલના ઘરેલું સહાયકના રાંચીના નિવાસસ્થાને કાર્યવાહી કરી હતી. આ દરમિયાન સંજીવ લાલના ઘરેલુ નોકરના ઘરેથી મોટી રકમની રોકડ મળી આવી છે. EDએ આલમગીર આલમના પીએસ આસિસ્ટન્ટ સહિત અન્ય ઘણી જગ્યાઓ પર દરોડા પાડ્યા છે. જેમાં રાજ્યના માર્ગ નિર્માણ વિભાગના એન્જિનિયર વિકાસકુમારના રાંચીના ઘરે પણ દરોડા પાડવામાં આવી રહ્યા છે. ફેબ્રુઆરી ૨૦૨૩માં EDએ ઝારખંડ ગ્રામીણ વિકાસ વિભાગના ચીફ એન્જિનિયર વીરેન્દ્ર કેની ધરપકડ કરી હતી. રામની ધરપકડ કરવામાં આવી હતી. વિભાગ સાથે સંબંધિત કેટલીક યોજનાઓના અમલીકરણમાં કથિત અનિયમિતતાઓને લઈને મની લોન્ડ્રિંગના કેસમાં વીરેન્દ્ર રામની ધરપકડ કરવામાં આવી હતી. આ જ કેસની તપાસ દરમિયાન EDએ મંત્રી આલમગીર આલમના પીએસ સહાયકના ઘરે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન મોટી માત્રામાં રોકડ મળી આવી છે.

## ૧૨ કલાક, ૬ મશીન, ૩૦ કરોડ : મંત્રી સાથે સંકળાયેલી રાંચીમાં દરોડાની કાર્યવાહીમાં મોટી રકમની જપ્તી

### લોકસભા ચૂંટણી ટાણે આટલી મોટી રકમની જપ્તીથી રાજકીય તોફાન સર્જાવાની ભીતિ

(એજન્સી) રાંચી, તા.૬

મની લોન્ડ્રિંગ કેસમાં દરોડા દરમિયાન ઝારખંડની રાજધાની રાંચીમાં એક રૂમમાંથી મળી આવેલી કરોડોની રોકડની ગણતરી કરવા માટે છ મશીનો સતત કામ કરી રહ્યા છે. સૂત્રોએ જણાવ્યું કે, છેલ્લા ૧૨ કલાકમાં ૩૦ કરોડ રૂપિયાની ગણતરી કરવામાં આવી છે. અત્યારે પણ ઘણા અધિકારીઓ ત્યાં રિકવર થયેલા પૈસાની ગણતરીમાં વ્યસ્ત છે. અધિકારીઓએ જણાવ્યું કે, રોકડ ગણતરીના ઘણા મશીનો બગડી ગયા છે અને નવા લાવવાની ફરજ પડી રહી છે. જે રૂમમાંથી મોટી માત્રામાં રોકડ મળી આવી હતી તે જહાંગીરનો હતો, જે ઝારખંડના ગ્રામીણ વિકાસ મંત્રી અને કોંગ્રેસના નેતા આલમગીર આલમના અંગત સચિવ સંજીવ લાલના ઘરે નોકર તરીકે કામ કરતો હતો. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓએ ઝારખંડ ગ્રામીણ વિકાસ વિભાગના પૂર્વ ચીફ એન્જિનિયર વીરેન્દ્ર રામ સાથે જોડાયેલા અડધો ડઝન જગ્યાઓ પર દરોડા દરમિયાન રોકડનો પર્દાફાશ કર્યો હતો. રામની ગયા વર્ષે સરકારી યોજનાઓના અમલીકરણમાં કથિત અનિયમિતતા સંબંધિત મની લોન્ડ્રિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. ઝારખંડમાં લોકસભા ચૂંટણીના થોડા દિવસો પહેલા આ રિકવરીથી રાજકીય તોફાન મચી ગયું છે. ભાજપે આમાં કોંગ્રેસના મંત્રીનું જોડાણ દર્શાવ્યું છે અને વિપક્ષી પાર્ટી પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો છે. ચૂંટણી પ્રચાર માટે ઓડિશા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રોકડની વસૂલાતનો ઉલ્લેખ કર્યો હતો. કેન્દ્ર દ્વારા તપાસ એજન્સીઓના કથિત દુરૂપયોગ અંગેના વિપક્ષના આરોપનો જવાબ આપતા તેમણે પૂછ્યું, આજે પડોશી રાજ્ય ઝારખંડમાં ચલણી નોટોના પહાડો જોવા મળી રહ્યા છે. હવે મને કહો, જો હું તેમની ચોરી, તેમની કમાણી, તેમની લૂંટ બંધ કરૂં તો શું તેઓ મોદીને અપશબ્દો કહેશે કે નહીં ? ઝારખંડ ભાજપા અધ્યક્ષ બાબુલાલ મરાંડીએ કહ્યું કે, જો આ રિકવરી એક મંત્રીના સેક્રેટરીના ઘરેથી થઈ રહી છે તો અન્ય મંત્રીઓના ઘરેથી શું મળશે. તેમણે કહ્યું, તેઓ કહેતા રહે છે કે, ED અમને હેરાન કરી રહી છે. હું સરકાર અને કલ્પના સોરેનને કહેવા માંગુ છું કે, તમે આલમગીર આલમને મંત્રી પદ પરથી હટાવી દો. અહીં આલમગીર આલમે કહ્યું છે કે, ED તેની તપાસ પૂર્ણ કરે તે પહેલા કોઈએ કોઈ નિષ્કર્ષ પર પહોંચવું જોઈએ નહીં. તેમણે એમ પણ કહ્યું છે કે, સંજીવ લાલે બે પૂર્વ મંત્રીઓના સચિવ તરીકે કામ કર્યું છે. તેમણે કહ્યું, સંજીવ લાલ એક સરકારી કર્મચારી છે. તે મારા અંગત સચિવ છે. સંજીવ લાલ અગાઉ બે પૂર્વ મંત્રીઓના અંગત સચિવ રહી ચૂક્યા છે. અમે સામાન્ય રીતે અનુભવના આધારે અંગત સચિવોની નિમણૂક કરીએ છીએ.

## ઝારખંડમાં રોકડ જપ્ત કરવાનો વિવાદ : કોંગ્રેસે કહ્યું કે, તેમના મંત્રીના સેક્રેટરીએ ભાજપના મંત્રી સાથે પણ કામ કર્યું હતું

### એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ઝારખંડના મંત્રી આલમગીર આલમના અંગત સચિવ સંજીવ લાલના ઘરના નોકર પાસેથી કરોડો રૂપિયાની રોકડ જપ્ત કર્યા પછી વિવાદ ઊભો થયો

(એજન્સી) રાંચી, તા.૬

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ઝારખંડના પ્રધાન આલમગીર આલમના અંગત સચિવ સંજીવ લાલના ઘરના સહાયક તરીકે કામ કરતા એક વ્યક્તિ પાસેથી કરોડો રૂપિયાની રોકડ જપ્ત કર્યા પછી કોંગ્રેસે કહ્યું છે કે, લાલે ભાજપના પૂર્વ પ્રધાનના સચિવ તરીકે કામ કર્યું હતું. EDના સૂત્રોએ જણાવ્યું હતું કે, ઝારખંડમાં કેબિનેટ મંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો ત્યારથી આલમના અંગત સચિવ રહેલા સંજીવ લાલના ઘરના મદદગારના કબજામાંથી ૨૫ કરોડ રૂપિયાથી વધુ રોકડ અને કેટલાક 'ગુનાહિત' દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. ઝારખંડ કોંગ્રેસના પ્રવક્તા રાકેશ સિન્હાએ જણાવ્યું હતું કે, આલમ જે કોંગ્રેસમાં છે અને ઝારખંડના ગ્રામીણ વિકાસ મંત્રી છે, તેમણે જપ્ત કરાયેલી વસ્તુઓ સાથે કોઈ સંબંધ હોવાનો ઈન્કાર કર્યો છે. કોઈપણ મંત્રીના બે અંગત સચિવ હોય છે, એક ખાનગી અને બીજો સરકારી અધિકારી. સંજીવ લાલ એક સરકારી અધિકારી છે અને ભૂતકાળમાં ભાજપના પૂર્વ પ્રધાન સી.પી. સિંહના અંગત સચિવ પણ રહી ચૂક્યા છે. આલમગીરજીએ મને કહ્યું છે કે, તેમનો આ જપ્ત કરાયેલી રોકડ સાથે કોઈ સંબંધ નથી. એવું લાગે છે કે, ઝારખંડમાં રાહુલ ગાંધીના આગમન પહેલા આ દરોડા પાડવામાં આવ્યા હતા. રાહુલ આ રાજ્યમાં તેમના ચૂંટણી પ્રચારની શરૂઆત કરવા માટે મંગળવારે ઝારખંડ જવાના છે. ભાજપના ધારાસભ્ય સી.પી. સિંહ, જેઓ ૨૦૧૪થી ૨૦૧૯ સુધી રાજ્ય મંત્રી રહી ચૂક્યા છે, તેમણે પુષ્ટિ આપી છે કે, લાલ તેમના મંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન તેમના અંગત સચિવ હતા. સિંઘે કહ્યું કે, હું ખૂબ જ સાવધ હતો અને નજર રાખતો હતો અને મારા કાર્યકાળ દરમિયાન તેમના વિશે કોઈ ફરિયાદ મળી ન હતી. ઝારખંડ ભાજપના વડા બાબુલાલ મરાંડીએ જણાવ્યું હતું કે, ED દ્વારા રોકડ જપ્ત કરવામાં આવી છે અને તે પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનના ગુનાઓની સાબિતી છે.

## ISC, ICSEના પરિણામ જારી

(એજન્સી) તા.૬

કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એકઝામીનેશન (સીઆઈએસસીઈ) નવી દિલ્હીએ સોમવારે આઈસીએસઈ અને આઈએસસી પરીક્ષા વર્ષ ૨૦૨૪ના પરિણામ જાહેર કર્યા. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૩ માટે ઉત્તીર્ણ ટકાવારી ૧૦મા ધોરણ માટે ૯૯.૪૭ ટકા (૨,૪૨,૩૨૮ વિદ્યાર્થી) રહ્યા, જ્યારે ૧૨મા ધોરણ માટે ૯૮.૧૯ ટકા (૯૮,૦૮૮ ઉત્તીર્ણ) રહ્યા ધોરણ ૧૦માની પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૯૯,૯૦૧ હતી જેમાંથી ૫૨, ૭૬૫ છોકરાઓ અને ૪૭,૧૩૬ છોકરીઓ હતી. બંને પરીક્ષાઓમાં છોકરીઓએ સારૂં પરિણામ મેળવ્યું ૧૦મા ધોરણમાં ૯૯.૩૧ ટકા છોકરાઓની સરખામણીમાં છોકરીઓએ ૯૯.૬૫ ટકા પાસ ટકાવારી મેળવી. ૧૨મા ધોરણમાં યુવતીઓની પાસ ટકાવારી ૯૮.૯૨ ટકા રહી જયારે છોકરાઓની પાસીંગ ટકાવારી ૯૭.૫૩ ટકા રહી. ધોરણ ૧૦મા શીખવામાં મુશ્કેલીઓવાળા ૧૦૮૮ દિવ્યાંગ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી અને તેમાંથી ૯૮એ ૯૦ ટકાથી વધુ ગુણ મેળવ્યા જયારે ૪૦ દ્દષ્ટિબાધિત વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી અને ૧૨ ઉમેદવારોએ ૯૦ ટકાથી વધુ ગુણ મેળવ્યા. શીખવામાં મુશ્કેલીવાળા ૨૩૬ દિવ્યાંગ વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓએ પરીક્ષા આપી અને બે-એ ૯૦ ટકાથી વધુ ગુણ મેળવ્યા. વિદ્યાર્થી પોતાનું પરિણામ CISCEની વેબસાઈટ https://cisce.org અથવા https://results.cisce.org, CAREERS પોર્ટલ અને DigiLocker પોર્ટલ પર જોઈ શકે છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

# ભાજપ લોકસભા ચૂંટણી જીતવા માટે જૂઠ્ઠાણાંની રૂપરેખા તૈયાર કરી રહ્યો છે : મમતા બેનરજી

(એજન્સી) કોલકાતા, તા.૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ સોમવારના રોજ આરોપ લગાવ્યો હતો કે ભાજપ લોકસભા ચૂંટણી જીતવા માટે જૂઠાણાંની રૂપરેખા તૈયાર કરી રહી છે.

તૃણમૂલ કોંગ્રેસના બીરભૂમના ઉમેદવાર વર્તમાન સાંસદ શતાબ્દી રોયના સમર્થનમાં બીરભૂમ જિલ્લાના સાંથિયામાં એક ચૂંટણી રેલીને સંબોધતા, બેનરજીએ ભાજપ પર આરોપ લગાવ્યો કે, બે ટોચના રાષ્ટ્રીય સ્તરના નેતાઓ છે જેઓ સમગ્ર દેશને લૂંટી રહ્યા છે, પરંતુ તેમના પાપો છુપાવવા માટે બંગાળને બદનામ કરી રહ્યા છે. તૃણમૂલ કોંગ્રેસના વડાએ કહ્યું, ભાજપ જુઠ્ઠાણા ફેલાવીને ચૂંટણી



જીતવા માટે રૂપરેખા તૈયાર કરી રહી છે. શું તમે રમખાણો ભડકાવનાર વડાપ્રધાનને મત આપશો.

સંદેશખાલી વિશે ખોટી વાર્તા ઘડવાનો ભાજપ પર આરોપ લગાવતા બેનરજીએ કહ્યું, તમે (ભાજપ) બંગાળની કરોડો માતાઓ અને બહેનોનું અપમાન કર્યું છે. તમે તેમના પર આરોપ લગાવવા માટે પૈસાની ઓફર કરી હતી. આ કૃત્ય માટે શરમ આવવી જોઈએ. બેનર્જીએ આરોપ લગાવ્યો કે, મોદી સરકાર પ્રિન્ટ અને ડિજિટલ મીડિયામાં જાહેરાતો પર કરોડોનો ખર્ચ કરી રહી છે, પરંતુ બંગાળના ગરીબોને પૈસા નથી આપી રહી.

# ચીફ જસ્ટિસ જણાવે છે કે, કેવી રીતે તેમને પાંચમા ધોરણમાં માર મારવામાં આવ્યો હતો અને તેઓ તેને કેમ ભૂલી શકતા નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

જ્યારે શારીરિક સજાને હવે બાળકોને શિસ્ત આપવા માટે એક ક્રૂર માર્ગ તરીકે જોવામાં આવે છે, તે પેઢીઓ માટે ઘણી વાસ્તવિકતા હતી જેણે દાયકાઓ પહેલાં તેમનું શાળાકીય શિક્ષણ કર્યું હતું. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડ માટે પણ તે અલગ નહોતું.

શનિવારના દિવસે ભારતના ચીફ જસ્ટિસે કાઠમંડુમાં નેપાળની સુપ્રીમ કોર્ટ દ્વારા આયોજિત જુવેનાઈલ જસ્ટિસ પરના રાષ્ટ્રીય સિમ્પોઝિયમમાં બોલતી વખતે આ ઘટના શેર કરી હતી, તેમણે યાદ કર્યું કે, તેમને શાળામાં નાની ભૂલ માટે લાકડી મારી દેવામાં આવી હતી.

તેમણે કહ્યું, તમે બાળકો સાથે કેવું વર્તન કરો છો તેની તેમના મન પર તેમના જીવનભર ઊંડી અસર પડે છે. હું શાળામાં તે દિવસને ક્યારેય ભૂલીશ નહીં. જ્યારે મારા હાથ પર લાકડી મારવામાં આવી હતી. હું હસ્તકલા શીખતો હતો અને વર્ગકામ માટે સાચાં કદની સોય લાવ્યો ન હતો. તેમણે ઉમેર્યું, મને હજુ પણ યાદ છે કે, મેં મારા શિક્ષકને મારા હાથ પર નહીં પણ મારા થાપા પર લાકડી મારવા વિનંતી કરી હતી, શરમના કારણે તે તેમના માતાપિતાને કહી શક્યા



નહીં અને તેમની ઈજાગ્રસ્ત જમણી હથેળીને ૧૦ દિવસ સુધી છૂપાવી.

CJIએ કહ્યું, શારીરિક ઘા રૂઝાઈ ગયો, પરંતુ મન અને આત્મા પર કાયમી છાપ છોડી ગયો. જ્યારે હું મારૂં કામ કરૂં છું ત્યારે તે હજી પણ મને યાદ આવે છે. બાળકો પર આવી કપટની અસર ખૂબ ઊંડી છે.

કિશોર ન્યાયની ચર્ચા કરતી વખતે આપણે કાનૂની વિવાદોમાં ફસાયેલા બાળકોની નબળાઈઓ અને અનન્ય જરૂરિયાતોને ઓળખવાની જરૂર છે અને ખાતરી કરવી જોઈએ કે આપણી ન્યાય પ્રણાલીઓ કરૂણા, પુનર્વસન અને સમાજમાં પુનઃ એકીકરણ માટેની તકો સાથે પ્રતિભાવ આપે છે.

તેમણે કહ્યું કે, કિશોરાવસ્થાના બહુપક્ષીય સ્વભાવ અને સમાજના વિવિધ પરિમાણો સાથે તેના આંતરસંબંધને સમજવું મહત્ત્વપૂર્ણ છે.

સેમિનારમાં CJIએ સગીર બળાત્કાર પીડિતાની ગર્ભાવસ્થા સમાપ્ત કરવાની માંગ કરતી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજીનો પણ ઉલ્લેખ કર્યો.

તેમણે ભારતની કિશોર ન્યાય પ્રણાલી સામેના પડકારો વિશે પણ વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, એક મોટો પડકાર અપૂરતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંસાધનો છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, જેના કારણે ગીચ અને હલકી ગુણવત્તાવાળા કિશોર અટકાયત કેન્દ્રો છે, જેના કારણે કિશોર અપરાધીઓને યોગ્ય સહાય પૂરી પાડવામાં અને પુનર્વસન પ્રદાન કરવાના પ્રયત્નોમાં અવરોધ આવી શકે છે.

સામાજિક વાસ્તવિકતાઓને પણ ધ્યાનમાં લેવી આવશ્યક છે કારણ કે, ઘણા બાળકોને ગેંગ દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓમાં ધકેલી દેવામાં આવે છે, CJIએ જણાવ્યું હતું કે, વિકલાંગતા ધરાવતા કિશોરો પણ સંવેદનશીલ હોય છે.

# અભિજિત ઝવેરી જેમણે ભારતમાં બિઝનેસ શરૂ કરવા માટે અમેરિકામાં ઉચ્ચ પગારની નોકરી છોડી રૂા.૧૫૦ કરોડની કંપની બનાવી

(એજન્સી) તા.૬

અમેરિકન કંપનીમાં આકર્ષક નોકરી છોડવી એ ઘણા ભારતીયો માટે મુશ્કેલ નિર્ણય છે. આ સ્થિતિઓ જે સુવિધા, સ્થિરતા અને નાણાકીય સુરક્ષા પ્રદાન કરે છે તેની સાથે સ્પર્ધા કરવી ઘણીવાર મુશ્કેલ હોય છે. જો કે, કેટલાક લોકો ઉચ્ચ હેતુ અને તેમના દેશમાં યોગદાન આપવાની ઈચ્છાથી પ્રેરિત હોય છે. અભિજિત ઝવેરી, સ્થાપક, કારકિર્દી મોઝેક સ્ટોરી એક એવી છે કે, ઝવેરીએ યુનાઈટેડ સ્ટેટ્સમાં ઈન્ટિગ્રેટેડ સિસ્ટમ્સ મેનેજમેન્ટમાં સફળ કારકિર્દી અને ઉચ્ચ પગારવાળી નોકરી કરી હતી. વિદેશમાં ઉચ્ચ પગારવાળી ભૂમિકાઓમાં સફળ થયા પછી તેમણે પોતાની નોકરી છોડીને ભારતમાં કંઈક મોટું હાંસલ કરવાની હિંમતવાન પસંદગી કરી.



૨૦૦૨માં અભિજિત ઝવેરીએ ગુજરાતમાં સ્થિત કેરિયર મોઝેકની સ્થાપના કરી. કંપનીનો હેતુ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓને સાચી, પારદર્શક સલાહ આપવાનો છે.

જો કે, જ્યારે ઝવેરીએ આ ઉદ્યોગસાહસિક યાત્રા શરૂ કરી, ત્યારે તે ઘણા પડકારોથી ચિહ્નિત હતી. તેઓએ વહીવટી અવરોધો, ખાસ કરીને ભારતમાં વિઝા આવશ્યકતાઓ અને ત્યારબાદ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. જો કે, તેમની સ્થિતિસ્થાપક ભાવના અને તેમના ધ્યેય પ્રત્યેની પ્રતિબદ્ધતાએ તમામ પડકારોને સ્વીકાર્યા અને આગળ વધ્યા.

આજે કંપની અગ્રણી યુનિવર્સિટીઓ સાથે કામ કરે છે જેઓ દક્ષિણ એશિયા, મધ્ય-પૂર્વ અને આફ્રિકામાંથી તેમના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી સંગઠનને બજારમાં પ્રવેશ, વિસ્તરણ અને વૈવિધ્યીકરણ કરવા માંગે છે.

ટાઈમ્સ નાઉના અહેવાલ મુજબ કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૨/૨૦૨૩માં ૧૫૦ કરોડ રૂપિયાના નોંધપાત્ર ટર્નઓવરને સ્પર્શ કર્યો હતો.

# આઈસ્ક્રીમ લેડી ઓફ ઈન્ડિયા, જેમણે રૂા.૨૦,૦૦૦ના નાના રોકાણથી શરૂઆત કરી રૂા.૬૦૦૦ કરોડની કંપની બનાવી

(એજન્સી) તા.૬

રજની બેક્ટરે માત્ર રૂા.૨૦,૦૦૦ના રોકાણ સાથે નાની શરૂઆત કરી. તેણીની દૃઢતા અને સખત મહેનતથી તેઓ તેમના નાના એન્ટરપ્રાઈઝને કરોડો રૂપિયાના એન્ટરપ્રાઈઝમાં વિકસી શકી હતી. જ્યારે રજનીનો માર્ગ મુશ્કેલીઓ વિનાનો ન હતો - તેણીએ સખત સ્પર્ધા તેમજ સામાજિક અવરોધોમાંથી બહાર નીકળવું પડ્યું - તેણીએ ચાલુ રાખ્યું અને ક્યારેય નવીન કરવાનું બંધ કર્યું નહીં. તેમણે તેના લુધિયાણાના ઘરેથી આઈસ્ક્રીમનું ઉત્પાદન કરવાનું શરૂ કર્યું અને બાદમાં બિસ્કિટ અને અન્ય ખાદ્ય ચીજવસ્તુઓનો સમાવેશ કરવા માટે તેનો વ્યવસાય વિસ્તાર્યો. તેમનો વ્યવસાય શરૂ થયો અને તેના ઉત્પાદનોને ટૂંક સમયમાં વ્યાપક માન્યતા મળી જ્યારે મેકડોનાલ્ડ્સે બેક્ટરની ફૂડ સ્પેશિયાલિટી લિમિટેડને તેના કાયમી બન સપ્લાયર તરીકે પસંદ કરી, તે તેમની કારકિર્દીમાં એક વળાંક હતો. તેમના



માટે આ એક મોટી તક હતી અને તેણે તેનો ફાયદો ઉઠાવ્યો. તેમના ઉત્પાદનોની વધતી જતી માંગને પહોંચી વળવા, તેઓએ ગ્રેટર નોઈડામાં અને દેશભરમાં ઘણા વધુ સ્થળોએ ઉત્પાદન સુવિધા ખોલી. ૨૦૨૩ સુધીમાં બેક્ટર્સ ફૂડ સ્પેશિયાલિટીઝ લિમિટેડનું બજાર મૂલ્ય રૂા.૬૬૮૧ કરોડ છે, જે તેને FMCG ક્ષેત્રની સૌથી સફળ કંપનીઓમાંની એક બનાવે છે. કંપનીએ IPO લોન્ચ કર્યો છે અને તેના ઉત્પાદનો દેશભરમાં વેચાય છે. કોર્પોરેટ જગતમાં સફળ થવાની આશા રાખતા લાખો મહત્ત્વાકાંક્ષી બિઝનેસ માલિકો રજની બેક્ટરની વાર્તાથી પ્રેરિત છે. તેણીએ દર્શાવ્યું છે કે, દૃઢતા, સખત મહેનત અને સર્જનાત્મકતા સાથે બધું પ્રાપ્ત કરી શકાય છે. જ્યારે કોઈ વ્યક્તિ તેમના જુસ્સા અને આકાંક્ષાઓને અનુસરે છે ત્યારે શું થઈ શકે છે તેનું તેજસ્વી ઉદાહરણ તેમની સિદ્ધિઓ છે.

# સફાઈ કોન્ટ્રાક્ટરની પુત્રીએ પ્રથમ પ્રયત્નમાં UPSC પરીક્ષા પાસ કરી, અખિલ ભારતીય ક્રમાંક ૨૦૩ મેળવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

ભારતની સૌથી મુશ્કેલ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંની એક UPSC છે. હજારો ઉમેદવારો UPSC સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરવા દિવસ-રાત અભ્યાસ કરે છે. UPSC પરીક્ષામાં IAS, IFS, IPS અને IRS જેવી જગ્યાઓ માટે ઉમેદવારી કરતાં હજારો મહત્ત્વાકાંક્ષી ઉમેદવારોએ અતૂટ સમર્પણ સાથે અને વ્યાપક અભ્યાસ કરવો પડે છે. આજે આપણે UPSC પરીક્ષા પાસ કરનાર સફાઈ કોન્ટ્રાક્ટરની પુત્રી IAS અધિકારી તરૂણા કમલ વિશે વાત કરીશું. તરૂણા કમલ મંડી જિલ્લાની બલ્હ ખીણની રહેવાસી છે. તેણે તેના પ્રથમ પ્રયત્નમાં સૌથી અઘરી UPSC પરીક્ષા અખિલ ભારતીય ક્રમાંક ૨૦૩ સાથે પાસ કરીને ચર્ચામાં સ્થાન મેળવ્યો છે. તેણે છેલ્લાં અઢી વર્ષથી ચંદીગઢમાં UPSC પરીક્ષાની તૈયારી કરી.



સરકારી કર્મચારી તરીકે કામ કરવાની તેની મહત્ત્વાકાંક્ષાથી તેણે UPSCમાં આવનાર પડકારનો સામનો કર્યો અને તેના પ્રથમ પ્રયત્નમાં સફળતા મેળવી. તરૂણા નેરચોક મ્યુનિસિપલ કાઉન્સિલના સફાઈ કોન્ટ્રાક્ટરની પુત્રી છે અને તેની માતા નોરમા દેવી ગૃહિણી છે. તરૂણાએ ETV ભારતને જણાવ્યું કે, UPSCની તૈયારી કરતી વખતે શરૂઆતમાં મેડિસિનનો અભ્યાસ અડચણરૂપ બન્યો હતો. પરંતુ મારા માતા-પિતાએ મને સહકાર આપ્યો અને તેમના સમર્થનને કારણે જ મેં સફળતા મેળવી. તેણે મોર્ડન પબ્લિક સ્કૂલ રત્તીમાંથી ધોરણ ૧૨ પૂરૂં કર્યું. વેટરનરી મેડિસિન તાલીમ પૂર્ણ કર્યા પછી તરૂણાએ UPSC પરીક્ષાની તૈયારી કરવાનું શરૂ કર્યું. તરૂણા કમલની સિદ્ધિ મંડી જિલ્લામાં અને તેનાથી આગળના ઘણાં લોકોને પ્રેરણા આપે છે કે તેણે કેવી રીતે પ્રતિકૂળતાનો સામનો કરી સખત મહેનત, નિશ્ચય અને આકાંક્ષાઓ સાથે સફળતા હાંસલ કરી.

## ગુજરાત ટુડે

# વોટ આપો....અને....

## યાદ છે ને ? ગુજરાતમાં મતદાનની તારીખ ૭-૫-૨૦૨૪ છે

## નફરત હટાવો-એકતા બચાવો; બંધારણ તેમજ લોકશાહી બચાવો

આગામી લોકસભાની ચૂંટણી માત્ર દેશના ભાવિ જ નહીં પરંતુ બંધારણ-લોકશાહીને બચાવવા માટે પણ અત્યંત નિર્ણાયક સાબિત થવાની છે. જે પ્રકારની પરિસ્થિતિઓ દેશમાં આકાર પામી રહી છે તેનો મુકાબલો 'મત-શક્તિ' દ્વારા જ કરી શકાય છે. હવે માત્ર પૂરેપુરા મતદાનથી જ કામ નહીં ચાલે પરંતુ 'જાગૃતિ પૂર્વકનું પૂરેપુરૂં' મતદાન કરવું અત્યંત આવશ્યક છે. તમારો એક પણ મત વેડફાઈ ન જાય એનું ધ્યાન રાખવું જ પડશે. ખોટી દિશામાં પડેલો તમારો 'એક' મત સાચી દિશામાં પડેલા 'બે' મતને તો બગાડશે જ સાથોસાથ શક્ય છે કે, તમારૂં, તમારા વિસ્તારનું અને દેશનું ભાવિ પણ બગાડશે. માટે જ ખૂબ શાંતિપૂર્વક વિચારવિમર્શ કર્યા બાદ બંધારણના હિતમાં હોય-રાષ્ટ્રના હિતમાં હોય એ પ્રકારે મતદાન કરવું એ રાષ્ટ્રની બહુ મોટી સેવા ગણાશે... અત્રે ભૂતકાળના કેટલાક બનાવોની ઝલક પ્રસિદ્ધ કરી રહ્યા છીએ કે, જેના પર નજર નાખીને આપણને સૌ ભારતીયોને યોગ્ય નિર્ણય લેવામાં માર્ગદર્શન મળી રહેશે

# મહારાષ્ટ્ર : નાસિકમાં ગૌમાંસની હેરફેરની શંકામાં ગૌરક્ષકો દ્વારા મુસ્લિમ યુવકની મારપીટ કરી હત્યા નિપજાવી; ૧૧ની ધરપકડ

(એજન્સી) મુંબઈ, તા.૨૬

મહારાષ્ટ્રના નાસિકમાં એક ટોળાએ ગૌમાંસ લઈ જવાની શંકામાં બે મુસ્લિમ યુવકો પર હિંસક હુમલો કર્યો દુઃખદ રીતે, આ હુમલામાં મુંબઈના કુર્લા વિસ્તારના રહેવાસી ૩૨ વર્ષીય અફફાન અબ્દુલ મજીદ અન્સારીનું મૃત્યુ થયું હતું, જ્યારે તેનો મિત્ર નાસિર ગુલામ હુસૈન કુરેશી હાલમાં તબીબી સારવાર લઈ રહ્યો છે. અંસારી અને કુરેશી એક કારમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેઓને ગૌરક્ષક હોવાનો દાવો કરતા માણસો દ્વારા અચાનક અટકાવવામાં આવ્યા અને તેમના પર નિર્દય હુમલો કરવામાં આવ્યો. આ સંબંધમાં ૧૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે, એમ ઘોટી પોલીસે જણાવ્યું હતું. નાસિકમાં લગભગ બે અઠવાડિયામાં ગૌરક્ષકો દ્વારા એક વ્યક્તિની




હત્યા કર્યા પછી આ બીજી ઘટના છે. મુંબઈના કુર્લા વિસ્તારના બે માણસો, જેઓ કારમાં માંસ લઈ જઈ રહ્યા હતા, તેઓ પર ૧૦થી ૧૫ ગૌરક્ષકો જૂથે સ્ટીલના સળિયા અને લાકડાની લાકડીઓ વડે હુમલો કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, બે વ્યક્તિઓ, અફાન અંસારી (૩૨) અને તેના સહયોગી નાસિર કુરેશી (૨૪), જેઓ મુંબઈ જઈ રહ્યા હતા, તેઓને હુમલામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. અંસારીના પરિવારના જણાવ્યા અનુસાર, તેઓ માને છે કે, હુમલાખોરો ગૌરક્ષક જૂથો તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને બજરંગ દળ સાથે સંકળાયેલા હતા.

(તા.૨૭-૬-૨૦૨૩) (ગુજરાત ટુડે પાના નંબર-૧)

# દેશમાં વધી રહેલી મુસ્લિમ વિરોધી દુઃખદ ઘટનાઓ : 'પ્રસાદ' ખાવા અંગે જીવલેણ હુમલો અને કોલેજમાં એક મુસ્લિમ પર ઘાતક પ્રહાર : દર વખતની જેમ પોલીસે 'કોમી એંગલ' હોવાનો ઈન્કાર કર્યો

(એજન્સી) તા.૨૯

દેશમાં મુસ્લિમો વિરુદ્ધ હિંસાના બે અલગ-અલગ કૃત્યો બન્યા છે જેમાં એક રાષ્ટ્રીય રાજધાનીમાં અને એક યુપીના મેરઠમાં છે. આ બંને ઘટનાઓ ભારતમાં લઘુમતીઓ સાથે જે નિર્દયતા સાથે વ્યવહાર કરવામાં આવે છે તે દર્શાવે છે અને સત્તાવાળાઓ આ "સાંપ્રદાયિકતા" નો કિસ્સો નથી એવું કહે છે. આ આવા મુદ્દાઓને ઉકેલવા માટે હાલના કાયદો અને વ્યવસ્થાના સંસાધનોની કાર્યક્ષમતા અંગે ચિંતા દર્શાવે છે. મંગળવારે વહેલી સવારે દિલ્હીની સુંદરનગરીમાં, ૨૬ વર્ષીય અને માનસિક રીતે અક્ષમ મુસ્લિમ વ્યક્તિ ઈસર મોહમ્મદની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. પોલીસ અહેવાલો અનુસાર, તેના પર કથિત રીતે લોકોના એક જૂથ દ્વારા ચોરીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તેઓએ તેને ઈલેક્ટ્રીક પોલ સાથે બાંધ્યો હતો અને લાકડીઓનો ઉપયોગ કરીને તેને ભયંકર માર માર્યો હતો. મોહમ્મદની



બહેને ધ હિંદુ સાથે વાત કરતા કહ્યું કે, શું આ રીતે કોઈને સજા થવી જોઈએ ? ગંભીર રીતે ઘાયલ પીડિતને રીક્ષામાં તેના ઘરે પરત લઈ જવામાં આવ્યો હતો, જો કે, તેને બચાવી શકાયો ન હતો કારણ કે તે જ દિવસે સાંજે લગભગ ૭ વાગ્યે તેનું મૃત્યુ થયું હતું. તેના પિતા અબ્દુલ વાજિદે ધ હિંદુને જણાવ્યું છે કે, બપોર પછી ઘરે લાવવામાં આવ્યા પછી ઈસાર બોલી શકતો ન હતો. તેણે મને કહ્યું કે કેટલાક માણસોએ તેને પકડી લીધો અને તેના પર ગણપતિ સ્ટોલ પર ચોરી કરવાનો આરોપ લગાવ્યો. તેણે મને કહ્યું કે છોકરાઓએ તેને ઈલેક્ટ્રીક પોલ સાથે બાંધી દીધો અને લાકડીઓ વડે માર માર્યો અને તેને ઈજાગ્રસ્ત કરી દીધો હતો. આ ઘટનાની નિર્દયતા એક વીડિયોમાં કેદ કરવામાં આવી હતી જે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થઈ હતી.

(તા.૩૦-૯-૨૦૨૩) (ગુજરાત ટુડે પાના નંબર-૩)

## ૪૦ વર્ષના મહમૂદ આલમ પર ૧૫-૨૦ કટ્ટરવાદીઓ દ્વારા જીવલેણ હુમલો કરાયો

# ઝારખંડના રાંચીમાં મુસ્લિમ ઓટો-રિક્ષાચાલક પર હુમલો, 'જય શ્રી રામ' બોલવા મજબૂર કરાયો



મુસાફરોને લઈ જતો હતો ત્યારે અચાનક ટોળાએ મને ઘેર્યો અને હુમલો કર્યો, મારો મોબાઈલ તોડી નાંખ્યો, ૧૫૦૦ રૂપિયા લૂંટી લીધા, બેટ અને પાઈપથી માર માર્યો, મારી દાઢી ખેંચી લીધી, હું જીવ બચાવીને ભાગ્યો ન હોત તો મારી હત્યા થઈ ગઈ હોત : મહમૂદ આલમ

(એજન્સી) રાંચી, તા.૨૯

ઝારખંડના પાટનગર રાંચીમાં ૪૦ વર્ષીય મુસ્લિમ ઓટો-રિક્ષા ડ્રાઈવર મહમૂદ આલમ પર કટ્ટરવાદી હિંદુત્વ સાથે સંકળાયેલા લગભગ ૨૦ વ્યક્તિઓના ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

(તા.૩૦-૯-૨૦૨૩) (ગુજરાત ટુડે પાના નંબર-૧)

# યુપીના મેરઠમાં કોલેજ કેમ્પસમાં ટોપી પહેરવા બદલ મુસ્લિમ યુવકને માર મરાયો

સાહિલ B.Scમાં અભ્યાસ કરતી પોતાની બહેનની ફી ભરવા ગયો હતો, તેનો વાંક એટલો જ હતો કે તેણે માથે મુસ્લિમ ટોપી પહેરી હતી, સાહિલને કટ્ટરવાદીઓ દ્વારા તમાચા મરાયા, ટોપી ઉતારવા મજબૂર કરાયો

(એજન્સી) મેરઠ, તા.૨૯

ઉત્તરપ્રદેશના મેરઠમાં કોલેજ કેમ્પસમાં મુસ્લિમ યુવક તેની બહેનની ફી જમા કરાવવા ગયો હતો ત્યાં ગોળ ટોપી પહેરવા બદલ તેને કટ્ટર લોકોના ટોળા દ્વારા માર મારવામાં આવ્યો હતો. આ ઘટનાનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે.



(તા.૩૦-૯-૨૦૨૩) (ગુજરાત ટુડે પાના નંબર-૩)

વીડિયોમાં કટ્ટરવાદીઓએ તેનો કોલર પકડીને તેને દબાવી દેવાનો પ્રયાસ કર્યા પછી તે વ્યક્તિ ટોપી ઉતારતો જોઈ શકાય છે જ્યારે અન્ય વ્યક્તિ એક ઈંટ ઉપાડે છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના સોમવારે બની હતી જ્યારે લિસારી ગેટ વિસ્તારનો રહેવાસી મોહમ્મદ સાહિલ ફી કાઉન્ટર પર લાઈનમાં ઊભો હતો.

# મુંબઈ : હિન્દુ સંગઠને મુસ્લિમોના આર્થિક બહિષ્કારનું આહ્વાન કર્યું

(એજન્સી) તા.૧૩

દેશની આર્થિક રાજધાની મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં જમણેરી સંગઠનોએ મુસ્લિમોના આર્થિક બહિષ્કારને લઈને એક મોટી રેલી યોજી હતી. હિન્દુ જનઆક્રોશ મોરચા દ્વારા રવિવારે ૪૦ ડિગ્રી તાપમાન વચ્ચે મુંબઈના મીરા રોડ પર બે કિલોમીટર લાંબી રેલી આયોજિત કર્યા બાદ દેખાવકારોને સંબોધતા તેમના નેતાઓએ ઝેર ઓક્યું હતું અને મુસ્લિમ સમુદાયના બહિષ્કારનું આહ્વાન કર્યું હતું. એક જાણીતા મીડિયાના



(તા.૧૪-૩-૨૦૨૩) (ગુજરાત ટુડે પાના નંબર-૩)

અહેવાલ અનુસાર દેખાવકારોએ મીરા રોડના ગોલ્ડન નેસ્ટ ચોકથી લગભગ બે કિ.મી. સુધી પગપાળા માર્ચ કરી હતી. માર્ચ સમાપ્ત થયા બાદ કથિત લવ જેહાદ અને જમીન જેહાદ વિરૂદ્ધ ઝેર ઓકવામાં આવ્યા હતા. આ દરમિયાન અમુક ઝેરી નેતાઓએ મુસ્લિમ સમુદાયનો આર્થિક બહિષ્કાર કરવાની વાત કહી હતી. દેખાવકારોને સંબોધનારા વક્તાઓમાં સામેલ કાજલ હિન્દુસ્તાનીએ કહ્યું કે, ઈસ્લામિક આક્રમકતાના ત્રણ મુખ્ય પાસા છે.

# ભાવનગરમાં મતદાન જાગૃતિ અંતર્ગત 'રન ફોર વોટ' યોજાઈ : અનેક લોકો જોડાયા



ભાવનગર, તા.૬

આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત મતદાન જાગૃતિના ભાગરૂપે ભાવનગર ખાતે ગુલિસ્તા મેદાન ખાતેથી યોજાયેલ 'રન ફોર વોટ'ને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર આર. કે. મહેતાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. 'રન ફોર વોટ'નો પ્રારંભ ગુલિસ્તા મેદાનથી આતાભાઈ ચોક-સંસ્કાર મંડળ-વેલિંગટન સર્કલ-સેન્ટ્રલ સોલ્ટથી ફરી ગુલિસ્તા મેદાનના રૂટમાં 'રન ફોર વોટ' અંતર્ગત અચૂક મતદાનના સંદેશ સાથે બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત સૌ એ અવશ્ય મતદાન કરવાના શપથ લીધા હતા. આ તકે જિલ્લા ચૂંટણી અધિકારી આર. કે. મહેતા એ જણાવ્યું હતું કે આગામી તા. ૭ મેના રોજ જિલ્લાના નાગરિકો લોકશાહીના પર્વમાં મતદાન આપીને સહભાગી થાય એ માટે જાગૃતિ અર્થે 'રન ફોર વોટ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગર જિલ્લામાં સ્વીપ અંતર્ગત લોકોમાં મતદાન કરવા અંગેની જાગૃતિ કેળવાય એ હેતુથી અનેક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. 'રન ફોર વોટ' કેમ્પેઈન અંતર્ગત અવશ્ય વોટ આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ભાવનગર જિલ્લાની શાળાઓના આચાર્ય, શિક્ષકો, વહિવટી કર્મચારીઓ ઉપરાંત વિવિધ કોલેજના અધ્યાપકો, રમતવીરો અને વિવિધ સરકારી કચેરીઓના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે મ્યુનિસિપલ કમિશનર એન. વી. ઉપાધ્યાય, પોલીસ અધિક્ષક શ્રી ડૉ. હર્ષદ પટેલ, પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારી આયુષી જૈન, અધિક કલેક્ટરશ્રી ડી. એન. સતાણી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આર. એન. ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જયશ્રીબેન જરૂ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કે. એ. પટેલ સહિતના પદાધિકારીઓ, અધિકારીઓએ અને અન્ય મહાનુભાવો સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# સુરેન્દ્રનગર ખાતે રન ફોર વોટ રેલી નીકળી




સુરેન્દ્રનગર, તા.૬

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ગુજરાતમાં મતદાન પ્રક્રિયાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. મતદાન જાગૃતિની આ શ્રુંખલાના ભાગરૂપે લોકશાહીના અવસરમાં લોકો વધુમાં વધુ લોકો મતદાન કરીને સહભાગી થાય તેવા આશયથી આજે એમ.પી. શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે "રન ફોર વોટ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને જનરલ ઓબ્ઝર્વર જયસિંઘ (આઈ.એ.એસ.), જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કે.સી. સંપટ, ખર્ચ ઓબ્ઝર્વર અમિતકુમાર મિશ્રા (આઈ.આર.એસ.), જિલ્લા વિકાસ અધિકારી રાજેશ તન્ના, જિલ્લા પોલીસ અધિક્ષક ડો.ગીરીશ પંડ્યા સહિતના અધિકારીઓએ દ્વારા ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ કાર્યક્રમ મોટી સંખ્યામાં શહેરીજનો, NCC કેડેટ્સ, DLSSના વિદ્યાર્થીઓ જોડાયા હતા. એમ.પી. શાહ સાયન્સ એન્ડ આર્ટસ કોલેજ ગ્રાઉન્ડથી શરૂ થયેલી આ મતદાન જાગૃતિ સંબંધિત રેલી આંબેડકર ચોક, ટાવર ચોક, કલેકટર કચેરી ગેટથી જવાહર ગ્રાઉન્ડ ખાતે પૂર્ણ થઈ હતી. આ સમગ્ર રૂટ પર પીવાના પાણી સહિતની તમામ વ્યવસ્થાઓ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી હતી. આ ઉપરાંત સમગ્ર રૂટ પર મતદાન જાગૃતિના સંદેશો આપતી સ્ટેન્ડીઓ, બેનર, સેલ્ફી પોઈન્ટ પણ ગોઠવવામાં આવ્યા હતા. મતદાન જાગૃતિ માટે યોજાયેલી આ રેલીએ નગરજનોમાં અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું. રેલીમાં જોડાયેલા તમામ લોકોએ પોતાના પરિવારની સાથે આસપાસના લોકોમાં પણ અવશ્ય મતદાન કરવાનો સંદેશો ફેલાવવા પ્રતિબદ્ધતા દાખવી હતી.

# અમરેલી લોકસભા મતવિસ્તારમાં ૧૭ લાખથી વધુ મતદારો પોતાનો મતાધિકારનો ઉપયોગ કરશે

## ૧૮થી ૧૯ વયજૂથના ૪૧,૯૦૨ યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરશે

અમરેલી, તા.૬

આજે અમરેલી લોકસભા મત વિસ્તારના કુલ સાત વિધાનસભા મતદાર વિભાગના ૧૭,૩૨,૮૧૦ મતદારો પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને જીવંત અને મજબૂત બનાવશે જેમાં ૧૮થી ૧૯ વર્ષની વયજૂથના કુલ ૪૧,૯૦૨ યુવા મતદારો પ્રથમ વખત પોતાનો મતાધિકારનો ઉપયોગ આજે કરશે.

અમરેલી લોકસભા મતવિસ્તારમાં આઠ ઉમેદવારો વચ્ચેની ચૂંટણીમાં મુખ્યત્વે કોંગ્રેસના જેનીબેન ઠુંમર અને ભાજપના ભરત સુતરિયા વચ્ચે સીધી સ્પર્ધા હોર, મતદારો પણ પોતાનો મત ઉમેદવારને પસંદ કરી લોકશાહીને જીવંત અને મજબૂત કરવાનો અવસર બનાવશે. અમરેલી લોકસભા મતવિસ્તારના કુલ ૧૭,૩૨,૮૧૦ મતદારો નોંધાયેલ છે જેમાં સાત વિધાનસભા મતદાન વિભાગનો સમાવેશ થાય છે જેમાં ધારી, અમરેલી, લાઠી, સાવરકુંડલા, રાજુલા અને ભાવનગર જિલ્લાના મહુવા અને ગારિયાધાર વિધાનસભા મતવિસ્તાર અમરેલી લોકસભા મત વિસ્તારમાં સમાવેશ થયેલ છે.

અમરેલી લોકસભા મતદાર વિભાગનું મતદાન પૂર્ણ થયા બાદ પ્રતાપરાય આર્ટસ કોલેજ લાઠી રોડ અમરેલી ખાતે સ્ટ્રોંગ રૂમ ખાતે મતદાન થયેલ ઈવીએમ તથા વીવીપેટને સુરક્ષિત રાખવામાં આવશે. મતદાનની પ્રક્રિયા ખૂબ જ સરળતાપૂર્વક થઈ શકે તે માટે વિવિધ પ્રકારની ફરજો અધિકારીઓ તથા કર્મચારીઓને સોંપવામાં આવેલ છે. જેમાં ઝોનલ ઓફિસર : ૧૯૪, આસિસ્ટન્ટ ઝોનલ ઓફિસર : ૧૯૪, પોલિંગ સ્ટાફ : ૪૦૫૦, ફીમેલ પોલિંગ સ્ટાફ : ૩૫૬૦, બીએલઓ : ૧૮૪૧, પટ્ટાવાળા : ૧૮૪૧, ડિસ્પેચિંગ રિસીવિંગ સ્ટાફ : ૧૧૦૦ (અંદાજિત) ફરજ બજાવશે.

આ ઉપરાંત કુલ ૧૯૪ ઝોનલ રૂટ તૈયાર કરવામાં આવેલ છે. જેમા પોલિંગ સ્ટાફ એસ.ટી. બસોના માધ્યમથી જે તે મતદાન મથક પર મોકલવામાં આવશે.

# ભાવનગર જિલ્લાના ૨,૦૩૦ મતદાન મથકો પર BSF-RAF સહિત પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

## મતદાન મથકો પર પોલીસ અધિકારી ઉપરાંત કેન્દ્રીય સુરક્ષા દળોની છ ટુકડીઓ

ભાવનગર તા.૬

ભાવનગર લોકસભા બેઠકની ચૂંટણી માટે મંગળવારે શહેર અને જિલ્લાના બે હજારથી વધુ મતદાન મથકો પર મતદાન થવાનું છે ત્યારે કાયદો અને વ્યવસ્થા તેમજ બંદોબસ્ત માટે બી.એસ.એફ., આર.પી.એફ. અને આર.એ.એફની ટુકડીઓ ઉપરાંત ભાવનગર જિલ્લા પોલીસ અધિકારી અને કર્મચારીઓ બંદોબસ્ત માટે સજ્જ થયા છે. લોકસભાની ચૂંટણીમાં ભાવનગર શહેર અને જિલ્લાના ૨૬ પોલીસ મથક વિસ્તારમાં આવતા લોકસભા બેઠક વિસ્તારમાં ૧૧૯૨ બિલ્ડીંગ અને ૨૦૩૦ જેટલા મતદાન મથક પર મતદાન થનાર છે ત્યારે મતદાન પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ મતદારો નિર્ભય બનીને મતદાન કરે તે માટે કેન્દ્રીય સુરક્ષા દળોની ૦૬ કંપનીઓ બંદોબસ્તમાં જોડાઈ છે, જેમાં બી.એસ.એફ.ની ત્રણ ટુકડી, આર.પી.એફ.ની બે ટુકડી અને આર.એ.એફ.ની એક ટુકડીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મતદાનના દિવસે એટલે કે મંગળવારે સમગ્ર દિવસ દરમિયાન ૦૭ બિલ્ડીંગ દીઠ એક એવી ૧૭૦ પોલીસ સેક્ટર મોબાઈલ વાન સતત પેટ્રોલિંગમાં રહેશે, તેમ જ દરેક વિધાનસભા વિસ્તારમાં ડી.વાય.એસ.પી. કક્ષાના પોલીસ અધિકારી સુપરવિઝનમાં રહેનાર છે. જિલ્લાના તમામ પોલીસ મથક દીઠ એક ક્યુ.આર.ટી. (ક્વિક રિસ્પોન્સ ટીમ) તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત ભાવનગર શહેર અને જિલ્લાના ૦૭ ડિસ્પેચિંગ અને રીસીવિંગ સેન્ટર ખાતે પણ સોમવારથી જ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવેલ છે તેમજ રીસીવિંગ સેન્ટરથી સ્ટ્રોંગ રૂમ પર ઈવીએમ સહિતની સામગ્રી પહોંચાડવા માટે પાયલોટીંગ તેમજ એસ્કોર્ટની વ્યવસ્થા પણ કરવામાં આવી હોવાનું જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું. આ ઉપરાંત મતગણતરીના દિવસ સુધી સ્ટ્રોંગ રૂમ ખાતે પણ ત્રિસ્તરીય બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે. આ ઉપરાંત શહેર અને જિલ્લાના સંવેદનશીલ મતદાન મથકો ઉપર સીઆરપીએફ જવાનોનો બંદોબસ્ત તેમ જ દરેક સંવેદનશીલ ઉપરાંત નક્કી કરેલા મતદાન મથકોનું વેબકાસ્ટિંગ પણ કરવામાં આવનાર છે.

# આજે સાબરકાંઠામાં ચૂંટણીને લઈ જિલ્લા વહીવટી તંત્ર સાબદું

હિંમતનગર, તા.૬

સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર નૈમેષ દવેની અધ્યક્ષસ્થાને લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ચૂંટણી કાર્યક્રમ અંગેની જાણકારી માટે જિલ્લા કલેક્ટર કચેરી-હિંમતનગર ખાતે પત્રકાર પરિષદ યોજાઇ હતી. નૈમેષ દવેએ જણાવ્યું હતું કે, જિલ્લામાં નિષ્પક્ષ, ન્યાયી અને શાંતીપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાય તે માટે વહિવટી તંત્ર સજ્જ છે. સાબરકાંઠા જિલ્લામાં અગાઉ ૨૦૧૯ લોકસભા સામાન્ય ચૂંટણીમાં થયેલ મતદાન કરતા આ વખતે વધુમાં વધુ મતદાન થાય તે માટે વહિવટી તંત્ર દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવ્યા છે. મતદાન દિવસ તા.૭ મે ૨૦૨૪ના રોજ છે. સવારે ૭:૦૦ કલાકથી સાંજના ૬:૦૦ કલાક દરમિયાન મતદાન યોજાશે, ચૂંટણી કાર્ડ તેમજ અન્ય ૧૧ પુરાવા મતદાન માટે માન્ય રહેશે. આ વખતે મતદાનના દિવસે હીટ વેવની આગાહીને ધ્યાને લઈ દરેક મતદાન મથકોએ આરોગ્યની ટીમ, પાણીની સુવિધા તેમજ જે મતદાન મથકોએ છાયડાની સુવિધા ના હોય ત્યાં મંડપની સુવિધા કરાઈ છે. ૨૭ હિંમતનગર મત વિસ્તારમાં ૧૦૯ બુથ પર મંડપ, ૨૮ ઈડરમાં ૪૫ બુથ, ૨૯ ખેડબ્રહ્મામાં ૭૫ બુથ અને ૩૩ પ્રાંતિજ ખાતે ૧૧૨ બુથ પર મંડપની સુવિધા કરાઈ છે. એમ કરી ચારે વિધાન સભા મળી કુલ ૩૪૧ મતદાન મથકોએ મંડપની સુવિધા કરવામાં આવી છે.

### વડોદરા જિલ્લા ચૂટણી તંત્ર દ્વારા

# ૧૨,૭૬૦ મતદાન કર્મીઓ માટે સૂકા નાસ્તા સાથે વેલ્ફેર કિટ અપાશે

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૬

વડોદરા જિલ્લા ચૂંટણી તંત્રએ એક સંવેદનાસભર નિર્ણય લઇ મતદાન કર્મીઓને ખાસ વેલ્ફેર કિટ આપવાનો નિર્ણય કર્યો છે. આ કિટમાં દૈનિક જરૂરિયાતની વસ્તુઓ સાથે સૂકા નાસ્તાના પેકેટ પણ આપવામાં આવશે. આવી ૨,૫૫૨ કિટ તૈયાર કરી ડિસ્પેચિંગ સમયે મતદાનકર્મીઓને આપવામાં આવશે. નિવાસી અધિક કલેક્ટર ડો. બી.એસ. પ્રજાપતિએ જણાવ્યું કે, મતદાનકર્મીઓને જે તે ગામમાં રાતવાસો કરવો પડતો હોય છે. ઘણી વખત અંતરિયાળ ગામ કે વિસ્તારમાં દૈનિક જરૂરિયાતની વસ્તુઓ મળતી નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને જિલ્લા ચૂંટણી અધિકારી બિજલ શાહે વેલ્ફેર કિટ તૈયાર કરવા માટે સૂચના આપી હતી. વડોદરા જિલ્લામાં આવેલી વિધાનસભા બેઠક પ્રમાણે આ વેલ્ફેર કિટ તૈયાર કરવામાં આવી છે. આ વેલ્ફેર કિટમાં શેમ્પુ, ટૂથ પેસ્ટ, સાબૂ, મચ્છર માટેની અગરબત્તિ રાખવામાં આવશે. આ ઉપરાંત બિસ્કિટ, સિંગ, ચણા, કેળા વેફર્સ, પાપડી ચવાણુ, ઓરેન્જ કેંડી, સેવ મમરા, ટમટમ જેવો નાસ્તો રાખવામાં આવશે. વિધાનસભા મુજબ અલગ-અલગ સૂકો નાસ્તો એમાં રાખવામાં આવશે. કુલ પાંચ વ્યક્તિ માટેની વ્યવસ્થા આ કિટમાં હશે. એટલે કે, ૧૨૭૬૦ મતદાનકર્મીઓ માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી છે.

# ડીસાની મદની હોસ્પિટલમાં હૃદયરોગનો વિનામૂલ્યે કેમ્પ યોજાયો



ડીસા સમાજ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મદની હોસ્પિટલમાં આજ રોજ હૃદયરોગનો ફ્રી નિદાન કેમ્પ યોજાયો હતો જેમાં ડીસામાં જાણીતા તબીબ ડૉ.રવીન્દ્ર ગેલોત દ્વારા ૪૮ દર્દીઓને તપાસી નિદાન કરવામાં આવ્યું હતું જેમાં ઈસીજી કાર્ડિયોગ્રામ બ્લડ સુગર, યુ વગેરેની ફ્રીમાં તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં ડીસા રાજપુર ગવાડી જૂનાડીસા ગાયકવાડ સહિતના દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પને સફળ બનાવવા ડૉ. શાહરૂખભાઈ, ફીરોઝ ભાઈ ઠેકેદાર, ફેસલ ઠેકેદાર, સત્તારભાઈ શેખ તથા ઈકબાલભાઈ શેખે ભારે જહેમત ઉઠાવી કેમ્પને સફળ બનાવ્યો હતો. (તસવીર : જમીલ મેમણ, ડીસા)

# ખેડા લોકસભા બેઠકો માટે ઈવીએમ-વીવીપેટ ડિસ્પેચ કરવામાં આવ્યા



ખેડા લોકસભાની ચટણી માટે ઈ.વી.એમ. ડિસ્પેચીંગ સેન્ટરો ખાતેથી કુલ ૨૦૩૭ ઈવીએમ-વીવીપેટ અને અન્ય ચૂંટણીલક્ષી સામગ્રીઓનું ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ઝોન-પ્રમાણે વિતરણ કરવામાં આવ્યું હતું. આજે વિવિધ સ્ટાફ ઈવીએમ મશીન લઈને જે તે મતદાન નોંધોએ પહોંચ્યા હતા તસરમાં નજર પડે છે.

# વઢવાણના કોઠારિયા ગામની કેનાલમાં પગ લપસતા યુવાન પાણીમાં ગરકાવ

સુરેન્દ્રનગર, તા.૬

વઢવાણ તાલુકાના કોઠારિયા ગામની નજીક પસાર થતી નર્મદા કેનાલમાં સુરેન્દ્રનગરના યુવાનો નહાવા ગયા હતા. ત્યારે તેમાંથી ૨ લોકોને તરતા આવડતું હોવાથી બચી ગયા હતા. જ્યારે એક યુવાનનો કેનાલમાં પગ લપસી જતા પાણીમાં ગરકાવ થઇ ગયો હતો. આ બનાવમાં ફાયર ફાઈટરની ટીમો સહિતના લોકોએ તેની શોધખોળ હાથ ધરી છે. વઢવાણ તાલુકાના કોઠારિયા ગામે આવેલી ગૌવશાળા પાસે એક કેનાલ નીકળે છે. આ કેનાલ લીંબડી બ્રાંચમાં આગળ જાય છે. પ્રાપ્ત વિગતો મુજબ રવિવારે સાંજના અંદાજે ૫ કલાકે કોઠારિયા ગામ પાસેની કેનાલ પર કેટલીક મહિલાઓ કપડાઓ ધોતી હતી. ત્યારે નહાવા આવેલા ૩ લોકોમાંથી ૨ લોકો નહાવા પડ્યા હતા. પરંતુ કેનાલ પાસે બેસેલો એક યુવાનનો પગ લપસતા કેનાલના પાણીમાં ગરકાવ થઇ ગયો હતો. સુરેન્દ્રનગરના ૨૩ વર્ષના ભોલાભાઈ પંકજભાઈ નામનો યુવાન હોવાની વિગતો બહાર આવી હતી. સુરેન્દ્રનગર, વઢવાણ ફાયર ફાઈટરની ટીમો તેમજ વઢવાણ પોલીસ ટીમે યુવાનની શોધખોળ હાથ ધરી હતી.

### અંકલેશ્વરની જીનવાલા સ્કૂલ ખાતે

# ડિસ્પેચિંગસેન્ટર ખાતે ઈવીએમ, વીવીપેટ સહિતની સામગ્રીની ડિસ્પેચિંગની કામગીરી હાથ ધરાઈ



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૬

ભરૂચ લોકસભાની ચૂંટણીનું આવતી કાલે મતદાન થનાર છે ત્યારે ભરૂચના ૧૫૪ અંકલેશ્વર વિધાનસભા વિસ્તાર માં ૨૪૭ બુથ ઉપર જીનવાલા સ્કૂલ ખાતે ઉભા કરાયેલ ડિસ્પેચીંગ સેન્ટર ખાતેથી અંકલેશ્વરના મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારની ઉપસ્થિતિમાં ઈવીએમ અને વીવીપેટ સહિતની સામગ્રીની ડિસ્પેચીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી આ ડિસ્પેચીંગ કામગીરી દરમ્યાન જિલ્લાના જનરલ ઓબ્જર્વર સંદીપ કૌરે મુલાકાત લઇ નિરીક્ષણ કર્યું હતું.

આવતીકાલે ગુજરાત માટે મહત્ત્વનો દિવસ છે. ૭ મેના રોજ ગુજરાતની ૨૫ લોકસભા અને ૫ વિધાનસભા બેઠકો માટે મતદાન થવાનું છે ત્યારે ભરૂચ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ અંકલેશ્વર વિધાનસભાના કુલ ૨૪૭ બુથો ઉપર જીનવાલા સ્કૂલ ખાતે ઉભા કરાયેલા ડિસ્પેચીંગ સેન્ટર ખાતેથી ઈવીએમ મશીન, વીવીપેટ તેમજ ચૂંટણી માટેની અન્ય સામગ્રીની ડિસ્પેચીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. અંકલેશ્વરના મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી બી.એ જાડેજા અને મામલતદાર કરણસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં ૧૬૦૦ જેટલા કમર્ચારીઓને ઈવીએમ મશીન અને વીવીપેટ સહિત અન્ય સામગ્રીનું વિતરણ કરી તમામ બુથો ઉપર રવાના કર્યા હતા જયારે અંકલેશ્વર તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા હિટવેવની પરિસ્થિતિ વચ્ચે મતદાતાઓના આરોગ્યની જાળવણી માટે તમામ બુથ ઉપર ચૂંટણી સામગ્રીની સાથે આરોગ્ય લક્ષી કીટ આપવામાં આવી છે અનેઅંકલેશ્વર હાંસોટ તાલુકાના તમામ મતદાન કેન્દ્ર ઉપર મેડિકલ સ્ટાફ સાથે આશા વર્કર બહેનોને તૈનાત કરવામાં આવી છે. સાથે મતદાન મથકો પર પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. દરમ્યાન જીનવાલા સ્કૂલ ખાતે ચાલી રહેલ ડિસ્પેચીંગ કામગીરીની ભરૂચ જિલ્લા ના જનરલ ઓબ્જર્વર સંદીપ કૌરે મુલાકાત લઇ નિરીક્ષણ કર્યું હતું

# ભિલોડા ધારાસભ્યની પત્નીને મોઢામાં ડૂચો મારી લૂંટ ચલાવનાર બિજુડા ગેંગનો ખૂંખાર આરોપી ઝડપાયો

## ૧૬ લાખથી વધુની લૂંટ ચલાવી હતી, ૨૬ ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો

મોડાસા, તા.૬

અરવલ્લી જિલ્લા પોલીસવડા શૈફાલી બારવાલના માર્ગદર્શન હેઠળ જિલ્લા એલસીબી પોલીસે ગુજરાતમાં ઘરફોડ ચોરીના ગુનાને અંજામ આપવામાં કુખ્યાત અને રાજયની પોલીસને રાડ પડાવનાર બિજુડા ગેંગના ખૂંખાર સાગરિત જીતેન્દ્ર ઉર્ફે લાલા ડામોર મોડાસા શહેરમાં ચોરી કરેલ સોનાના દાગીના વેચવા પહોંચે તે પહેલા શામળાજીના ભવાનપુર ગામ નજીકથી એક્ટિવા સાથે દબોચી લઈ સોનાની લગડી સહિત ૫.૦૮ લાખનો મુદ્દામાલ કબજે કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો જીતેન્દ્ર ઉર્ફે લાલો ડામોર રાજયના જુદા-જુદા જિલ્લામાં ૨૬ ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ હતો અરવલ્લી જિલ્લા એલસીબી પીઆઇ ડી.બી.વાળા અને તેમની ટીમે જિલ્લામાં વણઉકેલાયેલ ગુનાનો ભેદ ઉકેલવા અને નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધરી બાતમીદારો સક્રિય કરતા બિજુડા ગેંગનો સાગરિત જીતેન્દ્ર ઉર્ફે લાલા મોંઘા ડામોર (રહે.ધામોદ-રાજસ્થાન) ચોરી કરેલા સોનાના દાગીના વેચવા એક્ટિવા લઈ શામળાજીથી મોડાસા તરફ આવી રહ્યો હોવાની બાતમી મળતા એલસીબી પોલીસ સતર્ક બની શામળાજીના ભવાનપુર પાસે વોચ ગોઠવી રોડ પરથી પસાર થતો દબોચી લઈ ૪.૨૦ લાખની સોનાની લગડી, ૩૮ હજાર રોકડ રકમ સહિત મોબાઈલ અને એક્ટિવા મળી કુલ રૂ.૫.૦૮ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી સઘન પૂછપરછ કરતા આઠ મહિના અગાઉ ભિલોડાના ધારાસભ્ય પી.સી. બરંડાના ઘરે તેના સાગરિતો સાથે મળી કરેલ લૂંટના સોનાના દાગીના ગાળી સોનાની લગડી બનાવી ઘરે સંતાડી રાખી હોવાની કબૂલાત કરી લીધી હતી. જિલ્લા એલસીબી પોલીસે ધારાસભ્ય બરંડાના પત્નીને બંધક બનાવી ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા-ફરતા ચોથા આરોપીને દબોચી લેવામાં સફળતા મળી હતી.

### સુરત શહેરના ૧૫થી વધુ વિસ્તારોમાં લોકો મતદાન કરશે

# લિંબાયત, સચિન, ઉધના સહિતના વિસ્તારોમાં મતદાનનું આયોજન

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૬

સુરત લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ વિજેતા જાહેર થયા બાદ આ બેઠક પર ચૂંટણી થવાની નથી. પરંતુ નવસારી અને બારડોલી લોકસભા બેઠક પર આવતીકાલે મંગળવારે તા.૭ મેના રોજ મતદાન થનાર છે. નવસારી અને બારડોલી લોકસભા બેઠકમાં સુરત શહેર-જિલ્લાના અનેક વિસ્તારો સમાવિષ્ટ હોય કન્ફ્યૂઝન ઊભી થઈ છે. નવસારી અને બારડોલી લોકસભા બેઠકમાં સમાવિષ્ટ વિસ્તારના ઘણા મતદારો એવું માની રહ્યા છે કે, તેઓને મતદાન કરવાનું નથી. આ મૂંઝવણના લીધે રાજકીય પક્ષોની દોડધામ વધી ગઈ છે. ડોર ટુ ડોર પ્રચાર કરીને રાજકીય પક્ષોના કાર્યકરો મતદારોને સમજાવી રહ્યા છે કે, તેઓએ મતદાન કરવાનું છે. આ મૂંઝવણ અને આકરી ગરમી મતદાન પર અસર પહોંચાડે તેવો ભય પણ રાજકીય પક્ષોને સતાવી રહ્યો છે. આવતીકાલે આ વિસ્તારના લોકોએ મતદાન કરવાનું છે જેમાં નવસારી લોકસભા બેઠકમાં સુરત શહેરના લિંબાયત, સચિન, ભાઠેના, ઉધના, ખટોદરા કોલોની, મજુરા, અઠવાગેટ, સિટીલાઈટ, ઘોડદોડ રોડ, પરવત પાટિયા, ગોડાદરા, ડિંડોલી, પાંડેસરા, ભેસ્તાન, ભટાર, અલથાણ, વેસુ-વીઆઈપી રોડ, ડુમસ, હજીરા, પાલ, ઈચ્છાપોર અને ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારનો સમાવેશ થાય છે. જયારે બારડોલી લોકસભા વિસ્તારમાં સુરતના સરથાણા, સીમાડા, પુણા, કામરેજ, કડોદરા, મગોબ અને પાસોદરાનો સમાવેશ થાય છે તેથી આ વિસ્તારના મતદારોએ આવતીકાલે તા.૭ મેને મંગળવારના રોજ મતદાન કરવાનું છે.

### લોકસભા બેઠક બિનહરીફ જાહેર થતાં

# આજે સુરતના ૧૭ લાખથી વધુ લોકો મતદાનથી વંચિત રહેશે

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૬

ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર સુરતીઓ મતદાન નહીં કરી શકે. આવતીકાલે સાડા ૧૭ લાખથી વધુ લોકો મતદાન નહીં કરી શકે. સુરતના ૧૭ લાખ ૬૭ હજાર ૪૨૯ લોકો મતદાન નહીં કરી શકે.

લોકશાહીના મહાપર્વની ઉજવણીનું કાઉન્ટડાઉન શરૂ થઇ ગયું છે. આવતીકાલે ગુજરાતની ૨૫ બેઠકો પર મતદાન થશે. મતદાન માટે વહીવટીતંત્રની તૈયારીઓને આખરી ઓપ અપાયો છે. આજે જિલ્લાઓમાં ઈવીએમ અને વીવીપેટ રવાના કરાશે. ચૂંટણી ફરજ પરનો સ્ટાફ પણ બૂથ માટે રવાના થશે. આવતીકાલે ગુજરાતમાં લોકશાહીના મહાપર્વની ઉજવણી થશે. આવતીકાલે ત્રીજા તબક્કાની ચૂંટણીમાં ગુજરાતની ૨૫ બેઠક ઉપરાંત વિધાનસભાની પાંચ બેઠકો સહિત ૧૨ રાજયોની ૯૩ બેઠક પર સવારે સાત વાગ્યાથી મતદાનનો પ્રારંભ થશે. બીજી બાજુ, ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર સુરતીઓ મતદાન નહીં કરી શકે. આવતીકાલે સાડા ૧૭ લાખથી વધુ લોકો મતદાન નહીં કરી શકે. સુરતના ૧૭ લાખ ૬૭ હજાર ૪૨૯ લોકો મતદાન નહીં કરી શકે. આવતીકાલે સુરતના ૯.૪૪ લાખ પુરૂષ મતદારો, ૮.૨૨ લાખ મહિલાઓ, ૭૨ થર્ડ જેન્ડર મતદાન નહીં કરી શકે. વિધાનસભા મતક્ષેત્રની વાત કરીએ તો, ઓલપાડ વિધાનસભાના ૪ લાખ ૪૯ હજાર ૦૬૫ મતદારો મતદાન નહીં કરી શકે. વરાછા વિધાનસભાના ૨ લાખ ૦૭ હજાર ૯૭૭ મતદારો, સુરત પૂર્વ વિધાનસભાના ૨ લાખ ૧૩ હજાર ૫ મતદારો, સુરત ઉત્તર વિધાનસભાના ૧ લાખ ૧૫ હજાર ૫૭૪ મતદારો, કરંજ વિધાનસભાના ૧ લાખ ૬૨ હજાર ૪૩૦ મતદારો, કતારગામ વિધાનસભાના ૩ લાખ ૧૮ હજાર ૯૫૧ મતદારો, સુરત પશ્ચિમ વિધાનસભાના ૨ લાખ ૫૯ હજાર ૩૭૫ મતદારો મતદાન નહીં કરી શકે.

ગુજરાતમાં દિલ્હીની ઘટનાનું પુનરાવર્તન

# અમદાવાદની ૨૩ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી શ્વાસ અદ્ધર

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના એક દિવસ પૂર્વે દિલ્હી જેવી ઘટનાનું પુનરાવર્તન થયું છે. અમદાવાદની ૨૩ જેટલી સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની એક પછી એક ઈ-મેઈલ દ્વારા ધમકી મળતા ચકચાર મચી જવા પામી હતી. તાત્કાલિક ધોરણે પોલીસ દ્વારા ધમકીવાળી સ્કૂલો પર જઈ ચેકિંગ હાથ ધરાયું છે. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે પણ ઘટનાસ્થળે પહોંચી કામગીરી આરંભી હતી, જે સ્કૂલોને ધમકી મળી છે, તે પૈકી ૧૦ સ્કૂલોમાં મતદાન બૂથ છે. પોલીસે તપાસ હાથ ધરતા કોઈ બોમ્બ મળ્યા નથી ત્યારે બોમ્બ હોવાની વાત અફવા હોવાનું લાગી રહ્યું છે. પોલીસ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. અમદાવાદની ૨૩ જેટલી સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની એક બાદ એક સ્કૂલને ઈ-મેઈલ દ્વારા ધમકી મળી છે. અમદાવાદ અને દિલ્હીમાં મળેલા ઈ-મેઈલ રશિયન ડોમેઈનમાંથી થયા છે, માત્ર ઈ-મેઈલ આઈડી અલગ હોવાનું જાણવા મળી રહ્યું છે. ઘટનાને પગલે અમદાવાદનું પોલીસતંત્ર સાબદું થયું છે. મતદાનના આગલા દિવસે જ અમદાવાદની ૨૩ સ્કૂલને ધમકીભર્યો ઈ-મેઈલ મળતાં તંત્ર કામે લાગી ગયું છે. બોમ્બથી ઉડાવવાની ધમકી હિન્દી ભાષામાં મળી છે, જે મેસેજ ઈંગ્લિશ લિપિમાં મળ્યા છે. તમામ સ્કૂલોને સવારના ૬ વાગ્યે એક જ પ્રકારના ઈ-મેઈલ મોકલવામાં આવ્યા હતા. અમદાવાદની સ્કૂલોને મળેલા ઈ-મેઈલનું કન્ટેન્ટ દિલ્હીમાં મળેલા ઈ-મેઈલ જેવું જ છે.

### ડોગ-સ્કવોડ, બોમ્બ-સ્કવોડની તપાસમાં કંઈ ન મળ્યું

સૂત્રોના પાસેથી મળતી માહિતી મુજબ જે સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે એમાંની કેટલીક સ્કૂલમાં આવતીકાલે મતદાન રાખવામાં આવ્યું છે. આ સ્કૂલો છે. ૧. ઓએનજીસી કેન્દ્રીય વિદ્યાલય ચાંદખેડા ઝોન-૨, ૨. એશિયા ઈંગ્લિશ સ્કૂલ વસ્ત્રાપુર ઝોન-૧, ૩. અમૃતા વિદ્યાલય ઘાટલોડિયા ઝોન-૧, ૪.કેલોરેક્સ સ્કૂલ ઘાટલોડિયા ઝોન-૧, ૫. ન્યૂ નોબલ સ્કૂલ વ્યાસવાડી, નરોડા, ૬. ડી.પી.એસ, બોપલ, ૭. આનંદ નિકેતન, સેટેલાઈટ, ૮. ઉદગમ સ્કૂલ, ૯. ઝેબર સ્કૂલ, ૧૦. આર્મી કેન્ટોન્મેન્ટ (કેન્દ્રીય વિદ્યાલય), એરપોર્ટ રોડ, ૧૧. નારાયણગુરૂ, ૧૨. એચબીકે સ્કૂલ, ૧૩. ટર્ફ સકૂલ, નારણપુરા, ૧૪. કુમકુમ વિદ્યાલય, ઘોડાસર, ૧૫. કેન્દ્રીય વિદ્યાલય, સાબરમતી, ૧૬.ગ્રીનલોન્સ સ્કૂલ, વટવા, ૧૭. ગ્લોબલ ઈન્ટરનેશનલ, બોપલ, ૧૮. LDR ઈન્ટરનેશનલ સ્કૂલ, બોપલ, ૧૯. ત્રિપદા સ્કૂલ, ઘાટલોડિયા, ૨૦. જેમ્સ જિનેનીસ સ્કૂલ,ગોતા, ૨૧. સાબરમતી કન્યા વિદ્યાલય, સાબરમતી, ૨૨. સ્વામિનારાયણ વિદ્યાલય, મણિનગર, ૨૩. વિદ્યાનગર પ્રાથમિક સ્કૂલ, બાપુનગરને ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો.

આ મામલે ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશનર સરદ સિંઘલે જણાવ્યું હતું કે, આજે સવારે ૬ વાગ્યે ૧૨ જેટલા અમદાવાદ શહેરમાં અને ૪ જેટલા અમદાવાદ ગ્રામ્ય સ્કૂલોમાં એક રશિયન ડોમેઈન ધરાવતી maill.ru મારફતે ધમકી ભર્યો મેઈલ કરવામાં આવ્યો હતો. મેઈલમાં ધમકી આપવામાં આવી છે કે, સ્કૂલમાં બોમ્બ ધડાકો થશે. ૧૪ સ્કૂલમાં ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડ મારફતે ચેકિંગ કરવામાં આવ્યું છે. આ ચેકિંગ દરમિયાન કોઈપણ પ્રકારની વસ્તુ મળી નથી. અગાઉ પણ દિલ્હીમાં આજ પ્રકારનો મેઈલ મળ્યો હતો, તેમાં પણ કઈ નીકળેલ નથી. નાગરિકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકોને ડરવાની જરૂર નથી. તમને કોઈપણ શંકાસ્પદ લાગે તો આપ અમને જાણ કરી શકો છો. વધુમાં તેમણે અમદાવાદ સિટીની ૧૧ સ્કૂલમાં આવતીકાલે મતદાન થવાનું તેમ જણાવ્યું હતું.

અમદાવાદ શહેર DEOએ જણાવ્યું હતું કે સ્કૂલોની અજાણ્યા ઈ-મેઈલ પરથી ધમકી મળી હતી. એ બાદ સ્કૂલ દ્વારા DEO કચેરી અને નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે. પોલીસે ડોગ-સ્કવોડ અને બોમ્બ-સ્કવોડ સાથે રાખીને તપાસ હાથ ધરી હતી, પરંતુ કોઈ બોમ્બ મળ્યા નથી. બોમ્બ હોવાની વાત અફવા હોવાનું લાગી રહ્યું છે, પોલીસ દ્વારા આ મામલે તપાસ કરવામાં.આવી રહી છે.


રાજ્યમાં શિક્ષકો સામે સવાલ ઊભો થાય તેવી ઘટના

# લ્યો બોલો ! દાહોદની પ્રાથમિક શાળાની પરીક્ષામાં વિદ્યાર્થિનીએ ૨૦૦માંથી ૨૧૨ ગુણ મેળવ્યા !!

### ● પરિણામમાં ભૂલ થઈ હોવાનું સામે આવ્યું ● આ મામલે જિલ્લા શિક્ષણાધિકારીએ તપાસ શરૂ કરી

અમદાવાદ,તા.૬

ગુજરાતના દાહોદમાં પ્રાથમિક શાળાના પરિણામમાં ચોથા ધોરણની એક વિદ્યાર્થિનીની માર્કશીટમાં મોટો છબરડો સામે આવ્યો છે. વંશીબેન નામની એક વિદ્યાર્થિનીએ બે વિષયમાં અનુક્રમે ૨૦૦માંથી ૨૧૧ અને ૨૧૨ માર્ક્સ આપવામાં આવ્યા હતા. બાદમાં ભૂલ સામે આવતા પરિણામ સુધારવામાં આવ્યું હતું. ત્યારે આ મામલે જિલ્લા શિક્ષણાધિકારીએ તપાસ શરૂ કરી છે. ગુજરાતના દાહોદ જિલ્લાના પરસાણાની પ્રાથમિક શાળાની પરીક્ષાના પરિણામમાં એક નોંધપાત્ર ભૂલ સામે આવી


શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન

વિદ્યાર્થીનું નામ:- કટારા વંશીબેન મનિષભાઈ

ધોરણ અને વર્ગ:- ૪-બ

બેઠક નંબર:- 1

| ક્રમ | વિષય | કુલ ગુણ | મેળવેલ ગુણ | મેળવેલ ગ્રેડ | વિષયના સંદર્ભમાં નોંધ |
|---|---|---|---|---|---|
| 1 | ગુજરાતી | 200 | 211 | A | |
| 2 | ગણિત | 200 | 212 | A | |
| 3 | પર્યાવરણ | 200 | 169 | A | |
| 4 | હિન્દી | 100 | 94 | A | |
| 5 | અંગ્રેજી | 100 | 95 | A | |

છે જેણે વિવાદ જગાડવાની સાથે શિક્ષણ પ્રણાલીની અખંડિતતા અંગે ચિંતા ઉભી કરી છે. શાળામાં અભ્યાસ કરતી ચોથા ધોરણની વિદ્યાર્થિની કટારા વંશીબેન મનિષભાઈએ તેનું પરિણામ પત્રક મેળવ્યું ત્યારે તેણે બે વિષયમાં મેળવેલ માર્ક્સ જોઈને ખુબ આશ્ચર્ય થયું હતું તેણે ગુજરાતીમાં ૨૦૦ ગુણમાંથી ૨૧૧ ગુણ જયારે ગણિતમાં ૨૦૦ ગુણમાંથી ૨૧૨ ગુણ મેળવ્યા હતા. બાદમાં પરિણામ સંકલન દરમ્યાન ભૂલ થઈ હોવાનું બહાર આવ્યું હતું. ત્યાર બાદ ભૂલ સુધારી ગુજરાતીમાં ૨૦૦માંથી ૧૯૧ અને ગણિતમાં ૨૦૦માંથી ૧૯૧ ગુણ આપી વિદ્યાર્થિનીને સુધારેલ પરિણામ પત્રક આપવામાં આવ્યું હતું. જુના પરિણામમાં વંશીબેનને ૧૦૦૦માંથી ૯૫૬ માર્ક્સ હતા. જયારે નવા પરિણામમાં ૧૦૦૦માંથી ૯૩૪ માર્ક્સ આપ્યા હતા. જો કે શાળાની આ ભૂલ ચર્ચાનો વિષય બની હતી ત્યારે આ ભૂલ મામલે જિલ્લા શિક્ષણાધિકારીએ ભૂલનું કારણ નક્કી કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે તપાસ શરૂ કરી છે.

# અડાલજ નજીક ફરવા નીકળેલા ચાર મિત્રોની કાર ડિવાઈડર સાથે અથડાઈ : એકનું મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

કારમાં ગયેલા મિત્રોને અડાલજ નજીક અકસ્માત નડ્યો હતો. ત્યારે કાર ડિવાઈડરને અથડાઈ ફગોળાઈ હતી અને ડિવાઈડરની અંદર ઘૂસી જતાં ચાર મિત્રો પૈકી એકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય મિત્રોને ઈજાઓ થઈ હતી. અડાલજ પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે. અમદાવાદના સોલા સાયન્સ સિટી રોડ વર્ટીસ ટાવરમાં રહેતો સ્વપ્નિલ હેમેશકુમાર પારેખ ઉદેપુરમાં એમબીએનો અભ્યાસ કરે છે. ગત તા.૪ મેના રોજ સાંજના સેટેલાઈટના જીમમાં સાથે કસરત કરવા જતા મિત્રો જાવેદખાન અને તેનો ભાઈ ઉમેશખાન, સાકીરખાન તેમજ સ્વપ્નિલે ગાંધીનગર પી.ડી.પી.યુ. રોડ ઉપર આવેલ શાહી સીગડી હોટલમાં જમવાનો પ્લાન બનાવ્યો હતો.

### ઈજાગ્રસ્ત ત્રણ મિત્રોને સારવાર અર્થે ખસેડાયા

નવેક વાગ્યાના અરસામાં સ્વીફ્ટ ગાડી લઈ જાવેદખાન તેનો ભાઈ ઉવેશ અને મિત્ર સાકીરખાન એમ ત્રણેય જણાં સ્વપ્નિલને લેવા માટે ગયા હતા અને ચારેય ગાડી લઈ પી.ડી.પી.યુ. રોડ ઉપર આવેલ શાહી સીગડી હોટલ ઉપર જમવા ગયા હતા. ત્યારે અહીં અન્ય મિત્રો પણ જમવા માટે આવ્યા હોવાથી બધા મિત્રો ટી પોસ્ટ ચા પીવા માટે ગયા હતા.

બાદમાં ચારેય મિત્રો કારમાં પરત સોલા તરફ રવાના થયા હતા. એ વખતે એસ.જી. હાઈવે થઈ વૈષ્ણવદેવી સર્કલ તરફ જતા જાવેદખાને કાર પૂરપાટ ઝડપે હંકારતા કાર ડિવાઈડર ઉપર ચઢી ગઈ હતી. જેનાં કારણે કાર ગાડી ફંગોળાઈને ડિવાઈડરની વચ્ચે ઘુસી ગઈ હતી. ત્યારે લોકો ભેગા થયા હતા અને ૧૦૮ વાનને ફોન કરી ત્યાં હાજર માણસોએ ચારેયને બહાર કાઢ્યા હતા. આ અકસ્માતમાં સાકીરખાનનું શરીરે ઈજાઓ થવાના કારણે સ્થળ ઉપર મોત નિપજ્યું હતું. જયારે અન્ય ત્રણેય મિત્રોને શરીરે ઈજાઓ થઈ હતી. બાદમાં ત્રણેયને ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે અડાલજ પોલીસે કાર ચાલક જાવેદખાન પઠાણની વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

ભાજપ મુસ્લિમ અપક્ષ ઉમેદવારોને ઊભા રાખી બધો સપોર્ટ આપતો હોવાનો ઘટસ્ફોટ !

# નવસારી બેઠક પર ત્રણ મુસ્લિમ ઉમેદવારોના ચૂંટણી એજન્ટ ભાજપના

### મુસ્લિમ સમાજને અપમાનિત કરતા ભાષણો કરનાર ભાજપને એજન્ટ બનતા શરમ નથી નડતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૬

લોકસભા ચૂંટણીને લઈ પૂરજોશ પ્રચાર કરનાર રાજકીય પક્ષો હવે છેલ્લી ઘડીના સમીકરણો બદલવામાં લાગી પડયા છે. આવતીકાલે મતદાન પહેલાની આજની રાત તેને લઈને મહત્વની મનાય છે. આ દરમ્યાન ભાજપના રાજકીય કાવા-દાવાની વિગતો બહાર આવી છે. નવસારી બેઠક પર ભાજપ દ્વારા કોંગ્રેસના મત તોડવાનું અપક્ષ સહિત નાના પક્ષના ઉમેદવારો ઉભા રખાયાની વિગતો સામે આવી છે. જેમાં આ ઉમેદવારોના મુખ્ય ચૂંટણી એજન્ટ તરીકે ભાજપના જ પદાધિકારીઓ હોવાનું બહાર આવ્યું છે. લોકસભાની ચૂંટણીમાં ગમે તેમ કરીને પણ ૪૦૦નો અંક પાર પાડવા ભાજપ રીતસર ધમપછાડા કરી રહ્યું હોય તેમ જણાય છે. જો કે મોટાભાગની ચૂંટણીઓમાં મતોનું વિભાજન કરવા કાવા-દાવા કરવામાં આવતા હોય છે પરંતુ આ વખતે તો નવસારી બેઠક પર બધુ છતું થઈ ગયું હોય તેમ મુસ્લિમ સમાજના મતોનું વિભાજન કરવા ત્રણ મુસ્લિમ ઉમેદવારો ઉભા રખાયા હોવાનું તેઓના મુખ્ય ચૂંટણી એજન્ટ પરથી સ્પષ્ટ થાય છે. બે અપક્ષ અને એક ઉમેદવાર લોગ પાર્ટીનો છે. ચૂંટણીપંચમાં નોંધાયેલ ઉમેદવારોના લીસ્ટમાં લોગ પાર્ટીના રમઝાન મનસુરી નામના ઉમેદવારના મુખ્ય ચૂંટણી એજન્ટ તરીકે પાટીલ છોટુભાઈ એકનાથ છે જેઓ સુરત શહેર ભાજપના ઉપપ્રમુખ છે. તે બાદ અપક્ષ ઉમેદવાર અયાઝ હુસ્નુદ્દીનના ચૂંટણી એજન્ટ રાજપૂત અમિતસીંગ છે જેઓ સુરત મ્યુનિ. કોર્પો.ના કોર્પોરેટર છે. જયારે ત્રીજા અપક્ષ ઉમેદવાર શેખ મોહંમદ નિસાર (મુન્ના ગેરેજ)ના એજન્ટ તરીકે અશોકભાઈ ગજેરા કે જેઓ નવસારી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ છે. આમ ત્રણેય ચૂંટણી એજન્ટ ભાજપના છે તો તેઓ અપક્ષ કે અન્ય પાર્ટીના એજન્ટ કઈ રીતે બની શકે તેવો સવાલ ઉઠાવતા સુરતના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ જણાવ્યું છે કે, જાહેરમાં મુસ્લિમ સમાજ માટે અપમાનિત ભાષામાં ભાષણો કરતું ભાજપનું શીર્ષ નેતૃત્વ ભાજપ સમર્થિત મુસ્લિમ અપક્ષ ઉમેદવારોના ચૂંટણી એજન્ટ બનતા શરમ અનુભવતું નથી આ મુસ્લિમ ઉમેદવારોને ભાજપનું પૂરતું આર્થિક બળ વગેરે ઉપલબ્ધ હોવાનું આ ઉત્તમ ઉદાહરણ હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

સુરતમાં કોંગ્રેસ લડી લેવાના મૂડમાં : પોલીસ કમિશનરને કરી અરજી

# નિલેશ કુંભાણીના ત્રણ ટેકેદારો સામે તપાસની માંગ; જિલ્લા કલેક્ટરને પણ આરોપી બનાવાયા

### કુંભાણીનું ફોર્મ રદ કરવામાં ટેકેદારો સહિત કલેક્ટરની ભૂંડી ભૂમિકા હોવાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૬

સુરત લોકસભા બેઠક ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને બિનહરીફ સીટ ધરી દેનારા કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી અને તેના ટેકેદારોની ભૂંડી ભૂમિકાને પગલે સમગ્ર શહેરમાં ભારે હોબાળો મચી જવા પામ્યો છે. એક પખવાડિયાથી ભૂગર્ભમાં ઉતરી ચુકેલા નિલેશ કુંભાણી વિરૂદ્ધ વરાછા સહિતના વિસ્તારોમાં ભારે સૂત્રોચ્ચાર સાથે કોંગ્રેસ - આપના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું ત્યારે હવે આ સમગ્ર પ્રકરણ પોલીસ કમિશનર કચેરી સુધી પહોંચ્યું છે. કોંગ્રેસના નેતા દ્વારા સમગ્ર પ્રકરણમાં વિવાદાસ્પદ ભૂમિકા ભજવનાર નિલેશ કુંભાણીના ટેકેદારો સહિત જિલ્લા કલેક્ટર વિરૂદ્ધ પોલીસ સમક્ષ અરજી કરવામાં આવી છે. જેમાં આ તમામ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધવાની સાથે નિષ્પક્ષ તપાસ કરવામાં આવી તેવા માંગ કરવામાં આવી છે. નવસારી લોકસભા મતવિસ્તારમાં કન્વીનર અને કોંગ્રેસી નેતા અશોક પીપળે દ્વારા આજરોજ પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોત સમક્ષ રમેશ પોલરા, જગદીશ સાવલીયા અને ધ્રુવિન ધામેલીયા સહિત જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધી વિરૂદ્ધ અરજી કરવામાં આવી છે. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, લોકસભાની ચુંટણી દરમિયાન કોંગ્રેસદ્વારા નિલેશ કુંભાણીને ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં તેઓના ટેકેદારો રમેશ પોલરા, જગદીશ સાવલીયા અને ધ્રુવિન ધામેલીયાએ ૫મી એપ્રિલનાં રોજ પોતાનું નામ મતદાર યાદીમાં હોવા અંગેનું પ્રમાણ પત્ર મેળવવામાં આવ્યું હતું અને ત્યારબાદ નિલેશ કુંભાણીના ફોર્મ પર સહીઓ કરવામાં આવી હતી. જો કે, ત્યારબાદ ૨૦મી એપ્રિલનાં રોજ ફોર્મ ચકાસણીની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં જ નિલેશ કુંભાણીના ટેકેદારો દ્વારા દરખાસ્તમાં સહી ન કરી હોવાનું સોગંદનામું રજુ કરવામાં આવતાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. ત્રણેય ટેકેદારો દ્વારા કિરણ ઘોઘારી નામક એક જ નોટરી પાસેથી તૈયાર કરાવેલું સોગંદનામું કલેકટર સમક્ષ રજૂ કરવામાં આવતાં સમગ્ર પ્રકરણમાં ભારે શંકાના વાદળો ઘેરાયા હતો. જો કે, આ દરમિયાન જિલ્લા કલેક્ટર દ્વારા ઉમેદવારના ટેકેદારો દ્વારા રજુ કરવામાં આવેલા સોગંદનામાને આધારે નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રકરણમાં ટેકેદારો દ્વારા પોત- પોતાના મતદાર વિભાગમાં જે તે સરકારી અધિકારી સમક્ષ રૂબરૂમાં હાજર રહીને મતદાર યાદીમાં નામ હોવા અંગેનું પ્રમાણ પત્ર મેળવેલ હતું. આ માટે તેઓએ અધિકારી સમક્ષ પોતાની સહીઓ પણ કરી હતી. આમ છતાં ટેકેદારો દ્વારા છેક છેલ્લી ઘડીએ નિલેશ કુંભાણીના ફોર્મમાં પોતાની સહી ન હોવાનું સોગંદનામું રજુ કરવામાં આવતાં કલેકટર દ્વારા પણ કોઈકના પ્રભાવમાં આવીને કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારનું ફોર્મ રદ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જેને પગલે ત્રણેય ટેકેદારો સહિત જિલ્લા કલેક્ટર વિરૂદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધવાની સાથે યોગ્ય તપાસ કરવા અંગે પોલીસ કમિશનર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

### કુંભાણી સામે ફોજદારી કાર્યવાહી કરવા કોંગ્રેસ લીગલ સેલે પણ કરી અરજી

કોંગ્રેસના લિગલ સેલે નિલેશ કુંભાણી સામે ફોજદારી કાર્યવાહી કરવાની અરજી સુરત પોલીસ કમિશનરને કરી છે. આ સાથે જ નિલેશ કુંભાણીના ટેકેદારો સામે પણ કાર્યવાહી કરવાની માગ કરવામા આવી છે. નિલેશ કુંભાણી અને તેમના ટેકેદારો દ્વારા ખોટી સહી અને રજૂઆતના કારણે ઉમેદવારી ફોર્મ રદ થયું હતું. ખોટી એફિડેવિટ કરાઈ હતી જે સંદર્ભે કાર્યવાહી કરવા માટે પોલીસ કમિશનરને અરજી કરવામાં આવી છે. સુરતના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી ઉપર ફોજદારી કાર્યવાહી કરવા માટે કોંગ્રેસ લીગલ સેલે પોલીસ કમિશનરને અરજી આપી છે. નિલેશ કુંભાણી સાથે તેમના ટેકેદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આઈપીસીની કલમ ૪૬૩, ૪૬૪, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૬૯ તથા ૪૭૧,૧૭૧(જી),૩૪,૧૧૪ તથા ૧૨૦ (બી)હેઠળ ફરિયાદ કરવા માટે માંગણી કરાઈ છે. આ પહેલા કોંગ્રેસની શિસ્ત સમિતિની બેઠકમાં વિસ્તૃત ચર્ચાના અંતે નિલેશ કુંભાણીને છ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

મતદાન કરો અને ડિસ્કાઉન્ટ મેળવો

# મતદાન કરનારને શહેરમાં મીઠાઈ અને ફરસાણ પર મળશે ૭ ટકા ડિસ્કાઉન્ટ

અમદાવાદ, તા.૬

અમદાવાદ શહેરના માવા-મીઠાઈ ફરસાણ એસોસિએશને મીઠાઈ સહિત ફરસાણ આવતીકાલ માટે૭ ટકા ડિસ્કાઉન્ટ આપ્યુંછે. એટલે કે મતદાન કરો અને અમદાવાદની મીઠાઈ અને ફરસાણની દુકાનો પરથી ૭ ટકા ડિસ્કાઉન્ટ સાથે તમને ભાવતી વસ્તુ ખરીદો.

ઉલ્લેખનીય છે કે શહેરમાં એસોસિએશન સાથે ૪૦૦થી વધુ વેપારીઓ જોડાયેલા છે. આ તમામ દુકાનો પર મતદાન કરનારા મતદારોને ૭ ટકા ડિસ્કાઉન્ટનો લાભ આપવામાંઆવશે.ત્યારેઆવતીકાલે મતદાન કરીને તમે શહેરના માવા-મીઠાઈ ફરસાણ દુકાનમાંથી મીઠાઈ સહિત ફરસાણની આઈટમ પર ૭ ટકા ડિસ્કાઉન્ટ સાથે તમારી મનપસંદ મીઠાઈ કે ફરસાણ ખરીદી શકો છો. ગુજરાતભરમાંઆવતીકાલે મતદાન થવા જઈ રહ્યુંછેત્યારેવધુનેવધુમતદારો મતદાન કરે તે માટે અમદાવાદના માવા-મીઠાઈ અને ફરસાણા એસોસિએશન ધ્વારા આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.

# નવસારીમાં લઘુમતી સમાજના લોકોને મતદાનથી વંચિત રાખવા પ્રવાસનું આયોજન કરતા અસામાજિક તત્ત્વો

### આ અંગે ચાંપતી નજર રાખી કાર્યવાહી કરવા ચૂંટણી પંચમાં અને કલેક્ટરને રજૂઆત

અમદાવાદ, તા.૬

લોકસભા ચૂંટણીમાં લઘુમતી સમાજનું મતદાન ન થાય તે માટેના ધાર્મિક/સામાજિક પ્રવાસના થઈ રહેલ આયોજનો પર ચાંપતી નજર રાખી કાયદેસરની કાર્યવાહી કરવા મામલે સુરત મહાનગર પાલિકાના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલા દ્વારા મુખ્ય ચૂંટણી અધિકારી તેમજ સુરતના કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવ્યું છે કે, આવતીકાલ લોકશાહીના પર્વ સમાન લોકસભાની ચૂંટણીનું મતદાન થવાનું છે. નવસારી અને સુરત વહીવટી તંત્ર દ્વારા મતદાન વ્યવસ્થિત અને શાંતિપૂર્ણ રીતે થાય એના માટેના જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ છે. પરંતુ ૨૫-નવસારી લોકસભામાં આવતી ૧૬૩-લિંબાયત વિધાનસભા વિસ્તારના લઘુમતી સમાજની બહુલ વસ્તી ધરાવતા માન દરવાજા, ઉમરવાડા, રઝાનગર-પંચશીલ નગર (ભાઠેના), અનવરનગર - આંબેડકરનગર (આંજણા), ડુંભાલ ટેનામેન્ટ, મીઠી ખાડીના કમરૂનગર આવાસ સહિત તમામ સ્લમ વિસ્તારો તેમજ ૧૬૪-ઉધના વિધાનસભામાં આવતા ભેસ્તાન આવાસ અને ૧૬૮-ચોર્યાસી વિધાનસભાના ઉન વિસ્તારમાંથી લઘુમતી સમાજના શ્રમિક મતદારોને જાણવા મળ્યું છે કે, સ્થાનિક અસામાજિક તત્ત્વો/રાજકીય આગેવાનો લોભ લાલચ આપી યેનકેન પ્રકારે આ ગરીબ શ્રમિક મતદાર પોતાના મત અધિકારથી વંચિત રહે એના માટે શ્રમિક મતદારોને ફ્રી અને ખાવા પીવા સાથેની સુવિધા સાથે ખાનગી બસો મારફત આજ તા.૬/૫/૨૦૨૪ના રાત્રે ૧૦:૦૦ કલાકથી આવતીકાલ તા.૭/૫/૨૦૨૪ના સવારે ૯:૦૦ કલાક સુધીમાં ધાર્મિક (અજમેર/મીરા દાતાર વગેરે) અન્ય સ્થળે સામાજિક પ્રવાસનું આયોજન કરવાના પ્રયાસો કરી રહ્યા છે. મતદારોને મતદાનથી વંચિત રાખનાર આવા તત્ત્વો પર ચૂંટણી પંચના નિયમ મુજબ સદર વિસ્તારોમાં સતત ચાંપતી નજર રાખી અને સદર વિસ્તારોમાં ખાનગી બસો ઊભી હોય તેમજ લિંબાયત નીલગીરી સર્કલ પાસેથી ઉપડતી ખાનગી બસોની સ્થળ તપાસ કરીને બસો ડિટેઈન કરવાની કાર્યવાહી કરી મતદારો પોતાના મત અધિકારથી વંચિત ન રહી જાય એના માટેના તાત્કાલિક જરૂરી પગલાં લઈ કાર્યવાહી કરવા વિનંતી અને આવા તત્ત્વો પર કડક કાર્યવાહી કરવા અસલમ સાયકલવાલાએ રજૂઆત કરી છે.

મતદાનના એક દિવસ પૂર્વે જામસાહેબનો પત્ર વાયરલ

# વડાપ્રધાન મોદીને પહેરાવેલ પાઘડી અંગે થયેલ ટીકાઓને લઈ આપ્યો જવાબ

### વડાપ્રધાને ક્યારેય કોઈ સમુદાયની મહિલા વિશે ખરાબ શબ્દો ઉચ્ચાર્યા નથી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જામનગરના પ્રવાસે હતા. ત્યારે તેઓ જામસાહેબને મળ્યા હતા અને આ દરમિયાન જામસાહેબે તેમને હાલારી પાઘડી પહેરાવી હતી. જેને લઈને કેટલાક લોકો જામસાહેબના આ નિર્ણયને ખોટો ઠેરવી રહ્યા હતા. જેના જવાબમાં જામસાહેબ એક પત્ર લખ્યો છે.

મતદાનના એક દિવસ પૂર્વે જામસાહેબ શત્રુશલ્યસિંહે પત્ર લખી PM મોદીને પહેરાવેલ પાઘડી અંગે ખલાસો કરતાં ટીકાકારોને જવાબ આપ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જામનગરના પ્રવાસે હતા. ત્યારે તેઓ જામસાહેબને મળ્યા હતા અને આ દરમિયાન જામસાહેબે તેમને હાલારી પાઘડી પહેરાવી હતી. જેને લઈને કેટલાક લોકો દ્વારા ટીકાઓ શરૂ કરી દેવામાં આવી હતી. જેને લઈને આજે જામસાહેબે પત્ર જારી કર્યો છે. આ પત્રમાં ઉલ્લેખ કરાયો છે. નરેન્દ્ર મોદી ન્યાયી છે, તેમણે ક્યારેય કોઈ સમુદાયની મહિલા વિશે ખરાબ શબ્દો ઉચ્ચાર્યા નથી. વડાપ્રધાન મોદીએ કરોડો મહિલાઓને મદદ કરવા બંધારણીય સત્તાનો ઉપયોગ કર્યો છે. આ ઉપરાંત શત્રુશલ્યસિંહે લખ્યું છે કે, રાષ્ટ્રીય નેતાને આ ઘટના માટે જવાબદાર ગણી શકાય નહીં. કોઈ વ્યક્તિએ ઉચ્ચારેલ અયોગ્ય શબ્દો કોઈ પાત્રને અસર ન કરવા જોઈએ.

# મતદારો ચૂંટણી ઓળખપત્ર વિના અન્ય ૧૨ ઓળખપત્ર થકી મત આપી શકશે

અમદાવાદ, તા.૬ । કોઈપણ ચૂંટણીમાં મતદાન માટે મતદાન ઓળખપત્ર જરૂરી છે. તમે ઓળખપત્ર લઈને જાઓ અને મત આપવા મળે. પણ જો તમારી પાસે મતદાન ઓળખપત્ર નથી અને મતદાન યાદીમાં તમારું નામ છે તો તમે મત આપી શકો છો. હાલની ગુજરાતની તમામ પરિસ્થિતિને ધ્યાને રાખી ચૂંટણીપંચ દ્વારા આદેશ કરાયો છે કે, મતદાન માટે મતદારને ફોટો ઓળખપત્ર આપવામાં આવ્યા છે , તે તમામ મતદારોએ તેમનો મત આપતા પહેલાં મતદાન મથકે પોતાની ઓળખ માટે મતદાર ફોટો ઓળખપત્ર રજૂ કરવાના રહેશે. જે મતદાર ફોટો ઓળખપત્ર રજૂ ન કરી શકે તેવા મતદારો તેમની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે બીજા દસ્તાવેજ રજૂ કરી મત આપી શકશે. જેમાં ૧. આધાર કાર્ડ, ૨. મનરેગા હેઠળ આપવામાં આવતા જોબકાર્ડ, ૩. બેંક/પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, ૪. શ્રમ મંત્રાલયની યોજના અન્વયે આપવામાં આવેલી હેલ્થ ઈનસ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ૫. ડ્રાઈવિંગ લાઈસન્સ, ૬. પાનકાર્ડ, ૭. એનપીઆર (national population register) અન્વયે આરજીઆઈ (રજિસ્ટર્ડ જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવતા સ્માર્ટ કાર્ડ, ૮. ભારતીય પાસપોર્ટ, ૯. ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેન્ટ, ૧૦. કેન્દ્ર/રાજ્ય સરકાર/જાહેર ક્ષેત્ર ઉપક્રમો/જાહેર લિમિ. કંપનીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, ૧૧. સાંસદ સભ્યો/ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરાયેલા સરકારી ઓળખપત્રો, ૧૨. Unique disability ID (UDID) card, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર વગેરે દસ્તાવેજોનો સમાવેશ થાય છે તો આ વર્ષે ચૂંટણીમાં ઓળખપત્ર નથી એવા બહાને અવગણી અવશ્ય મતદાન કરવા જઈ પોતાની અમૂલ્ય મત આપીએ.

# હમાસના રોકેટ હુમલા બાદ ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૧૬નાં મોત

(એજન્સી) તા.૬

હમાસના સ્વાસ્થ્ય વિભાગે જણાવ્યું હતું કે, સોમવારે ૬ મેના રોજ ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૧૬ લોકો માર્યા ગયા હતા. મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે હવાઈ હુમલામાં એક પરિવારના નવ લોકો અને બીજા પરિવારના સાત સભ્યો માર્યા ગયા હતા. આ પહેલા હમાસ દ્વારા દક્ષિણ ઈઝરાયેલમાં કેરેમ શાલોમ નજીકના મેદાન પર છોડવામાં આવેલા રોકેટના જવાબમાં આ હવાઈ હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ત્રણ ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ (IDF) સૈનિકો માર્યા ગયા હતા અને ૧૧ સૈનિકો ઘાયલ થયા હતા. ઘાયલોમાં ૯૩૧ બટાલિયનના સૈનિકો અને શેકડ બટાલિયનના એક સૈનિકનો સમાવેશ થતો હતો.

IDFના જણાવ્યા અનુસાર હુમલો વહેલી સવારે રફાહ વિસ્તારમાંથી કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલના વડાપ્રધાન કાર્યાલય (PMO)ના ઉચ્ચ સ્તરીય સૂત્રોએ જણાવ્યું હતું કે યુદ્ધ કેબિનેટ સોમવારે બેઠક કરશે અને રફાહના જમીની આક્રમણ અંગે નિર્ણય લેશે. સંરક્ષણમંત્રી યોવ ગેલન્ટ અને પોર્ટફોલિયો વિનાનામંત્રી બેની ગેન્ટ્ઝ યુદ્ધ કેબિનેટમાં ભાગ લેશે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં કૈરોમાં થયેલી પરોક્ષ મધ્યસ્થી મંત્રણામાં ઈઝરાયેલે ઈઝરાયેલની જેલોમાં બંધ ૬૦૦ પેલેસ્ટીની કેદીઓના બદલામાં હમાસની કસ્ટડીમાં રહેલા તેના ઓછામાં ઓછા ૩૩ બંધકોને મુક્ત કરવાનો આગ્રહ કર્યો હતો. કેરેમ શાલોમ ક્રોસિંગ પર હમાસ દ્વારા રોકેટ અને મોર્ટાર ફાયરિંગમાં ત્રણ IDF સૈનિકો માર્યા ગયા અને ઈઝરાયેલની જવાબી કાર્યવાહી કૈરોમાં શાંતિ વાટાઘાટોની પ્રગતિને અસર કરે તેવી શક્યતા છે.



# જ્યાં ખાલી કરવાનો આદેશ આપ્યો એ બે જગ્યાઓ પર રફાહમાં ઈઝરાયેલે હવાઈ હુમલા કર્યા : ગાઝાના અધિકારીઓ

(એજન્સી) રફાહ, તા.૬

ગાઝા સિવિલ ડિફેન્સ અને સહાય અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે, ઈઝરાયેલી યુદ્ધવિમાનોએ પૂર્વ રફાહમાં બે વિસ્તારો પર હવાઈ હુમલા કરી દીધા હતા. ઈઝરાયેલી સૈન્યએ પેલેસ્ટીની શહેર પર સંભવિત હુમલા કરતાં પહેલાં જ વિસ્તારને ખાલી કરવાનો આદેશ આપ્યો હતો.

ગાઝા સિવિલ ડિફેન્સ એજન્સીના પ્રવક્તા અહેમદ રિદવાને જણાવ્યું હતું કે, ઈઝરાયેલી કબજા દ્વારા જે વિસ્તારોને ટાર્ગેટ કરવામાં આવ્યા તેમાં ગાઝા ઈન્ટરનેશનલ એરપોર્ટ, અલ-શુકા વિસ્તાર, અબુ હલવા વિસ્તાર, સાલાહેદ્દીન શેરી વિસ્તાર અને સલામ પડોશની નજીકના વિસ્તારો સામેલ છે.

ઈઝરાયેલી સૈન્યએ આ હુમલા અંગે તાત્કાલિક ટિપ્પણી કરી ન હતી પરંતુ રવિવારે અગાઉ તેણે અલ-શુકા અને અલ-સલામના રહેવાસીઓને સુરક્ષિત સ્થાનોએ ખસી જવા માટે અને આ જગ્યાને ખાલી કરવાનો આદેશ આપી દીધો હતો.

રેડ ક્રેસન્ટ સોસાયટીના ઈમરજન્સી ઓપરેશન્સ વિભાગના ઓસામા અલ-કાહલુતે જણાવ્યું હતું કે, ઈઝરાયલી વિમાનો દ્વારા બોમ્બમારો રફાહના પૂર્વીય વિસ્તારોને નિશાન બનાવીને કરાયો હતો. તે સ્પષ્ટ છે કે, તે ઘરોને નિશાન બનાવી રહ્યાં છે, પરંતુ અમને લક્ષિત વિસ્તારોમાં પીડિતોની હાજરી વિશે કોઈ સંદેશાવ્યવહાર અથવા માહિતી પ્રાપ્ત થઈ નથી. પૂર્વ રફાહના રહેવાસી યાકુબ અલ-શેખ સલામા (૩૦)એ જણાવ્યું હતું કે, અલ-સલામ, અલ-શુકા અને અન્ય વિસ્તારોમાં બોમ્બમારો તીવ્ર રીતે કરાયો હતો. ત્યાં જોરદાર વિસ્ફોટો અને હવાઈ અને આર્ટિલરી બોમ્બમારોના ભયાનક અવાજો સંભળાયા હતા.



# અમેરિકાની કોલેજો અને યુનિવર્સિટીઓમાં પેલેસ્ટીન તરફી રેલીઓમાં લગભગ ૨,૫૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી

(એજન્સી ) તા, ૬

મીડિયા આઉટલેટ્સ અનુસાર, અમેરિકામાં કોલેજ અને યુનિવર્સિટી કેમ્પસમાં પેલેસ્ટાઈન તરફી રેલીઓમાં અંદાજે ૨,૫૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

CNN દ્વારા રવિવારે જારી કરાયેલા અહેવાલમાં, ૧૮ એપ્રિલથી કરવામાં આવેલી ધરપકડની સંખ્યા ૨,૨૦૦ થી વધુ થઈ ગઈ છે, જ્યારે ફોક્સ ન્યૂઝ દ્વારા સમાન અહેવાલમાં જાહેર કરાયેલા આંકડા દર્શાવે છે કે ધરપકડની કુલ સંખ્યા ૨,૪૦૦થી વધુ થઈ ગઈ છે.

જેમ જેમ ગ્રેજ્યુએશન સમારંભો નજીક આવી રહ્યા છે તેમ તેમ આગામી અઠવાડિયાઓમાં પણ વિરોધ ચાલુ રહેવાની ધારણા છે, અને કેમ્પસ અધિકારીઓ વધારાની પોલીસ સુરક્ષા ઉમેરી રહ્યા છે, અથવા કેટલાક કિસ્સાઓમાં, શરૂઆતના સમારંભોને એકસાથે રદ કરી રહ્યા છે.

કેલિફોર્નિયા રાજ્યમાં, લોસ એન્જલસમાં પોલીસે રવિવારે યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયા (યુએસસી) ખાતે વિરોધને વિખેરી નાખ્યો, પરંતુ કોઈ ધરપકડ કરી ન હતી. વધુમાં, USC એ સુરક્ષાની ચિંતાઓને કારણે તેનો મુખ્ય પદવીદાન સમારોહ રદ કર્યો છે. રવિવારે ઈલિનોઈસ રાજ્યમાં શિકાગોની ડીપોલ યુનિવર્સિટીમાં પેલેસ્ટીન તરફી સમર્થકો પ્રતિ-વિરોધીઓ સાથે અથડામણ કરી હતી. પોલીસે કોઈ ધરપકડ કરી ન હતી, પરંતુ પરિસ્થિતિ વધુ વણસી જતાં કેટલાય લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

વર્જિનિયા રાજ્યમાં, શનિવારે ચાર્લોટ્સવિલેમાં યુનિવર્સિટી ઓફ વર્જિનિયામાં પેલેસ્ટીન તરફી રેલીમાં ૨૫ વિરોધીઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસની કેન્દ્ર નજીક ગેરકાયદેસર એસેમ્બલી જાહેર કર્યા પછી તેઓ દ્વારા મૂકેલા તંબુઓ હટાવી દીધા હતા.



# અમેરિકન પોલીસે પેલેસ્ટીન તરફી રેલી વચ્ચે વર્જિનિયા યુનિવર્સિટીમાં ૨૫ વિદ્યાર્થીઓની ધરપકડ કરી

(એજન્સી) તા.૬

યુનિવર્સીટી ઓફ વર્જિનિયા ખાતે અમેરિકાની પોલીસે પેલેસ્ટીન તરફી વિરોધીઓ સાથે અથડામણ કરી જેમણે કેમ્પસમાંથી તંબુ હટાવવાનો ઈન્કાર કર્યો હતો અને ડઝનેક વિદ્યાર્થીઓની ધરપકડ કરી કારણ કે યુદ્ધગ્રસ્ત પ્રદેશમાં પેલેસ્ટીનીઓ સાથે એકતા દર્શાવવા દેશભરના કોલેજ કેમ્પસમાં ઈઝરાયેલ વિરોધી વિરોધ ફાટી નીકળ્યો છે.

શનિવારે વર્જિનિયામાં ૨૫ પ્રો-પેલેસ્ટીની વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓએ એક દિવસ પહેલા શાળાના ચેપલ લૉનમાં તેમનું પ્રદર્શન શરૂ કર્યું હતું.

WVAW-TV ના ફૂટેજ ચાર્લોટ્સવિલે કેમ્પસમાં કવચ સાથે હુલ્લડના ગિયરમાં કાયદા અમલીકરણ અધિકારીઓને બતાવે છે. વિરોધીઓ "ફ્રી પેલેસ્ટીન"ના નારા લગાવતા સાંભળ્યા હતા, જ્યારે યુનિવર્સિટી પોલીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જાહેરાત કરી હતી કે આસપાસના વિસ્તારમાં "ગેરકાયદેસર એસેમ્બલી" ઓળખવામાં આવી છે.

વોશિંગ્ટન પોસ્ટ દ્વારા ટાંકવામાં આવેલા અંગ્રેજી અને વૈશ્વિક અભ્યાસના આસિસ્ટન્ટ પ્રોફેસર લૌરા ગોલ્ડબ્લાટના જણાવ્યા અનુસાર, પોલીસે વિદ્યાર્થીઓને જમીન પર ધકેલી દીધા હતા, તેમના હથિયારો ખેંચી લીધા હતા અને તેઓ યુનિવર્સિટીમાં પ્રવેશ્યા ત્યારે તેમને રાસાયણિક પદાર્થનો છંટકાવ કર્યો હતો.

ગોલ્ડબ્લાટે જણાવ્યુ કે"તેની શરૂઆતથી જ અમારી ચિંતા અમારા વિદ્યાર્થીઓની



સલામતી છે. વિદ્યાર્થીઓ અત્યારે સુરક્ષિત નથી. યુનિવર્સિટી વહીવટીતંત્રે સમર્થન કર્યું કે વિરોધીઓને તેમના તંબુ અને છત્રીઓ દૂર કરવાની સૂચના આપવામાં આવી છે, જે શાળાની નીતિનું ઉલ્લંઘન માનવામાં આવે છે.. યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન અનુસાર, વર્જિનિયા રાજ્ય પોલીસને અમલીકરણમાં મદદ કરવા માટે બોલાવવામાં આવી હતી. અમેરિકાની ઘણી યુનિવર્સિટીઓ, જેમ કે યુનિવર્સિટી ઓફ મિશિગન, ઈન્ડિયાના યુનિવર્સિટી, ઓહિયો સ્ટેટ યુનિવર્સિટી અને બોસ્ટનની નોર્થઈસ્ટર્ન યુનિવર્સિટી, આ અઠવાડિયાના અંતમાં વિરોધ પ્રદર્શન કરવા માટે સેટ કરેલી શાળાઓમાં સામેલ હતી. આગામી અઠવાડિયામાં વધુ વિરોધ થવાની અપેક્ષા છે. એન આર્બરમાં શનિવારે યુનિવર્સિટી ઓફ મિશિગનના પ્રારંભ સમારોહ દરમિયાન પેલેસ્ટીની ધ્વજ લહેરાવતા અને પેલેસ્ટિનિયન તરફી સૂત્રોચ્ચાર કરતા સ્નાતકોનું પોલીસ અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. મિશિગન સ્ટેડિયમમાં હજારો ઉપસ્થિત લોકો ભરાઈ જતાં, એક બેનર લખ્યું હતું, "ગાઝામાં કોઈ યુનિવર્સિટી બાકી નથી."

મિશિગન સ્ટેડિયમ ખાતે ઈવેન્ટની શરૂઆતમાં, લગભગ ૭૫ લોકો, જેમાંથી ઘણા પરંપરાગત અરેબિક કફિયા અને ગ્રેજ્યુએશન કેપ્સ પહેરેલા હતા, સ્ટેજ તરફ મુખ્ય ગયા. અધિકારીઓએ જણાવ્યું કે કોઈની ધરપકડ કરવામાં આવી નથી.

ન્યુ જર્સીમાં, ૧૮ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીને ઈઝરાયેલ સાથે જોડાયેલી કંપનીઓમાંથી છૂટા કરવા માટે ભૂખ હડતાળ શરૂ કરી.

# રફાહના ૬,૦૦,૦૦૦ બાળકોમાંથી મોટાભાગના બાળકો ઈજાઓ, બીમારીઓ, કુપોષણ, આઘાત અને વિકલાંગતાનો સામનો કરી રહ્યા છે : UN

## UNICEFએ ચેતવણી આપી કે, રફાહ પર સંભવિત ગ્રાઉન્ડ ઓપરેશન 'આપત્તિઓમાંની ટોચની આપત્તિ' લાવશે

(એજન્સી) તા.૬

ગાઝાના રફાહ શહેરમાં સંભવિત ગ્રાઉન્ડ ઓપરેશન અંગે યુએનની તાજેતરની ચેતવણીમાં જણાવ્યું કે, આ પ્રદેશમાં આશરે ૬,૦૦,૦૦૦ બાળકોને ભયંકર પરિસ્થિતિનું સામનો કરવો પડે છે. યુનિસેફના અહેવાલે આવી લશ્કરી કાર્યવાહી દ્વારા ઊભા થયેલ ગંભીર ખતરાઓ પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં યુએનના નાયબ પ્રવક્તા ફરહાન હકે જણાવ્યું કે, રફાહમાં લશ્કરી કાર્યવાહી આ બાળકો દ્વારા સામનો કરી રહેલા હાલના વિનાશની પરિસ્થિતિને વધુ જટિલ બનાવશે.

હકે, યુનિસેફના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર કેથરિન રસેલની ચિંતાઓ પર પડઘો પાડતા કહ્યું કે, રફાહમાં લગભગ બધા બાળકો ઈજાઓ સહિત વિવિધ પડકારોનો સામનો કરી રહ્યા છે. જેમાં બીમારીઓ, કુપોષણ, આઘાત અને વિકલાંગતાનો સમાવેશ થાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન એ પણ રફાહમાં આરોગ્યસંભાળ સુવિધાઓ વિશે ચેતવણી આપતા કહ્યું કે, ગાઝામાં ૧૨માંથી ત્રણ હોસ્પિટલો જે આંશિક રીતે કાર્યરત છે, ત્યાં કોઈપણ લશ્કરી આક્રમણ આ સુવિધાઓને બિન-કાર્યરત બનાવી શકે છે, જેના કારણે સંભવિત આપત્તિઓ વધી શકે છે.

હકે વધુ એક ઘટનાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, વેસ્ટ બેંકમાં જોર્ડનથી માનવતાવાદી સહાયતાના કાફલા પર થયેલ હુમલાના પરિણામે કેટલીક વસ્તુઓને નુકસાન થયુ હતું. આ ઘટના બની હોવા છતાં તેઓ ગાઝા પહોંચ્યા હતા. જો કે, સંદેશાવ્યવહારની અછત હોવાથી સુવિધાઓ ફરીથી શરૂ કરવામાં મુશ્કેલી પડી હતી.



સ્થાનિક સત્તાવાળેઓ સાતેની ચર્ચાઓ પુન નિર્દેશના મુદ્દાઓના નિરાકરણને સ્વીકારતા, હકા પૃષ્ટિ કરી હતી કે ગાઝામાં સહાય વિતરણ ચાલુ છે. તેમણે ભાર મુકતા જણાવ્યું કે, સંદેશાવ્યવહારની અછતની ઘટના એકવાર બની હતી અને આગળથી આવી ઘટના બનશે નહીં.

જોર્ડનના વિદેશ મંત્રાલયે માનવતાવાદી સહાયતાના કાફલા પર થયેલ હુમલાની નિંદા કરી હતી અને કહ્યું કે, ગાઝા માટે ખોરાખ અને માનવતાવાદી સહાય લઈ જતા કાફલા પર હુમલો થયો હતો. યુએનની ચેતવણી, ગાઝાની નાજુક પરિસ્થિતિ અને અસરગ્રસ્ત વિસ્તારોની સંવેદનશીલ વસ્તિ જેમાં ખાસ કરીને બાળકોની સુખાકારીની ખાતરી કરવા માટે આંતરરાષ્ટ્રીય સર્મથનની નિર્ણાયક જરૂરિયાત પર ભાર મૂકે છે.

# ગાઝામાં ઈઝરાયેલના યુદ્ધ અપરાધોનો પર્દાફાશ કરવા બદલ ઈઝરાયેલમાં અલ જઝીરા બંધ કરવામાં આવી : નિષ્ણાત

(એજન્સી) તા.૬


એક નિષ્ણાતે ગઈકાલે એનાડોલુ એજન્સીને જણાવ્યું હતું, અલ જઝીરા ચેનલના કાર્યાલયોને બંધ કરવાના ઈઝરાયેલના નિર્ણય પાછળનો ઉદ્દેશ્ય ગાઝા યુદ્ધમાં ઈઝરાયેલના ગુનાઓનો પર્દાફાશ કરનાર સ્વતંત્રતાના અવાજને શાંત કરવાનો હતો.

ઈઝરાયેલ સરકારે કતારની માલિકીના અલ જઝીરા ટેલિવિઝનના કાર્યાલયોને બંધ કરવાનો સર્વસંમતિથી નિર્ણય લીધો હતો.

મૂળ સીરિયાના કેનેડિયન નિષ્ણાત અને મધ્ય પૂર્વ બાબતોના સંશોધક અમ્મર અબ્દેલહમિદે કહ્યું કે, "અલ જઝીરા સાથે જે બન્યું તે તમામ મર્યાદાઓ વટાવી ગયું છે અને નિર્ણય લેવા માટે ઈઝરાયેલી મંત્રી સ્તરની બેઠકની જરૂરી છે. નિઃશંકપણે આ અસર કાર્યાલયોને બંધ કરવાના નિર્ણય તરફ દોરી ગઈ છે."

તેમણે ધ્યાન દોર્યું કે, "નિરીક્ષકો હવે સમજે છે કે આ સંઘર્ષ એક નવું અને સંપૂર્ણપણે અલગ સ્વરૂપ ધારણ કરી લીધું છે." આ વિશે તેમણે વિસ્તૃત રીતે સમજાવતા કહ્યું કે, "મીડિયા ચેનલો હવે યુદ્ધમાં પ્રાથમિક શસ્ત્ર છે અને તેની અસર વિશ્વમાં દરેક જગ્યાએ પહોંચી છે, તે હદે કે અમેરિકામાં ઉચ્ચ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ આ મુદ્દાને પોતાનો મુદ્દો બનાવ્યો છે, જે મીડિયા અને તેના જુદા જુદા અવાજોને આભારી છે."

અબ્દેલહામિદે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "નિઃશંકપણે, અલ જઝીરા દ્વારા વ્યાપક ક્ષેત્રે રિપોર્ટિંગ વિશ્વભરમાં જાહેર લાગણીઓને બદલવામાં ખૂબ મહત્વ સ્થાન ધરાવે છે. તેથી, ઈઝરાયેલે તેને ચૂપ કરાવવું જરૂરી હતું.



અબ્દેલહામિદે આગળ કહ્યું: "અમે આ સમયમાં મીડિયાની અપાર શક્તિ અને સોશિયલ મીડિયાના પ્રસાર પછી, વિવિધ અવાજોને શાંત કરવા માટે કોઈની અસમર્થતા જોઈ છે. આ તમામ કારણોસર, સ્વતંત્રતાનો હેરાન કરનાર અવાજ અલ જઝીરાને શાંત કરવા માટે ઉચ્ચ સ્તરીય નિર્ણય લેવો જરૂરી હતો."

ગયા મહિને ઈઝરાયેલની નેસેટ અથવા સંસદે અલ જઝીરા ટેલિવિઝનને બંધ કરવાની મંજૂરી આપતો કાયદો પસાર કર્યો હતો.

કાયદા હેઠળ, સંદેશાવ્યવહાર પ્રધાનને ઈઝરાયેલમાં કાર્યરત વિદેશી નેટવર્કને બંધ કરવાની અને તેમના ઉપકરણોને જપ્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જો દેશના સંરક્ષણ પ્રધાનની ઓળખ, તેમના પ્રસારણ "રાજ્યની સુરક્ષાને વાસ્તવિક નુકસાન" કરે છે.

અલ જઝીરાની ઈઝરાયેલમાં ઓફિસ છે જેમાં ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના ચાલી રહેલા યુદ્ધને આવરી લેવાના કાર્યનો સમાવેશ થાય છે, ગાઝા પટ્ટીમાં ૭ ઓક્ટોબર, ૨૦૨૩ થી લગભગ ૩૪,૭૦૦ લોકો માર્યા ગયા છે.

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ જણાવ્યું હતું કે, તેમની સરકારે કતારની માલિકીની બ્રોડકાસ્ટર અલ જઝીરાના સ્થાનિક કાર્યાલયોને બંધ કરવા માટે સર્વસંમતિથી મત આપ્યો છે, જ્યારે કતાર દ્વારા મધ્યસ્થી કરાયેલ હમાસ સાથે યુદ્ધવિરામની વાટાઘાટો વેગ પામી રહી છે. નેતાન્યાહુએ ટ્વિટર પર પોસ્ટ કર્યું, મારી સરકારે સર્વસંમતિથી નિર્ણય લીધોઃ ઉશ્કેરણીજનક ચેનલ અલ જઝીરાને ઈઝરાયેલમાં બંધ કરવામાં આવશે. અલ જઝીરા સખત રીતે નકારે છે કે, તે ઈઝરાયેલ વિરુદ્ધ ઉશ્કેરણી કરે છે.

ઈઝરાયેલ અલ જઝીરા સાથે લાંબા સમયથી વિવાદિત સંબંધો ધરાવે છે, તેના પર પક્ષપાતનો આરોપ મૂકે છે. લગભગ બે વર્ષ પહેલાં સંબંધોમાં તિરાડ આવી હતી જ્યારે અલ જઝીરાના સંવાદદાતા શિરીન અબુ અકલેહનું કબજા હેઠળના પશ્ચિમ કાંઠે ઈઝરાયેલી સૈન્યના દરોડા દરમિયાન મોત થયું હતું.


# અમેરિકા અને યુરોપમાંથી હાંકી કાઢવામાં આવેલા પેલેસ્ટીન તરફી વિદ્યાર્થીઓને ઈરાન શિષ્યવૃત્તિ ઓફર કરે છે

(એજન્સી) તેહરાન, તા.૬

પ્રેસ ટીવીએ આપેલા અહેવાલ મુજબ પ્રતિષ્ઠિત ઈરાની યુનિવર્સિટીઓ યુએસ અને યુરોપના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ઓફર કરે છે જેમને પેલેસ્ટીન તરફી વિરોધમાં ભાગ લેવા બદલ કેમ્પસમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. આ જાહેરાત શિરાઝ યુનિવર્સિટી, શાહિદ બેહેશ્તી યુનિવર્સિટી, ઈરાન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (IUST) અને અલ્લામેહ તબાતાબાઈ યુનિવર્સિટી (ATU) દ્વારા કરવામાં આવી હતી. શિષ્યવૃત્તિ કથિત રીતે ટ્યુશન, રહેઠાણ અને બોનસને આવરી લે છે જે તેમને તેમના વતનમાં પ્રાપ્ત થશે.

શિરાઝ યુનિવર્સિટી અને શાહિદ બેહેશ્તી યુનિવર્સિટી પણ ઈઝરાયેલના આક્રમણથી પ્રભાવિત પેલેસ્ટીની વિદ્યાર્થીઓને વિશેષ સહાય પૂરી પાડે છે. ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલ-હમાસ યુદ્ધ સામે યુએસ યુનિવર્સિટીઓમાં વિરોધ ચાલુ હોવાથી આ ઘટના બની છે, જે ૧૮ એપ્રિલે ન્યૂયોર્ક સ્થિત કોલંબિયા યુનિવર્સિટીમાં ૧૦૦થી વધુ લોકોની ધરપકડ બાદ તીવ્ર બની છે.

દેશભરની યુનિવર્સિટીઓમાં ઝુંબેશમાં વધારો થયો છે કારણ કે પેલેસ્ટીન તરફી વિદ્યાર્થીઓએ તેમની



સંસ્થાઓને ઈઝરાયેલ સાથે જોડાયેલી કંપનીઓમાંથી અલગ કરવાની માંગ કરી છે.

એનાદોલુ એજન્સીના પત્રકારોએ CNNને નોંધીને અહેવાલ આપ્યો હતો કે, ૫ મે રવિવારના રોજ સુધીમાં, યુ.એસ.માં કોલેજ અને યુનિવર્સિટી કેમ્પસમાં યોજાયેલી પેલેસ્ટીની તરફી રેલીઓમાં આશરે ૨૫૦૦ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. ઑસ્ટ્રેલિયા, કેનેડા, ફ્રાન્સ, ઈટાલી અને યુકેના કેમ્પસમાં સમાન વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. આ ત્યારે સામે આવ્યું છે જ્યારે યુનિવર્સિટી વહીવટીતંત્ર વિરોધને ઉત્તેજન આપીને અને કેટલાંક કિસ્સાઓમાં બળનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓના આંદોલનને દબાવવાનું પ્રયત્ન કરી રહ્યું છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......
ગુજરાત ટુડે

# ભારતમાં કોવિશિલ્ડ વેક્સિન બનાવનાર કંપનીને જવાબદારીમાંથી છટકવા દેવી ન જોઈએ નહીં

કોરોના વેક્સિનને લઈને ફરિયાદો આવી રહી છે અને તેના લીધે તેના વિશે અનેક ચર્ચા થઈ રહી છે ત્યારે પૂરી સાવધાની સાથે વિચારવાની જરૂર છે. એસ્ટ્રાઝેનેકા કંપનીએ સ્વીકાર્યું છે કે તેના દ્વારા ઉત્પાદિત રસી, કોવિશિલ્ડ, એ દુર્લભ કિસ્સાઓમાં કેટલાક લોકોને નુકસાન પહોંચાડી શકે છે. આ રીતે સમગ્ર રસીકરણ ઝુંબેશ પ્રશ્નમાં આવી ગઈ છે. લોકો વિવિધ પ્રકારની અટકળો લગાવી રહ્યા છે અને પોતપોતાના નુકસાનનો અંદાજ પણ લગાવી રહ્યા છે. એસ્ટ્રાઝેનેકાને બ્રિટનમાં અનેક કેસોનો સામનો કરવો પડી રહ્યો છે અને તેને સજા તરીકે મોટું વળતર ચૂકવવું પડી શકે છે. ભારતમાં પણ આ મામલો સુપ્રીમ સુધી પહોંચ્યો છે.

આવા કેસો અને વળતર એક અલગ ચર્ચાનો વિષય છે, પરંતુ લોકોના મનમાં જે આશંકાઓ જન્મી છે તેના વિશે કાળજીપૂર્વક વિચારવાની જરૂર છે. કોવિશીલ્ડ રસીથી આડઅસરો ભલે બહુ થોડા પ્રમાણમાં પણ થઈ તો રહી જ છે ત્યારે આ બાબત બહુ જ ગંભીર બની જાય છે. જો કે આની આડઅસરો સાબિત કરવાનું કાર્ય સરળ નથી. રોગચાળાએ એવા લોકો માટે વધુ મુશ્કેલી ઊભી કરી છે જેમને પહેલાથી જ કોઈ બીમારી હતી. આવા લોકોને રસી લેતી વખતે સાવચેતી રાખવાનું પણ કહેવામાં આવ્યું હતું, અને લોકોને ઉંમર કે વર્ગ પ્રમાણે ધીરે ધીરે રસી આપવામાં આવી હતી. રસી આપતી વખતે અને લોકો પર પણ નજર અને તેમનું નિરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું. તેથી, જો ભારતમાં આડઅસરોની ફરિયાદો સામે આવી હોય, તો તેનો વૈજ્ઞાનિક રીતે સંપૂર્ણ અભ્યાસ કરવો જોઈએ. હાલમાં આ મુદ્દો ચૂંટણીમાં પણ ચર્ચામાં છે, પરંતુ આગામી કેન્દ્ર સરકાર માટે તે ગંભીર વિષય હોવો જોઈએ.

ડોકટરોની સંસ્થાઓ જેમ કે ઈન્ડિયન મેડિકલ એસોસીએશન (IMA)વગેરેએ રસીની આડઅસરોનો અભ્યાસ કરવો જોઈએ. ભારતની મોટી ફાર્માસ્યુટિકલ કંપની સામે ખુલ્લી તપાસથી અકળાવનારી સ્થિતિ સર્જાઈ શકે છે. વાસ્તવમાં, આ ફરિયાદ સામાન્ય લોકોની નથી પરંતુ સ્વાસ્થ્ય નિષ્ણાતોની છે. સામાન્ય લોકોની શંકાઓનું નિરાકરણ પણ ત્યારે જ થઈ શકે જ્યારે આ ફરિયાદોનો નિષ્ણાત દ્વારા અભ્યાસ કરવામાં આવે. એસ્ટ્રાઝેનેકા-ઓક્સફોર્ડ કોવિડ-૧૯ રસીની સંભવિત દુર્લભ આડઅસરોના અહેવાલો વચ્ચે, 'કોવેક્સિન' વિકસાવનાર સંસ્થા ભારત બાયોટેકે એક નિવેદનમાં કહ્યું છે કે કોવેક્સિનનું સંપૂર્ણ રીતે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારે કોવિશિલ્ડનું કેમ આ પ્રમાણે પરીક્ષણ કરાવ્યું નહતું ? એ પણ એક સવાલ કોવિશિલ્ડ અને કોવેક્સિનનો ભારતમાં સૌથી વધુ ઉપયોગ થતો હતો. હાલમાં કોવિશિલ્ડ લેનારાઓ ચિંતિત છે, જ્યારે કોવેક્સિન લેનારાઓ થોડો આત્મવિશ્વાસ ધરાવે છે ખાસ કરીને એસ્ટ્રાઝેનેકાએ લોકોની શંકા દૂર કરવી જોઈએ. તેના કારણે ઘણા દેશોમાં કરોડો લોકો શંકાસ્પદ અને ભયની સ્થિતિમાં છે. ભારત સરકારે બ્રિટનમાં ચાલી રહેલા કેસ પર પણ નજર રાખવી જોઈએ. જો એસ્ટ્રાઝેનેકાની ભૂલ સામે આવશે તો ભારતે પણ આ કંપની સાથે જાતે જ ડીલ કરવી પડશે. આ એવી બાબત છે જે આપણને આપણા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત બનાવે છે. કોઈપણ દવા લેતી વખતે, આપણે આડઅસરો વિશે જાગૃત રહેવું જોઈએ. પશ્ચિમમાં, લોકો તેમના શારીરિક અથવા આરોગ્યના પરિણામો વિશે સભાન છે, તો જ તેઓ ફાર્માસ્યુટિકલ કંપનીઓ અથવા હોસ્પિટલોને તેમની ભૂલો માટે પકડી શકે છે અને વળતર પણ મેળવે છે જ્યારે આપણે ત્યાં તો ફાર્માસ્યુટીકલ્સ કંપનીઓને એવી છૂટ મળેલી છે કે તેમને મન ભારતીયોના જીવનનું એટલું મહત્ત્વ જણાતું નથી જેટલું વિદેશી વિકસીત રાષ્ટ્રોની કંપનીઓ માટે ત્યાંના નાગરિકોનું હોય છે. ગરીબી, નિરક્ષરતા અને ભ્રષ્ટાચારને કારણે ફાર્માસ્યુટીકલ્સ કંપનીઓ મનમાની કરે છે. આ કોવિશિલ્ડ વેક્સિન બનાવતી કંપનીએ ઈલેક્ટોરોલ બોન્ડ દ્વારા કરોડો રૂપિયાનું દાન રાજકીય પક્ષોને કર્યું છે. જેમાં સત્તાધારી પક્ષ ભાજપ મોખરે છે ત્યારે હવે દેશના લોકોએ સતર્ક રહેવું જોઈએ, જેથી તબીબી સેવાઓની ગુણવત્તા સંપૂર્ણપણે સુનિશ્ચિત થઈ શકે.

# હું બહુજન સમાજ પાર્ટીથી ચૂંટણી લડ્યો; મારા કડવા અનુભવ : વાલજીભાઈ પટેલ

## નરેન્દ્ર મોદીનો હાથ પકડીને તેમની સાથે કામ કરવાનો માયાવતીએ કરેલ આદેશનું કારણ મને આજે પણ સમજાતું નથી

દિવંગત યશવંત વાઘેલાનાં પ્રયત્નોથી અમે આંબેડકરવાદી વિચારધારાવાળા મિત્રો ૧૯૯૪માં અમદાવાદમાં ભેગા થયા અને ગુજરાતમાં બહુજન સમાજ પાર્ટીને મજબુત કરવાનો નિર્ણય લેવાયો. ભરૂચના સિનીયર એડવોકેટ મારા મિત્ર દિવંગત છગનભાઈ ગોળીગજબારને ગુજરાતના પ્રમુખ અને મને ગુજરાતના મહામંત્રી તરીકેની જવાબદારી સોંપાઈ. બીજા મિત્રોને પણ હોદ્દાઓ આપી સંગઠન મજબૂત બનાવ્યું. તે વખતે બહુજન સમાજ પાર્ટીના નિરીક્ષક મુંબઈના એક મુસ્લિમ અસર્ફી હતા. અમે એક મોટા હોલમાં સંમેલન લીધું અને પછી તો ખૂબ જ મોટી સંખ્યામાં મુસ્લિમો સહિત ઘણા મિત્રો પાર્ટીમાં જોડાયા. હું ઉંમરના કારણે ઘણા સાથીઓના નામ ભૂલી ગયો છું અને અમે જુદા-જુદા જિલ્લાઓમાં સભાઓ કરી ગુજરાતમાં પાર્ટીનું મજબુત સંગઠન બનાવ્યું. અમદાવાદમાં ત્રણ દરવાજા ખાસ બજારમાં રાત્રે એક મોટું જાહેર સંમેલન યોજાયું. મુસ્લિમ સમાજનો જબરજસ્ત ટેકો મળ્યો. મારા મિત્ર એક મોટા મુસ્લિમ વેપારીએ ખાસ બજારમાં ૧૦૦ લોકો બેસી શકે એવી મોટી નવી બિલ્ડીંગ બહુજન સમાજ પાર્ટીની ઓફીસ બનાવવા મફત આપી. પંખા અને અન્ય ફર્નીચર પણ તેમણે આપ્યું. મેં મારા સ્વભાવ મુજબ સંમેલનમાં જાહેરાત કરી હું માત્ર પાર્ટીના સંગઠનની ઓફીસ સંભાળીશ. કોઈ ચૂંટણીમાં ઊભો નહિ રહું. ભાઈ યશવંત વાઘેલાએ પણ મારી જેમ જાહેરાત કરી અને અમે બંનેએ ઓફિસની જવાબદારી સ્વીકારી લીધી. તે વખતે કચ્છના ગાંધીધામમાં મ્યુનિસિપાલીટીની ચૂંટણી આવી. બહુજન સમાજ પાર્ટીના ૬ ઉમેદવારો ચૂંટાઈ આવ્યા. અમે ત્રણ દિવસ સુધી ગણેશનગરમાં રહી ચૂંટણી લડ્યા. જેનાથી લોકોમાં ઉત્સાહ આવ્યો. કાંસીરામ ગુજરાતની કામગીરીથી ખુબ જ ખુશ થયા અને અમને લખનૌ બોલાવ્યા, અમે કાંસીરામને મળ્યા અને વિસ્તૃત ચર્ચા કરી. ૧૯૯૫માં ગુજરાત રાજ્યની વિધાનસભાની ચૂંટણી આવી. હવે ખેલ શરૂ થાય છે. ઉમેદવારો નક્કી કરવા કેન્દ્રના પ્રતિનિધિ અસર્ફી ગુજરાતમાં આવી ગયા. એમને હોટેલમાં ઉતારો આપ્યો અને આ નિરીક્ષકે અમને હોદ્દેદારોને પણ બાજુમાં રાખી ઉમેદવારો નક્કી કરવાનું શરૂ કર્યું. અમદાવાદની શહેરકોટડાની દલિત અને મુસ્લિમની મોટી વસ્તી ધરાવતી અનામત શીટ પરથી કોંગ્રેસના પ્રધાન મનુભાઈ પરમાર કાયમ ચૂંટાઈને આવતા હતા અને ક્યારેય હારે નહિ તેવા અજાતશત્રુ ગણાતા હતા પણ ગુજરાતની મજબૂત બનેલી બહુજન સમાજ પાર્ટી તેમને ખતરારૂપ લાગી. એટલે તેમણે પોતાના એક અંગત માણસને પૈસા આપી કેન્દ્રના નિરીક્ષક અસર્ફી પાસે મોકલ્યા અને અસર્ફીને નાણા આપી તેને બહુજન સમાજ પાર્ટીનો ઉમેદવાર બનાવી દીધો. સુરતની જેમ છેલ્લા દિવસે આ ડમી ઉમેદવાર ઉમેદવારી પાછી ખેંચી કોંગ્રેસના મનુભાઈની જીત પાકી કરવા કૌભાંડ કરાયું. પાર્ટીના પ્રમુખ છગનભાઈ ગોડીગજબારને ખબર પડી. નિરીક્ષક અસર્ફી સાથે તો વાત કરવાનો કોઈ અર્થ નહોતો. એટલે તેમણે કાંસીરામ સાથે સીધો ફોન કરી આખો રીપોર્ટ આપ્યો અને સાહેબે બીજા ઉમેદવારને નક્કી કરવા હુકમ કર્યો. છગનભાઈએ મારા નામની દરખાસ્ત મૂકી અને કહ્યું કે, વાલજીભાઈ ચૂંટણી લડવા તૈયાર નથી. એટલે આપ તેમને સમજાવો. તે વખતે હું અને યશવંતભાઈ બંને બહાર ગામ હતા. અમને તાત્કાલિક અમદાવાદ બોલાવવામાં આવ્યા અને બધી માહિતી મળી. મારૂં નામ શહેર કોટડામાં ચૂંટણી લડવા નક્કી કર્યું. મેં ના પાડી, એટલે મને પ્રમુખે કાંસીરામ સાથે વાત કરાવી. સાહેબે મને કહ્યું કે, આપ ખડે રહેંગે ઔર મેં આપકા પ્રચાર કરને કે લિયે આઉંગા. આમ કાંસીરામ સાહેબે મારા પ્રચાર માટે આવવાની મને પ્રોમિસ કરી અને મને શહેર કોટડામાં ચૂંટણી લડવાની ફરજ પડી. પાર્ટીના બધા જ સાથી મિત્રો શહેરકોટડાને ટારગેટ કરી ચૂંટણી પ્રચાર માટે મંડી પડ્યા. કોંગ્રેસ સરકારના માજી શિક્ષણ મંત્રી આયેશાબેગમ શેખ મારા સંબધોના કારણે મુસ્લિમ બહેનોમાં પ્રચાર માટે આવ્યા. કાંસીરામ સાહેબે પણ તેમની પ્રોમિસ નિભાવી અને હેલિકોપ્ટર લઈ માત્ર મારી ચૂંટણી સભા સંબોધવા જ અમદાવાદ આવ્યા અને રાજપુર ચારરસ્તા પર ભવ્ય સભા થઈ. જબરજસ્ત વાતાવરણ સર્જાયું. બહુજન સમાજ પાર્ટીનો હાથી આગળ ચાલે છે તેવી અખબારી નોંધ આવવા લાગી. કાંસીરામએ નિરીક્ષક અસર્ફીને યે સીટ નિકલ શકતી હૈ ઈસ પર ધ્યાન રખ્ખો. કહી નાણા આપ્યા પણ નિરીક્ષક અસર્ફીએ કોઈ ખર્ચ ન કર્યો અને હું મારા પોતાના તેત્રીસ હજાર રૂપિયા ખર્ચી ચૂંટણી લડ્યો. પરિણામ જોરદાર આવ્યું. આપણી બહુજન સમાજ પાર્ટીને ૧૩,૪૪૦ (તેર હજાર ચારસો ચાલીસ) મત મળ્યા. કોંગ્રેસના સીટિંગ મજૂર પ્રધાન મનુભાઈ પરમારને બહુજન પાર્ટી કરતા માત્ર ને માત્ર ૫,૭૦૮ મત જ વધારે મળ્યા અને લાભ બીજેપીને મળતા તેને ૨૬,૧૨૬ મત મળ્યા અને તે જીતી ગયા. શહેર કોટડામાં કોંગ્રેસની મોનોપોલી તૂટી. શહેર કોટડા ખૂબ મોટો વિસ્તાર છે. પૈસાને અભાવે સમગ્ર વિસ્તારમાં અમે તંત્ર ગોઠવી શક્યા નહિ. કાંસીરામ સાહેબે આપેલ નાણાં જો નિરીક્ષક અસર્ફીએ ખર્ચ્યા હોત તો બી.એસ.પી.નો એક ધારાસભ્ય ૧૯૯૫મા બન્યો હોત અને બહુજન સમાજ પાર્ટીનું ગુજરાતમાં ખાતું ખૂલી ગયું હોત. કાંસીરામે કહ્યું છે કે, ચૂંટણીમાં પાર્ટીનો પહેલો તબક્કો હારનેવાલી પાર્ટી, બીજો તબક્કો હરાને વાલી પાર્ટી અને ત્રીજો તબક્કો જીતને વાલી પાર્ટી બને છે. ગુજરાતમાં આપણી બહુજન સમાજ પાર્ટી મજબુત હરાનેવાલી બીજા તબક્કામાં આવી ગઈ. માત્ર બી.એસ.પી.ના કારણે જ કોંગેસના શાસનનાં સીટીંગ પ્રધાનને હારવાની ફરજ પડી. ગુજરાતમાં બહુજન સામાજ પાર્ટી હારવા છતાં મોટું બળ બન્યું અને પાર્ટીનું સંગઠન વિશાળ થવા લાગ્યું પણ કાંસીરામના અવસાન પછી સત્તા માયાવતીના હાથમાં આવી અને પાર્ટીમાં વૈચારિક સિંદ્ધાંત બાજુમાં રાખી માત્ર સત્તાલક્ષી માનસિકતાએ પાર્ટીના પાયા હચમચાવી દીધા. ગુજરાતમાં અમે મહેનત કરી દલિત-મુસ્લિમ એકતાની એક મોટી ધરી બનાવી હતી પણ વર્ષ ૨૦૦૨ના અત્યાચારોમાં સમગ્ર મુસ્લિમ સમાજ બેબસ અને લાચાર બની ગયો હતો. બરાબર તે જ વર્ષ ૨૦૦૨માં અમદાવાદના કાંકરિયાના ફૂટબોલ ગ્રાઉન્ડમાં બહુજન સમાજ પાર્ટીનું અધિવેશન મળ્યું અને અમારા આશ્ચર્ય વચ્ચે માયાવતીએ નક્કી મુજબ તે વખતના ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સ્ટેજ પર પ્રગટ થઇ ગયા અને માયાવતીએ મોદીનો હાથ પકડી ઉંચો કરી જાહેરાત કરી કે આવતી કાલથી નરેન્દ્ર મોદી સાથે કામે લાગી જાવ. અમારી સ્થિતિ તો કાપો તો લોહી ન નીકળે તેવી થઇ ગઈ. સંમેલનમાં દૂર-દૂરથી આવેલા બહુજન સમાજ પાર્ટીના મુસ્લિમ હોદ્દેદારો-મિત્રો અવાક થઇ ગયા. હું આ આઘાત ક્યારેય ભૂલી શકું નહિ. માયાવતીના આવા સિદ્ધાંત વિરૂદ્ધના વર્તનથી અમે સૌ મિત્રોએ બહુજન પાર્ટીનું વિસર્જન કરી છૂટા થઈ ગયા. ગુજરાતના ૨૦૦૨ના ભયંકર અત્યાચારોના સમયમાં જવાબદાર નરેન્દ્ર મોદીનો હાથ પકડી તેમની સાથે કામ કરવાનો માયાવતીએ કરેલ આદેશનું કારણ મને આજેય પણ સમજાતું નથી. કાંસીરામ દેશભરમાં પાર્ટીના વિસ્તાર માટે ગંભીરતાથી વિચારતા હતા અને જાતે દોડધામ કરતા હતા. દરેક રાજ્યોના હોદ્દેદારો સાથે સંપર્કમાં રહેતા હતા. અમે ગમે ત્યારે સાહેબ સાથે વાત કરી શકતા હતા. તે અમારી ખૂબ ઈજ્જત કરતા હતા. ત્યારે સવાલ એ થાય છે કે, આ બધું માયાવતીના વહીવટમાં કેમ થતું નથી ? જુદા-જુદા રાજ્યોના હોદ્દેદારો સાથે પણ તેમનો કોઈ સંપર્ક નથી. હકીકતમાં રાજ્યોનાં સંગઠન મુદ્દે માયાવતીને કોઈ જ રસ નથી. માત્ર બહુજન સમાજ પાર્ટીનું રજિસ્ટ્રેશન નેશનલ લેવલ પાર્ટી તરીકે ચાલુ રહે તેવા એક માત્ર ઉદ્દેશથી જુદા-જુદા રાજ્યોમાં ઉમેદવારો ઉભા રાખતા હોય તેમ લાગે છે. પરિણામે તોડબાજ નિરીક્ષકોને મોકળું મેદાન મળી ગયું છે. બહુજન સમાજ પાર્ટીને આ વખતે સુરતમાં એક જબરજસ્ત રાજકીય તક મળી હતી. માત્ર ને માત્ર ભાજપ વિરૂદ્ધ બહુજન સમાજ પાર્ટી વચ્ચે સીધો જંગ ખેલાત. વિરોધ પક્ષો કોંગ્રેસ કે આપ પાર્ટી કે હાલ વિરૂદ્ધમાં આવેલ ક્ષત્રિયો માટે પણ બહુજન સમાજ પાર્ટી એક માત્ર વિકલ્પ હતો અને એ બધાનાં મત માત્ર ને માત્ર બહુજન સમાજ પાર્ટીને મળ્યા હોત. ગુજરાતમાં એક મોટો ઈતિહાસ સર્જાઈ જાત. આજે સમગ્ર દેશભરમાં સુરતમાં બહુજન સમાજ પાર્ટીની ભૂમિકા લઈને ચર્ચા થઈ રહી છે ત્યારે માયાવાતી અને તેમની બહુજન સમાજ પાર્ટી ચૂપ કેમ છે ? કોઈ તપાસની પણ વાત કરતા નથી. એનું કારણ શું ? નિરીક્ષક કલોરીયા એકલાથી આવી કામગીરી કરવાની હિંમત ન થઇ શકે. દેશભરમાં માત્ર એક જ રાજ્યમાં સંસદ સભ્ય બિન હરીફ ચૂંટાય તે ચર્ચાનો વિષય છે ત્યારે જવાબદાર બહુજન સમાજ પાર્ટી અને એના રાષ્ટ્રીય નેતાઓ કેમ બોલતા નથી ? ડૉ. બાબા સાહેબ આંબેડકરે નેતાઓની પર અંધ ભક્તિનો વિરોધ કરેલ છે. ગુજરાતના દલિતો અન્ય રાજ્યો કરતા વધુ વિચારશીલ છે. ક્ષીર-નીર અલગ કરતા તેને આવડે છે. સુરતમાં બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારને બેસાડી દેવાનું કૃત્ય કોઈ સામાન્ય ખેલ નથી. છેક ઉપરથી ખેલ ખેલાયો છે. ચૂંટણી જ ન થાય તે માટે ષડ્યંત્ર એક હાથે થાય નહિ. સુરતના બહુજન સમાજ પાર્ટીના એક આગેવાનના જણાવ્યા અનુસાર બહુજન સમાજ પાર્ટીના એક સંસદ સભ્યના ઈશારે કલોરીયા આ રમત રમ્યા છે અને તેમાં કેટલાય ખોખા કામ કરી ગયા છે. હાલના સંજોગોમાં ગુજરાતમાં વચેટીયા વગર સ્વતંત્ર કામ કરી શકીએ તેવી બહુજન સમાજ પાર્ટી ન બને ત્યાં સુધી ધીરજ ધરવી જોઈએ એવો મારો અભિપ્રાય છે. નહીતો ખૂબ જ પરિશ્રમ અને પૈસા ખર્ચી ગુજરાતના દલિત યુવાનો પાર્ટી ઉભી કરે અને ચૂંટણીનાં એક જ દિવસમાં સફાચટ કરી કોઈ ઉપડી જાય તેવો ખેલ કાયમ ચાલુ જ રહેશે.

**સુરતમાં જે થયું એમાં કેટલાય ખોખા કામ કરી ગયા છે**

**વર્ષ ૧૯૯૫માં શહેરકોટડામાં યોજાયેલી ચૂંટણીનું ચિત્ર**

**મત વિસ્તાર :- 74 શહેરકોટડા (એસસી)**

| | | | |
|---|---|---|---|
| ૧. | ગિરીશ પરમાર (ભાજપ) | 26,216 | 39.77% |
| ૨. | મનુભાઈ પરમાર (કોંગ્રેસ) | 19,148 | 29.05% |
| ૩. | પટેલ વાલજીભાઈ હીરાભાઈ (બીએસપી) | 13,440 | 20.39% |

**કાંસીરામના અવસાન પછી સત્તા માયાવતીના હાથમાં આવી. પાર્ટીમાં વૈચારિક સિદ્ધાંત બાજુમાં રાખી માત્ર સત્તાલક્ષી માનસિકતાએ પાર્ટીના પાયા હચમચાવી દીધા**

ચર્ચા


**બહુજન સમાજ પાર્ટીને નેશનલ લેવલે પાર્ટી તરીકેનું રજિસ્ટ્રેશન ચાલુ રાખવામાં જ રસ છે, પરિણામે તોડબાજ નિરીક્ષકોને મોકળું મેદાન મળી ગયું છે**

**બહુજન સમાજ પાર્ટીના સુરતના બનાવ પછી પાર્ટીના લાગણીશીલ નિરાશ યુવા મિત્રોને માર્ગદર્શન મળે તે માટે મેં અનુભવેલો કડવો પ્રસંગ લખવો મને જરૂરી લાગે છે. એટલે લખી રહ્યો છું આમ તો મને લખવાની આદત નથી. હું તો લડનાર માણસ છું**

# દક્ષિણ ગુજરાતમાં હિન્દુત્વની રાજનીતિનો ઉદય અને તેની ભયાનક અસરો

એજન્ડા
- મેહુલ દેવકલા

૧૯૨૮માં વલ્લભભાઈ પટેલે બારડોલી સત્યાગ્રહનું નેતૃત્વ કર્યું હતું અને તેની સફળતા પછી તેમને સરદારનું બિરુદ આપવામાં આવ્યું હતું. ૧૯૩૦માં મહાત્મા ગાંધીએ બારડોલીથી લગભગ ૬૦ કિલોમીટર દૂર દાંડી ખાતે ઐતિહાસિક મીઠાના સત્યાગ્રહનું નેતૃત્વ કર્યું હતું. સરોજિની નાયડુ અને મૌલાના આઝાદે તે જ વર્ષે ધારાસન સત્યાગ્રહમાં દાંડી કૂચની ભાવના જાળવી રાખી હતી. આમ ઘણી રીતે, દક્ષિણ ગુજરાત જે તે સમયે બોમ્બે પ્રેસિડેન્સીનો એક ભાગ હતું તે અહિંસક સત્યાગ્રહ ચળવળોનું એક કેન્દ્ર બની ગયું હતું. કમનસીબે, ૨૦મી સદીના છેલ્લા દાયકા સુધીમાં, દક્ષિણ ગુજરાતનો આ વિસ્તાર, ખાસ કરીને ડાંગ અને તેની આસપાસનો ગીચ જંગલ વિસ્તાર, હિન્દુવાદી ઉગ્રવાદીઓ માટે પ્રયોગશાળા બની ગયો છે. સોશિયલ એન્જિનિયરિંગ દ્વારા તેઓ આદિવાસી પટ્ટામાં ઊંડે સુધી ઘૂસી ગયા છે. ફાયર બ્રાન્ડ હિંદુ કટ્ટરપંથી નેતા, અસીમાનંદ, જેઓ મૂળ પશ્ચિમ બંગાળના હતા, તેમણે ૧૯૯૬માં ડાંગમાં પોતાનું કાર્ય કરવાનું શરૂ કર્યું હતું. તેમણે વનવાસી કલ્યાણ આશ્રમ હેઠળ તેમની પ્રવૃત્તિ શરૂ કરી હતી, જે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું એક અન્ય સંગઠન છે. તેમનો મુખ્ય હેતુ આદિવાસીઓને ખ્રિસ્તીમાંથી હિંદુ ધર્મમાં રૂપાંતરિત કરવાનો હતો. આદિવાસી સમુદાય યુગોથી પ્રકૃતિ, પર્વતો, નદીઓ, જંગલો, પ્રાણીઓ વગેરેની પૂજા કરે છે. તેઓ ક્યારેય સંગઠિત ધર્મોનો ભાગ ન હતા અને તેઓ તેમના પોતાના સ્વદેશી રિવાજોનું પાલન કરે છે. ૨૦મી સદીના પ્રથમ દાયકામાં જ્યારે ખ્રિસ્તી મિશનરીઓ આ પ્રદેશમાં આવ્યા ત્યારે કેટલાક લોકોએ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો. અસીમાનંદે કથિત રીતે ટૂંકા ગાળામાં હજારો ખ્રિસ્તી આદિવાસીઓને હિંદુ બનાવ્યા હતા. તેમણે આ આદિવાસી સમુદાયનું ધ્રુવીકરણ એવી રીતે કર્યું કે આ પ્રદેશમાં તેમના પ્રવેશના માત્ર બે વર્ષમાં જ ડાંગે ગુજરાતમાં સૌથી ખરાબ



એક સમયે અહિંસક સત્યાગ્રહ ચળવળોનું કેન્દ્ર, દક્ષિણ ગુજરાતનો ડાંગ જિલ્લો હિન્દુ ઉગ્રવાદીઓ માટે રમતનું મેદાન બની ગયો છે

ધાર્મિક સંઘર્ષોનો સામનો કરવો પડ્યો હતો. હ્યુમન રાઈટ્સ વોચ સહિતની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ ૧૯૯૮માં ડાંગમાં ખ્રિસ્તીઓ વિરુદ્ધ થયેલા રમખાણોમાં તેની સીધી સંડોવણી અંગેની માહિતી આપી હતી. અહી ડઝનબંધ ચર્ચ બાળી નાખવામાં આવ્યા હતા, મિલકતોને નુકસાન થયું હતું અને ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ પર હુમલો પણ થયો હતો. અસીમાનંદની હિન્દુ જાગરણ માર્ચ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને અન્ય હિન્દુ ઉગ્રવાદી જૂથોએ આ હુમલાઓનું નેતૃત્વ કર્યું હતું. ૧૯૮૦ના દાયકાના અંતમાં અને ૯૦ના દાયકાની શરૂઆતમાં રામજન્મભૂમિ આંદોલને ગુજરાતની શહેરી વસ્તીનું ધ્રુવીકરણ શરૂ કરી દીધું હતું. અસીમાનંદના ખતરનાક કટ્ટરવાદી પ્રયોગોએ આદિવાસી પટ્ટામાં પણ ધાર્મિક વિભાજન વધુ ઊંડું કર્યું હતું. તે જ વર્ષે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો વિજય થયો અને કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા હતા. આરએસએસના મુખપત્ર 'ઓર્ગેનાઈઝર' દ્વારા તેઓને 'ડાંગના હીરો' તરીકે જાહેર કરવામાં આવ્યા હતા અને અસીમાનંદે આ સાથે તેમનો હિંદુત્વ પ્રોજેક્ટ ચાલુ રાખ્યો હતો અને પોતાના આ પ્રોજેક્ટને પંચમહાલ સહિત ગુજરાતના અન્ય આદિવાસી પટ્ટાઓમાં આગળ વધાર્યો હતો. જે ૨૦૦૨ના ગુજરાત રમખાણોનું કેન્દ્ર બન્યું હતું અને બાકીનો સમય હવે ઈતિહાસ બની ગયો છે. ગુજરાતના રાજકારણની પ્રયોગશાળામાં રચાયેલો ઈતિહાસ એ પછી સમગ્ર દેશમાં પુનરાવર્તિત થયો છે. અસીમાનંદે ડાંગના સુબીર ગામમાં શબરી ધામ મંદિર બનાવ્યું હતું. એવું માનવામાં આવે છે કે શબરી આ સ્થાન પર ભગવાન રામને મળ્યા હતા. અસીમાનંદ 'જલ-જંગલ-જમીન'ના ઉપાસક આદિવાસીઓને તેમના માટે નવી ઓળખ ઊભી કરીને હિંદુ ધર્મમાં લાવવા માંગતા હતા. રાજ્ય સરકારની મદદથી ૨૦૦૬માં અહીં શબરીકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પાંચ લાખથી વધુ લોકોએ ભાગ લીધો હતો. તેમાં નરેન્દ્ર મોદી, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને આસારામ જેવા ધાર્મિક નેતાઓએ હાજરી આપી હતી. ગુજરાતને અડીને આવેલા મધ્યપ્રદેશમાં આદિવાસીઓની મોટી વસ્તી છે. આ કુંભને સમુદાયના 'ઘરવાપસી' માટે અને ગુજરાત, મધ્યપ્રદેશ અને છત્તીસગઢના રાજ્યોમાં આદિવાસીઓમાં હિન્દુ ઓળખ બનાવવા માટેના એક કાર્યક્રમ તરીકે જોવામાં આવતું હતું. ગુજરાતના રાજકારણની પ્રયોગશાળાના આ પ્રયોગોએ ભાજપને માત્ર દક્ષિણ ગુજરાતના આદિવાસી મતવિસ્તારોમાં જ નહીં પરંતુ મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં પણ સત્તા મેળવવામાં મદદ કરી હતી. બાદમાં અસીમાનંદ પર અજમેર દરગાહ, મક્કા મસ્જિદ અને સમજૌતા એક્સપ્રેસ બોમ્બ વિસ્ફોટના કેસમાં કેસ નોંધવામાં આવ્યો હતો પરંતુ પુરાવાના અભાવે નિર્દોષ છોડી દેવામાં આવ્યો હતો. આવા ઉગ્રવાદીઓ દ્વારા સમાજના બિનસાંપ્રદાયિક માળખાને જે નુકસાન થયું છે તે ક્યારેય સુધારી શકાય તેમ નથી.

**(લેખક મેહુલ દેવકલા કવિ અને એવોર્ડ વિજેતા ફિલ્મ નિર્માતા છે.) (સૌ. : ધ વાયર)**

# મતદાન એજન્ટો માટે ચેકલિસ્ટ

- ✓ **ચૂંટણી યોજવા માટેના નવીનતમ નિયમો અને માર્ગદર્શિકા વિશે જાણકારી મેળવો**
- ✓ **સ્થાનિક ચૂંટણી સત્તાવાળાઓ દ્વારા આયોજિત મતદાન કવાયતમાં ભાગ લો**
- ✓ **રિટર્નિંગ ઓફિસર દ્વારા આયોજિત EVM અને VVPATના પ્રદર્શનમાં ભાગ લો**
- ✓ **બેલેટ યુનિટ (BU), કંટ્રોલ યુનિટ (CU) અને VVPAT બદલવા માટેની પ્રક્રિયાથી પરિચિત રહો**

મતદાનની શરૂઆતના ૧૨૦ મિનિટ પહેલાં મતદાન મથક પર પહોંચો, કારણ કે પ્રિસાઈડિંગ ઓફિસર મતદાનની શરૂઆતની ૯૦ મિનિટ પહેલાં મોક પોલ અને અન્ય ઔપચારિકતાઓ શરૂ કરશે. પોલિંગ એજન્ટ તરીકે નિમણૂકનો મૂળ પત્ર, ફોર્મ ૧૦ માં બતાવ્યા પ્રમાણે, પ્રક્રિયા પૂર્ણ કરવી આવશ્યક છે અને ઉમેદવારની પસંદગી અને તે પ્રતિનિધિ દ્વારા પ્રમાણિત હોવું આવશ્યક છે. તમારી નવીનતમ મતદાર યાદીની નકલ સંબંધિત મતદાન મથક પર લઈ જાઓ અને પેન, કાગળ, પેન્સિલ જેવી વસ્તુઓ તમારી સાથે રાખો. નાની TCP ફ્લોર સીલ સાથે રાખો જેનો ઉપયોગ BU/CU/VVPATના વહન કેસને રિસેપ્શન સેન્ટર પર લઈ જતા પહેલા તેને સીલ કરવા માટે કરી શકાય છે. અધિકારી દ્વારા તમને આપવામાં આવેલ પ્રવેશ પાસ તમારી સાથે રાખો અને કમિશન દ્વારા સૂચવ્યા મુજબ તમારૂ EPIC અથવા ઈ-વૈકલ્પિક ઓળખ કાર્ડ સાથે રાખો. તમારા (પોલીંગ એજન્ટ) અથવા તમારા રાહત એજન્ટ માટે મતદાનના અંત સુધી મતદાન મથક પર હાજર રહેવું ફરજિયાત છે. ધ્યાન આપો કે રૂમમાંના અન્ય એજન્ટો પાસે 'વોટિંગ એજન્ટ' જેવી જ સત્તા અને જવાબદારીઓ નથી. જ્યારે પણ તમે મતદાન મથકમાંથી બહાર નીકળો છો અથવા પ્રવેશો છો, ત્યારે તેને પ્રિસાઈડિંગ ઓફિસર પાસે રાખવામા આવેલી મૂવમેન્ટ શીટમાં તેની નોંધણી કરો.

**મોક પોલ શરૂ થાય તે પહેલા :** ખાતરી કરો કે EVM અને VVPAT મશીનો મતદાન કેન્દ્રમાં કોઈપણ ખુલ્લી બારી અથવા સીધા પ્રકાશ/ઉચ્ચ પ્રકાશના સ્ત્રોતની નજીક મૂકવામાં આવ્યા નથી. ચેક કરો કે કંટ્રોલ યુનિટ (CU), બેલેટ યુનિટ (BU) અને VVPATના સીરીયલ નંબરો રિટર્નિંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલી વિગતો સાથે મેળ ખાય છે અને એ પણ તપાસો કે મશીન ભારતીય ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવ્યું છે. BU, CU અને VVPATના સીરિયલ નંબરો, બેટરીની ટકાવારી અને વાસ્તવિક મતદાન દરમિયાન ઉપયોગમાં લેવાતી તમામ સીલના સીરિયલ નંબરો રેકોર્ડ કરો. જ્યાં પણ અને જ્યારે પણ શક્ય હોય ત્યારે તેના ફોટા લો. ખાતરી કરો કે મોક પોલ માટે BU, CU અને VVPAT એક જ ટેબલ પર રાખવામાં આવ્યા નથી (મતદાન માટે BU અને VVPAT ને નિર્ધારિત જગ્યાએ રાખવામાં આવેલ છે). એ તપાસો કે યોગ્ય યોજનાને અનુસરીને યોગ્ય જોડાણો કરવામાં આવ્યા છે. VVPATની ડિસ્પ્લે પેનલમાં બેલેટ પેપર યોગ્ય રીતે ફિક્સ છે કે કેમ તે તપાસો.

**મોક પોલ દરમિયાન :** મોક પોલ દરમિયાન એ તપાસો કે ઓછામાં ઓછા ૫૦ મત મળ્યા છે અને NOTA સહિત દરેક ઉમેદવારને ઓછામાં ઓછો ૧ મત મળે છે.

**મોક પોલ પછી :** મોક પોલ દરમિયાન EVMની ગણતરી સાથે VVPAT પેપર સ્લિપની ગણતરી કરો. ખાતરી કરો કે VVPATમાં કોઈ પોલ સ્લિપ બાકી નથી. જો મોક પોલ દરમિયાન CU અથવા BU અથવા VVPAT યોગ્ય રીતે કામ કરતું નથી, તો ખાતરી કરો કે તેને માત્ર સંબંધિત એકમ સાથે જ બદલવામાં આવે છે. ખાતરી કરો કે મોક પોલ સ્લિપ યોગ્ય રીતે સ્ટેમ્પ કરેલી છે અને ગુલાબી જાળીથી સીલ કરેલી છે અને કાળા પરબિડીયામાં મૂકવામાં આવી છે. BU સુરક્ષિત કરવા માટે પિંક બી યાર્ડ સ્ટેમ્પનો ઉપયોગ કરવામાં આવ્યો છે કે કેમ તે તપાસો. એ પણ તપાસો કે BUની ઉપર અને નીચે (જમણે) ૨ C લેચ અકબંધ છે. મોક પોલ પછી તમામ એડ્રેસ ટેગ્સ અને પેપર સીલ પર તમારી સહી/સ્ટેમ્પ લગાવો. પ્રિસાઈડિંગ ઓફિસર પાસે રહેલ મોક પોલ સર્ટિફિકેટ પર સહી કરો.

ખાતરી કરો કે પ્રિસાઈડિંગ ઓફિસર CRC પ્રોટોકોલને અનુસરીને મોક પોલના મતો દૂર કરે છે. વાસ્તવિક મતદાન શરૂ કરતા પહેલા, ખાતરી કરો કે જ્યારે તમે મતપત્ર વિભાગના "કુલ" બટનને દબાવો છો ત્યારે CUનો ડિસ્પ્લે વિભાગ "શૂન્ય" દર્શાવે છે.

**વાસ્તવિક મતદાન શરૂ થાય તે પહેલાં :** બેટરીની ટકાવારી રેકોર્ડ કરો.

ખાતરી કરો કે CUના આઉટપુટ વિભાગ અને VVPATના ડ્રોપ બોક્સ બંને યોગ્ય રીતે સીલ કરેલ છે. CU/BU/VVPAT ઉપયોગ માટે પૂરા પાડવામાં આવેલ પેપર સીલ (ગ્રીન, પિંક B), યુનિક ટેગ્સ, એડ્રેસ ટેગ્સના સીરીયલ નંબરો રેકોર્ડ કરો. મુક્ત અને ન્યાયી રીતે મતદાન શરૂ કરવા માટે પ્રિસાઈડિંગ ઓફિસરની પાસેના જાહેરનામા પર સહી કરો. ખાતરી કરો કે મતદાન દરમિયાન ઉપયોગમાં લેવાતા ઈલેક્ટોરલ રજિસ્ટર (ફોર્મ ૧૭A)માં કોઈપણ મતદારના સંબંધમાં કોઈ એન્ટ્રી નથી. ખાતરી કરો કે મતદારયાદીની તમારી નકલ મતદાન મથક પર ઉપયોગમાં લેવાતી મતદાર યાદીની ચિહ્નિત નકલ સાથે મેળ ખાય છે અને ખાતરી કરો કે તેમાં નિર્ધારિત સિવાયની કોઈ એન્ટ્રી અથવા ચિહ્ન નથી.

**વાસ્તવિક મતદાન દરમિયાન :** મતદાન મથક પર હંમેશા યોગ્ય વર્તન કરો.

મતદાન મથકમાં પ્રવેશ પાસ અને હિલચાલ અંગેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરો. જો તમે અન્યથા સંતુષ્ટ હોય, તો મતદારોની ઉંમરને લગતી કોઈપણ એન્ટ્રીમાં કોઈપણ સામાન્ય કલમ અથવા ટાઈપોગ્રાફિકલ ભૂલોની અવગણના કરો. મતદાન ગુપ્ત રાખવું જોઈએ નહીં. BU અને VVPATમાં કોઈપણ રીતે ચેડાં કે દખલગીરી થઈ નથી અને મતદાન યોગ્ય રીતે થયું છે તેની ખાતરી કરવા માટે મતદાન મથકમાં પ્રવેશ કરતી વખતે પ્રિસાઈડિંગ ઓફિસરની સાથે રહો (ચૂંટણીના નિયમો, ૧૯૬૧ના નિયમ 49G હેઠળ).

**મતદાનના અંતે :** મતદાન સમાપ્ત થયા પછી, રજીસ્ટર 17Aમાં તારીખ અને સમય લખીને પ્રિસાઈડિંગ ઓફિસર છેલ્લા મતદાન પ્રતીકની એન્ટ્રી પછી લાલ લાઈન દોરે છે તેની ખાતરી કરો. રજિસ્ટર 17A પર તમારા નામ સામે સહી કરો. ખાતરી કરો કે મતદાન પૂર્ણ થયા પછી પ્રિસાઈડિંગ ઓફિસર CUનું ક્લોઝ બટન દબાવે છે. મતદાન પૂર્ણ થયા પછી VVPATમાંથી VVPAT પાવર પેક (બેટરી) દૂર કરવામાં આવે છે તે તપાસો. બેટરીની ટકાવારી નોંધો. જ્યારે શક્ય હોય ત્યારે સમગ્ર પ્રક્રિયાનો ફોટોગ્રાફ/રેકોર્ડ કરો. EVM, VVPAT અને ચૂંટણી અને સ્ક્વોડ વેજ ધરાવતાં પેકેટોને સીલ કરવામાં ભાગ લો. મતદાન પછી CU/BU/VVPAT પર વહન કેસ, એડ્રેસ ટેગ, પેપર સીલ પર સહી કરો. પ્રિસાઈડિંગ ઓફિસર દ્વારા ફોર્મ 17Cમાં તૈયાર કરાયેલા મતોની સાચી પ્રમાણિત નકલ મેળવો. ખાતરી કરો કે જ્યારે ઈફસ અને VVPAT લોડ થઈ રહ્યા હોય ત્યારે તમે હાજર હોવ અને સ્ટોરેજ સ્થાનો પર પરિવહનની પ્રક્રિયાનું નિરીક્ષણ કરો. મશીનોને સુરક્ષિત કરો અને ખાતરી કરો કે તેઓ કોઈપણ કારણોસર તમારી દૃષ્ટિથી દૂર થતાં નથી. EVM, VVPAT અને ચૂંટણી દસ્તાવેજ ધરાવતા વાહન સાથે તમારા વાહનમાં રિસેપ્શન સેન્ટર/સ્ટોરેજ સ્થાન પર તેની સાથે જાઓ.

# CAAનો વિરોધ ચાલુ રહેશે અને સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલુ રાખવામાં આવશે : આસોમ ગણ પરિષદ (AGP)

(એજન્સી) તા.૬

આસોમ ગણપરિષદ (એજીપી) શાસક એનડીએનો ભાગ છે, તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તે હજી પણ CAAનો વિરોધ કરે છે અને સુપ્રીમ કોર્ટમાં વિવાદાસ્પદ કાયદા સામે તેણે દાખલ કરેલા કેસને આગળ ધપાવશે.

નાગરિકતા (સુધારા) બિલ ૨૦૧૯ સંસદમાં પસાર થયા પછી એજીપીએ ડિસેમ્બર ૨૦૧૯માં કાયદાને સર્વોચ્ચ અદાલતમાં પડકાર્યો હતો અને માંગ કરી હતી કે આસામની બ્રહ્મપુત્રા ખીણને આ કાયદાના કાર્યક્ષેત્રમાંથી બાકાત રાખવામાં આવે. એજીપીના પીઢ નેતા અને બારપેટા લોકસભા સીટના ઉમેદવાર ફણીભૂષણ ચૌધરીએ કહ્યું કે અમારો પક્ષ હજી પણ આ કાયદાનો વિરોધ કરે છે અને દરેક મંચ પર પોતાનો અવાજ ઉઠાવવાનું ચાલુ રાખશે. તેમણે કહ્યું કે, AGP તેના વલણમાં સ્પષ્ટ છેપ તે CAAનો વિરોધ કરે છે. અમે આ કાયદાની વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં કેસ લડી રહ્યા છીએ. એજીપી માટે એનડીએમાં છે અને સીએએનો વિરોધ કરે છે તે તેમનું બેવડું વલણ છે એવું પૂછવામાં આવતા, ચૌધરીએ દાવો કર્યો હતો કે પ્રાદેશિક પક્ષે આ મુદ્દે ક્યારેય પોતાનું વલણ બદલ્યું નથી. ભાજપ એક રાષ્ટ્રીય પક્ષ છે અને એજીપી એક પ્રાદેશિક સંગઠન છે. તેમના ઉદ્દેશ્યો અને ઉદ્દેશો અમારા કરતા અલગ છે. એવું નહીં થાય કે અમે ઝછછછ ને સમર્થન આપીશું કારણ કે અમે ભાજપ સાથે છીએ. તેથી જ અમારી પાર્ટીએ CAA વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવાનો અને કેસ લડવાનું નક્કી કર્યું, જે હજી ચાલુ છે. બારપેટામાં કોંગ્રેસ અને સીપીઆઈ (એમ) ના વિપક્ષી ઉમેદવારો સીએએનો મુદ્દો ઉઠાવી રહ્યા છે. AGP એ જાન્યુઆરી ૨૦૧૯માં નાગરિકતા (સુધારા) બિલને લઈને ભાજપ સાથે તેના સંબંધો તોડી નાખ્યા હતા, પરંતુ બે મહિનાની અંદર NDAમાં પાછા ફર્યા હતા અને ભગવા પક્ષ સાથે જોડાણમાં આસામમાં લોકસભાની ચૂંટણી લડ્યા હતા. ડિસેમ્બર ૨૦૧૯માં બિલ પસાર થવા દરમિયાન, રાજ્યસભામાં AGPના એક સાંસદ, બિરેન્દ્ર પ્રસાદ બૈશ્યએ ચર્ચા દરમિયાન તેનો વિરોધ કર્યો હતો, પરંતુ તેની તરફેણમાં મતદાન કર્યું હતું.

તેમણે કહ્યું કે, સીપીઆઈ (એમ) હોય કે કોંગ્રેસ, તેઓ માત્ર સરકારને દોષ આપે છે. વર્તમાન શાસન સર્વાંગી વિકાસ કરી રહ્યું છે પરંતુ વિપક્ષ તેના વિશે વાત કરી રહ્યો નથી. AGP ના ઉમેદવારે દાવો કર્યો હતો કે મતવિસ્તારમાં તેમના દોઢ મહિનાના ચૂંટણી પ્રચાર દરમિયાન એક પણ વ્યક્તિએ મોંઘવારી અંગે ફરિયાદ કરી નથી. બારપેટામાં લગભગ ૧૯.૮ લાખ મતદારો છે. તેમાંથી ૧૨ લાખથી વધુ હિંદુ છે અને લગભગ સાત લાખ મુસ્લિમ છે. ચૌધરીએ કહ્યું હતું કે જ્યારે તેઓ પ્રથમ વખત બરપેટામાં હરીફાઈમાં ઉતર્યા હતા, ત્યારે તેમણે અંદાજ લગાવ્યો હતો કે તેમની જીતનું માર્જિન બે લાખથી વધુ મત હશે પરંતુ પ્રચાર દરમિયાન, તેમને સમજાયું કે લઘુમતી મતદારો NDA સાથે છે અને તેમને મત આપશે. તેમણે દાવો કર્યો હતો કે મુસ્લિમ મતદાતાઓ, ખાસ કરીને બંગાળી ભાષી લોકો સમજી ગયા છે કે હિમંતા બિસ્વસરમા સરકારે હિંદુ અને મુસ્લિમ બંને માટે કામ કર્યું છે અને કોઈ ભેદભાવ નથી. મુસ્લિમોનો મોટો હિસ્સો હવે અમને ટેકો આપી રહ્યો છે. તેથી, અમે આશા રાખીએ છીએ કે અમારૂં માર્જિન પાંચ લાખથી વધુ હશે. ચૌધરીએ એમ પણ કહ્યું કે બારપેટામાં




અલગથી ચૂંટણી લડતા તમામ વિરોધ પક્ષોને લીધે એનડીએ વિરોધી મતોના વિભાજન થશે જે તેમની જીત સરળ બનાવશે. વિપક્ષ તરફથી, સીપીઆઈ (એમ) એ વરિષ્ઠ નેતા અને વિધાનસભામાં એકમાત્ર ધારાસભ્ય મનોરંજન તાલુકદારને બારપેટાથી લડી રહ્યા છે. કોંગ્રેસે તેના રાજ્ય સેવાદળના વડા દીપ બયાનને નોમિનેટ કર્યા છે, જ્યારે ટીએમસીએ આ સીટ માટે અબુલ કલામ આઝાદને ટિકિટ આપી છે. કોંગ્રેસ, સીપીઆઈ (એમ) અને ટીએમસી સંયુક્ત વિરોધ મંચ આસામ (યુઓએફએ) ના સભ્યો છે, જે રાજ્યમાં ૧૬ પક્ષો સાથે ઈન્ડિયા બ્લોક સાથે છે. બારપેટા ઉપરાંત એજીપી ધુબરીમાં ચૂંટણી લડે છે, જ્યાં પાર્ટીએ તેના ભૂતપૂર્વ ધારાસભ્ય ઝબેદ ઈસ્લામને ઉમેદવાર બનાવ્યા છે.

### વધુ એક બફાટ કર્યો..!

# મોદીએ ત્રીજું વિશ્વયુદ્ધ થતાં અટકાવ્યું : કંગના રણૌત

## મોદીની પ્રશંસા કરવામાં બણગાં ફૂંકતી કંગનાની સોશિયલ મીડિયામાં ભારે ટીકા : હાંસીનું પાત્ર બની

(એજન્સી) તા.૬

અભિનેત્રીમાંથી રાજનેતા બનેલી કંગના રણૌતે ત્રીજા વિશ્વયુદ્ધને રોકવામાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભૂમિકા વિશે વધુ એક સનસનાટીભર્યો દાવો કર્યો છે. રણૌતના જણાવ્યા અનુસાર, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના અધિકારીઓ સહિત વિશ્વના નેતાઓએ રશિયા અને યુક્રેન વચ્ચેના સંઘર્ષને ઉકેલવા માટે પીએમ મોદીનું માર્ગદર્શન માંગ્યું હતું.



પીએમ મોદીના વખાણ કરવા અને તેમની 'વિદેશી પ્રતિષ્ઠા'ને હાઈલાઈટ કરવા માટે રણૌતે દાવો કર્યો હતો કે, તેણે મોટાપાયે યુદ્ધ ફાટી નીકળતું અટકાવવા મોદીએ જ દરમિયાનગીરી કરી હતી. તેથી એવું કહી શકાય છે કે, પીએમ મોદીએ એકલા હાથે વિશ્વને આપત્તિમાંથી બચાવ્યું હતું. કંગનાએ તાજેતરમાં હિમાચલપ્રદેશમાં ચૂંટણી પ્રચાર દરમિયાન આ દાવો કર્યો હતો. તેમણે આગળ કહ્યું કે, ભારતની આ પ્રતિષ્ઠા એવા આંતરરાષ્ટ્રીય સ્તરે છે જ્યાં વિશ્વના નેતાઓ ભારતની મદદ માગે છે. આ એ સ્તર છે જે આપણા દેશે પહેલા ક્યારેય જોયું નથી. પીએમ મોદીના કારણે આવું બન્યું છે. હવે આપણે વિચારવાની જરૂર છે કે કોને મત આપવો ?


જો કે, કંગના રણૌતના આ નિવેદન બાદ તરત જ તેમની ચોતરફી ટીકા થવા લાગી હતી અને ઓનલાઈન નેટીજન્સ તેમના પર વિફર્યા હતા અને સતત કટાક્ષ કરવા લાગ્યા હતા. અગાઉ પણ તેજસ્વી યાદવ સામે નિશાન તાકવાની જગ્યાએ ભૂલથી તેજસ્વી સૂર્યા એટલે કે પોતાની જ પાર્ટી ભાજપના વર્તમાન સાંસદ સામે નિશાન તાકતાં લોકોએ કંગના રણૌતની ખૂબ મજાક ઉડાવી હતી.

# હજારો લોકો એવું માને છે કે કોવિડની રસીઓ લેવાને કારણે તેમને નુકસાન થયું છે; પણ શું તેમની આ વાત કોઈ સાંભળે છે ?

## બધી રસીઓ પ્રસંગોપાત આડઅસરો ધરાવે છે, પરંતુ જે લોકો કહે છે કે તેઓને કોવિડ રસીથી નુકસાન થયું છે અને તેઓ માને છે કે તેમના કેસોની અવગણના કરવામાં આવી છે

(એજન્સી) તા.૬

મિશેલ ઝિમરમેન નામના એક વ્યક્તિને જોહ્નસન એન્ડ જોહ્નસન કંપનીની કોવિડ-૧૯ રસી મેળવ્યાની થોડી જ મિનિટોમાં તેના ડાબા હાથથી તેના કાન સુધી અને નીચે આંગળીના ટેરવા સુધી દુખાવો થતો અનુભવાયો. થોડા દિવસોમાં, તેણી પ્રકાશ પ્રત્યે અસહ્ય સંવેદનશીલ બની ગઈ હતી અને સરળ હકીકતો યાદ રાખવા માટે તેણીને સંઘર્ષ કરવો પડી રહ્યો હતો. હવે, ત્રણ વર્ષથી વધુ સમય પછી તે તેના માતાપિતા સાથે રહે છે. તેને મગજને નુકસાન થયું હોવાનું નિદાન થયું, તે લાંબા સમય સુધી કામ કરી શકતી નથી, વાહન ચલાવી શકતી નથી અથવા તો ઊભી પણ નથી રહી શકતી. કોવિડની રસીઓ એ વિજ્ઞાન અને જાહેર આરોગ્યની જીત છે, એવો અંદાજ છે કે આ રસીએ લાખો હોસ્પિટલમાં દાખલ થવા અને મૃત્યુ થતા અટકાવ્યા છે. છતાં પણ આ શ્રેષ્ઠ રસીઓ ગંભીર આડઅસર પેદા કરે છે. અને કોવિડ રસી યુનાઈટેડ સ્ટેટ્સમાં ૨૭૦ મિલિયનથી વધુ લોકોને લગભગ ૬૭૭ મિલિયન ડોઝમાં આપવામાં આવ્યા છે. હજારો અમેરિકનો માને છે કે તેઓ કોવિડ રસીકરણને પગલે ગંભીર આડઅસરનો ભોગ બન્યા છે. એપ્રિલ સુધીમાં, ફેડરલ સરકારમાં ૧૩,૦૦૦થી વધુ રસી-ઈજા વળતરના દાવા દાખલ કરવામાં આવ્યા છે પરંતુ માત્ર ૧૯ ટકાની સમીક્ષા કરવામાં આવી છે. તેમાંથી માત્ર ૪૭ જ વળતર માટે પાત્ર માનવામાં આવ્યા હતા, અને લગભગ $૩,૬૦૦ની સરેરાશ સાથે માત્ર ૧૨ લોકોને વળતર ચૂકવવામાં આવ્યું છે. કેટલાક વૈજ્ઞાનિકોને ડર છે કે વાસ્તવિક ઈજાઓવાળા દર્દીઓને મદદ નકારી કાઢવામાં આવી રહી છે અને તેઓ માને છે કે સંભવિત જોખમોને સ્પષ્ટ કરવા માટે વધુ કામ કરવાની જરૂર છે. યેલ યુનિવર્સિટીના ઈમ્યુનોલોજિસ્ટ અને રસી નિષ્ણાત અકીકો ઈવાસાકીએ જણાવ્યું હતું કે જે લોકો કહે છે કે તેઓને રસીકરણ પછીની ઈજાઓ થઈ છે તેઓને સંપૂર્ણપણે અવગણવામાં આવે છે. કેટલાક મહિનાઓ દરમિયાન હાથ ધરવામાં આવેલા ઈન્ટરવ્યુ અને ઈમેઈલમાં, ફેડરલ આરોગ્ય અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગંભીર આડઅસરો અત્યંત દુર્લભ છે આરોગ્ય અને માનવ સેવા વિભાગના પ્રવક્તા જેફ નેસ્બિટે એક ઈમેઈલ નિવેદનમાં જણાવ્યું હતું કે, યુનાઈટેડ સ્ટેટ્સમાં લાખો લોકોએ યુએસ ઈતિહાસમાં સૌથી સઘન સલામતી દેખરેખ હેઠળ કોવિડ રસી સુરક્ષિત રીતે પ્રાપ્ત કરી છે. ડો. વુડકોકે કહ્યું કે, હું માનું છું કે આડઅસરો ધરાવનારની વેદનાને સમજાવી જોઈએ, તેઓને વાસ્તવિક સમસ્યાઓ છે, અને તેમને ગંભીરતાથી લેવી જોઈએ. ફેડરલ અધિકારીઓ અને સ્વતંત્ર વૈજ્ઞાનિકો સંભવિત રસીની આડઅસરોને ઓળખવામાં સંખ્યાબંધ પડકારોનો સામનો કરે છે. રસી મેળવનારાઓના કોઈ તબીબી રેકોર્ડ્સ છે અને આ ડેટાને એકત્રિત કરવાની કોઈ સરળ રીત નથી. સરકારે વળતર ફંડ ઓછું ચૂકવ્યું છે કારણ કે તે સત્તાવાર રીતે કોવિડ રસીઓ માટે અમુક આડઅસરોને માન્યતા આપે છે. જે દર્દીઓ માને છે કે તેઓએ ગંભીર આડઅસરનો અનુભવ કર્યો છે તેઓ કહે છે કે તેઓને બહુ ઓછો ટેકો અથવા સ્વીકૃતિ મળી છે. ફ્રાન્સે કહ્યું કે ડોકટરો કોવિડ રસીઓ સાથેના કોઈપણ જોડાણને નકારી રહ્યા છે. પણ એક વર્ષથી વધુ સમય દરમિયાન હાથ ધરવામાં આવેલા ઈન્ટરવ્યુમાં લોકોએ કહ્યું હતું કે તેઓને કોવિડ શોટ્સ દ્વારા નુકસાન થયું છે. તેઓએ રસીકરણ પછી વિવિધ લક્ષણો વર્ણવ્યા હતા, જેમાં ન્યુરોલોજીકલ, સ્વયંપ્રતિરક્ષા, અને કાર્ડિયોવાસ્ક્યુલર હતા. ડોકટરો કહે છે કે, જ્યારે અમારા દર્દીઓ કોઈ આડઅસરનો અનુભવ કરે છે જે રસી સાથે સંબંધિત હોઈ શકે છે અથવા ન પણ હોઈ શકે, ત્યારે અમે શક્ય તેટલી સંપૂર્ણ તપાસ કરવા માટે પ્રયાસ કરીએ છીએ. સીડીસીના જણાવ્યા અનુસાર, સિસ્ટમમાં COVID રસીકરણ સંબંધિત આશરે ૧ મિલિયન અહેવાલો છે. સામૂહિક રસીકરણ સાઈટ્સ પર COVID શૉટ્સ માટે વીમાના દાવા ડેટાબેઝમાં રેકોર્ડ કરવામાં આવ્યાં નથી, અને યુનાઈટેડ સ્ટેટ્સમાં તબીબી રેકોર્ડ્સ કેન્દ્રિયકૃત નથી. રાષ્ટ્રીય અકાદમીઓ દ્વારા બોલાવવામાં આવેલી નિષ્ણાત પેનલે એપ્રિલમાં તારણ કાઢ્યું હતું કે મોટાભાગની આડઅસરો માટેની લિંકને સ્વીકારવા અથવા નકારવા માટે પૂરતો ડેટા નથી. કેન્દ્રિય આરોગ્ય સંભાળ પ્રણાલી ધરાવતા કેટલાક દેશોમાં, અધિકારીઓએ સક્રિયપણે COVID રસીની ગંભીર આડ અસરોના અહેવાલો શોધી કાઢ્યા છે. હોંગકોંગમાં સરકારે રસીકરણના દર્દીઓના કેન્દ્રિય તબીબી રેકોર્ડનું વિશ્લેષણ કર્યું અને લોકોને સમસ્યાઓ માટે ચૂકવણી કરી. રાષ્ટ્રની રસી સલામતી પ્રયાસોનું નેતૃત્વ કરનાર હોંગકોંગ યુનિવર્સિટીના સંશોધક ઈયાન વોંગે જણાવ્યું હતું કે, આ વ્યૂહરચનાથી ઘણા બધા હળવા કેસોની ઓળખ કરવામાં આવી હતી. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના ઓટોલેરીંગોલોજિસ્ટ ડો. કોન્સ્ટેન્ટિના સ્ટેનકોવિકે જણાવ્યું હતું કે, ટિનીટસ માટે કોઈ પરીક્ષણ અથવા સ્કેન નથી, અને વિજ્ઞાનીઓ સરળતાથી તેનો અભ્યાસ કરી શકતા નથી. યુનાઈટેડ સ્ટેટ્સમાં લગભગ ૨.૬ મિલિયન લોકોના આરોગ્ય રેકોર્ડના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે લગભગ ૦.૦૪%, અથવા લગભગ ૧,૦૦૦ લોકોને પ્રથમ દ્બઈદ્બછ શોટના ત્રણ અઠવાડિયામાં ટિનીટસ હોવાનું નિદાન થયું હતું. માર્ચમાં, ઓસ્ટ્રેલિયાના સંશોધકોએ ટિનીટસ અને વર્ટિગોને રસી સાથે જોડતો અભ્યાસ પ્રકાશિત કર્યો હતો. એફડીએ ટિનીટસના અહેવાલોનું નિરીક્ષણ કરી રહ્યું છે, પરંતુ આ સમયે, ઉપલબ્ધ પુરાવા COVID-19 રસીઓ સાથે કારણભૂત જોડાણ સૂચવતા નથી. ૨૨ મે, ૨૦૨૧ ના રોજ, સમાચાર આવ્યા કે CDC મ્યોકાર્ડિટિસના પ્રમાણમાં ઓછા કેસોની તપાસ કરી રહી છે. ૨૩ જૂન સુધીમાં, VAERS માં મ્યોકાર્ડિટિસના અહેવાલોની સંખ્યા વધીને ૧,૨૦૦ થી વધુ થઈ ગઈ હતી. આ વિશ્લેષણ દર્શાવે છે કે મ્યોકાર્ડિટિસ અને પેરીકાર્ડિટિસ માટેનું જોખમ ૧૨ થી ૧૭ વર્ષની વયના કિશોરોમાં દ્બઈદ્બછ ર્ઁકૈંઢ રસીની બીજી માત્રા પછી સૌથી વધુ છે. ઘણા લોકોમાં, રસી-સંબંધિત મ્યોકાર્ડિટિસ ક્ષણિક હોય છે. પરંતુ કેટલાક દર્દીઓને પીડા, શ્વાસ લેવામાં તકલીફ અને હતાશાનો અનુભવ થાય છે. મ્યોકાર્ડિટિસને લીધે મૃત્યુની કોઈ પુષ્ટિ થયેલ નથી, પરંતુ વાસ્તવમાં રસીકરણ પછી મૃત્યુના ઘણા અહેવાલો નોંધાયા છે. કેટલાક નિષ્ણાતોએ જણાવ્યું હતું કે રસી વિરોધી પ્રચારથી વૈજ્ઞાનિકો માટે સંભવિત આડઅસરોને સમજવાનું મુશ્કેલ બન્યું છે. કોવિડ રસીના કથિત જોખમો પરની મોટાભાગની વાતો સ્પષ્ટપણે ખોટી છે, અથવા અતિશયોક્તિપૂર્ણ છે, જે રસી વિરોધી ઝુંબેશ દ્વારા તૈયાર કરવામાં આવી છે. લાખો અમેરિકનોમાંથી જેમને કોવિડ માટે રસી આપવામાં આવી હતી, તેમાથી કેટલાકને કોઈપણ રીતે હાર્ટ એટેક અથવા સ્ટ્રોક આવ્યા હશે. કેટલીક સ્ત્રીઓની કસુવાવડ થઈ હશે. તો રસીના કારણે થતા સંયોગોથી કેવી રીતે અલગ પાડવા જોઈએ ? આ પ્રશ્નનો ઉકેલ લાવવાનો એકમાત્ર રસ્તો સઘન સંશોધન છે. સંપૂર્ણ સંશોધન પણ હજારો અમેરિકનોને મદદ કરી શકે છે. સંઘીય સરકારે રાષ્ટ્રીય રસી ઈજા વળતર કાર્યક્રમ શરૂ કર્યો છે, જે રસીકરણ પછી ઈજાગ્રસ્ત લોકોને વળતર આપવા માટે છે. પરંતુ કોવિડ રસીઓ તે ભંડોળ દ્વારા આવરી લેવામાં આવતી નથી. તેના બદલે, કોવિડ રસી સંબંધિત દાવાઓ કાઉન્ટરમેઝર્સ ઈન્જરી કમ્પેન્સેશન પ્રોગ્રામમાં છે. જાહેર આરોગ્ય કટોકટીઓ માટે બનાવાયેલ, આ પ્રોગ્રામમાં ચૂકવણી કરવા માટેના કડક માપદંડો છે અને પુરાવાના કડક ધોરણો સાથે $૫૦,૦૦૦ની મર્યાદા છે. તેણે ફાઈલ કરેલા ૧૩,૦૦૦ દાવાઓના માત્ર અમુકની સમીક્ષા કરી છે, અને માત્ર એક ડઝન લોકોને ચૂકવણી કરી છે.




# ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર પશ્ચિમ મહારાષ્ટ્રમાં સહાનુભૂતિના મોજાં પર સવાર

(એજન્સી) તા.૬



પ્રદેશની ચૂંટણીઓનું વિશિસ્ટ મહત્વ છે. કારણ કે, તે શિવસેના અને NCPની સાચી ઓળખ નક્કી કરશે. નવા રચાયેલા ગઠબંધનની કસોટી કરશે અને આગામી વિધાનસભાની ચૂંટણીઓ પર તેની અસર પડશે. મહારાષ્ટ્રના પ્રાદેશિક રાજકારણમાં એક અલગ અંડર કરંટ ઉભરી આવ્યું છે એક કે જે પક્ષના જોડાણોને પ્રભાવિત કરે છે અને સમગ્ર રાજ્યમાં પડઘો પાડે છે. આ કોંગ્રેસ તરફી લહેર નથી કે નથી તે શરદ પવાર કે ઉદ્ધવ ઠાકરે તરફી લહેર પરંતુ આપણે જે જોઈ રહ્યા છીએ તે એક અસ્પષ્ટ ભારતીય જનતા પાર્ટી વિરોધી ભાવના છે. પશ્ચિમ મહારાષ્ટ્રના લોકો સાથેની વાતચીત ભાજપની વિભાજનકારી રણનીતિઓ પ્રત્યે ઊંડો બેઠો અસંતોષ દર્શાવે છે. મતદારો રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં ભંગાણ માટે પક્ષને જવાબદાર માને છે અને આવી જ લાગણી કોંકણ-મુંબઈ પ્રદેશમાં ઉદ્ધવ ઠાકરેને પણ છે. રસપ્રદ વાત એ છે કે, પાર્ટીના વિભાજન છતાં મોટી સંખ્યામાં મૂળ એનસીપી અને શિવસેના કેડર અનુક્રમે શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેને વફાદાર રહે છે. જો કે, શિવસૈનિકોમાં સ્પષ્ટ નિરાશા છે (જેને શિવસેનાના કાર્યકર્તાઓ કહેવામાં આવે છે) - તેઓ એક સમયે ધનુષ-બાણના પ્રતીકને માન આપતા હતા. પરંતુ હવે તે એકનાથ શિંદેની આગેવાની હેઠળના શિવસેના જૂથની છે.

મહારાષ્ટ્રમાં શિવસેના અને એનસીપીના વિભાજન પછી સહાનુભૂતિના મોજા ઉપરાંત રમતમાં એક મહત્વપૂર્ણ પરિબળ એ છે કે, લોકો રાષ્ટ્રીય મુદ્દાઓ કરતાં સ્થાનિક મુદ્દાઓને પ્રાથમિકતા આપે છે. ગ્રામીણ વિસ્તારોમાં ભાજપ પ્રત્યે સ્પષ્ટ નારાજગી જોવા મળે છે, જે મોટાભાગે કૃષિ સંકટ, પાક માટે વાજબી ભાવ, કૃષિ ઉત્પાદનો પર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અને શેરડીના લેણાં ચૂકવવામાં ફેક્ટરીઓની નિષ્ફળતાથી ઉદ્ભવે છે. મહા વિકાસ અઘાડી (MVA) અને નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ અંગેની ચર્ચાઓમાં, બંનેની પ્રશંસા પ્રાપ્ત થાય છે, ખાસ કરીને MVAને તેની પાક લોન માફી અને વર્ષોથી COVID-19 કટોકટીનો અસરકારક રીતે હાથ ધરવા બદલ વખાણ કરવામાં આવે છે. જો કે, NDA અંગે મતદારોમાં ચિંતાઓ છે. જેનું મુખ્ય કારણ પ્રાદેશિક પક્ષોને ખંડિત કરવામાં ભાજપની કથિત ભૂમિકાને આભારી છે. આ સંદેશાનો મતદારોમાં સારો પડઘો પડ્યો નથી. અમારા કેસ સ્ટડી માટે અમે ત્રણ સંસદીય મતવિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરીશું: બારામતી, શિરૂર અને રત્નાગિરી-સિંધુદુર્ગ. મહારાષ્ટ્ર લોકસભા ચૂંટણીના આગામી ત્રીજા તબક્કામાં સ્પોટલાઈટ પશ્ચિમ મહારાષ્ટ્ર પ્રદેશ પર પડે છે. ૭ મેના રોજ આ નિર્ણાયક યુદ્ધના મેદાનમાં મતદારો તેમના પ્રતિનિધિઓને ચૂંટવા માટે મતદાન કરશે. લાંબા સમયથી ચાલતા રાજકીય રાજવંશો અને પારિવારિક ઝઘડાઓ અહીં કેન્દ્રસ્થાને છે. પશ્ચિમ મહારાષ્ટ્ર લાંબા સમયથી પ્રભાવશાળી શરદ પવારના નેતૃત્વમાં એનસીપીનો ગઢ રહ્યો છે. જો કે, આ વખતે પાર્ટીમાં આંતરિક વિખવાદ જોવા મળી રહ્યો છે. NCP બે જૂથોમાં વહેંચાઈ ગઈ છે : NCP (SCP) અને NCP (અજિત પવાર). આ સમગ્ર પ્રદેશમાં રસપ્રદ સ્પર્ધા આ કારણે જોવા મળી શકે છે.

### બારામતી

સ્પોટલાઈટમાં આવી જ એક બેઠક બારામતી સંસદીય મતવિસ્તાર છે. અહીં સંસદના વર્તમાન સભ્ય અને શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે ફરીથી ચૂંટણી લડવા માંગે છે. ૨૦૧૯ની ચૂંટણીમાં સુલેએ ૧.૫૫ લાખ મતોના નોંધપાત્ર માર્જિનથી વિજય મેળવ્યો હતો અને ભાજપમાંથી તેના નજીકના હરીફ કંચન રાહુલ કુલને હરાવી હતી.

જો કે, આ વખતે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. બાહ્ય પ્રતિસ્પર્ધી સામે સ્પર્ધા કરવાને બદલે સુલેને કુટુંબના આંતરિક પડકારનો સામનો કરવો પડે છે. શરદ પવારના ભત્રીજા અને અગ્રણી રાજકીય વ્યક્તિ અજિત પવારે તેમની પત્ની સુનેત્રા પવારને હરીફ ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. સ્થાનિક લોકો દ્વારા આ સ્પર્ધાને "નણંદ વિરૂદ્ધ ભાભી" તરીકે ઓળખવામાં આવી છે. ચૂંટણીની આગેકૂચમાં તણાવ વધી ગયો છે. NCP (શરદ પવાર)ના રોહિત પવારે અજીત પર મતદારોને ડરાવવાનો આરોપ લગાવ્યો છે. અહેવાલો સૂચવે છે કે, અજીતની કથિત ધમકીઓ પણ મતદારો સાથે સારી રીતે પડઘો પડી નથી. શિવમ જેઓ સ્થાનિક હોસ્પિટલમાં ડૉક્ટર છે અને પશ્ચિમ મહારાષ્ટ્રના રાજકારણના આતુર નિરીક્ષક છે. તેમણે કહ્યું, "અજિત પવાર મજબૂત હાથની રણનીતિનો ઉપયોગ કરવાનો ઈતિહાસ ધરાવે છે. ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીઓમાં તેમણે મતદારોને ચેતવણી આપી હતી કે, તેઓ NCP માટે મતદાન કરે નહીં તો તેમનો પાણી પુરવઠો બંધ થઈ જશે." આ આરોપો અને કૌટુંબિક ઝઘડાઓ વચ્ચે "શરદ પવાર પ્રત્યે સહાનુભૂતિની પ્રવર્તમાન લાગણી છે." શિવમે કહ્યું. પીઢ નેતાનો પ્રભાવ ખાસ કરીને પશ્ચિમ મહારાષ્ટ્રમાં નોંધપાત્ર ભૂમિકા ભજવતો રહે છે. જેમ જેમ મતદારો ચૂંટણી તરફ આગળ વધે છે તેમ બારામતી માટેની લડાઈ મહારાષ્ટ્રની રાજકીય ગાથામાં એક મનમોહક પ્રકરણ બની રહી છે.

### શિરૂર

શિરૂર સંસદીય ક્ષેત્રમાં એનસીપી પાર્ટીના બે જૂથો વચ્ચે જોરદાર લડાઈ ચાલી રહી છે. એક જૂથનું નેતૃત્વ શરદ પવાર કરે છે અને બીજા જૂથનું નેતૃત્વ તેમના ભત્રીજા અજિત કરે છે. વર્તમાન સાંસદ, અમોલ રામસિંગ કોલ્હે, શરદના પક્ષે છે. જ્યારે તેમના વિરોધી શિવાજીરાવ અધલરાવ પાટીલ, અજીતના જૂથ દ્વારા સમર્થિત છે.

રસપ્રદ વાત એ છે કે, ઘણા રાજકારણીઓએ અજિત સાથે જોડાવા માટે પક્ષપલટો કર્યો હોવા છતાં અમોલ ખોલે શરદને વફાદાર રહ્યા છે. આનાથી તેમને સ્થાનિક લોકો તરફથી સહાનુભૂતિ મળી છે. જેઓ તેમને તેમના સિદ્ધાંતોને વળગી રહેનાર વ્યક્તિ તરીકે જુએ છે.

શિવાજીરાવ અધલરાવ પાટીલ અજિતના હરીફ હતા. પરંતુ અમોલ કોલ્હેને હરાવવા તેમણે અજીત સાથે હાથ મિલાવ્યા છે. આ પગલાએ ઘણા લોકોને નારાજ કર્યા છે, જેઓ તેને કુટુંબ અને રાજકીય મૂલ્યો સાથે વિશ્વાસઘાત તરીકે જુએ છે.

સ્થાનિક પત્રકારોએ કહ્યું કે તેઓએ નોંધ્યું છે કે, લોકો અજીતની ક્રિયાઓથી ખુશ નથી. ખાસ કરીને તેના પૂર્વ દુશ્મનો સાથેના જોડાણથી. જ્યારે આ મતવિસ્તારમાં પરંપરાગત શિવસેના સમર્થકોના મત NCP (અજિત પવાર) ઉમેદવારને ટ્રાન્સફર કરવા અંગે પ્રશ્ન કરવામાં આવ્યો, ત્યારે સ્થાનિક પત્રકારે ટિપ્પણી કરી કે, આવું થતું હોય તેવું લાગતું નથી. જો કે, જ્યારે એનસીપી (શરદ પવાર) ઉમેદવારને પરંપરાગત શિવસેનાના મતો ટ્રાન્સફર કરવાની ચર્ચા કરવામાં આવે છે. ત્યારે તેઓ કહે છે કે, તે ખરેખર નોંધપાત્ર સ્તરે થઈ રહ્યું છે, સંભવતઃ ઉદ્ધવ ઠાકરે પ્રત્યેની સહાનુભૂતિને કારણે. વધુમાં ઉદ્ધવે NCP (શરદ પવાર)ના ઉમેદવાર અમોલ કોલ્હેના સમર્થનમાં વિશાળ જાહેર રેલી યોજી હતી. ચૂંટણીના પરિણામોની મહારાષ્ટ્રની રાજનીતિ પર મોટી અસર પડી શકે છે.

### રત્નાગીરી-સિંધુદુર્ગ

કોંકણ પ્રદેશમાં આવેલ રત્નાગીરી-સિંધુદુર્ગ સંસદીય મતવિસ્તાર, ૭ મેના રોજ મતદાન થવાનું છે અને તેને શિવસેનાના ગઢ તરીકે વ્યાપકપણે ગણવામાં આવે છે. શિવસેના (UBT)નું પ્રતિનિધિત્વ કરતા વિનાયક રાઉતે સતત બે વખત સાંસદ તરીકે સેવા આપી છે. જો કે, વર્તમાન ચૂંટણી લેન્ડસ્કેપ તેમને નોંધપાત્ર પડકાર સાથે રજૂ કરે છે, કારણ કે ભાજપે રાઉત સામે તેના ઉમેદવાર તરીકે પૂર્વ સીએમ નારાયણ રાણેને નામાંકિત કર્યા છે. એક સ્થાનિક પત્રકારના જણાવ્યા અનુસાર સ્થાનિક રહેવાસીઓમાં એવી લાગણી પ્રવર્તી રહી છે કે શિવસેનાના શિંદે જૂથે ભાજપના પ્રભાવને સ્વીકાર્યું છે, જેનો પ્રભાવ શિવસેનાના સમર્થકો પર સારો પડ્યો નથી. કોંકણી સમુદાય, શિવસેના પ્રત્યેની વફાદારી માટે પ્રખ્યાત છે, મુંબઈમાં પણ નોંધપાત્ર હાજરી ધરાવે છે, જ્યાં તેઓ પરંપરાગત રીતે ઠાકરે પરિવાર સાથેના તેમના જોડાણને કારણે પક્ષ સાથે જોડાણ કરે છે.

શિવસેના (શિંદે)ના નેતા અને કેબિનેટ મંત્રી ઉદય સામંતના ભાઈ કિરણ સામંત ટિકિટ માટે મોખરે હતા પરંતુ સીટ વહેંચણીના સોદામાં આ સીટ ભાજપને ગઈ. કિરણ આ મતવિસ્તારમાં લોકોમાં ખૂબ જ જાણીતા છે અને તેમને ટિકિટ ન આપવાથી તેમના સમર્થકો પણ ખફા છે . તેમના એક સમર્થકે કહ્યું, "પાર્ટીએ કિરણ સામંત સાથે દગો કર્યો છે."


શિવસેના (UBT)ની તરફેણમાં કામ કરતું બીજું પરિબળ ભાજપના નારાયણ રાણે દ્વારા મરાઠા આરક્ષણ અંગે આપેલું તાજેતરનું નિવેદન છે. તેમણે મરાઠા સમુદાયને કુણબીનો દરજ્જો આપવાના ડ્રાફ્ટ પ્રસ્તાવનો ખુલ્લેઆમ વિરોધ કર્યો, જેણે આ સંસદીય મતવિસ્તારમાં બહુમતી ધરાવતા મરાઠાઓને નારાજ કર્યા. મહારાષ્ટ્રની ચૂંટણી અનેક કારણોસર મહત્ત્વપૂર્ણ છે. તે શિવસેના અને એનસીપી બંનેની સાચી ઓળખ નક્કી કરશે, નવા રચાયેલા ગઠબંધનની કસોટી કરશે અને આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ પર તેની અસર પડશે.

(સૌ.: ધ વાયર.ઈન)

# બાઈડેને ભારતને 'ઝેનોફોબિક દેશ' ગણાવ્યો, આ શબ્દનો અર્થ શું છે, શું આ પહેલા પણ તેના વિષે ક્યારેય ચર્ચા થઈ છે ? : ઝેનોફોબિક શબ્દનો ઈતિહાસ

(એજન્સી) તા.૬

વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં એક શબ્દની ખૂબ જ ચર્ચા થઈ રહી છે અને આ શબ્દ 'ઝેનોફોબિક' છે જેનો ઉલ્લેખ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને કર્યો છે. હકીકતમાં, બાઈડેને ભારત, જાપાન, ચીન અને રશિયાને 'ઝેનોફોબિક રાષ્ટ્રો' ગણાવ્યા છે. અમેરિકન રાષ્ટ્રપતિએ ઈમિગ્રન્ટ્સના મુદ્દા પર વાત કરતા આ વાત કહી છે. તો ચાલો જાણીએ કે જો બાઈડેને ભારત સહિત અન્ય દેશો વિશે શું કહ્યું છે ? બાઈડેન દ્વારા ઉલ્લેખિત 'ઝેનોફોબિક' શબ્દનો અર્થ શું છે ? આ શબ્દ પહેલાં ક્યારે ચર્ચાયો હતો



અમેરિકામાં આ વર્ષે રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. આ સ્પર્ધા રાષ્ટ્રપતિ જો બાઈડેન અને પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે છે. ચૂંટણીને ધ્યાનમાં રાખીને બંને નેતાઓએ પ્રચાર પણ શરૂ કરી દીધો છે. આ અભિયાન હેઠળ રાષ્ટ્રપતિ જો બાઈડેને ચૂંટણી માટે ભંડોળ એકત્ર કરવાના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સ્થળાંતર કરનારાઓનો ઉલ્લેખ કરતી વખતે, બાઈડેને ભારત, જાપાન, રશિયા અને ચીનને 'ઝેનોફોબિક રાષ્ટ્રો' ગણાવ્યા છે. બાઈડેને તેમના સમર્થકોને કહ્યું કે, 'આ ચૂંટણી સ્વતંત્રતા, અમેરિકા અને લોકશાહી વિશે છે. તમે જાણો છો કે આપણી અર્થવ્યવસ્થા વધી રહી છે તેનું એક કારણ તમે લોકો છો. કારણ કે અમે ઈમિગ્રન્ટ્સનું સ્વાગત કરીએ છીએ. શા માટે જાપાન, રશિયા અને ભારત અન્ય સમસ્યાનો સામનો કરી રહ્યા છે ? કારણ કે તેઓ ઝેનોફોબિક છે. તેઓ ઈમિગ્રન્ટ્સ એ એવું ઈચ્છતા નથી. અમે આગળ વધી રહ્યા છીએ કારણ કે અમે ઈમિગ્રન્ટ્સને આવકારીએ છીએ. અમેરિકી રાષ્ટ્રપતિ દ્વારા ઉલ્લેખિત ઝેનોફોબિક શબ્દ ગ્રીક મૂળનો છે. કેમ્બ્રિજ ડિક્શનરી અનુસાર, ઝેનોફોબિકનો અર્થ થાય છે 'અત્યંત અણગમો અથવા વિદેશીઓનો ડર.' મિરિયમ બેબસ્ટરની વ્યાખ્યા મુજબ, ઝેનોફોબિયાનો અર્થ થાય છે 'અજાણી વ્યક્તિઓ અથવા વિદેશીઓ અથવા કોઈપણ અજાણ્યા અથવા વિદેશી પ્રત્યેનો ભય અને તિરસ્કાર.'

આવું પહેલીવાર નથી જ્યારે બાઈડેને આ શબ્દનો ઉપયોગ કર્યો હોય. આ પહેલા ૧૮ એપ્રિલ, ૨૦૨૪ના રોજ રાષ્ટ્રપતિ બાઈડેને ચીનની આર્થિક મુશ્કેલીઓ વિશે વાત કરતા તેને 'ઝેનોફોબિક' ગણાવી હતી. તેમણે પેન્સિલવેનિયા રાજ્યમાં ચૂંટણી પ્રચાર દરમિયાન અમેરિકન આર્થિક તાકાતની પણ સરખામણી કરી હતી.

આ વર્ષે જાન્યુઆરીમાં ફ્રાન્સમાં વિવાદાસ્પદ ફ્રાન્સના ઈમિગ્રેશન કાયદા સામે ભારે વિરોધ પ્રદર્શન થયા હતા. આ વિરોધમાં ભાગ લેનારા ફ્રેન્ચ સાંસદોએ 'ઝેનોફોબિક' શબ્દનો ઉપયોગ કર્યો હતો. રાજકીય પક્ષ લા ફ્રાન્સ ઈનસોમિસ (LFI)ના સાંસદ ઓરેલી ટ્રૌવે કાયદાને 'જાતિવાદી, ઝેનોફોબિક' ગણાવ્યો હતો.

માર્ચ ૨૦૧૯માં, દક્ષિણ આફ્રિકાએ ઝેનોફોબિયા, જાતિવાદ અને ભેદભાવનો સામનો કરવા માટે રાષ્ટ્રીય કાર્ય યોજના શરૂ કરી હતી. આ પગલું ઝેનોફોબિક અને લિંગ આધારિત હિંસા અને ભેદભાવના કારણે માનવ અધિકારોના ઉલ્લંઘનને રોકવા માટે લેવામાં આવ્યું હતું. સરકાર અને નાગરિકો વચ્ચે પરામર્શ કરીને પંચવર્ષીય યોજના બનાવવામાં આવી હતી.

# ચોતરફ પાણીથી ઘેરાયેલા વાગરાના આલિયાબેટના મતદારો માટે શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઊભું કરાયું




ચોતરફ પાણીથી ઘેરાયેલા વાગરાના આલિયાબેટના મતદારો માટે ચૂંટણી તંત્ર દ્વારા શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઊભું કરાયું છે. (તસવીર :- સૈયદ અમજદ, વાગરા)

વાગરા, તા.૬

લોકશાહીના મહાપર્વ સમાન ચૂંટણીઓમાં પ્રત્યેક મત અને પ્રત્યેક મતદાતાનું આગવું મહત્ત્વ રહેલું છે. એક-એક મત દેશનું ભાવિ ઘડવામાં અને લોકતંત્રને મજબૂત બનાવવામાં અગત્યનો ભાગ ભજવે છે, ત્યારે ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં આવેલા અંતરિયાળ તેમજ ચોતરફ પાણીથી ઘેરાયેલા આલિયાબેટના ૧૩૬ પુરૂષ અને ૧૧૮ સ્ત્રી મતદારો મળી કુલ ૨૫૪ મતદારો માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા લોકસભા ચૂંટણી માટે શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઊભું કરાયું છે. વર્ષ ૧૯૫૧-૫૨માં દેશભરમાં યોજાયેલી પ્રથમ ચૂંટણી અને ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી સુધી ૭૦ વર્ષ દરમિયાન યોજાયેલી સ્થાનિક સ્વરાજ્ય, લોકસભા- વિધાનસભા ચૂંટણીઓમાં મતદારો નાવડીમાં સવાર થઈને આલિયાબેટથી જમીન માર્ગે ૮૨ કિલોમીટર અને જળમાર્ગે ૧૫ કિ.મી. દૂર આવેલા કલાદરા ગામમાં મતદાન કરવા જતા હતા. ઘણીવાર નદીનું જળસ્તર ઘટી જાય તો જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ મતદારોને એસ.ટી. બસમાં લઈ જવામાં આવતા હતા. નર્મદા નદીના ત્રિકોણ પ્રદેશમાં વાગરા તાલુકામાં આવેલા આલિયાબેટની લંબાઈ ૧૭.૭૦ કિ.મી. અને પહોળાઈ ૪.૮૨ કિ.મી. છે. ૨૨,૦૦૦ હેક્ટર ક્ષેત્રફળ ધરાવતો આલિયાબેટ જમીન માર્ગે હાંસોટ સાથે જોડાયેલો છે પણ કલાદરા ગ્રુપ ગ્રામ પંચાયતમાં જોડાયેલ હોવાથી તે ૧૫૧ વાગરા વિધાનસભા મતવિસ્તારમાં ૯૮ કલાદરા-૦૨માં આવે છે. ૨૦૨૧ની તાલુકા પંચાયત ચૂંટણીમાં પહેલી વખત મતદાન કેન્દ્ર ફાળવાતા ૨૩૦માંથી ૨૦૪ મતદારોએ મતદાન કર્યું હતું. ભરૂચ જિલ્લાના અંતરિયાળ આલિયાબેટના ભૌગોલિક સ્થાનના કારણે રાજ્ય કે કેન્દ્ર સરકારની સરકારી બિલ્ડિંગ ઉપલબ્ધ ન હોવાથી શિપિંગ કન્ટેનરમાં મતદાન કરવા માટે હંગામી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જેમાં આગામી તા.૭મી મેના રોજ મતદારો સામૂહિક મતદાન કરી લોકશાહીની ફરજ બજાવવા ઉત્સુક છે. ચૂંટણી પૂર્ણ થયા બાદ કન્ટેનરને પ્રાથમિક સ્કુલમાં તબદીલ કરી દેવામાં આવે છે, જેમાં હાલ બેટના ૫૦ જેટલા બાળકોને શિક્ષણ અપાઈ રહ્યું છે. સોલર પેનલ દ્વારા ઉત્પન્ન થતી વીજળીથી કન્ટેનરના ટ્યુબલાઈટ અને પંખા ચાલે છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, આલિયાબેટ ભરૂચ જિલ્લાનો અંતરિયાળ ટાપુ છે, જેમાં ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ ચૂંટણીલક્ષી મૂળભૂત સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. ચૂંટણી પંચના ધ્યેયસૂત્ર 'No Voter to be left behind'માંથી પ્રેરણા મેળવીને વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીથી આલિયાબેટમાં જ કન્ટેનરમાં મતદાન મથક ઊભું કર્યું છે, જેના કારણે મતદારોને દૂર સુધી મત આપવામાં પડતી મુશ્કેલી-અસુવિધાઓ દૂર થઈ છે. આલિયાબેટ લગભગ ૫૦૦ નાગરિકોની વસ્તી ધરાવે છે. ૩૫૦ વર્ષ પહેલા કચ્છથી પશુધન સાથે આવીને આલિયાબેટમાં વસ્યા હતા ફકીરાણી જત જાતિના લોકો ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં આવેલા અંતરિયાળ આલિયાબેટમાં ૧૩૯ પરિવારોના ૨૫૪ મતદારો લોકશાહીના ધબકારને જીવંત રાખશે. બેટમાં રહેતા અને જત સમુદાયના અગ્રણી મહંમદભાઈ હસન જત જણાવે છે કે, જિલ્લા ચૂંટણી તંત્ર શિપિંગ કન્ટેનરમાં બૂથ ઊભું કરી અમારા ઘરઆંગણે મતદાન માટે આગવી સુવિધા ઊભી કરે છે, જે અભિનંદને પાત્ર છે. આ સુવિધા ન હતી ત્યારે મતદાન માટે બોટમાં કલાદરા ગામે જતા એ સમયે સવારે ૧૦:૦૦ વાગ્યા પછી ભરતીના પાણી ઉતરી જતાં બોટ ચાલી શકે તેવી સ્થિતિ રહેતી ન હતી. મત આપીને પાછું આવવું હોય તો સાંજે ૫:૦૦ વાગ્યે ફરી ભરતી આવે તેની રાહ જોવી પડે અથવા ૮૨ કિ.મી. જેટલો ચકરાવો લેવો પડે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં તંત્ર દ્વારા આલિયાબેટના મતદારો માટે ખાસ વ્યવસ્થાના ભાગરૂપે એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવી હતી અને આલિયાબેટથી હાંસોટ થઈ ભરૂચ અને વાગરા ખાતે મતદારોને લઈ જવામાં આવ્યા હતા. મતદાર હનીફાબેન અલીભાઈ જત જણાવે છે કે, ગત વિધાનસભા ચૂંટણીમાં અમે સૌએ સાથે મતદાન કર્યું હતું. અમે મહિલાઓ અલ્પશિક્ષિત છીએ. બેટમાં રહેતી મહત્તમ મહિલાઓ અશિક્ષિત છે, છતાં પણ અમે અચૂક મતદાન કરી અમારી દેશ પ્રત્યેની ફરજ નિભાવીએ છીએ. આલિયાબેટના ૧૩૯ પરિવારોના ૫૦૦ સ્ત્રી-પુરૂષો, બાળકો પશુપાલન સાથે સંકળાયેલા છે. તેઓની પાસે ૧૨૦૦થી વધુ ભેંસો અને ૬૦૦ ઊંટ છે. ભરૂચના ગામડાઓમાં દૂધનું વેચાણ એ તેમની મુખ્ય આજીવિકા છે. હાંસોટ તાલુકામાં દૂધ વેચાણ સહિત શહેરા ડેરીમાં દૂધ જમા કરાવે છે. વર્ષોથી બેટમાં રહેતો મુસ્લિમ જત સમુદાય હજુ પણ પોતાની આગવી સંસ્કૃતિ સાચવીને ટકી રહ્યો છે.

## દુબઈ ખાતે જુડો કરાટેની સ્પર્ધામાં જંબુસરના કારા ગામના યુવાને ગોલ્ડ મેડલ મેળવ્યો



જંબુસર, તા.૬

દુબઈ ખાતે યોજાયેલ માર્શલ આર્ટ જુડો કરાટેની સ્પર્ધામાં જંબુસરના કોરા ગામના વીરકુમાર ગીરીશ સોલંકીએ જીત મેળવીને ગોલ્ડમેડલ મેળવી પરિવાર અને સમાજનું નામ રોશન કર્યું છે. ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપ બુડોકોન કપ ૨૦૨૪ સ્પર્ધામાં વિશ્વભરના ૧૬ દેશોનાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તેણે ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

## આજે લોકસભા ચૂંટણીના ઉમેદવારો પોતાના મત વિસ્તારમાં મતદાન કરશે

ભરૂચ, તા.૬

ભરૂચ જિલ્લાની લોકસભા મતવિસ્તારની ચૂંટણીમાં આવતીકાલે તેર જેટલા ઉમેદવારો પોતાના મતદાન મથક ઉપર મત આપશે જ્યારે મનસુખભાઈ વસાવા તેઓ પોતાને મત નહીં આપી શકે તેઓ છોટાઉદેપુરની બેઠક ઉપરના ઉમેદવારને નાંદોદ તાલુકાના રાજપીપળા શહેરની મહારાજા રાજેન્દ્રસિંહ શાળામાં મતદાન કરશે. જ્યારે ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવાર ચૈતરભાઈ વસાવા ડેડીયાપાડા તાલુકાના બોગેજ ગામની પ્રાથમિક શાળામાં મતદાન કરશે. પાર્ટીના ઉમેદવાર દિલીપભાઈ છોટુભાઈ વસાવા ઝઘડિયા તાલુકાના ધારોલી ગામ ખાતે આવેલી પ્રાથમિક શાળામાં મતદાન કરશે.

### મતદાન પ્રક્રિયાને લઈ જિલ્લા તંત્ર સજ્જ

# નર્મદા જિલ્લાના ૩૦૯ મતદાન મથકો પર વેબકાસ્ટિંગ કરવામાં આવશે

રાજપીપળા, તા.૬

લોકસભાની સામાન્ય ચૂંટણી અન્વયે આવતીકાલે નર્મદા જિલ્લામાં ભરૂચ અને છોટાઉદેપુર બેઠક માટે મતદાન થવાનું છે, ત્યારે આ માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરાયેલી તૈયારી અંગે માહિતી આપતા કલેક્ટર શ્વેતા તેવતિયાએ જણાવ્યું કે, મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજાઈ તે માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. ગરમીની સ્થિતિને ધ્યાને રાખીને સવારના સમયે જ નાગરિકો મતદાન કરી લે એ માટે પણ અપીલ છે. આ ઉપરાંત હીટવેવ સામે ઓરઆરએસ, પાણી-છાંયડો, આરોગ્ય કાર્યકરની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

સમૂહ માધ્યમોના પ્રતિનિધિઓ સાથે વાતચીતમાં તેઓએ કહ્યું કે, ભરૂચ બેઠક માટે ૧૩ અને છોટાઉદેપુર બેઠક માટે ૬ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ગત એપ્રિલ માસની સ્થિતિએ ૪.૬૧ લાખ મતદારો નોંધાયા છે. તેમાંથી ૧૫,૪૩૬ મતદારો પ્રથમ વખત મતદાન કરશે. દેડિયાપાડા અને નાંદોદ બેઠકમાં કુલ મળી ૬૧૬ મતદાન મથકો છે. તેમાંથી ૧૩૩ ક્રિટિકલ મથકો છે. ૩૦૯ મતદાન મથકો ઉપર વેબકાસ્ટિંગ કરવામાં આવશે. ૨૪ શેડો એરિયાના મથકમાં વોકીટોકીની સુવિધા રાખવામાં આવી છે. આ ચૂંટણી સર્વસમાવેશક બની રહે તે માટે દિવ્યાંગ અને ૮૫ વર્ષથી ઉપરના મતદારોને હોમ વોટિંગની સુવિધા આપવામાં આવી છે. મતદાન મથકો માટે ૧૧૪ વ્હીલચેર આપવામાં આવી છે. એસઓયુ તંત્ર દ્વારા પણ વ્હીલચેરની ફાળવણી કરવામાં આવી છે. દૃષ્ટિહીન મતદારો માટે ૭૭૩ બ્રેઈલ વોટર ગાઈડનું વિતરણ કરવામાં આવ્યું છે.

**નર્મદા જિલ્લામાં બે વિશેષ પ્રકારના મતદાન મથકોનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં દેડિયાપાડાના ઝરણાવાડી ગામે આદિવાસી સંસ્કૃતિની ઝાંખી કરાવતું મથક બનાવવામાં આવ્યું છે. જ્યારે એકતાનગર ખાતે જંગલ સફારીની થીમ આધારિત મથદાન મથક બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત સખી, યુવા, દિવ્યાંગ મથકો પણ બંને વિધાનસભા મત વિસ્તારમાં બનાવવામાં આવ્યા છે.**

## હિંમતનગર સરકારી પોલિટેકનિકથી મતદાન મથકે ચૂંટણીલક્ષી સામગ્રીનું વિતરણ



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-૨૭ વિધાનસભા મત વિસ્તારની ચૂંટણીલક્ષી સામગ્રીનું સરકારી પોલીટેકનિક હિંમતનગર ખાતેથી આજે સવારથી જ જુદા-જુદા મતદાન મથકોએ રૂટ વાઈઝ સલામતી કર્મીઓ અને ચૂંટણી સાથે સંકળાયેલા સ્ટાફને ગુજરાત રાજ્ય વાહન વ્યવહારની બસોમાં ઈ.વી.એમ, વી.વી.પેટ મત કુટીર બી.યુ. અને મતદાન અંગેની સંલગ્ન સામગ્રી સાથે રવાના કરવામાં આવ્યા હતા. સાથે જ અલગ-અલગ કાઉન્ટર પરથી ડિસ્પેચ કરવામાં આવ્યું હતું. મતદાન પૂર્ણ થયે આ જ જગ્યાએ રીસીવિંગ સેન્ટર ઊભા કરાયા છે. જે ઈ.વી.એમ પરત આવતા સ્ટ્રોંગ રૂમમાં સુરક્ષિત રાખવામાં આવશે અને મત ગણતરીના દિવસે કાઉન્ટિંગ હોલમાં લાવવામાં આવશે. (તસવીર : ઈસ્હાક શેઠ, હિંમતનગર)

### EVM-VVPATનું વિતરણ કરાયું

## આજે અરવલ્લીમાં લોકસભાની ચૂંટણીને પગલે ચુસ્ત પોલીસ બંદોબસ્ત



મોડાસા, તા.૬

અરવલ્લી જિલ્લામાં લોકસભાની ચૂંટણી માટે EVM-VVPAT સહિત અનેક પ્રકારની સામગ્રીનું વિતરણ કરાયું છે. અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર તરફથી તમામ વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા તમામ તૈયારીઓ અને જરૂરી બંદોબસ્ત અને વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ગુજરાતમાં આવતીકાલે યોજાનારી પ્રથમ તબક્કાની ચૂંટણીને લઈને તંત્ર સજ્જ છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ મતદાનને લઈને તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. અરવલ્લીમાં જિલ્લા ચૂંટણી અધિકારી સહિતના અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં ત્રણ વિધાનસભાઓમાં EVM ડિસ્પેચિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ૩૨ ઝોનલ ઓફિસર અને ૩૨ આસિસ્ટન્ટ ઝોનલ ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે અને સંવેદનશીલ મતદાન મથકો ઉપર ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. આ વખતે મહિલા સશક્તિકરણને ધ્યાને લઈને અરવલ્લીમાં ૨૧ સખી મતદાન મથક પણ કાર્યરત કરવામાં આવશે. સખી મતદાન મથકનું સંપૂર્ણ સંચાલન મહિલા સ્ટાફ દ્વારા જ કરવામાં આવશે તથા ૩ મોડેલ, ૩ પીડબ્લ્યુડી અને ૧ યુવા મતદાન મથક ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મતદારોમાં કોઈ પ્રકારની મુશ્કેલીનો સામનો ના કરવો પડે તેની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

# વડોદરામાં સોની પરિવારના સામૂહિક આપઘાત પ્રયાસના કેસમાં કોલ ડિટેઈલ્સ-બેંક એકાઉન્ટની માહિતી મેળવતી પોલીસ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૬

વડોદરા, તરસાલીની નંદન વન સોસાયટીમાં રહેતા સોની પરિવારે કરેલા સામૂહિક આપઘાતના પ્રયાસના કેસમાં હજી પિતા-પુત્ર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પિતાની તબિયત સુધારા પર છે. જ્યારે પુત્રની હાલત સ્ટેબલ છે. સામૂહિક આપઘાતના પ્રયાસના કેસમાં આર્થિક સંકડામણ જવાબદાર હોઈ પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે. સમગ્ર શહેરમાં ચકચાર જગાવનાર આ કિસ્સાની વિગત એવી છે કે, તરસાલની નંદનવન સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા ચેતન મનહરલાલ સોની અગાઉ સોની કામ કરતા હતા. પરંતુ ધંધો બરાબર ચાલતો નહી હોવાથી તેઓ હાલમાં ઘરે જ મશીનમાં વાયસર બનાવતા હતા. ગત ૧લી તારીખે રાતે તેમણે શેરડીના રસમાં પોટેશિયમ સાઈનાઈડ ભેળવીને પિતા મનહરલાલ, પત્ની બિંદુબેન અને પુત્ર આકાશને પીવડાવી દીધો હતો. ઝેરની અસરના કારણે મનહરલાલ અને બિંદુબેનનું અવસાન થયું હતું. જ્યારે આકાશ ગંભીર હાલતમાં સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મકરપુરા પોલીસે ચેતન સોનીની પૂછપરછ કરતા પોતાની કરતૂતો ખુલ્લી પડી જવાના ડરથી તેણે પોતે પણ ઝેર પી લેતા તેને પણ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ચેતન સોની અને તેનો પુત્ર આકાશ હજી ભાનમાં આવ્યા નહીં હોવાથી તેઓના નિવેદન લઈ શકાયા નથી. આ કેસમાં આર્થિક સંકડામણ કારણભૂત હોઈ મકરપુરા પીઆઈ જે.એન. પરમારે તપાસ હાથ ધરી છે કે, ચેતન સોનીના નાણાકીય વ્યવહારો કોની સાથે હતા ? તે કોની સાથે અવાર-નવાર વાતચીત કરતો હતો ? તેની વિગતો મેળવવા પોલીસે તેની કોલ ડિટેઈલ્સ મંગાવી છે. ચેતન વ્યાજખોરની ચુંગલમાં ફસાયો હોવાની પણ શક્યતા હોવાથી પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

### શેરડીનો રસ ક્યાંથી લાવ્યો તેની તપાસ કરતી પોલીસ

વડોદરા, ચેતન સોની ક્યાંથી શેરડીનો રસ લાવ્યો હતો. તેના ઘર તરફ આવવાના રોડ પર ફિટ કરેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની પોલીસ ચકાસણી કરી રહી છે. જ્યારે બીજી તરફ આ વિસ્તારમાં શેરડીનું કોલું ચલાવતા લોકોની ત્યાં પણ પોલીસે પૂછપરછ હાથ ધરી છે. જો કે, હજી સુધી જાણી શકાયું નથી કે, ચેતન શેરડીનો રસ ક્યાંથી લાવ્યો હતો ? જ્યારે સાઈનાઈડ ક્યાંથી લાવવામાં આવ્યું હતું ? તેની વિગતો ચેતન સોની ભાનમાં આવ્યા પછી જ જાણી શકાશે.

# સુરેન્દ્રનગર પંથકમાં સપ્તાહમાં હૃદયરોગના હુમલામાં ચાર વ્યક્તિનાં મોત નિપજ્યા

સુરેન્દ્રનગર, તા.૬

સુરેન્દ્રનગર વઢવાણ અને જોરાવનગરમાં સપ્તાહમાં હૃદય રોગના હુમલામાં ૪ વ્યક્તિઓના મોત થયા હોવાનું સામે આવ્યું છે. વઢવાણ કોઠારીયા રોડ ઉપર સીએનજી પમ્પ ઉપર પોતાની કારમાં સીએનજી ગેસ ભરાવી રહેલ યુવાનને કારમાં બેઠેલી અવસ્થામાં જ એટેક આવતા મોત નીપજ્યું તાત્કાલિક ૧૦૮ને બોલાવી જાણકારી આપવામાં આવી જેણે મૃત જાહેર કર્યો. શનિવારના રોજ જેલ ચોક વિસ્તારમાં જીંદાણી પરિવારના માત્ર ૧૪ વર્ષના સગીર વયના કિશોરને એટેક આવતાં મોત નીપજ્યું. વઢવાણ પાસે આવેલા કોઠારીયા રોડ ઉપર સીએનજી પમ્પ ઉપર પોતાની કાર નંબર જીજે13nn 61 74વાળી કારમાં યુવક સીએનજી પમ્પ ઉપર ગેસ પુરાવા માટે આવ્યો હતો ત્યારે લાઈનમાં કાર ઉભી હતી ત્યારે કારમાં જ હૃદય રોગનો હુમલો આવી જતા તેનું ઘટનાસ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું. ૧૦૮ને જાણકારી આપવામાં આવતા ૧૦૮ના ચાલકે આ યુવાનનું કારમાં જ બેઠેલ હાલતમાં મોત નીપજ્યું હોવાનું જણાવવામાં આવ્યું છે. સુરેન્દ્રનગર શહેરના જેલ ચોક વિસ્તારમાં રહેતા આરીફ ભાઈ જિંદાણીના પુત્રને શનિવારના રોજ રાત્રિના સમયે હૃદય રોગનો હુમલો આવતા તે માત્ર ૧૪ વર્ષની ઉંમરે તેનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળે છે જ્યારે જોરાવર અને રતનપર વિસ્તારમાં પણ સપ્તાહમાં બે હૃદય રોગના હુમલામાં બે વ્યક્તિઓના મોત થયા હોવાનું જાણવા મળે છે.

# છોટાઉદેપુરના દેવળિયા નજીક બોલેરોની અડફેટે ત્રણ બાઈકસવારનાં મોત

છોટાઉદેપુર, તા.૬

છોટાઉદેપુર જિલ્લાના દેવળીયા પાસે ગત મોડી રાત્રે એક બાઈક અને બોલેરો વચ્ચે થયેલા અકસ્માતમાં બાઈક સવાર ત્રણ જણાના મોત નિપજ્યા છે. છોટાઉદેપુર જિલ્લાના દેવલીયા પાસે ગત મોડી રાત્રે સંદીપ રાઠવા, નારસિંગ રાઠવા અને નટુભાઈ રાઠવા બાઈક લઈને જતા હતા. ત્યારે પાછળથી માંતેલા સાંઢની જેમ આવતી બોલેરોચાલકે બાઈકને અડફેટે લેતા બાઈક ઉપર સવાર સંદીપ રાઠવા (ઉં.વ.૩૦), નારસિંગભાઈ રાઠવા (ઉં.વ.૫૮) અને નટુભાઈ રાઠવા (ઉં.વ.૪૩)ને હવામાં ફંગોળ્યા હતા. જેને કારણે ત્રણે જણાને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં બે જણાના ઘટનાસ્થળે જ્યારે એક જણાનું હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં મોત થયું છે. આ અંગે છોટાઉદેપુર પોલીસે બોલેરોચાલક ઉપર અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નર્મદા જિલ્લામાં વધુ એકની પાસા હેઠળ અટકાયત સાગબારા પોલીસે બુટલેગરને હિંમતનગર જેલ હવાલે કર્યો

રાજપીપળા, તા.૬

તા.૭મી મેના રોજ લોકસભાની ચૂંટણી માટે મતદાન થવાનું છે ત્યારે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા શખ્સો સામે પાસાની કાર્યવાહી થઈ રહી છે. ત્યારે નર્મદા પોલીસ દ્વારા વધુ એક દારૂનો વેપલો કરતા બુટલેગરની પાસા હેઠળ અટકાયત કરી હિંમતનગર જેલ ખાતે મોકલી આપવા આવ્યો છે. સાગબારાના પોલીસ સ્ટેશન દ્વારા દારૂના ગુનામાં સંડોવાયેલા નિકુંજ અશોક શાહ, (ઉં.વ.૩૫) (રહે. ટીંબાના મુવાડા, તા. ગળતેશ્વર, જી.ખેડા) વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયા મોકલાતા તેઓ દ્વારા પાસા હેઠળ અટકાયત કરવાનો હુકમ કરતા નિકુંજ અશોક શાહની અટકાયત કરી હિંમતનગર જેલ ખાતે મોકલી આપવા આવ્યો હતો.

# વડોદરા જિલ્લામાં આજે ત્રણ લોકસભા બેઠક માટે મતદાન : વડોદરા બેઠક પર ૧૯ લાખથી વધુ મતદારો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૬

વડોદરા લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણી માટેનું મતદાન આવતીકાલે યોજાનાર છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વડોદરા લોકસભા અને વાઘોડિયા વિધાનસભા બેઠકની પેટાચૂંટણીની તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

કલેક્ટર બીજલ શાહે માહિતી આપતા જણાવ્યું હતું કે, વડોદરા શહેર જિલ્લામાં ૨૫૫૨ મતદાન મથકો ઊભા કરવામાં આવ્યા છે. ડભોઈ અને પાદરા વિધાનસભાનો સમાવેશ છોટાઉદેપુર સંસદીય મતવિભાગમાં જ્યારે કરજણ વિધાનસભા મતવિભાગનો ભરૂચ સંસદીય મત વિભાગમાં સમાવેશ થાય છે. વડોદરા શહેરની પાંચ અને વાઘોડિયા તથા સાવલી સહિત કુલ સાત વિધાનસભાનો વડોદરા લોકસભા સંસદીય મત વિભાગમાં સમાવેશ થાય છે. ૧૩૫ સાવલી વિધાનસભા મત વિભાગ માટે તાલુકા સેવા સદન, સાવલી, ૧૩૬ વાઘોડિયા માટે તાલુકા સેવા સદન, વાઘોડિયા, ૧૪૦ ડભોઈ માટે એસસીપીએફ કોમર્સ કોલેજ, ડભોઈ, ૧૪૧ વડોદરા (શહેર) માટે કેન્દ્રીય વિદ્યાલય, સમા સાવલી રોડ, ૧૪૨ સયાજીગંજ માટે પોલીટેક્નિક કોલેજ ફતેગંજ, ૧૪૩ અકોટા માટે સરકારી નર્સિંગ કોલેજ, દિવાળીપુરા, ૧૪૪ રાવપુરા માટે સરદાર વિનય મંદિર વિદ્યાલય, કારેલીબાગ, ૧૪૫ માંજલપુર માટે ભારતીય વિદ્યા ભવન્સ વી.એમ. પબ્લિક સ્કૂલ મકરપુરા, વડોદરા, ૧૪૬-પાદરા માટે એમ.કે. અમીન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પાદરા, ૧૪૭ કરજણ વિધાનસભા મત વિભાગ માટે તાલુકા સેવા સદન, કરજણ ખાતે ડિસ્પેચ-રિસીવિંગ સેન્ટર નિયત કરાયા છે. વડોદરા બેઠક પર કુલ મતદારોની સંખ્યા ૧૯,૩૨,૩૪૮; જેમાં પુરૂષ મતદારો-૯,૮૬,૬૯૧ અને મહિલા મતદારો-૯,૪૫,૪૩૦ મતદાન કરશે. કુલ ૧૪ ઉમેદવારે ફોર્મ ભર્યા છે જેમાં ત્રણ રાષ્ટ્રીય પક્ષ અને અન્ય પક્ષ અને અપક્ષ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે.

વડોદરા જિલ્લામાં લોકસભાની ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની અપ્રિય ઘટના ના ઘટે તેની અગમચેતીરૂપે જિલ્લા પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્તનું આયોજન કરવામાં આવ્યું છે, વડોદરા જિલ્લામાં કુલ ૧૧૮૪ બૂથો પર મતદાન થશે તે પૈકી ૪૦૯ બૂથો ક્રિટીકલ તારવવામાં આવ્યા છે, જો કે, શહેર વિસ્તારમાં રાવપુરા મત વિસ્તારમાં સૌથી વધુ ક્રિટીકલ ૧૩૪ બૂથ હોવાનું જાણવા મળે છે.

### ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પર

# દુદાપુર ગામ પાસે કારની અડફેટે બાઈકચાલકનું કરૂણ મોત નિપજ્યું

વઢવાણ, તા.૬

ધાંગધ્રા માલવણ હાઈવે પર દુદાપુર ગામ પાસે ફોરવીલ ગાડી ચાલકે મોટરસાયકલને ટક્કર મારતા મોટરસાયકલ ચાલકનું ઘટના સ્થળે મોત થયું હતું. ડેડ બોડીને પીએમ માટે સરકારી હોસ્પિટલ ખસેડી વધુ તપાસ તાલુકા પોલીસ ચલાવી રહી છે. સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા માલવણ હાઈવે પર દુદાપુર ગામ પાસે ફોરવીલ ગાડી રજીસ્ટર નંબર જી, જે,૧૩, એ બી ૧૧૩૯ નંબરના સ્વિફ્ટ ગાડીના ચાલકે મોટરસાયકલને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. મોટરસાયકલ ચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું.





પોલીસને જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી લાશનો કબજો મેળવી ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવી હતી જેમાં વધુ તપાસ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ ચલાવી રહી છે.


**CHANGE OF NAME**

I HAVE CHANGE MY OLD NAME FROM **PAHADI TAUSIF YUSUF MOHMED** TO NEW NAME **PAHADI TOUSIF YUSUF** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

ADD:- 12(1), GUNDI FALIYU PO. SAROD. TA.JAMBUSAR. DIST.BHARUCH.PIN.392180 GUJARAT.

**CHANGE OF NAME**

I have Changed My Old Name B H U T A W A L A **MAHERUNNISABEN DAUD** To Change & New Name & I Will Be Known As New Name **Bhutawala Mehrunnisha Daud Haji Yusuf** Which Please Note.

**Address, Bhutawala street, At. Tankariya, Ta & Dist. Bharuch.**

**અટક બદલેલ છે**

મે મારી સગીર પુત્રીની જુની અટક નોંધલાવાલા સાનીયા શબ્બીર હતી જે બદલીને નવી અટક **નોંધલાવાલા સાનીયા શબ્બીર** કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

સહી/- નોંધલાવાલા શબ્બીર સુલેમાન

સરનામું : ડાવલસા સ્ટ્રીટ, કન્યાશાળાની પાછળ, મુ.પો.નબીપુર, તા.જી.ભરૂચ-૩૯૨૨૧૦

**CHANGE OF NAME**

I have changed my old Surname : SOKATHUSAIN to new surname : SAHEBKHAN and old name : SAHEBKHAN HAJRABIBI to new name : **HAJRABIBI HAJI SOKATHUSAIN** and I will be known as new Name Surname which please note.

Address : E/3617, Munda Faliya, Mohamadpura Road, Saiyedwad Road, Bharuch - 392001

**અટક બદલેલ છે**

મારી જુની અટક નોંધલાવાલા શબ્બીર સુલેમાન હતી જે બદલીને નવી અટક **નોંધલાવાલા શબ્બીર સુલેમાન** કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : ડાવલસા સ્ટ્રીટ, કન્યાશાળાની પાછળ, મુ.પો.નબીપુર, તા.જી.ભરૂચ-૩૯૨૨૧૦

**અટક બદલેલ છે**

મારી જુની અટક નોંધલાવાલા સબીહાબાનું શબ્બીર હતી જે બદલીને નવી અટક **નોંધલાવાલા સબીહાબાનું શબ્બીર** કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : ડાવલસા સ્ટ્રીટ, કન્યાશાળાની પાછળ, મુ.પો.નબીપુર, તા.જી.ભરૂચ-૩૯૨૨૧૦

**CHANGE OF NAME**

I have Changed My Old Name **GEN MOHMEDNAIM MUSTAK** IBRAHIM To Change & New Name & I Will Be Known As New Name **Gen Mahammad Naeem Mustak** Which Please Note.

**Address, aman colony, At. Tankariya, Ta & Dist. Bharuch.**

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ **તબસ્સુમબાનું યુસુફ બાબરીયા** હતું તે બદલીને નવું નામ **તબસ્સુમ ઈકરામા પાપડીઆ** કરેલ છે. જેની નોંધ લેવી.

**સરનામું : અકુજી સ્ટ્રીટ મુ.પો.કંથારીયા તા.જિ.ભરૂચ-૩૯૨૦૧૫**

**CHANGE OF NAME**

**I have Changed My Old Name PATEL MOHAMMEDNAEEM YAKUB To Change & New Name Dahya Mahmad Naeem & I Will Be Known As New Name Which Please Note**

**Address, bangla street, At. Tankariya, Ta & Dist. Bharuch**

લાંબા સમયથી ચાલી રહેલ વિરોધ છતાં ભાજપએ નિર્ણય ન લેતાં લેવાયો નિર્ણય : જાડેજા

# રાજ્યમાં ક્ષત્રિયોના આંદોલનમાં હવે છેલ્લે માસ્ટર સ્ટ્રોક : કોંગ્રેસને સમર્થનની જાહેરાત

## બીજી તરફ તમામ વિવાદનો અંત આવ્યો હોવાનો ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનો દાવો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૬

રાજ્યમાં છેલ્લા બે મહિનાથી ચાલી રહેલા ક્ષત્રિય આંદોલનને લઈને રોજેરોજ નવા અપડેટ આવતા રહે છે તેમાં હવે છેલ્લે-છેલ્લે પણ બરોબરની ફાઈટ ક્ષત્રિયો આપી રહ્યા છે. રાજ્યમાં હવે ક્ષત્રિય સમાજ કોંગ્રેસની સાથે જોડાયો છે. ક્ષત્રિય સમાજની સંકલન સમિતિના સભ્ય પીટી જાડેજાએ જણાવ્યું છે કે, એક મહિના બાદ હવે ક્ષત્રિય સમાજે કોંગ્રેસને સમર્થન જાહેર કર્યું છે. ભાજપે રૂપાલાની ટિકિટ પાછી ના ખેંચી તેથી અમે કોંગ્રેસને સમર્થન જાહેર કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપના રાજકોટ બેઠકના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ અભદ્ર ટિપ્પણી કરી હતી. તે વિરોધ શરૂ કરાયો હતો.

છેલ્લા બે મહિના જેટલા સમયથી ચાલી રહેલા ક્ષત્રિય સમાજના આંદોલનને લઈને મહત્ત્વની વિગતો સામે આવી છે. ભાજપ નેતા જયરાજસિંહ જાડેજાએ કેટલાક આરોપો લગાવ્યા હતા, જેને સંકલન સમિતિના સભ્ય પીટી જાડેજાએ વખોડી કાઢ્યા હતા અને હવે પીટી જાડેજાએ જણાવ્યું છે કે, ક્ષત્રિય સમાજે કોંગ્રેસને સમર્થન જાહેર કર્યું છે. વધુ પ્રાપ્ત માહિતી પ્રમાણે હાલમાં જ ભાજપ નેતા જયરાજસિંહ જાડેજાએ કેટલાક આરોપ લગાવ્યા હતા, તેને લઈને જવાબ આપતા પીટી જાડેજાએ જણાવ્યું કે, સંકલન સમિતિનો એકપણ સભ્ય કોઈ પક્ષ સાથે નથી જોડાયેલો, એક મહિના પછી સંકલન સમિતિએ કોંગ્રેસને સમર્થન જાહેર કર્યું હતું. ભાજપે રૂપાલાની ટિકિટ પાછી ના ખેંચતા સમર્થન જાહેર કર્યું હતું. પીટી જાડેજાએ સ્પષ્ટતા સાથે જણાવ્યું કે, અમે કોઈ પક્ષનો પટ્ટો પહેરીને નથી ફરતા, અમે માત્ર ક્ષત્રિય સમાજનો પટ્ટો પહેર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલાં ભાજપ નેતા જયરાજસિંહ જાડેજાએ ક્ષત્રિય સમાજની સંકલન સમિતિના સભ્યો પર આરોપ લગાવ્યા હતા કે, તેઓ કોંગ્રેસ સાથે છે. ગોંડલના પૂર્વ ધારાસભ્યએ ગોંડલમાં ક્ષત્રિય આંદોલનની કોઈ અસર નહીં થાય. તેમ જણાવી કહ્યું હતું કે, આ સમગ્ર ક્ષત્રિય આંદોલન કોંગ્રેસ પ્રેરિત છે. વધુ આરોપ લગાવતા કહ્યું હતું કે, મંચ પર ભાષણ આપનારા આગેવાનો કોંગ્રેસ સાથે જોડાયેલા છે. બીજી તરફ રાજ્યમાં લોકસભા ચૂંટણી માટેનું કાઉન્ટડાઉન શરૂ થઈ ચૂક્યું છે અને પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે. ત્યારે આ પહેલા ભાજપે ક્ષત્રિય સમાજ સાથેના વિવાદનો ઉકેલ લાવી દીધો હોય તેમ ભાજપ નેતા ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ મોટું નિવેદન આપ્યું છે. ગઈકાલે પાલીતાણામાં સરવૈયા ફાર્મમાં ક્ષત્રિય સમાજની ભાજપ નેતા ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની હાજરીમાં એક મહત્ત્વની બેઠક મળી હતી, જેમાં તમામ વિવાદોનો અંત આવ્યો હોવાનો દાવો કરાયો છે. ક્ષત્રિય સમાજની બેઠકમાં ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ સ્પષ્ટતા કરી હતી કે, હવે ક્ષત્રિય સમાજમાં રોષ રહ્યો નથી અને ભાજપની સાથે છે. ભૂપેન્દ્રસિંહે ક્ષત્રિય સમાજની લાગણી દુભાય તેનાથી મને પણ દુઃખ થાય છે. પરંતુ હવે તલવાર ઉપાડવાની જરૂર નથી રહી. ક્ષત્રિય સમાજના મતો ભાજપની સાથે છે, મતદાનના દિવસે બટન બદાવી ભાજપને જીતાડવાની જરૂર છે. સરકારને સહયોગ કરવા બધા સમાજને વિનંતી છે. વધુમાં તેમણે જણાવ્યું કે, છેલ્લા સાત ટર્મથી અમને બધા જ સમાજનો ટેકો મળી રહ્યો છે. રાષ્ટ્ર ભાવના સાથે જોડાયેલા ક્ષત્રિય સમાજના મતો ભાજપની સાથે છે. સમાજના આગેવાનો સાથે સમાધાન માટે બેઠક મળી હતી, પરંતુ કોંગ્રેસે સમાધાન ના થવા દીધું. હવે ક્ષત્રિય સમાજ ભાજપની સાથે છે. ક્ષત્રિય સમાજે જે પ્રમાણે બલિદાન આપ્યું છે, એજ વિચાર સાથે આજે નરેદ્ર મોદી ચાલી રહ્યાં છે. એક શબ્દ બોલવાની ભૂલથી મને પણ દુઃખ છે અને જેના માટે સમાધાનની બેઠક મળી હતી, પરંતુ કોંગ્રેસે સમાધાન થવા દીધું નહીં. તેમ તેમણે ઉમેર્યું હતું.

૨૦૧૯માં સાત આરોપીઓને આજીવન કેદની સજા થતાં હાઈકોર્ટમાં અપીલ કરાઈ હતી

# આરટીઆઈ એક્ટિવિસ્ટ અમિત જેઠવાની જાહેરમાં હત્યા કરવાના કેસમાં ભાજપના પૂર્વ સાંસદ દીનુ સોલંકી સહિત સાત નિર્દોષ

## સીબીઆઈ સ્પેશિયલ કોર્ટનો ચુકાદો સજાની પૂર્વધારણાના આધારે હોવાનું હાઈકોર્ટનું અવલોકન; હાઈકોર્ટે કહ્યું કે, કોઈપણ સજા લેખિત કાયદાના આધારે થઈ શકે, ટ્રાયલ કોર્ટની સહજ સમજણના આધારે થઈ શકે નહીં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

આરટીઆઈ એક્ટિવિસ્ટ અમીત જેઠવાની જાહેરમાં હત્યા કરવાના કેસમાં એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ગુજરાત હાઈકોર્ટે સોમવારે ભાજપના પૂર્વ સાંસદ દિનુ સોલંકી અને અન્ય છ લોકોને દોષિત ઠેરવતા સીબીઆઈની ખાસ અદાલતના ચુકાદાને રદ કર્યો હતો અને તેઓને નિર્દોષ મુક્ત કર્યા હતા. વર્ષ ૨૦૧૦માં આરટીઆઈ એક્ટિવિસ્ટ અમિત જેઠવાની હત્યાના કેસમાં સીબીઆઈ કોર્ટ દ્વારા દોષિત ઠેરવી સજા કરાતા અને તેમના દ્વારા કરાયેલી અપીલને જસ્ટિસ એ.એસ. સુપેહિયા અને વિમલ કે વ્યાસની ડિવિઝન બેન્ચે ગ્રાહ્ય રાખી હતી. હાઈકોર્ટે મહત્વપૂર્ણ અવલોકન કર્યું હતું કે, ટ્રાયલ કોર્ટે “દોષિત થવાની પૂર્વનિર્ધારિત ધારણા” સાથે કાર્યવાહી હાથ ધરી હતી અને સોલંકી અને અન્ય છ લોકોને આજીવન કેદની સજા ફટકારતા CBI કોર્ટના આદેશને રદ કર્યો હતો. આ કેસમા દીનુ સોલંકીનો ભત્રીજો અને કોડીનાર નગરપાલિકાનો પૂર્વ પ્રમુખ શિવા સોલંકીને પણ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. આમ ઘટનાના ૧૪ વર્ષ બાદ તમામ આરોપીઓ નિર્દોષ મુક્ત થતા ઘટનાક્રમમાં નવો જ વળાંક આવ્યો હતો. અમરેલીના ખાંભાના રહેવાસી અને ગેરકાયદેસર ખાણ ખનનની પ્રવૃત્તિ વિરૂદ્ધ અવાજ ઉઠાવનરા અમિત જેઠવાની ૨૦ જુલાઈ, ૨૦૧૦ના રોજ અહીં હાઈકોર્ટ પરિસરની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ કેસની તપાસ પહેલા સીઆઈડી અને બાદમાં સીબીઆઈને સોંપવામાં આવતા કેસમાં આરોપનામુ ઘડવામાં આવ્યું હતું. ત્યારબાદ સોલંકી અને અન્ય છને CBI કોર્ટે ૨૦૧૯માં આજીવન કેદની સજા ફટકારી હતી અને હત્યા અને ગુનાહિત કાવતરાના કેસમાં ૧૫ લાખ રૂપિયાનો દંડ ભરવાનો આદેશ આપ્યો હતો. બાદમાં હાઈકોર્ટે દિનુ સોલંકી અને તેના ભત્રીજા શિવા સોલંકીની આજીવન કેદની સજાને સ્થગિત કરી દીધી હતી, આજરોજ આ કેસનો ચુકાદો જાહેર કરતા ખંડપીઠે અવલોકન કર્યું હતું કે, ગુનાની શરૂઆતથી જ સમગ્ર તપાસ અવ્યવસ્થિત અને પૂર્વગ્રહયુક્ત લાગે છે. ફરિયાદ પક્ષ સાક્ષીઓનો વિશ્વાસ સુરક્ષિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. ટ્રાયલ કોર્ટ દ્વારા પહેલેથી જ દોષની પૂર્વધારણાની ધારણાના આધારે કાયદાઓ અને કાયદાકીય પ્રાધાન્યથી વિપરિત પુરાવાઓ ઉપર આધાર રાખીને ચુકાદો સંભળાવવામાં આવ્યો હતો.

પરિણામે ૧૧ જુલાઈ, ૨૦૧૯ના રોજ સ્પેશિયલ જજ સીબીઆઈ કોર્ટ દ્વારા દોષિત ઠેરવવાના આદેશ પરનો સામાન્ય ચુકાદો રદ કરવામાં આવે છે. હાઈકોર્ટે વધુ અવલોકન કર્યું હતું કે, લોકશાહીનું અસ્તિત્વ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા એ અનુભૂતિ પર આધાર રાખે છે કે બંધારણીય નૈતિકતા બંધારણીય કાયદેસરતા કરતાં ઓછી આવશ્યક નથી. સીબીઆઈ દ્વારા કરવામાં આવેલી તપાસ નામ માત્રની હતી અને સત્યને હંમેશા માટે ઢાંકી દેવા માટે તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. જેઠવાની ૨૦ જુલાઈ, ૨૦૧૦ના રોજ ગુજરાત હાઈકોર્ટની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. કારણ કે તેણે માહિતી અધિકાર (આરટીઆઈ) કાયદા હેઠળ માહિતી માંગીને કથિત રીતે દિનુ સોલંકી સાથે સંકળાયેલી ગેરકાયદેસર ખાણકામ પ્રવૃત્તિઓનો પર્દાફાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ કેસ સપ્ટેમ્બર ૨૦૧૨માં હાઈકોર્ટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનને તપાસ સોંપી હતી. સીબીઆઈએ નવેમ્બર ૨૦૧૩માં દિનુ સોલંકીની ધરપકડ કરી હતી.

સેક્ટર મોબાઈલ, EVM ગાર્ડ સહિતની સંપૂર્ણ વ્યવસ્થા કરાઈ

# રાજ્યમાં આજે મતદાનને લઈ પોલીસ સહિતનું તંત્ર સંપૂર્ણ સજ્જ : DGP

## ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો મોનિટરિંગ રૂમ કરાયો કાર્યરત

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૬

આવતીકાલે ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠક પર મતદાન થવાનું છે. ત્યારે DGP વિકાસ સહાયે જણાવ્યું હતું કે, ધારાધોરણો ધ્યાનમાં રાખીને તમામ મતદાન મથક પર પોલીસ વ્યવસ્થા કરવામાં આવી છે. મુક્ત વાતાવરણમાં મતદાન માટે ગુજરાત પોલીસ દ્વારા તમામ વ્યવસ્થા કરાઈ છે. સેક્ટર મોબાઈલની વ્યવસ્થા અને EVM ગાર્ડની વ્યવસ્થા ઈલેક્શન કમિશનના આદેશ અનુસાર કરાઈ છે. બોર્ડર સીલ કરવા ૧૩૩ બોર્ડર ચેકપોસ્ટ ઊભી કરાઈ હતી. ચેકપોસ્ટ પર સારી કામગીરી થઈ છે. ચૂંટણીપંચની સૂચના અનુસાર સારી કામગીરી થઈ છે. આજે અમદાવાદની સ્કૂલોમાં બોમ્બ થ્રેટનો મેઈલ મળ્યો હતો, જેથી અમે તપાસ કરાવી છે, પણ કંઈ જ મળ્યું નથી અને તમામ સ્કૂલ પર પૂરતો પોલીસ-બંદોબસ્ત છે, આથી અમદાવાદીઓ કાલે મતદાનના દિવસે મત આપવા બાબતે ગભરાશો નહીં. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસ એલર્ટ છે. મોડ્યૂલ કોડ ઓફ કન્ડમ લાગુ થઈ ત્યારથી રૂા.૫૦ કરોડનો ઈંગ્લિશ દારૂ પકડાયો છે. ૯૦૦ કરોડના NDPSના કેસ કરવામાં આવ્યા છે. ૩.૫૦ લાખ લોકો સામે અટકાયતી પગલાં ભરવામાં આવ્યાં છે. ૧૭૦૦ નાસતા-ફરતા આરોપી ઝડપાયા છે. રાજસ્થાન મધ્યપ્રદેશથી ફરાર આરોપી પકડાયા છે ? ભયમુક્ત કોઈ અસામાજિક તત્ત્વ મતદાનમાં ખલેલ પહોંચાડશે તો કઠોર કાર્યવાહી થશે. ૧૬૫ ગેરકાયદે આર્મ્સના કેસ કરવામાં આવ્યા છે. આવતીકાલે મતદાનના દિવસે પોલીસ તરફથી પૂરતી તૈયારી કરવામાં આવી છે. ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની પેટાચૂંટણી દરમિયાન મતદાન પ્રક્રિયા પર ચાંપતી નજર રાખવા રાજ્યના ૫૦ ટકાથી વધુ મતદાન મથકો ખાતેથી લાઈવ વેબકાસ્ટિંગ કરાશે. રાજ્યના કુલ ૫૦,૭૮૮ મતદાન મથકો પૈકી ૨૫ હજારથી વધુ મતદાન મથકોની કામગીરીનું લાઈવ વેબકાસ્ટિંગ કરાશે.

મતદાન પ્રક્રિયા ન્યાયી અને નિષ્પક્ષ રીતે થાય તે માટે ગુજરાતનું ચૂંટણીતંત્ર સંપૂર્ણ સુસજ્જ છે. ભારતના ચૂંટણી પંચની સૂચના પ્રમાણે સમગ્ર વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યકક્ષાએ મોનિટરિંગ રૂમ ઉપરાંત તમામ જિલ્લાઓમાં પણ જિલ્લા કક્ષાનો એક મોનિટરિંગ રૂમ કાર્યરત કરાશે. જે તે જિલ્લાના મતદાન મથકોના લાઈવ વેબકાસ્ટિંગનું આ જિલ્લા કક્ષાના મોનિટરિંગ રૂમમાં નિરીક્ષણ થતું રહેશે. જિલ્લા અને રાજ્યકક્ષા ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા પણ વેબકાસ્ટિંગનું મોનિટરિંગ કરવામાં આવશે. રાજ્યભરમાં કડક બંદોબસ્ત અને સંપૂર્ણ વ્યવસ્થા વચ્ચે આવતીકાલે મતદાન યોજાવા જઈ રહેલ છે અને તે માટે પોલીસ સહિતનું તંત્ર સંપૂર્ણ સજ્જ છે.

ચૂંટણીના જંગમાં ક્રિકેટની જેમ છેલ્લા બોલ સુધી ફાઈટ !

# મતદાન પૂર્વે છેલ્લા દિવસે સોશિયલ મીડિયા પર ક્ષત્રિયોના મેસેજ વાયરલ

## ‘મારો મત મારા મિત્ર માટે’; ભાજપ વિરૂદ્ધ મતદાનની અપીલ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૬

લોકસભા ચૂંટણીને આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે આવતીકાલે સવારના મતદાન પૂર્વે આજે ક્ષત્રિય સમાજ દ્વારા પણ સોશિયલ મીડિયામાં મેસેજ ફોરવર્ડ કરવામાં આવી રહ્યા છે અને મારો મત મારા મિત્ર માટે લખી ક્ષત્રિય સમાજના સમર્થનમાં ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા અપીલ કરવામાં આવી છે. આ સાથે શાંતિપૂર્ણ માહોલમાં વધુને વધુ લોકો મતદાન કરે એવી અપીલ કરવામાં આવી છે. તંત્રને પણ નિષ્પક્ષ રીતે સારા અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થાય એ રીતે કામ કરવા અપીલ કરવામાં આવી છે. રાજકોટ ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીથી શરૂ થયેલા વિવાદને પગલે છેલ્લા ૪૦ દિવસથી ક્ષત્રિય અસ્મિતા આંદોલન ચાલી રહ્યું છે. સમાજ દ્વારા હવે ભાજપ વિરૂદ્ધ મતદાન કરાવવા રણનીતિ ઘડવામાં આવી છે. આ સાથે હવે છેલ્લી ઘડીએ ક્ષત્રિય સમાજ દ્વારા એક મેસેજ સોશિયલ મીડિયામાં વાઈરલ કરવામાં આવી રહ્યા છે. આ મેસેજ થકી ભાજપ વિરૂદ્ધ મતદાન કરાવવા અપીલ કરવામાં આવી રહી છે. ક્ષત્રિય સમાજ દ્વારા જારી કરાયેલા મેસેજમાં જણાવાયુંછે કે ‘મારો મત મારા મિત્ર માટે’ મારા મિત્ર પ્રત્યેની મારી વફાદારી અને તેના પ્રત્યે સંવેદના દર્શાવવાનો આ સમય છે. ક્ષત્રિયોએ ભૂતકાળમાં સર્વે સમાજ માટે આહુતિઓ આપેલી છે અને ક્ષત્રિયોનાં તપ-ત્યાગને આપણે ભૂલવાં ન જોઈએ.હું અંગતપણે માનું છું કે તેમની જે માગ હતી એ બિલકુલ વાજબી હતી, લોકશાહીના ઈતિહાસમાં બીજી વખત કોઈપણ રાજકીય વ્યક્તિ કોઈ જ્ઞાતિ વિશે ઘસાતું ના બોલે એવું દૃષ્ટાંત ભારતના રાજકારણમાં તેમણે બેસાડ્યું છે. આપણે માત્ર તેમની આ લડતમાં હિસ્સો બની નિમ્ન કક્ષાના રાજકારણને દૂર કરવા ‘મત’ રૂપી મદદ કરવાની છે.હું ભાજપની સાથે છું અને હું દૃઢપણે માનું છું કે રાજકોટની બેઠક ગુમાવવાથી ભાજપ પર કોઈ અસર થશે નહીં. જો હું લડતનો સાથી ન બનું તો મને ચોક્કસ રંજ રહેશે કે મેં સન્માન માટેની લડતમાં પીછેહઠ કરી. હું ભાજપ વિરૂદ્ધ નથી, પરંતુ હાલપૂરતો ચોક્કસ ક્ષત્રિય સાથે છું. મત રૂપી મારા અધિકારને આ વખતે ભાજપ વિરૂદ્ધ મતદાન કરી એક દૃષ્ટાંત આપીએ. સંકલન સમિતિના રમજુભાએ જણાવ્યું હતું કે ક્ષત્રિય સમાજનું આંદોલન છેલ્લા ૪૦ દિવસથી ચાલી રહ્યું છે. આ સામાજિક, નૈતિકતા અને સનાતન ધર્મ માટેની લડત છે. પ્રજા હિત માટેની લડત છે. આવતીકાલે મતદાન થવાનું છે. ક્ષત્રિય સમાજ અને ક્ષત્રિય સમાજ સાથે જોડાયેલા અન્ય સમાજના લોકોને મતદાન કરવા મારી અપીલ છે. આવતીકાલે પણ શાંતિપૂર્ણ માહોલમાં બધા લોકો મતદાન કરશે ત્યારે મારી તંત્રને પણ અપીલ છે કે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થાય એ રીતનું આયોજન કરે અને શાંતિ ડહોળાય એવા કોઈ પ્રયત્ન ન કરે. નિષ્પક્ષ રીતે પોતાની ફરજ બજાવી લોકશાહીના પર્વને લોકો ઊજવી શકે એ રીતનું આયોજન કરે. અત્રે ઉલ્લેખનીયન છે કે રાજકોટ બેઠકથી આ આંદોલનની શરૂઆત થઈ છે. ત્યારે આવતીકાલે મતદાનને લઈ ક્ષત્રિય સમાજમાં એક ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે, માટે ભાજપ વિરૂદ્ધ ક્ષત્રિય સમાજ મતદાન કરશે એવું કહેવામાં આવી રહ્યું છે. હવે આ આંદોલનની અસર પરિણામ પર ક્યાં અને કેટલી જોવા મળશે એ જોવું મહત્ત્વનું રહેશે.

# વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહમંત્રી સહિતના અનેક દિગ્ગજ નેતાઓ આજે ગુજરાતમાં મતદાન કરશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૬

લોકસભા ચૂંટણી પર્વના મતદાન માટે દિગ્ગજ નેતાઓ ગુજરાતમાં આવવાના છે. આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત બીજેપીના દિગ્ગજ નેતાઓ ગુજરાત આવશે અને મતદાન કરવાની ફરજ બજાવશે. આ સાથે આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સહિતના નેતાઓ પણ મતદાન કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વાત કરીએ તો પીએમ મોદી રાત્રે અમદાવાદ એરપોર્ટ આવી પહોંચ્યા હતા. જ્યાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. ત્યારબાદ તેમનો કાફલો ગાંધીનગર રાજભવન તરફ રવાના થયો હતો. વડાપ્રધાન રાજભવન ખાતે રાત્રિ રોકાણ કરશે. જ્યારે

### વડાપ્રધાન રાત્રે ગુજરાત આવી પહોંચ્યા

આવતીકાલે રાણીપની નિશાન સ્કૂલમાંથી મતદાન કરશે. કાલે સવારે ૭:૩૦ વાગ્યે પીએમ મોદી મતદાન કરી શકે છે. ત્યારબાદ તેઓ ચોથા તબક્કા માટે પ્રચાર માટે રવાના થશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ નારણપુરાના મતદાન મથકમાં મતદાન કરશે. તેઓ સવારે ૯:૧૫ કલાકે મતદાન કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે ૮:૩૦થી ૯:૩૦ વચ્ચે શીલજની પ્રાથમિક શાળામાં મતદાન કરવા જશે. જ્યારે પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ નવસારીની ઉ. ગુજરાત સ્કૂલથી મતદાન કરશે. તેઓ સવારે ૮:૩૦ કલાકે વોટ આપવા જશે. કેન્દ્રીય મંત્રી અને રાજકોટ પરથી ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલા કાલે સવારે ૭ કલાકે અમરેલીના ઈશ્વરિયાની પ્રા.શાળાથી મતદાન કરશે. જ્યારે કેન્દ્રીય મંત્રી અને પોરબંદરથી ભાજપના ઉમેદવાર મનસુખ માંડવિયા પાલીતાણાના અણોલના મતદાન મથકથી વોટિંગ કરશે. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી આવતીકાલે સવારે ૮ કલાકે રાજકોટના રૈયા રોડના મતદાન મથકથી મતદાન કરશે. જ્યારે ગુજરાત કોંગ્રેસ દ્વારા પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ સવારે ૧૧ કલાકે સુવિધા કેન્દ્ર, ગાંધીનગરમાં મત આપવા જશે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ગાંધીનગરમાં મત આપશે. પૂર્વ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી બોરસદના દેદરડા ગામની પ્રાથમિક શાળામાં મત આપશે. બિહારના રાજ્યપાલ આનંદીબેન પટેલ અમદાવાદમાં મતદાન કરશે.

## RTE પ્રવેશ પ્રક્રિયામાં શાળાઓની પુનઃ પસંદગી આવતીકાલ સુધી કરી શકાશે

અમદાવાદ,તા.૬

બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧મા નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવા માટે ચાલુ વર્ષે આરટીઈ પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ તા.૧૫-૪-૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં ૩૯.૯૭૯ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જે વિદ્યાર્થીઓ આરટીઈ હેઠળ કરેલ અરજીમાં પસંદ કરેલ શાળાઓમાં ફેરફાર કરવા માંગતા હોય એટલે કે ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુનઃ પસંદગી કરવા માગતા હોય તેવા વિદ્યાર્થીઓએ તા.૩-૫-૨૦૨૪, શુક્રવારથી તા.૮-૫-૨૦૨૪ બુધવાર સુધીમાં આરટીઈના વેબપોર્ટલ પર જઈ શાળાઓની પુનઃ પસંદગીકરવાની રહેશે. જે વિદ્યાર્થીઓ શાળાઓની પુનઃ પસંદગી કરવા ન માગતા હોય તો તેઓ દ્વારા અગાઉ પસંદ કરેલ શાળાઓને માન્ય રાખી નિયમાનુસાર બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# CISCE બોર્ડનું શહેરનું ધોરણ-૧૦નું ૯૯ ટકા, ૧૨નું ૯૮ ટકા જેટલું પરિણામ

## સમગ્ર દેશમાં ધો.૧૦માં ૯૯.૪૭ ટકા અને ધો.૧૨માં ૯૮.૧૯ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન દ્વારા ધોરણ-૧૦ અને ૧૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર દેશનું ધોરણ-૧૦નું પરિણામ ૯૯.૪૭ ટકા અને ધોરણ-૧૨માં ૯૮.૧૯ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. અમદાવાદની સ્કૂલોનું પણ પરિણામ સારૂ રહેવા પામ્યું છે. ધોરણ-૧૦નું અમદાવાદ શહેરનું પરિણામ ૯૯ ટકા જેટલું અને ધોરણ-૧૨નું પરિણામ ૯૮ ટકા જેટલું રહેવા પામ્યું છે. બોર્ડ દ્વારા આ વર્ષથી કમ્પાર્ટમેન્ટ પરીક્ષા રદ કરવાનું નક્કી કરાયું છે. તેના બદલે ઈમ્પ્રુવમેન્ટ એક્ઝામ અમલમાં મૂકી છે. જે વિદ્યાર્થી પોતાના માર્ક સુધારવા માંગતા હોય તેઓ જુલાઈમાં લેવાનારી ઈમ્પ્રુવમેન્ટ પરીક્ષા આપી શકશે. ઈમ્પ્રુવમેન્ટ પરીક્ષા માત્ર ૨ વિષયની જ લેવાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન્સ (CISCE)એ ઈન્ડિયન સર્ટિફિકેટ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (ICSE) એટલે કે, ધોરણ-૧૦ અને ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ (ISC) એટલે કે ધોરણ-૧૨ના પરિણામો જાહેર કર્યા છે. આ વર્ષે ધોરણ-૧૨માં ૯૮.૧૯ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે, જ્યારે ધોરણ-૧૦માં ૯૯.૪૭ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. આ વર્ષે, છોકરીઓએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં છોકરાઓ કરતા સારૂ પ્રદર્શન કર્યું છે. ધોરણ-૧૦માં ૯૯.૬૫ ટકા છોકરીઓ અને ૯૯.૩૧ ટકા છોકરાઓએ પરીક્ષા પાસ કરી છે. જ્યારે ધોરણ-૧૨માં ૯૮.૯૨ ટકા છોકરીઓ અને ૯૭.૫૩ ટકા છોકરાઓએ પરીક્ષા પાસ કરી છે. આ વર્ષે ધોરણ-૧૨માં ૫૨,૭૬૫ છોકરાઓ અને ૪૭,૧૩૬ છોકરીઓએ પરીક્ષા આપી હતી. આમ, ધોરણ-૧૨માં કુલ ૯૯,૯૦૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૩૦૩ છોકરાઓ અને ૫૧૦ છોકરીઓ નાપાસ થઈ છે. ધોરણ-૧૨માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૮૧૩ છે. જ્યારે ધોરણ-૧૦માં ૧,૩૦,૫૦૬ છોકરાઓ અને ૧,૧૩,૧૧૧ છોકરીઓએ પરીક્ષા આપી હતી. આમ ધોરણ-૧૦માં કુલ ૨,૪૩,૬૧૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૮૯૪ છોકરાઓ અને ૩૯૫ છોકરીઓ નાપાસ થયા છે. ધોરણ-૧૦માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૨૮૯ છે. આમ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં મળી કુલ ૩.૪૩ લાખ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૩૧૦૨ વિદ્યાર્થીઓ જ નાપાસ થયા છે.

# ગાંધીનગરમાં ૧૫ હિંદુઓના ધર્મ પરિવર્તન અંગેની તપાસમાં ખ્રિસ્તી ધર્મની પ્રાર્થના કરતા હોવાનું ખૂલ્યું

## હિંદુ સંગઠનોએ આ મામલે પોલીસ સ્ટેશનમાં હલ્લાબોલ કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

ગાંધીનગરમાં રહેતા દાહોદના ૧૫ હિન્દુઓએ ક્રિશ્ચિયન ધર્મ અંગીકાર કર્યાના દાવા સાથે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ગઈકાલે રાત્રે જય શ્રી રામના નારા સાથે પોલીસ સ્ટેશનમાં પહોંચી લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. જો કે સમગ્ર મામલે પોલીસે તપાસ કરતાં હિન્દુ પરિવારો ક્રિશ્ચિયન ધર્મની પ્રાર્થના કરતા હતા. હાલના તબક્કે ધર્મ પરિવર્તનનો કોઈ મામલો સામે આવ્યો નથી. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત વિગત મુજબ ગાંધીનગરના સેક્ટર-૫ વિસ્તારમાં રહી મજૂરી કામ કરી પેટીયુ રળતાં દાહોદના વનવાસી ૧૫ જેટલા હિન્દુ લોકોએ ક્રિશ્ચિયન ધર્મ અંગીકાર કર્યો હોવાની વાતથી રવિવારની રાત્રે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના આગેવાનો અને કાર્યકરોમાં રોષ ભભૂકી ઉઠયો હતો. સેક્ટર - ૫ ના કોમર્શિયલ કોમ્પલેક્ષના ભોંયરામાં શાલોમ પ્રાર્થના સભા સેન્ટરમાં હિંદુ શ્રમજીવી પરિવારોને લાલચ આપી ફોસલાવીને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા મજબૂર કરવામાં આવ્યા હોવાની જાણ થતાં ઉક્ત બંને હિન્દુ સંગઠનો દ્વારા હલ્લા બોલ કરવામાં આવ્યો હતો. જ્યાં હિન્દુ શ્રમજીવી પરિવારો પ્રાર્થના સેન્ટરમાં ક્રિશ્ચિયન ધર્મની પ્રાર્થના સભામાં હાજર મળી આવ્યા હતા. જેનાં પગલે હિન્દુ સંગઠનોએ જય શ્રીરામનાં નારા લગાવી શ્રમજીવી લોકોને સેકટર - ૭ મથકે લઈ જવાયા હતા. અહીં પણ હિન્દુ સંગઠનોએ જય શ્રીરામના નારા લગાવવાનું શરૂ કર્યું હતું. જેનાં પગલે પોલીસ પણ એલર્ટ મોડ પર આવી ગઈ હતી. વિશ્વ હિન્દુ પરિષદના અને બજરંગ દળ દ્વારા ધર્મ પરિવર્તન કરતા લોકોને પકડી પોલીસને સોંપી ધર્મ પરિવર્તન કરાવતા લોકો સામે યોગ્ય કાર્યવાહી કરવા લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. અહીં આ મામલે ગાંધીનગર એસપીએ જણાવ્યું હતું કે, સમગ્ર મામલે પોલીસે તપાસ કરતાં ક્રિશ્ચિયન ધર્મ દ્વારા પ્રાર્થના સભા સેન્ટરમાં ચલાવવામાં આવે છે.

ક્ષત્રિયોની બહુમતી ધરાવતી ૯ સીટ પર કેવો માહોલ

# જામનગર વિસ્તારમાં રોષ ચરમસીમાએ ક્ષત્રિયોએ કહ્યું : “મતદાન થકી જવાબ આપીશું”

અમદાવાદ, તા.૬ । રાજકોટ લોકસભાના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ વિશેના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં જોવા મળી રહેલો રોષ ચૂંટણીના છેલ્લા દિવસ સુધી જોવા મળ્યો હતો. ક્ષત્રિય સમાજે રેલીઓ, સભાઓ સહિતના કાર્યક્રમો થકી રૂપાલા અને ભાજપનો વિરોધ કર્યો હતો. ત્યારે રાજ્યમાં અનેક સ્થળોએ ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા માટે આહ્વાન કરવામાં આવી રહ્યું છે. જેની અસર જામનગર, રાજકોટ, આણંદ સહિત ૯ જેટલી સીટ પર થઈ શકે છે. રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોત્તમ રુપાલા દ્વારા ક્ષત્રિય સમાજ વિશેના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળ્યો હતો. ત્યારબાદ ગુજરાતભરમાં સતત વિરોધ કરવામાં આવી રહ્યો હતો અને ક્ષત્રિય સમાજને એકજૂથ કરવા મહાસંમેલન પણ કરવામાં આવી રહ્યા હતા. આ સાથે ભાજપ વિરુદ્ધ મતદાન કરવા માટે પણ આહવાન કરવામાં આવી રહ્યું છે. ક્ષત્રિય સમાજના સર્વે પ્રમાણે ગુજરાતમાં રાજકોટ, જામનગર સહિત ૯ સીટ પર અસર થઈ શકે છે. જેને લઈને જ્યાં ભાજપ દ્વારા પેજ પ્રમુખ સહિતના પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે. તો તેની સામે ક્ષત્રિય સમાજ દ્વારા માઈક્રો બુથ પ્લાનિંગ કરવામાં આવ્યું છે. આ સાથે જ પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. તો બીજી તરફ ભાજપની ક્ષમા યાચનાને પણ સમાજના અનેક અગ્રણીઓએ ફગાવી દઈ ભાજપ વિરૂદ્ધ મતદાનની વાત કરી છે.

**ઝિયારત**

**મર્હૂમા ફરીદાબાનું ઈકબાલભાઈ મેમણની મર્દોની ઝિયારત તા.૭/૫/૨૦૨૪ના રોજ સવારે ૮:૦૦ વાગ્યે મોટી મસ્જિદ, નવી મોહલ્લત ખાતે અને ઓરતોની સવારે ૧૦:૦૦ વાગ્યે તેમના રહેઠાણ ઘર નં.૨૧૪૯, ગલી નં.૧૨, નવી મોહલ્લત, પાંચકુવા, અમદાવાદ ખાતે રાખેલ છે. (Mo) 9825393563**

(ફર્મ) સાગર નોટબુક

**જાહેર નોટિસ**

અમો નીચે સહી કરનાર, કુરેશ એન્ડ એસોસીએટ્સના પ્રોપરાઈટર મોહંમદ આબીદહુસેન આર.કુરેશી, ઠે. ઉપરોક્ત મુજબ, તે અમારા અસીલશ્રી અન્સાર હુસેન કમરૂદ્દીન કુરેશી, રહે. ૧૦૦૪, આયાત એવેન્યુ, ટી.પી-૮૫ રોડ, અંબર ટાવરની સામે, સરખેજ રોડ અમદાવાદ નાઓની સૂચના અને ફરમાઈશથી જાહેર જનતાને ચેતવણી આપી જણાવીએ છીએ કે...

અમારા અસીલશ્રીનાઆના પુત્ર મોહંમદ ઈમરાન અન્સાર હુસેન કુરેશી તેમજ તેમની વહુ તન્ઝીમબાનું મોહંમદ ઈમરાન કુરેશી છેલ્લા ૮ વર્ષથી અમારા અસીલશ્રીનાથી જુદા અલગ મકાનમાં રહેતા આવેલા છે તેમજ તેઓના અમારા અસીલશ્રીને ત્યાં આવવા જવાના કોઈ સંબંધો રહેલા નથી તેમજ તેઓ અમારા અસીલશ્રીનાઓના કહ્યામાં ન હોઈ જેથી આજરોજ અમારા અસીલશ્રીનાઓ તેમના ઉપરોકત પુત્ર તેમજ વહુ અને તેમના વંશ, વારસો ઈત્યાદી તમામને તેમની માલ, મિલકત સંપતિ તમામમાંથી બેદખલ કરેલ છે જેથી તેઓની સાથે કોઈપણ જાતના વ્યવહારો તેમજ નાણાંકીય વ્યવહારો કરવા કરાવવા નહીં અને જો કરવામાં આવશે તો તે અંગેના પરિણામો અંગે અમારા અસીલશ્રીનાઓની કોઈ જવાબદારી રહેશે નહી. જેથી આજરોજ સદરહુ નોટિસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ.

અમદાવાદ

તા.૦૭.૦૫.૨૦૨૪

સહી : અન્સારહુસેન કમરૂદ્દીન કુરેશી

કુરેશી એન્ડ એસોસીએટ્સના પ્રોપરાઈટર મોહંમદ આબીદહુસેન આર. કુરેશી

**ગુજરાત ટુડે યાદ છે ને....આજે ત્રીજા તબક્કાનું મતદાન છે. આપનો એક મત માત્ર આપનું જ નહીં પણ સમગ્ર ભારતનું ભાવિ નક્કી કરશે; માટે જ સૂઝબૂઝપૂર્વક અવશ્ય મતદાન કરો અને કરાવો...**

**યાદ રાખો.... સો ટકા મતદાન.... સાચી દિશામાં મતદાન** (ગુજરાત ટુડે દૈનિક દ્વારા જનહિતાર્થે પ્રસિદ્ધ)

# પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ ધારાસભ્યોને ગેરલાયક ઠરાવવા માટે કૉંગ્રેસ કોર્ટમાં જશે

## જિતેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, અમે સ્પીકરને પત્ર લખીને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ કૉંગ્રેસના ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની માંગ કરી છે

(એજન્સી) તા.૬

કોંગ્રેસના આસામના પ્રભારી જનરલ સેક્રેટરી જિતેન્દ્ર સિંહે કહ્યું હતું કે "પાર્ટી વિરોધી" પ્રવૃત્તિઓમાં સામેલ તેના ધારાસભ્યોની સદસ્યતા રદ કરવા માટેની અરજીઓ પર વિધાનસભા અધ્યક્ષ કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યા પછી કોંગ્રેસ પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ તેના ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટે કોર્ટનો સંપર્ક કરશે.



સિંહે જણાવ્યું હતું કે, અમે પહેલાથી જ સ્પીકરને પત્ર લખીને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ કોંગ્રેસના ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની માંગ કરી છે. સ્પીકર તેમની વિરુદ્ધ કાર્યવાહી કરી રહ્યા નથી તે દર્શાવે છે કે ભાજપ સરકાર નિયમોનું પાલન કરી રહી નથી. તેમણે કહ્યું કે પાર્ટી હવે આ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટે જરૂર જણાશે તો હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટનો પણ સંપર્ક કરશે.

રાજ્યની મુખ્ય વિપક્ષી પાર્ટીએ વિધાનસભા અધ્યક્ષ વિશ્વજીત દૈમરીને સરકારને ટેકો આપવા, રાજ્યસભાની ચૂંટણીમાં પક્ષના ઉમેદવાર સામે મતદાન કરવા અને પક્ષના ઉમેદવાર વિરુદ્ધ પ્રચાર કરવા જેવી વિવિધ "પક્ષ વિરોધી" પ્રવૃત્તિઓ માટે ઓછામાં ઓછા પાંચ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટે બહુવિધ અરજીઓ સબમિટ કરી છે.

ગોલપારા (પશ્ચિમ)ના ધારાસભ્ય અબ્દુલ રશીદ મંડલને તાજેતરની કારણદર્શક નોટિસ અંગે સિંહે કહ્યું કે, તેમની વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી હતી અને તેમને શો-કોઝ નોટિસ આપવામાં આવી હતી. તેમણે તેનો જવાબ આપ્યો છે. તેનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે અને આગળની કાર્યવાહી કરવામાં આવશે. એઆઈસીસીના જનરલ સેક્રેટરી અજોય કુમારે આ જ પ્રેસ મીટમાં દાવો કર્યો હતો કે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વસર્મા કોંગ્રેસમાં પાછા ફરવા માંગે છે, જે તેમણે ૨૦૧૫માં ભાજપમાં છોડી દીધી હતી. તેમણે કહ્યું કે, અમે સાંભળ્યું છે કે જો નરેન્દ્ર મોદી આ ચૂંટણી હારી જાય છે તો તેઓ કોંગ્રેસમાં પાછા ફરવા માંગે છે અને વિકલ્પોનું મૂલ્યાંકન કરી રહ્યા છે, પરંતુ કોંગ્રેસ તેમના જેવા નેતાઓને ક્યારેય સ્વીકારશે નહીં.

સરમા સામે મોટા પાયે ભ્રષ્ટાચારનો આરોપ લગાવતા તેમણે કહ્યું કે, હું બીજા સૌથી ભ્રષ્ટ રાજ્ય ઓડિશામાંથી દેશના સૌથી ભ્રષ્ટ રાજ્ય આસામમાં આવ્યો છું. તેમણે દાવો કર્યો હતો કે બીજેપીની આગેવાની હેઠળની સરકાર રાજ્યમાં તમામ મોરચે નિષ્ફળ રહી છે, જેમાં વધતી બેરોજગારી અને રસ્તાઓ અને અન્ય માળખાકીય સુવિધાઓના નિર્માણના નામે ભ્રષ્ટાચાર વગેરેનો સમાવેશ થાય છે. એક તરફ બેરોજગારીમાં ૭ ટકાનો વધારો થયો છે, અને બીજી તરફ દારૂની દુકાનો ધમધમી રહી છે. એવા યુવાનો જેમની પાસે કોઈ નોકરી નથી, તેઓ સરળતાથી ઉપલબ્ધ દારૂના વ્યસની બની રહ્યા છે. AICCના નેતાએ આરોપ લગાવ્યો કે મોદી સરકાર આર્થિક, રોજગાર અને રાષ્ટ્રીય સુરક્ષા મોરચે નિષ્ફળ રહી છે. તેમણે દાવો કર્યો કે દેશના પૈસા માત્ર અમુક લોકોના હાથ પર કેન્દ્રિત છે, જેના કારણે અમીર-ગરીબના વિભાજનમાં વધારો થઈ રહ્યો છે, બેરોજગારી વધી રહી છે અને મોદી ચીન મુદ્દે મૌન છે અને પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓના હુમલાઓ પણ ચાલુ છે.


# વપરાશકર્તાઓના ચેટ અનુભવને શ્રેષ્ઠ બનાવવા માટે WhatsApp આ નવા ફીચર્સ માટે પરીક્ષણ કરી રહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

મેટા-માલિકીનું WhatsApp એપ પર વપરાશકર્તાઓના ચેટ અનુભવને બહેતર બનાવવા માટે કેટલીક નવી સુવિધાઓ પર કામ કરી રહ્યું છે. WABetaInfoના અહેવાલ અનુસાર, WhatsApp હાલમાં મીડિયા દર્શકોની પ્રતિક્રિયાઓ, ગુપ્ત સમુદાય જૂથ ચેટ્સ, ચેટ સ્ટોરેજ ફિલ્ટર્સનું સંચાલન અને એકાઉન્ટ પ્રતિબંધો જેવી કેટલીક સુવિધાઓ પર કામ કરી રહ્યું છે.

'મીડિયા વ્યુઅર તરફથી પ્રતિક્રિયાઓ'એ વપરાશકર્તાઓને મીડિયા દર્શક સ્ક્રીનને છોડ્યા વિના મીડિયા સામગ્રી પર ઝડપથી પ્રતિક્રિયા આપવા માટે ડિઝાઈન કરવામાં આવી છે, આ પ્રતિક્રિયા પ્રક્રિયાને વધુ અનુકૂળ બનાવે છે. આ સુવિધા હાલમાં કેટલાક બીટા ટેસ્ટર્સ માટે ઉપલબ્ધ છે.

'હિડન કોમ્યુનિટી ગ્રુપ ચેટ્સ' ફીચર, જે હાલમાં ડેવલપમેન્ટ હેઠળ છે, તે યુઝર્સને ગ્રુપના નામની બાજુમાં સમર્પિત આઇકનનો ઉપયોગ કરીને કોમ્યુનિટી ગ્રુપ ચેટ્સને હિડન તરીકે માર્ક કરવા માટે મંજૂરી આપે છે. આ રિપોર્ટમાં જણાવ્યા મુજબ, 'ચેટ સ્ટોરેજ ફિલ્ટર્સ મેનેજ કરો' ફીચર એ વપરાશકર્તાઓને તેમની ચેટ્સની સૂચિને વિભાગમાં ફિલ્ટર કરવાની મંજૂરી આપશે, જેથી તે ઉપકરણ સ્ટોરેજને સરળતાથી સંચાલિત કરી શકે. આ સુવિધા




કેટલાક બીટા ટેસ્ટર્સ માટે પણ ઉપલબ્ધ છે અને આવનારા દિવસોમાં વધુ વપરાશકર્તાઓ માટે ઉપલબ્ધ થશે. 'એકાઉન્ટ રિસ્ટ્રિક્શન' ફીચર યુઝર એકાઉન્ટ્સને મેસેજ મોકલવાથી પ્રતિબંધિત કરશે. જ્યારે વોટ્સએપ પરથી એકાઉન્ટને પ્રતિબંધિત કરવામાં આવે છે, ત્યારે ચોક્કસ ઉલ્લંઘનો માટે દંડ તરીકે વપરાશકર્તાઓ ચોક્કસ સમય માટે નવી ચેટ શરૂ કરી શકશે નહીં. આ રિપોર્ટ મુજબ, આ બધા ફીચર ડેવલપમેન્ટ હેઠળ છે અને આ એપના ભવિષ્યના અપડેટમાં વપરાશકર્તા માટે ઉપલબ્ધ થશે.

# છેવટે મણિપુરનો મામલો સશસ્ત્ર યુવાનોએ પોતાના હાથમાં લીધો

## દરેક ગામડે સશસ્ત્ર સ્વયંસેવકોએ ચાલુ મેઈતેઈ-કુકી સંઘર્ષ વચ્ચે સમુદાયોની સુરક્ષા માટે જૂથોની રચના કરી છે

(એજન્સી) તા.૬

સવાર અને રાત્રે સશસ્ત્ર યુવાનોનું એક જૂથ શિફ્ટમાં, મણિપુરના કોટ્રુક ગામની આસપાસના રસ્તાઓ પર પેટ્રોલિંગ કરે છે. તેમનો ઉદ્દેશ્ય : છેલ્લા વર્ષથી સંઘર્ષમાં રહેલા બે સમુદાયો, મેઈતેઈ અને કુકીના લડતા જૂથોથી રહેવાસીઓને સુરક્ષિત રાખવાનો છે.

આ યુવાનો લગભગ ૨૦થી ૩૦ની વચ્ચેના છે જે પોતાને સ્વયંસેવકો તરીકે ઓળખાવે છે અને કહે છે કે, "સુરક્ષા દળો અમને રક્ષણ આપી શક્યા ન હોવાથી, હવે અમે રક્ષણ કરવાની જવાબદારી લીધી છે."

ઈમ્ફાલ ખીણમાં કોટ્રુક એ રાજ્યના ઘણા ગામોમાંથી એક છે જે જૂથો દ્વારા 'સંરક્ષિત' છે જે પોતાને 'ગામ સ્વયંસેવક', 'ગામ સ્વયંસેવક ફોર્સ, 'ગામ સંરક્ષણ દળ' અને 'ગામ સંરક્ષણ ફોર્સ તરીકે ઓળખાવે છે.

અધિકારીઓનું કહેવું છે કે, આ જૂથો કોઈપણ સુરક્ષા એજન્સી અથવા સશસ્ત્ર દળો સાથે સંકળાયેલા નથી. મૂળભૂત લડાઇ યુક્તિઓમાં પ્રશિક્ષિત, ગ્રામીણ દળોએ તેમના વિસ્તારોને વંશીય હિંસાથી સુરક્ષિત રાખવાની પ્રતિજ્ઞા લીધી છે જેના કારણે સેંકડો લોકો માર્યા ગયા છે અને હજારો ઘાયલ થયા છે અને વિસ્થાપિત થયા છે.

ખીણના ગામડાઓ અને પહાડીઓના ચુરાચંદપુરમાં તેઓને હાજર હોય છે. તેઓ યુનિફોર્મમાં, રેતીની થેલીઓથી બનેલા બંકરો અથવા શસ્ત્રો સાથે પેટ્રોલિંગ કરતા જોઈ શકાય છે, જેમાં તેમની પાસે, લાકડીઓ, ડંડાઓ અને રાઈફલ્સ હોય છે આ રાઈફલ્સ, જેમાં કેટલીક દેશની બનાવટની, કેટલીક ચોરેલી અથવા દાણચોરીની છે.

રોસ્ટર સિસ્ટમ દ્વારા પેટ્રોલિંગ ફરજો સોંપવામાં આવે છે. દરેક પાળી છ થી સાત કલાકની હોય છે, જેમાં પાંચથી છના નાના જૂથોને હાઈવે, ગામડાના રસ્તાઓ અને ટેકરીઓ અને ગાઢ જંગલોમાંથી પસાર થતા સાંકડા માર્ગો પર નજર રાખવા માટે મોકલવામાં આવે છે.

એક ગામના સ્વયંસેવકે નામ ન આપવાની શરતે P77ને જણાવ્યું કે, "સ્પષ્ટપણે આપણાં સુરક્ષા દળો અમારી સુરક્ષા માટે પૂરતું કામ કરી શક્યા નથી અને હવે, અમે જાણીએ છીએ કે અમારી સુરક્ષા સુનિશ્ચિત કરવાના કાર્યમાં તેમના પર વિશ્વાસ કરતા નથી. તેથી, અમે અમારી ક્ષમતા, અમારી સુરક્ષા જાતે કરવાનું અને તે મુજબ કાર્ય હાથ ધરવાનું નક્કી કર્યું છે. અમને સુરક્ષા બાબતોને અમારા પોતાના હાથમાં લેવાની ફરજ પડી હતી છે."

પેટ્રોલિંગ અસરકારક હોવા છતાં ડ્રોન ટીમોને વિશાળ વિસ્તાર પર તકેદારી રાખવાની મંજૂરી આપે છે, એમ તેમણે જણાવ્યું હતું. "પહેલાં, અમે ડ્રોન ચલાવતા હતા, પરંતુ હવે કેન્દ્રીય દળો દ્વારા જામર લગાવવામાં આવ્યા છે, તેથી અમે તે રીતે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી શકતા નથી."

પીટીઆઈના પત્રકારે આ સ્વયંસેવકોના એક શિબિરની મુલાકાત લીધી જેમાંથી મોટાભાગના લોકો ખેતીમાંથી પોતાનું જીવનનિર્વાહ કમાતા હતા. એવા લોકો પણ છે જેમણે પોતાના ગામની સુરક્ષા માટે નોકરી કે અભ્યાસ છોડી દીધો છે. તેઓએ આ પત્રકારને ઘરોની દિવાલો પર બુલેટના છિદ્રો અને ધમકીઓને રદ કરવા માટેના પગલાં બતાવ્યા.

કેટલાક સ્વયંસેવકો સવારના પેટ્રોલિંગ માટે તૈયાર થયા હોવાથી અન્ય લોકો, વિસ્થાપિત પરિવારોની મહિલાઓ સહિત, જેઓ હવે રાહત શિબિરોમાં રહે છે, રસોઈ સહિતના રોજિંદા કાર્યોમાં ભાગ લેતા હતા.

હિંસાની એક ઘટનાને યાદ કરતાં અન્ય સ્વયંસેવકે કહ્યું, "અમે રાત્રિભોજન કરી રહ્યા હતા જ્યારે ઉપર પહાડો પરથી ગોળીઓનો વરસાદ શરૂ થયો... અમે વિચાર્યું કે, અમે અંદર સુરક્ષિત છીએ. પરંતુ એક ગોળી અમારી દિવાલમાં વાગી ગઈ... સદનસીબે મારૂં બીજા દિવસે સવારે, અમે મહિલાઓ, વૃદ્ધો અને બાળકોને ખીણમાં રાહત શિબિરોમાં મોકલવાનું અને બંકરો બનાવવાનું નક્કી કર્યું."

તેમની તાલીમ વિશે, ગામના અન્ય સ્વયંસેવકે કહ્યું, "તે ૨૦ દિવસથી લઈને બે મહિના સુધીની હોય છે, જેમાં મૂળભૂત NCC કૌશલ્યોનો સમાવેશ થાય છે. દેશ નિર્મિત શસ્ત્રોની પણ કેટલીક તાલીમ અપાય છે." તેમને કોણ તાલીમ આપે છે તે અંગે તેમણે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો.

સ્થાનિક અધિકારીઓ સાવચેતી રાખે છે, જ્યાં સુધી તેઓ શાંતિપૂર્ણ રીતે રહે ત્યાં સુધી તેમની પ્રવૃત્તિઓને મંજૂરી આપે છે.

એક અધિકારીએ નામ ન આપવાની વિનંતી કરતાં જણાવ્યું હતું કે, "અમે તેમની હાજરીને ઓળખીએ છીએ... જ્યાં સુધી તેઓ સુરક્ષા દળો અથવા સરકારી અધિકારીઓની સામે હથિયારો સાથે ન દેખાય ત્યાં સુધી અમે વાંધો ઉઠાવતા નથી કારણ કે પછી અમે ફાયરઆર્મ લાયસન્સ માંગવા અને આર્મ્સ એક્ટ હેઠળ પગલાં લેવા માટે બંધાયેલા છીએ. તેઓ શાંતિપૂર્વક રક્ષણ કરી રહ્યા છે, તો અમે તેમાં દખલ કરતા નથી."

વંશીય હિંસા બાદ પહાડીઓ અને ખીણના વિસ્તારોને નક્કી કરવામાં આવ્યા છે, કેટલાક સ્થાનિક લોકો તેને નવી સરહદો તરીકે



વર્ણવે છે. અને આ સરહદો પર તકેદારી રાખવા આ સ્વયંસેવકો છે, જેઓ પસાર થતા વાહનોની સ્ક્રીનીંગ કરે છે અને અનિચ્છનીય ઘૂસણખોરી અટકાવવા માટે ક્યારેક-ક્યારેક લોકોને ફ્રિસ્ક કરે છે. તે બિષ્ણુપુર અને ચુરાચંદપુર વચ્ચેની સરહદ પર હોય, અથવા ઈમ્ફાલ પશ્ચિમ અને કાંગપોકપી, પરિસ્થિતિ અનિશ્ચિત રહે છે, જેમાં પ્રતિકૂળ રાષ્ટ્રો વચ્ચેની સરહદો પરના ચેકપોઈન્ટ્સ સમાન હોય છે. આ સ્વયંસેવકો, Meitei પ્રભુત્વ ધરાવતા પ્રદેશોમાં ૫૦,૦૦૦થી વધુ કમાન્ડરો કુકી વિસ્તારોમાં કામ કરે છે.

કુકી અને મીતેઈ ટેકરીઓ અને ખીણ વચ્ચે મુસાફરી કરી શકતા નથી. અન્ય, જેમ કે નાગાઓ અને મુસ્લિમો, પ્રદેશો વચ્ચે ફરી શકે છે, જો તેઓ ચોક્કસ ચેક પાસ કરે. તેમને એક સરહદી ચોકીથી એસ્કોર્ટ આપવામાં આવે છે.

આ પીટીઆઈ રિપોર્ટર, જે આ મહિનાની શરૂઆતમાં ચુરાચંદપુર ગયા હતા, તેમને ચાર ચેકપોઈન્ટ પર રોકવામાં આવ્યા હતા. તેમને ઘણા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેમાં તે ક્યાં અને કોને મળવા જતાં હતાં, તે જે વ્યક્તિને મળવા જતા હતા, તે સરકારી અધિકારી અથવા નાગરિક સમાજના જૂથના નેતા હતા કે કેમ. વગેરે વગેરે.

બિષ્ણુપુરના ચેકપોઈન્ટના એક સ્વયંસેવક જણાવ્યું હતું કે, "અમે દરેક વાહનને રોકીએ છીએ અને તેમની ઓળખ માંગીએ છીએ. અમે કોણ મુલાકાત લઈ રહ્યું છે અને કયા હેતુ માટે આવે છે તેનું રજિસ્ટર રાખીએ છીએ. અમે એ સુનિશ્ચિત કરવા માટે તકેદારી રાખીએ છીએ કે, કોઈ પણ મેઈતેઈ પહાડીઓમાં પ્રવેશ ન કરે. મેઈતેઈ સ્વયંસેવકો પણ આમજ કરે છે." આ પ્રદેશ ધાર પર છે, સ્વયંસેવક જૂથો વચ્ચે છૂટાછવાયા અથડામણ જેવી નાની ઘટના પણ તેને આગળ વધારવામાં સક્ષમ છે. સુરક્ષા એજન્સીઓએ ગયા વર્ષે હિંસા દરમિયાન લૂંટેલા તમામ હથિયારો પાછા મેળવવાના બાકી છે, જેમાં ૨૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને ૬૦,૦૦૦ લોકો વિસ્થાપિત થયા હતા.

**(સૌ.: નેશનલહેરાલ્ડઈન્ડિયા.કોમ)**

# મ.પ્ર. લોકસભા ચૂંટણી ૨૦૨૪ : 'મારા જીવનની છેલ્લી ચૂંટણી', દિગ્વિજયસિંહે મતદારોને હૃદયદ્રાવક અપીલ કરી

## તેમના જીવનની સફરની વાત કરતા ૭૭ વર્ષીય કૉંગ્રેસના દિગ્ગજ નેતાએ યાદ કર્યું કે, તેમના પિતાના અવસાન પછી તે રાઘોગઢ ગયા અને ત્યાં એક આદરણીય સ્થાનિક વેપારી કસ્તુરચંદ કથારીને મળ્યા હતા

(એજન્સી) ભોપાલ, તા.૬

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહે રવિવારે મતદારોને હૃદયસ્પર્શી અપીલ કરતા કહ્યું કે, "૨૦૨૪ની લોકસભા ચૂંટણી તેમના જીવનની છેલ્લી ચૂંટણી છે." તેમના જીવનની સફરની વાત કરતા ૭૭ વર્ષીય કોંગ્રેસના દિગ્ગજ નેતાએ યાદ કર્યું કે તેમના પિતાના અવસાન પછી તે રાઘોગઢ ગયા અને ત્યાં એક આદરણીય સ્થાનિક વેપારી કસ્તુરચંદ કથારીને મળ્યા હતા. તેમણે કહ્યું કે, કથરીની સલાહ ૧૨ હિન્દી પંક્તિઓમાં સંક્ષિપ્ત છે, જેમાં કમાણી, ઘરેણાં અને ઘર માટે બચત કરવા અને પોતાનું નામ બનાવવા જેવા જીવન લક્ષ્યો પર ભાર મૂકવામાં આવ્યો હતો.



દિગ્વિજયસિંહે હિન્દીમાં X પરની પોસ્ટમાં લખ્યું કે, "જ્યારે હું એન્જિનિયરિંગની ડિગ્રી લઈને મારા પિતાના અવસાન પછી રાઠોગઢમાં રહેવા આવ્યો ત્યારે રાઘોગઢના જૂના નગરના વેપારી કસ્તુરચંદ કથારી મને મળવા આવ્યા. તેમણે કહ્યું, "રાજા સાહેબ, દરેક વ્યક્તિના જીવનનું લક્ષ્ય હિન્દીના મૂળાક્ષરો જેમ હોય છે. 'કે સે કમાઈ' (એટલું કમાઓ કે તમે કમાઈને તમારા પરિવારનું ભરણપોષણ કરી શકો), 'જી સે ગહના', (બચતથી ઘરેણાં બનાવો), 'ઘ સે ઘર' (જો ઘર બનાવ્યા પછી તમારી પાસે બચત હોય તો), પછી નામ કમાઓ." ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ તેમના જીવનની છેલ્લી ચૂંટણીઓ બનવા જઈ રહી છે એમ ઉમેરતા, સિંહે, તેમના ૫૦ વર્ષોના રાજકારણ પર પ્રતિબિંબિત કર્યું, તેમની જીતનો નિર્ણય લોકો પર છોડી દીધો હતો.

તેમણે કહ્યું, 'તમે નસીબદાર છો, તમારી પાસે ખોરાક, ઘરેણાં કે ઘરની કોઈ કમી નથી, હવે માત્ર 'નામ કમાઓ'. મેં મારા ૫૦ વર્ષના રાજકીય જીવનમાં આ જ કરવાનો પ્રયાસ કર્યો છે, હું પોતે તેમાં કેટલો સફળ રહ્યો છું, તે ફક્ત સામાન્ય લોકો જ કરી શકે છે અને તમે નક્કી કરશો કે હું કેટલો સફળ રહ્યો છું તે તમારો આભાર, દિગ્વિજય." તેમણે લખ્યું. રાઘોગઢ (ગ્વાલિયર રાજ્ય હેઠળના)ના રાજા બલભદ્રસિંહના પુત્ર દિગ્વિજયસિંહે ૧૯૬૯માં તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી જ્યારે તેઓ રાઘોગઢ મ્યુનિસિપલ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. ૧૯૭૭માં, કટોકટી પછીની ચૂંટણી જ્યારે સમગ્ર દેશમાં કોંગ્રેસનો સફાયો થઈ ગયો ત્યારે દિગ્વિજય રાઘોગઢ વિધાનસભા મતવિસ્તારમાંથી જીત્યા અને ૧૯૯૮ અને ૨૦૦૩માં બે વાર વધુ રાઘોગઢ જીત્યા હતા. ૧૯૮૪માં દિગ્વિજય રાજગઢથી સાંસદ તરીકે લોકસભામાં પ્રવેશ્યા હતા. જોકે, ૧૯૮૯માં દિગ્વિજય રાજગઢથી ભાજપના પ્યારેલાલ ખંડેલવાલ સામે હારી ગયા હતા. ૧૯૮૯માં, ભાજપ VP સિંહની આગેવાની હેઠળના જનતા દળ ગઠબંધનનો ભાગ હતો જેણે કેન્દ્રમાં કોંગ્રેસને હરાવ્યું હતું. જનતા દળ ગઠબંધન સરકાર ટૂંક સમયમાં પતન સાથે, દિગ્વિજયએ ૧૯૯૧ની લોકસભા ચૂંટણીમાં સીટ પાછી જીતી લીધી. જ્યારે તેઓ મુખ્યમંત્રી તરીકે ૧૦ વર્ષના કાર્યકાળ માટે રાજ્યના રાજકારણમાં પાછા ફર્યા ત્યારે તેમના ભાઈ લક્ષ્મણસિંહે કોંગ્રેસ માટે આગામી પાંચ વખત બેઠક જીતી હતી.

દિગ્વિજયસિંહ હાલમાં રાજ્યસભામાં સંસદસભ્ય તરીકે સેવા આપે છે અને પક્ષની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા કોંગ્રેસ કાર્યકારી સમિતિના કાયમી આમંત્રિત છે. જેને તેમણે તેમની 'છેલ્લી ચૂંટણીઓ' તરીકે ઓળખાવી છે, તેમાં દિગ્વિજયસિંહ ૨૦૨૪ની ચૂંટણીમાં તેમના હોમ ટર્ફ રાજગઢ મતવિસ્તારમાંથી બે વખત ભાજપના સાંસદ રોડમલ નાગર સામે ચૂંટણી લડી રહ્યા છે. ૧૯૮૦ અને ૯૦ના દાયકાની શરૂઆતમાં સંસદમાં રાજગઢનું પ્રતિનિધિત્વ કરનાર કોંગ્રેસના દિગ્ગજ નેતા ત્રણ દાયકા પછી પોતાના ઘરે પરત ફરી રહ્યા છે. રાજગઢ મતવિસ્તારમાં આગામી સામાન્ય ચૂંટણીના ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ મતદાન થવાનું છે.

# મતદાનનો ડેટા ટકાવારીમાં નહીં પણ સંખ્યામાં વહેંચવો જોઈએ

## આ પછી જ મળેલા મતોની સંખ્યા અને ગણતરી કરાયેલા મતોની સંખ્યા વચ્ચે સંભવિત વિસંગતતાઓ જાણી શકાય

(એજન્સી) તા.૬

ભારતના ચૂંટણી પંચ (EC) દ્વારા ૩૦ એપ્રિલના રોજ પ્રકાશિત ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કા માટેના મતદારોના મતદાનના આંકડાએ અનેક પ્રશ્નો અને શંકાઓ ઊભી કરી છે. હિસ્સેદારો અને પત્રકારોના એક વર્ગે પ્રશ્ન કર્યો છે કે, ૧૯ એપ્રિલના રોજ પ્રથમ તબક્કાના મતદાન પછી લગભગ ૯-૧૦ ડેટા શા માટે જાહેર કરવામાં આવ્યા હતા. કેટલાક લોકોએ એ પણ પૂછ્યું હતું કે, તે દિવસે જાહેર કરાયેલા વચગાળાના ડેટાની તુલનામાં મતદાનની રેકોર્ડ ટકાવારીમાં અચાનક વધારો કેમ થયો ?

પરંતુ વાસ્તવિક ચિંતા મતદાર મતદાનના ડેટામાં વિલંબ અથવા વધારો નથી, પરંતુ તે ફોર્મેટ છે કે, જેમાં EC મતદારો સાથે ડેટા શેર કરી રહ્યું છે. EC એ માત્ર ટકાવારીમાં નહિ પણ સંપૂર્ણ સંખ્યામાં મતદાર મતદાનનો ડેટા શેર કરવો જોઈએ.

હવે પ્રશ્ન એ છે કે મતદાર મતદાનનો ડેટા ચોક્કસ સંખ્યામાં કેમ હોવો જોઈએ ? કારણ કે જ્યાં સુધી કોઈ ચોક્કસ મતદારક્ષેત્રમાં કેટલા મતો થયા તેની ચોક્કસ સંખ્યાઓ અથવા આંકડાઓ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, કોઈ વ્યક્તિ પરિણામોમાં જાહેર કરાયેલા મતોની ગણતરીની સંખ્યા સાથે મતની સંખ્યાની તુલના કરી શકતી નથી. મત ગણતરીના ડેટા સાથે મેળ ખાય છે કે કેમ તે જાણવા માટે અથવા તેમાં કોઈ વિસંગતતા છે કે કેમ તે શોધવા માટે વ્યક્તિ પાસે ચોક્કસ સંખ્યા હોવી આવશ્યક છે.

EC દરેક સંસદીય મતવિસ્તારના મતો અથવા મતદાર મતદાન ડેટાની ટકાવારી શેર કરી રહ્યું હોવાથી તાર્કિક રીતે કમિશન પાસે મતદાનના ડેટાની સંપૂર્ણ સંખ્યા હોવી આવશ્યક છે. દાખલા તરીકે જો કોઈ સંસદીય મતદારક્ષેત્રમાં એક લાખ મતદારો હોય, એમ કહેવા માટે કે તે મતદારક્ષેત્રમાં ૬૦% મતો મતદાન થયા હતા, તો EC પાસે ૬૦,૦૦૦ મતો મતદાન થયા હોવાના આંકડા હોવા જોઈએ. સરળ ભાષામાં આપણે સંખ્યાઓમાંથી ટકાવારી મેળવીએ છીએ - અને તેનાથી વિપરીત નહીં. તો પછી EC મતદારોના મતદાનની ટકાવારી સાથે નિરપેક્ષ આંકડો શા માટે શેર નથી કરતું ? મેં આ મુદ્દે કેટલાક નિષ્ણાતો સાથે વાત કરી, જેમાં ભૂતપૂર્વ IAS અધિકારી કન્નન ગોપીનાથન કે જેમણે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં રિટર્નિંગ ઓફિસર તરીકે સેવા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, મતદાન મથકના દરેક પ્રિસાઈડિંગ ઓફિસર મતદાનના અંતે મત મેળવેલા ડેટાનું સંકલન કરે છે અને તેને ફોર્મ ૧૭માં રેકોર્ડ કરે છે. અધિકારી તે જ દિવસે અથવા બીજા દિવસે રાજકીય પક્ષના પ્રતિનિધિઓને ફોર્મ સોંપે છે. તે જ દિવસે અથવા બીજા દિવસે તે રિટર્નિંગ ઓફિસરને ફોર્મ ૧૭ પણ મોકલે છે. રિટર્નિંગ ઓફિસર તમામ મતદાન મથકોના ડેટાનું સંકલન કરે છે અને અંતિમ મતદાર મતદાન નંબરો ECને મોકલે છે.

ગોપીનાથને કહ્યું કે, મતદાન સમાપ્ત થયા પછી સમગ્ર પ્રક્રિયામાં વધુમાં વધુ ૪૮ કલાકનો સમય લાગી શકે છે.

### ૨૦૧૯થી ફોર્મેટમાં ફેરફાર


૨૦૧૯માં મેં ધ ક્વિન્ટ માટે એક લેખ લખ્યો હતો જેમાં મેં ૩૭૩+ સંસદીય મતવિસ્તારોમાં થયેલા મતો અને મતોની ગણતરીના ડેટામાં વિસંગતતાઓની જાણ કરી હતી. આ લેખમાં મેં EC દ્વારા મતદાનના થોડા દિવસો પછી તેમની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલ ચાર તબક્કાના મતદાનનો ડેટાના 'અંતિમ મતદાર'ની સરખામણી કરી હતી.

તબક્કા ૧ અને ૨ ના મતદારોના મતદાનનો ડેટા ૨૭ એપ્રિલ, ૨૦૧૯ના રોજ અપલોડ કરવામાં આવ્યો હતો, જે ૧૧ એપ્રિલે યોજાયેલ તબક્કા ૧ના મતદાનના આશરે ૧૫ દિવસ પછી અને તબક્કા ૩ અને ૪નો ડેટા ૪ મે, ૨૦૧૯ના રોજ અપલોડ કરવામાં આવ્યો હતો, લગભગ ૧૦ દિવસ પછી ૩ મતદાન જે ૨૩ એપ્રિલ, ૨૦૧૯ના રોજ હતું. EC એ ડેટા કમ્પાઈલ કરવામાં સમય લીધો, જે વાજબી છે કારણ કે ડેટાની ચોકસાઈ મહત્વની છે. એક મતદાર તરીકે અમે ચૂંટણી પરિણામોની ચોકસાઈ અને ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતાની કાળજી રાખીએ છીએ.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીના મતદાર મતદાનના ડેટામાં માત્ર સંખ્યા અને ટકાવારીમાં મતદાનનો ડેટા જ ન હતો પરંતુ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીના મતદાર મતદાન ડેટા સાથે પણ તેની સરખામણી કરવામાં આવી હતી. જેમ તમે દસ્તાવેજમાં જોઈ શકો છો, તે ડેટાના પ્રિન્ટિંગનો ડેટા અને ૨૦૧૪ની LS ચૂંટણીના મતદારોના મતદાનની ૨૦૧૯ની LS ચૂંટણીઓ સાથે સરખામણી દર્શાવે છે.

મતદાનના થોડા દિવસો પછી EC દ્વારા તેમની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલ ચાર તબક્કાના મતદાનનો ડેટાનો અને નીચે EC એ અપલોડ કરેલા ડેટાનો સ્ક્રીનશોટ છે.

તબક્કા ૧ અને ૨ ના મતદારોના મતદાનનો ડેટા ૨૭ એપ્રિલ, ૨૦૧૯ના રોજ અપલોડ કરવામાં આવ્યો હતો, જે ૧૧ એપ્રિલે યોજાયેલ તબક્કા ૧ના મતદાનના આશરે ૧૫ દિવસ પછી અને તબક્કા ૩ અને ૪નો ડેટા ૪ મે, ૨૦૧૯ના રોજ અપલોડ કરવામાં આવ્યો હતો, લગભગ ૧૦ દિવસ પછી. ૩ મતદાન જે ૨૩ એપ્રિલ, ૨૦૧૯ના રોજ હતું. EC એ ડેટા કમ્પાઈલ કરવામાં સમય લીધો, જે વાજબી છે કારણ કે ડેટાની ચોકસાઈ મહત્ત્વની છે. એક મતદાર તરીકે અમે ચૂંટણી પરિણામોની ચોકસાઈ અને ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતાની કાળજી રાખીએ છીએ.



૨૦૧૯ની લોકસભા ચૂંટણીના મતદાર મતદાનના ડેટામાં માત્ર સંખ્યા અને ટકાવારીમાં મતદાનનો ડેટા જ ન હતો, પરંતુ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીના મતદાર મતદાન ડેટા સાથે પણ તેની સરખામણી કરવામાં આવી હતી. હવે નીચે ૨૦૨૪ LS ચૂંટણીના મતદાર મતદાન ડેટા જુઓ. તે સંસદીય મતવિસ્તાર મુજબ પુરૂષ, સ્ત્રી, અન્યનો ડેટા અને ટકાવારીમાં કુલ મતદાર મતદાનનો ડેટા આપે છે. સ્પષ્ટપણે, ૨૦૧૯ LS ચૂંટણીના ડેટા વધુ વિગતવાર હતા.

રસપ્રદ વાત એ છે કે, ધ ક્વિન્ટમાં મારો લેખ ૨૦૧૯ની LS ચૂંટણીમાં થયેલા મતો અને મતોની ગણતરીના ડેટામાં વિસંગતતા દર્શાવતા પ્રકાશિત થયા પછી, EC એ રહસ્યમય રીતે તેમની વેબસાઈટ પરથી ચાર તબક્કાના મતદાર મતદાનનો ડેટા પાછો ખેંચી લીધો. EC એ ક્યારેય મારા પ્રશ્નોના જવાબ આપ્યા નથી, તેમને બહુવિધ ઈ-મેઈલ્સમાં મોકલ્યા છે.

પરંતુ મતો અને ગણતરીના ડેટામાં ચિંતાજનક વિસંગતતાઓએ ઘણી આંખ આડા કાન કર્યા અને આખરે સુપ્રીમ કોર્ટમાં અરજીઓ દાખલ કરવામાં આવી હતી. જેની તાજેતરમાં એપ્રિલ ૨૦૨૪માં સુનાવણી હતી.

સુનાવણી દરમિયાન, EC એ કહ્યું કે, "મતદાનનો ડેટા ગતિશીલ છે અને મતદાન મથકોના પ્રિસાઈડિંગ અધિકારીઓ પાસેથી ઈનપુટ લઈને અંદાજ, ECI દ્વારા વાસ્તવિક સમય પર અપલોડ કરવામાં આવે છે.

પ્રિસાઈડિંગ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા વાસ્તવિક સમયના ઈનપુટ્સમાં અચોક્કસતા જોવા મળી હતી. જો કે, ઈવીએમમાં નોંધાયેલા મતોના ડેટા અને ફોર્મ ૧૭Cમાં નોંધાયેલા કુલ મતોના ડેટામાં કોઈ મેળ ખાતો નહોતો."

ચુકાદો આવ્યા પછી, મેં ૨૭ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ECને આ પ્રશ્નોના જવાબો માટે પત્ર લખ્યો :

મેં ક્યારેય મતદાન કરેલા મતોના રીઅલ-ટાઈમ ઈનપુટ્સને ધ્યાનમાં લીધા નથી. તેના બદલે મેં તેમની વેબસાઈટ પરથી અને 'ફાઈનલ વોટર ટર્નઆઉટ' કહેતા વિભાગમાંથી મતદાર મતદાનનો ડેટા ડાઉનલોડ કર્યો. આ ડેટા મતદાનના દિવસો પછી લગભગ ૧૦-૧૫ દિવસ પછી અપલોડ કરવામાં આવ્યો હતો.

શું EC કૃપા કરીને સમજાવી શકશે કે તેઓએ 'ફાઈનલ વોટર ટર્નઆઉટ' વિભાગમાં કયો ડેટા અપલોડ કર્યો છે ? કેવી રીતે યોગ્ય રીતે સંકલિત ડેટા, બે LS ચૂંટણીના મતદાર મતદાન ડેટાની સરખામણી કરીને, 'રીઅલ-ટાઈમ ઈનપુટ્સ' કેવી રીતે હોઈ શકે? શું ECએ પણ સમજાવી શકે છે કે તેઓએ પહેલા કયો ડેટા અપલોડ કર્યો અને પછી પાછો ખેંચ્યો ?

૨૦૧૯માં જ્યારે મેં લેખ લખ્યો ત્યારે મને EC તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો, ન તો મને હજુ સુધી જવાબ મળ્યો છે. મને EC તરફથી એક પ્રતિસાદ મળવાની આશા છે.

**પૂનમ અગ્રવાલ** પત્રકારત્વમાં ૨૦ વર્ષનો અનુભવ અને વકીલાત સાથે સ્વતંત્ર વરિષ્ઠ તપાસ પત્રકાર છે. તે ExplainX YouTube ચેનલના સ્થાપક છે.

**(સૌ.: ધ વાયર.ઈન)**

### ચૂંટણીના જંગમાં ક્રિકેટની જેમ છેલ્લા બોલ સુધી ફાઈટ !

# મતદાન પૂર્વે છેલ્લા દિવસે સોશિયલ મીડિયા પર ક્ષત્રિયોના મેસેજ વાયરલ

## ‘મારો મત મારા મિત્ર માટે’; ભાજપ વિરૂદ્ધ મતદાનની અપીલ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૬

લોકસભા ચૂંટણીને આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે આવતીકાલે સવારના મતદાન પૂર્વે આજે ક્ષત્રિય સમાજ દ્વારા પણ સોશિયલ મીડિયામાં મેસેજ ફોરવર્ડ કરવામાં આવી રહ્યા છે અને મારો મત મારા મિત્ર માટે લખી ક્ષત્રિય સમાજના સમર્થનમાં ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા અપીલ કરવામાં આવી છે. આ સાથે શાંતિપૂર્ણ માહોલમાં વધુને વધુ લોકો મતદાન કરે એવી અપીલ કરવામાં આવી છે. તંત્રને પણ નિષ્પક્ષ રીતે સારા અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થાય એ રીતે કામ કરવા અપીલ કરવામાં આવી છે.

રાજકોટ ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીથી શરૂ થયેલા વિવાદને પગલે છેલ્લા ૪૦ દિવસથી ક્ષત્રિય અસ્મિતા આંદોલન ચાલી રહ્યું છે. સમાજ દ્વારા હવે ભાજપ વિરૂદ્ધ મતદાન કરાવવા રણનીતિ ઘડવામાં આવી છે. આ સાથે હવે છેલ્લી ઘડીએ ક્ષત્રિય સમાજ દ્વારા એક મેસેજ સોશિયલ મીડિયામાં વાઈરલ કરવામાં આવી રહ્યા છે. આ મેસેજ થકી ભાજપ વિરૂદ્ધ મતદાન કરાવવા અપીલ કરવામાં આવી રહી છે.

ક્ષત્રિય સમાજ દ્વારા જારી કરાયેલા મેસેજમાં જણાવાયું છે કે મારો મત મારા મિત્ર માટે, મારા મિત્ર પ્રત્યેની મારી વફાદારી અને તેના પ્રત્યે સંવેદના દર્શાવવાનો આ સમય છે.

ક્ષત્રિયોએ ભૂતકાળમાં સર્વે સમાજ માટે આહુતિઓ આપેલી છે અને ક્ષત્રિયોનાં તપ-ત્યાગને આપણે ભૂલવાં ન જોઈએ.
હું અંગતપણે માનું છું કે તેમની જે માગ હતી એ બિલકુલ વાજબી હતી, લોકશાહીના ઈતિહાસમાં બીજી વખત કોઈપણ રાજકીય વ્યક્તિ કોઈ જ્ઞાતિ વિશે ઘસાતું ના બોલે એવું દ્દષ્ટાંત ભારતના રાજકારણમાં તેમણે બેસાડ્યું છે.
આપણે માત્ર તેમની આ લડતમાં હિસ્સો બની નિમ્ન કક્ષાના રાજકારણને દૂર કરવા ‘મત’ રૂપી મદદ કરવાની છે.હું ભાજપની સાથે છું અને હું દઢપણે માનું છું કે રાજકોટની બેઠક ગુમાવવાથી ભાજપ પર કોઈ અસર થશે નહીં.

જો હું લડતનો સાથી ન બનું તો મને ચોક્કસ રંજ રહેશે કે મેં સન્માન માટેની લડતમાં પીછેહઠ કરી. હું ભાજપ વિરૂદ્ધ નથી, પરંતુ હાલપૂરતો ચોક્કસ ક્ષત્રિય સાથે છું. મત રૂપી મારા અધિકારને આ વખતે ભાજપ વિરૂદ્ધ મતદાન કરી એક દ્દષ્ટાંત આપીએ.

સંકલન સમિતિના રમજુભાએ જણાવ્યું હતું કે ક્ષત્રિય સમાજનું આંદોલન છેલ્લા ૪૦ દિવસથી ચાલી રહ્યું છે. આ સામાજિક, નૈતિકતા અને સનાતન ધર્મ માટેની લડત છે. પ્રજા હિત માટેની લડત છે. આવતીકાલે મતદાન થવાનું છે. ક્ષત્રિય સમાજ અને ક્ષત્રિય સમાજ સાથે જોડાયેલા અન્ય સમાજના લોકોને મતદાન કરવા મારી અપીલ છે. આવતીકાલે પણ શાંતિપૂર્ણ માહોલમાં બધા લોકો મતદાન કરશે ત્યારે મારી તંત્રને પણ અપીલ છે કે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થાય એ રીતનું આયોજન કરે અને શાંતિ ડહોળાય એવા કોઈ પ્રયત્ન ન કરે. નિષ્પક્ષ રીતે પોતાની ફરજ બજાવી લોકશાહીના પર્વને લોકો ઊજવી શકે એ રીતનું આયોજન કરે. અત્રે ઉલ્લેખનીયન છે કે રાજકોટ બેઠકથી આ આંદોલનની શરૂઆત થઈ છે. ત્યારે આવતીકાલે મતદાનને લઈ ક્ષત્રિય સમાજમાં એક ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે, માટે ભાજપ વિરૂદ્ધ ક્ષત્રિય સમાજ મતદાન કરશે એવું કહેવામાં આવી રહ્યું છે. હવે આ આંદોલનની અસર પરિણામ પર ક્યાં અને કેટલી જોવા મળશે એ જોવું મહત્ત્વનું રહેશે.

### ગુજરાતમાં દિલ્હીની ઘટનાનું પુનરાવર્તન

# અમદાવાદની ૨૩ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી શ્વાસ અદ્ધર

## ડોગ-સ્કવોડ, બોમ્બ-સ્કવોડની તપાસમાં કંઈ ન મળ્યું

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના એક દિવસ પૂર્વે દિલ્હી જેવી ઘટનાનું પુનરાવર્તન થયું છે. અમદાવાદની ૨૩ જેટલી સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની એક પછી એક ઈ-મેઈલ દ્વારા ધમકી મળતા ચકચાર મચી જવા પામી હતી. તાત્કાલિક ધોરણે પોલીસ દ્વારા ધમકીવાળી સ્કૂલો પર જઈ ચેકિંગ હાથ ધરાયું છે. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે પણ ઘટનાસ્થળે પહોંચી કામગીરી આરંભી હતી, જે સ્કૂલોને ધમકી મળી છે, તે પૈકી ૧૦ સ્કૂલોમાં મતદાન બૂથ છે. પોલીસે તપાસ હાથ ધરતા કોઈ બોમ્બ મળ્યા નથી ત્યારે બોમ્બ હોવાની વાત અફવા હોવાનું લાગી રહ્યું છે. પોલીસ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. અમદાવાદની ૨૩ જેટલી સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની એક બાદ એક સ્કૂલને ઈ-મેઈલ દ્વારા ધમકી મળી છે. અમદાવાદ અને દિલ્હીમાં મળેલા ઈ-મેઈલ રશિયન ડોમેઈનમાંથી થયા છે, માત્ર ઈ-મેઈલ આઈડી અલગ હોવાનું જાણવા મળી રહ્યું છે. ઘટનાને પગલે અમદાવાદનું પોલીસતંત્ર સાબદું થયું છે. મતદાનના આગલા દિવસે જ અમદાવાદની ૨૩ સ્કૂલને ધમકીભર્યો ઈ-મેઈલ મળતાં તંત્ર કામે લાગી ગયું છે. બોમ્બથી ઉડાવવાની ધમકી હિન્દી ભાષામાં મળી છે, જે મેસેજ ઈંગ્લિશ લિપિમાં મળ્યા છે. તમામ સ્કૂલોને સવારના ૬ વાગ્યે એક જ પ્રકારના ઈ-મેઈલ મોકલવામાં આવ્યા હતા. અમદાવાદની સ્કૂલોને મળેલા ઈ-મેઈલનું કન્ટેન્ટ દિલ્હીમાં મળેલા ઈ-મેઈલ જેવું જ છે.

સૂત્રોના પાસેથી મળતી માહિતી મુજબ જે સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે એમાંની કેટલીક સ્કૂલમાં આવતીકાલે મતદાન રાખવામાં આવ્યું છે. આ સ્કૂલો છે. ૧. ઓએનજીસી કેન્દ્રીય વિદ્યાલય ચાંદખેડા ઝોન-૨, ૨. એશિયા ઈંગ્લિશ સ્કૂલ વસ્ત્રાપુર ઝોન- ૧, ૩. અમૃતા વિદ્યાલય ઘાટલોડિયા ઝોન- ૧, ૪.કેલોરેક્સ સ્કૂલ ઘાટલોડિયા ઝોન- ૧,
૫. ન્યૂ નોબલ સ્કૂલ વ્યાસવાડી, નરોડા, ૬. ડી.પી.એસ, બોપલ, ૭. આનંદ નિકેતન, સેટેલાઈટ, ૮. ઉદગમ સ્કૂલ, ૯. ઝેબર સ્કૂલ, ૧૦. આર્મી કેન્ટોન્મેન્ટ (કેન્દ્રીય વિદ્યાલય), એરપોર્ટ રોડ, ૧૧. નારાયણગુરૂ, ૧૨. એચબીકે સ્કૂલ, ૧૩. ટર્ફ સકૂલ, નારણપુરા, ૧૪. કુમકુમ વિદ્યાલય, ઘોડાસર, ૧૫. કેન્દ્રીય વિદ્યાલય, સાબરમતી, ૧૬.ગ્રીનલોન્સ સ્કૂલ, વટવા, ૧૭. ગ્લોબલ ઈન્ટરનેશનલ, બોપલ, ૧૮. LDR ઈન્ટરનેશનલ સ્કૂલ, બોપલ, ૧૯. ત્રિપદા સ્કૂલ, ઘાટલોડિયા, ૨૦. જેમ્સ જિનેનીસ સ્કૂલ,ગોતા, ૨૧. સાબરમતી કન્યા વિદ્યાલય, સાબરમતી, ૨૨. સ્વામિનારાયણ વિદ્યાલય, મણિનગર, ૨૩. વિદ્યાનગર પ્રાથમિક સ્કૂલ, બાપુનગરને ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો.

આ મામલે ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશનર સરદ સિંઘલે જણાવ્યું હતું કે, આજે સવારે ૬ વાગ્યે ૧૨ જેટલા અમદાવાદ શહેરમાં અને ૪ જેટલા અમદાવાદ ગ્રામ્ય સ્કૂલોમાં એક રશિયન ડોમેઈન ધરાવતી maill.ru મારફતે ધમકી ભર્યો મેઈલ કરવામાં આવ્યો હતો. મેઈલમાં ધમકી આપવામાં આવી છે કે, સ્કૂલમાં બોમ્બ ધડાકો થશે. ૧૪ સ્કૂલમાં ડોગ સ્કવોડ અને બોમ્બ સ્કવોડ મારફતે ચેકિંગ કરવામાં આવ્યું છે. આ ચેકિંગ દરમિયાન કોઈપણ પ્રકારની વસ્તુ મળી નથી. અગાઉ પણ દિલ્હીમાં આજ પ્રકારનો મેઈલ મળ્યો હતો, તેમાં પણ કઈ નીકળેલ નથી. નાગરિકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકોને ડરવાની જરૂર નથી. તમને કોઈપણ શંકાસ્પદ લાગે તો આપ અમને જાણ કરી શકો છો. વધુમાં તેમણે અમદાવાદ સિટીની ૧૧ સ્કૂલમાં આવતીકાલે મતદાન થવાનું તેમ જણાવ્યું હતું.

અમદાવાદ શહેર DEOએ જણાવ્યું હતું કે સ્કૂલોની અજાણ્યા ઈ-મેઈલ પરથી ધમકી મળી હતી. એ બાદ સ્કૂલ દ્વારા DEO કચેરી અને નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે. પોલીસે ડોગ-સ્કવોડ અને બોમ્બ-સ્કવોડ સાથે રાખીને તપાસ હાથ ધરી હતી, પરંતુ કોઈ બોમ્બ મળ્યા નથી. બોમ્બ હોવાની વાત અફવા હોવાનું લાગી રહ્યું છે, પોલીસ દ્વારા આ મામલે તપાસ કરવામાં.આવી રહી છે.

# ખેડા જિલ્લાના ૨૦ લાખથી વધુ મતદારો કોંગ્રેસ-ભાજપ સહિત ૧૨ ઉમેદવારોનું ભાવિ સીલ કરશે

નડિયાદ, તા.૬

ખેડા લોકસભાની બેઠક માટે ચૂંટણી મેદાનમાં ઉભેલા ૧૨ ઉમેદવારનું ભાવી આવતીકાલ ૭મી મેના રોજ ૨૦ લાખથી વધુ મતદારો ઈવીએમમાં સીલ કરશે. આજે ચૂંટણી કામગીરીમાં જોડાયેલા સ્ટાફ ઈવીએમ મશીન સાથે જે તે બુથ પર પહોંચી ગયા છે. ખેડા જિલ્લાના મતદાન મથકોની માહિતી આપતા અમિત પ્રકાશ યાદવે જણાવ્યું કે, જિલ્લામાં કુલ ૧૧૯૯ બિલ્ડિંગમાં ૨૦૩૭ મતદાન મથકો અને ૨૦૨ ઝોનલ રૂટ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં કુલ - ૪૪૨ ક્રિટીકલ મતદાન મથકો છે. આ ક્રિટીકલ મતદાન મથકોને CCTV કેમેરા મારફતે લાઈવ વેબકાસ્ટિંગ કરવામાં આવશે. મતદાનના દિવસે મતદાનની પ્રક્રિયા સરળ બને તે માટે જિલ્લામાં ૫૭-દસક્રોઈ, ૫૮-ધોળકા, ૧૧૫-માતર, ૧૧૬-નડિયાદ, ૧૧૭-મહેમદાવાદ, ૧૧૮-મહુધા અને ૧૨૦-કપડવંજ બેઠક માટે કુલ-૧૦,૯૯૯ મતદાન સ્ટાફની નિમણૂંક કરવામાં આવી છે. મતદાન સ્ટાફ તથા CAPF/પોલીસ/હોમગાર્ડ/GRD/SRP/માઈક્રો ઓબ્ઝર્વર મળી કુલ-૧૭,૪૬૬ કર્મચારીઓ ચૂંટણી પ્રક્રિયામાં મતદાન મથકે રોકાયેલ છે. જિલ્લામાં કુલ ૮૮૩ મતદાન મથકોના લોકેશન ખાતે કુલરની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તમામ મતદાન મથકો પર આશાવર્કર તથા ફીમેલ હેલ્થ વર્કર, મેડિકલ કીટ સાથે હાજર રહેશે. તેમજ નાના બાળકો સાથે મતદાન કરવા આવતી મહિલાઓના બાળકોને સાચવવા આંગણવાડી વર્કર હાજર રહેનાર છે. જિલ્લાના ૨૬૬-મતદાન સ્થળો ખાતે મતદારો માટે શેડની વ્યવસ્થા ન હોવાથી મંડપ બાંધીને વ્યવસ્થા કરવામાં આવી છે.

### નડિયાદમાં ભાજપના ઉમેદવાર અને છીપિયાલમાં કોંગ્રેસના ઉમેદવાર મતદાન કરશે

ભાજપના ઉમેદવાર દેવુસિંહ ચૌહાણ નડિયાદ મુકામે પોતાના નિયત મતદાન કેન્દ્ર પર સવારે ૯ કલાક પછી મતદાન કરવા જનાર છે. જ્યારે કોંગ્રેસ પક્ષના ઉમેદવાર કાળુસિંહ ડાભી આવતીકાલે પોતાના ગામ છીપીયાલ, પ્રાથમિક શાળા ખાતે સવારે ૮:૩૦થી ૯ની વચ્ચે પહોંચી મતદાન કરશે.

# બનાસકાંઠાના કુલ ૨૫૫૮ બૂથો પર ૧૧,૨૫૫થી વધુ પોલિંગ સ્ટાફ ફરજ પર કાર્યરત રહેશે



(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

પાલનપુર, તા.૬

બનાસકાંઠા લોકસભાની ચૂંટણીના મતદાનને લઈને વહીવટીતંત્ર સજ્જ બન્યું છે. મતદાન માટેની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. આજે જગાણા એન્જિનિયરિંગ કોલેજ ખાતેથી મતદાન પ્રક્રિયામાં જોડાયેલા અધિકારીઓ અને સ્ટાફને ઈવીએમ તથા વિવીપેટ સાથે બનાસકાંઠા જિલ્લાના ૨૫૫૮ મતદાન મથકોએ રવાના કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. આવતી કાલે મતદાનને લઈને તંત્ર ખડેપગે છે. ત્યારે લોકો પણ લોકશાહીના પર્વમાં સહભાગી બની મતદાન કરે તેવો અનુરોધ જિલ્લા કલેકટરે કર્યો હતો. બનાસકાંઠા જિલ્લાના કુલ ૨૫૫૮ બુથો પર ૧૧,૨૫૫ થી વધુ પોલિંગ સ્ટાફ ફરજ પર કાર્યરત રહેશે. પાલનપુર વિધાનસભા ક્ષેત્રના ૨૭૪ બુથ માટે ૩૩ રૂટ ઝોનલ ઓફિસર, ૩૩ આસિસ્ટન્ટ ઝોનલ ઓફિસર અને ૧૫૦૦થી વધુ પોલિંગ સ્ટાફ ચૂંટણી પ્રક્રિયામાં ફરજ નિભાવી રહ્યો છે. પાલનપુર વિધાનસભાના ૨૭૪ બુથ માટે EVMની ફાળવણી કરવામાં આવી હતી. ચૂંટણી પ્રક્રિયામાં રોકાયેલ સ્ટાફ આ સામગ્રી લઈ પોતાના ફરજ સ્થળ પર પહોંચ્યા છે. આમ, મતદાન શાંતિપૂર્વક સંપન્ન થાય તે માટે તંત્ર સજ્જ બન્યું છે.

### ૨૦૧૯માં સાત આરોપીઓને આજીવન કેદની સજા થતાં હાઈકોર્ટમાં અપીલ કરાઈ હતી

# આરટીઆઈ એક્ટિવિસ્ટ અમિત જેઠવાની જાહેરમાં હત્યા કરવાના કેસમાં ભાજપના પૂર્વ સાંસદ દીનુ સોલંકી સહિત સાત નિર્દોષ

## સીબીઆઈ સ્પેશિયલ કોર્ટનો ચુકાદો સજાની પૂર્વધારણાના આધારે હોવાનું હાઈકોર્ટનું અવલોકન; હાઈકોર્ટે કહ્યું કે, કોઈપણ સજા લેખિત કાયદાના આધારે થઈ શકે, ટ્રાયલ કોર્ટની સહજ સમજણના આધારે થઈ શકે નહીં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

આરટીઆઈ એક્ટિવિસ્ટ અમીત જેઠવાની જાહેરમાં હત્યા કરવાના કેસમાં એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ગુજરાત હાઈકોર્ટે સોમવારે ભાજપના પૂર્વ સાંસદ દિનુ સોલંકી અને અન્ય છ લોકોને દોષિત ઠેરવતા સીબીઆઈની ખાસ અદાલતના ચુકાદાને રદ કર્યો હતો અને તેઓને નિર્દોષ મુક્ત કર્યા હતા.

વર્ષ ૨૦૧૦માં આરટીઆઈ એક્ટિવિસ્ટ અમિત જેઠવાની હત્યાના કેસમાં સીબીઆઈ કોર્ટ દ્વારા દોષિત ઠેરવી સજા કરાતા અને તેમના દ્વારા કરાયેલી અપીલને જસ્ટિસ એ.એસ. સુપેહિયા અને વિમલ કે વ્યાસની ડિવિઝન બેન્ચે ગ્રાહ્ય રાખી હતી. હાઈકોર્ટે મહત્વપૂર્ણ અવલોકન કર્યું હતું કે, ટ્રાયલ કોર્ટે “દોષિત થવાની પૂર્વનિર્ધારિત ધારણા” સાથે કાર્યવાહી હાથ ધરી હતી અને સોલંકી અને અન્ય છ લોકોને આજીવન કેદની સજા ફટકારતા CBI કોર્ટના આદેશને રદ કર્યો હતો. આ કેસમા દીનુ સોલંકીનો ભત્રીજો અને કોડીનાર નગરપાલિકાનો પૂર્વ પ્રમુખ શિવા સોલંકીને પણ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. આમ ઘટનાના ૧૪ વર્ષ બાદ તમામ આરોપીઓ નિર્દોષ મુક્ત થતા ઘટનાક્રમમાં નવો જ વળાંક આવ્યો હતો. અમરેલીના ખાંભાના રહેવાસી અને ગેરકાયદેસર ખાણ ખનનની પ્રવૃત્તિ વિરૂદ્ધ અવાજ ઉઠાવનરા અમિત જેઠવાની ૨૦ જુલાઈ, ૨૦૧૦ના રોજ અહીં હાઈકોર્ટ પરિસરની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ કેસની તપાસ પહેલા સીઆઈડી અને બાદમાં સીબીઆઈને સોંપવામાં આવતા કેસમાં આરોપનામુ ઘડવામાં આવ્યું હતું. ત્યારબાદ સોલંકી અને અન્ય છને CBI કોર્ટે ૨૦૧૯માં આજીવન કેદની સજા ફટકારી હતી અને હત્યા અને ગુનાહિત કાવતરાના કેસમાં ૧૫ લાખ રૂપિયાનો દંડ ભરવાનો આદેશ આપ્યો હતો. બાદમાં હાઈકોર્ટે દિનુ સોલંકી અને તેના ભત્રીજા શિવા સોલંકીની આજીવન કેદની સજાને સ્થગિત કરી દીધી હતી,

આજરોજ આ કેસનો ચુકાદો જાહેર કરતા ખંડપીઠે અવલોકન કર્યું હતું કે, ગુનાની શરૂઆતથી જ સમગ્ર તપાસ અવ્યવસ્થિત અને પૂર્વગ્રહયુક્ત લાગે છે. ફરિયાદ પક્ષ સાક્ષીઓનો વિશ્વાસ સુરક્ષિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. ટ્રાયલ કોર્ટ દ્વારા પહેલેથી જ દોષની પૂર્વધારણાની ધારણાના આધારે કાયદાઓ અને કાયદાકીય પ્રાધાન્યથી વિપરિત પુરાવાઓ ઉપર આધાર રાખીને ચુકાદો સંભળાવવામાં આવ્યો હતો.

પરિણામે ૧૧ જુલાઈ, ૨૦૧૯ના રોજ સ્પેશિયલ જજ સીબીઆઈ કોર્ટ દ્વારા દોષિત ઠેરવવાના આદેશ પરનો સામાન્ય ચુકાદો રદ કરવામાં આવે છે.

હાઈકોર્ટે વધુ અવલોકન કર્યું હતું કે, લોકશાહીનું અસ્તિત્વ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા એ અનુભૂતિ પર આધાર રાખે છે કે બંધારણીય નૈતિકતા બંધારણીય કાયદેસરતા કરતાં ઓછી આવશ્યક નથી. સીબીઆઈ દ્વારા કરવામાં આવેલી તપાસ નામ માત્રની હતી અને સત્યને હંમેશા માટે ઢાંકી દેવા માટે તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. જેઠવાની ૨૦ જુલાઈ, ૨૦૧૦ના રોજ ગુજરાત હાઈકોર્ટની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. કારણ કે તેણે માહિતી અધિકાર (આરટીઆઈ) કાયદા હેઠળ માહિતી માંગીને કથિત રીતે દિનુ સોલંકી સાથે સંકળાયેલી ગેરકાયદેસર ખાણકામ પ્રવૃત્તિઓનો પર્દાફાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ કેસ સપ્ટેમ્બર ૨૦૧૨માં હાઈકોર્ટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનને તપાસ સોંપી હતી. સીબીઆઈએ નવેમ્બર ૨૦૧૩માં દિનુ સોલંકીની ધરપકડ કરી હતી.

### સુરતમાં કોંગ્રેસ લડી લેવાના મૂડમાં : પોલીસ કમિશનરને કરી અરજી

# નિલેશ કુંભાણીના ત્રણ ટેકેદારો સામે તપાસની માંગ જિલ્લા કલેક્ટરને પણ આરોપી બનાવાયા

## કુંભાણીનું ફોર્મ રદ કરવામાં ટેકેદારો સહિત કલેક્ટરની ભૂંડી ભૂમિકા હોવાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૬

સુરત લોકસભા બેઠક ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને બિનહરીફ સીટ ધરી દેનારા કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી અને તેના ટેકેદારોની ભૂંડી ભૂમિકાને પગલે સમગ્ર શહેરમાં ભારે હોબાળો મચી જવા પામ્યો છે. એક પખવાડિયાથી ભૂગર્ભમાં ઉતરી ચુકેલા નિલેશ કુંભાણી વિરૂદ્ધ વરાછા સહિતના વિસ્તારોમાં ભારે સૂત્રોચ્ચાર સાથે કોંગ્રેસ - આપના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું ત્યારે હવે આ સમગ્ર પ્રકરણ પોલીસ કમિશનર કચેરી સુધી પહોંચ્યું છે. કોંગ્રેસના નેતા દ્વારા સમગ્ર પ્રકરણમાં વિવાદાસ્પદ ભૂમિકા ભજવનાર નિલેશ કુંભાણીના ટેકેદારો સહિત જિલ્લા કલેક્ટર વિરૂદ્ધ પોલીસ સમક્ષ અરજી કરવામાં આવી છે. જેમાં આ તમામ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધવાની સાથે નિષ્પક્ષ તપાસ કરવામાં આવી તેવા માંગ કરવામાં આવી છે. નવસારી લોકસભા મતવિસ્તારમાં કન્વીનર અને કોંગ્રેસી નેતા અશોક પીપળે દ્વારા આજરોજ પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોત સમક્ષ રમેશ પોલરા, જગદીશ સાવલીયા અને ધ્રુવિન ધામેલીયા સહિત જિલ્લા કલેકટર ડો. સૌરભ પારઘી વિરૂદ્ધ અરજી કરવામાં આવી છે. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, લોકસભાની ચુંટણી દરમિયાન કોંગ્રેસદ્વારા નિલેશ કુંભાણીને ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં તેઓના ટેકેદારો રમેશ પોલરા, જગદીશ સાવલીયા અને ધ્રુવિન ધામેલીયાએ ૫મી એપ્રિલનાં રોજ પોતાનું નામ મતદાર યાદીમાં હોવા અંગેનું પ્રમાણ પત્ર મેળવવામાં આવ્યું હતું અને ત્યારબાદ નિલેશ કુંભાણીના ફોર્મ પર સહીઓ કરવામાં આવી હતી. જો કે, ત્યારબાદ ૨૦મી એપ્રિલનાં રોજ ફોર્મ ચકાસણીની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં જ નિલેશ કુંભાણીના ટેકેદારો દ્વારા દરખાસ્તમાં સહી ન કરી હોવાનું સોગંદનામું રજુ કરવામાં આવતાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. ત્રણેય ટેકેદારો દ્વારા કિરણ ઘોઘારી નામક એક જ નોટરી પાસેથી તૈયાર કરાવેલું સોગંદનામું કલેકટર સમક્ષ રજૂ કરવામાં આવતાં સમગ્ર પ્રકરણમાં ભારે શંકાના વાદળો ઘેરાયા હતો. જો કે, આ દરમિયાન જિલ્લા કલેકટર દ્વારા ઉમેદવારના ટેકેદારો દ્વારા રજુ કરવામાં આવેલા સોગંદનામાને આધારે નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રકરણમાં ટેકેદારો દ્વારા પોત- પોતાના મતદાર વિભાગમાં જે તે સરકારી અધિકારી સમક્ષ રૂબરૂમાં હાજર રહીને મતદાર યાદીમાં નામ હોવા અંગેનું પ્રમાણ પત્ર મેળવેલ હતું. આ માટે તેઓએ અધિકારી સમક્ષ પોતાની સહીઓ પણ કરી હતી. આમ છતાં ટેકેદારો દ્વારા છેક છેલ્લી ઘડીએ નિલેશ કુંભાણીના ફોર્મમાં પોતાની સહી ન હોવાનું સોગંદનામું રજુ કરવામાં આવતાં કલેકટર દ્વારા પણ કોઈકના પ્રભાવમાં આવીને કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારનું ફોર્મ રદ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જેને પગલે ત્રણેય ટેકેદારો સહિત જિલ્લા કલેકટર વિરૂદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધવાની સાથે યોગ્ય તપાસ કરવા અંગે પોલીસ કમિશનર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

### કુંભાણી સામે ફોજદારી કાર્યવાહી કરવા કોંગ્રેસ લીગલ સેલે પણ કરી અરજી

કોંગ્રેસના લિગલ સેલે નિલેશ કુંભાણી સામે ફોજદારી કાર્યવાહી કરવાની અરજી સુરત પોલીસ કમિશનરને કરી છે. આ સાથે જ નિલેશ કુંભાણીના ટેકેદારો સામે પણ કાર્યવાહી કરવાની માગ કરવામા આવી છે. નિલેશ કુંભાણી અને તેમના ટેકેદારો દ્વારા ખોટી સહી અને રજૂઆતના કારણે ઉમેદવારી ફોર્મ રદ થયું હતું. ખોટી એફિડેવિટ કરાઈ હતી જે સંદર્ભે કાર્યવાહી કરવા માટે પોલીસ કમિશનરને અરજી કરવામાં આવી છે. સુરતના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી ઉપર ફોજદારી કાર્યવાહી કરવા માટે કોંગ્રેસ લીગલ સેલે પોલીસ કમિશનરને અરજી આપી છે. નિલેશ કુંભાણી સાથે તેમના ટેકેદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આઈપીસીની કલમ ૪૬૩, ૪૬૪, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૬૯ તથા ૪૭૧,૧૭૧(જી),૩૪,૧૧૪ તથા ૧૨૦ (બી )હેઠળ ફરિયાદ કરવા માટે માંગણી કરાઈ છે. આ પહેલા કોંગ્રેસની શિસ્ત સમિતિની બેઠકમાં વિસ્તૃત ચર્ચાના અંતે નિલેશ કુંભાણીને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# અરબ સમુદ્રની વચ્ચે આવેલા શિયાળબેટ ટાપુમાં મતદાન માટેની સુવિધાઓ પહોંચી



(તસવીર : મજીદખાન પઠાણ, અમરેલી)

અમરેલી, તા.૬

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં તા.૭ મે, ૨૦૨૪ના રોજ મંગળવારના રોજ સવારે ૭થી સાંજે ૬ વાગ્યા સુધી લોકસભાની સામાન્ય ચૂંટણીનું મતદાન યોજાશે. અમરેલી જિલ્લામાં જાફરબાદ તાલુકામાં દરિયાની વચ્ચે આવેલો શિયાળ બેટ ટાપુ એ વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિ ધરાવે છે. દરિયાથી ચોમેર ઘેરાયેલા ટાપુ પર વસતા મતદારો મતાધિકારથી વંચિત ન રહે તેથી અમરેલી જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા દરિયામાં હોડી મારફતે ઈ.વી.એમ. મશીન અને મતદાન સામગ્રીઓ પહોંચાડવામાં આવે છે. રાજુલા મુકામે આવેલા ઈ.વી.એમ. ડિસ્પેન્ચીંગ કેન્દ્ર ખાતેથી શિયાળબેટ ખાતે યોજનાર મતદાન પ્રક્રિયા માટે બસ મારફતે જેટી સુધી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાના માર્ગદર્શન હેઠળ મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીના આ સફળ આયોજનના પગલે મારફતે મતદાન પ્રક્રિયા માટે ઈ.વી.એમ. યુનિટ અને મતદાન સામગ્રીઓ પહોંચાડવામાં આવી હતી. મંગળવારે તા.૭મે, ૨૦૨૪ના રોજ શિયાળબેટ પર મતદાન પ્રક્રિયા યોજાશે. શિયાળબેટ પહોંચવા માટે દરિયાઈ માર્ગ એકમાત્ર વિકલ્પ છે ત્યારે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી ફરજ પરના અધિકારી અને કર્મચારીઓ માટે શિયાળબેટ પહોંચવા ચૂંટણી તંત્ર દ્વારા બે બોટની વ્યવસ્થા કરવામાં આવી હતી. ચૂંટણી ફરજ પરના અધિકારીઓ-કર્મચારીઓ સાથે સુરક્ષાકર્મીઓ પણ મતદાન પ્રક્રિયામાં જોડાશે. શિયાળ બેટમાં મતદાન પ્રક્રિયા માટે ૦૫ ટીમ ફરજ બજાવશે. શિયાળબેટ ખાતે નવી પ્રાથમિક શાળા ખાતે ૫,૦૪૮ મતદારો માટે મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થશે. તા. ૫-૧-૨૪ની સ્થિતિએ શિયાળ બેટમાં ૨,૫૮૨ પુરૂષ અને ૨,૪૬૬ મહિલા, ૧૪ પી.ડબલ્યુ.ડી.- દિવ્યાંગો સહિત ૫,૦૪૮ મતદારો છે. ૮૦+ની વય ધરાવતા ૫૪ મતદારો છે. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની આ મતદાન પ્રક્રિયા માટે ૨૦ પોલીંગ સ્ટાફ, ૫ બી.એલ.ઓ., પ્રિસાઈડીંગ અધિકારી, ઝોનલ અધિકારી અને સુરક્ષાકર્મીઓ મળી ૪૦ જેટલા ચૂંટણી ફરજ પરના અધિકારી અને કર્મચારીઓ બોટ મારફતે અરબ સાગર ખેડી અને લોકશાહીના પર્વને મતદારો સુધી લઈ જવા માટે પહોંચી ચૂક્યા છે.

## ગીર સોમનાથ જિલ્લામાં ઈવીએમ અને વીવીપેટનું ડિસ્પેચિંગ



ગીર સોમનાથ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શનમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આવતીકાલે યોજાનાર ચૂંટણી માટે જિલ્લામાં ઊભા કરવામાં આવેલા ચાર ડિસ્પેચિંગ સેન્ટર ખાતેથી સુરક્ષા બંદોબસ્ત સાથે વિવિધ ટીમોને ઈ.વી.એમ. અને વી.વી.પેટ સાથે રવાના થઈ હતી. ઉલ્લેખનીય છે કે, જિલ્લાના ૧૦૪૦ મતદાન મથકો માટે આવતીકાલે મતદાન યોજાવાનું છે. ત્યારે જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતેના ડિસ્પેચિંગ સેન્ટર ખાતે વિશિષ્ટ વેશભૂષામાં ઉપસ્થિત સખી બૂથ, દિવ્યાંગ બૂથ, યુથ બૂથ સહિતની ટીમોનું ઉત્સાહવર્ધન કર્યું હતું.

(તસવીર : સઈદ મહિડા, પ્રભાસપાટણ)

**ગુજરાત ટુડે યાદ છે ને....આજે ત્રીજા તબક્કાનું મતદાન છે. આપનો એક મત માત્ર આપનું જ નહીં પણ સમગ્ર ભારતનું ભાવિ નક્કી કરશે; માટે જ સૂઝબૂઝપૂર્વક અવશ્ય મતદાન કરો અને કરાવો...**

**યાદ રાખો.... સો ટકા મતદાન.... સાચી દિશામાં મતદાન** (ગુજરાત ટુડે દૈનિક દ્વારા જનહિતાર્થે પ્રસિદ્ધ)

## લોકસભાની સુરત સિવાયની ૨૫ બેઠકોની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ઘડાશે ભાવિ

# રાજ્યભરમાં આજે જામશે ચૂંટણીનો જંગ : ભારે ગરમી વચ્ચે મતદારોની પરીક્ષા

### ● રાજ્યના ૧૩,૬૦૦ મતદાન મથકો સંવેદનશીલ : ૧.૨૦ લાખ પોલીસકર્મી રહેશે તૈનાત ● ૨૫ હજારથી વધુ મતદાન મથકો ખાતેથી થશે લાઈવ વેબકાસ્ટિંગ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૬

ગુજરાતની લોકસભાની સુરત સિવાયની ૨૫ બેઠકોની સામાન્ય ચૂંટણી તેમજ વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે આવતીકાલે ૭ મેના રોજ મતદાન યોજાનાર છે. ચૂંટણીપંચ દ્વારા ઝીણવટપૂર્વક તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ આ અંગે જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન અને વીવીપેટના કમિશનિંગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. વોટર ઈન્ફોર્મેશન સ્લીપના વિતરણની કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. આજે રાજ્યના દરેક બૂથ પર ઈવીએમ મશીન સાથે સ્ટાફ પહોંચી જશે. ગુજરાતમાં ૫૦,૭૮૭ મતદાન મથક પર ૭ મેના રોજ મતદાન યોજાશે, જેમાં ૧૩,૬૦૦ મતદાન મથક સંવેદનશીલ છે.જ્યારે ૧.૨૦ લાખ પોલીસકર્મી મતદાનના દિવસે ખડેપગે રહેશે. તેમજ મતદાનના દિવસે હીટવેવને લઈને ચૂંટણીપંચે એક્શન પ્લાન




તૈયાર કર્યો છે. ગુજરાતમાં ૨૮ વર્ષ પછી મે મહિનામાં મતદાન થશે, આવતીકાલે ૪૩ ડિગ્રી તાપમાન રહેવાની હવામાન વિભાગની આગાહી છે. ત્યારે આજે રાજ્યની તમામ બેઠક પરના પોલ બુથ પર ચૂંટણી સ્ટાફ દ્વારા તૈયારી પૂર્ણ થઈ ગઈ છે અને ભર તડકામાં ચૂંટણી સ્ટાફ ઈવીએમ સાથે મતદાન મથકોએ પહોંચી ગયો છે અને કાલ માટે સેટઅપ ઊભું કરવાના કામે લાગ્યા હતા. તમામ મતદાન મથકોએ પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. ઉમેદવારો જાહેર પ્રચાર શાંત થતાં જનસંપર્ક માટે ડોર ટુ ડોર તથા જૂથ બેઠકોમાં વ્યસ્ત બન્યા હતા.

ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની પેટાચૂંટણી દરમિયાન મતદાન પ્રક્રિયા પર ચાંપતી નજર રાખવા રાજ્યના ૫૦ ટકાથી વધુ મતદાન મથકો ખાતેથી લાઈવ વેબકાસ્ટિંગ કરાશે. રાજ્યના કુલ ૫૦,૭૮૮ મતદાન મથકો પૈકી ૨૫ હજારથી વધુ મતદાન મથકોની કામગીરીનું લાઈવ વેબકાસ્ટિંગ કરાશે.

મતદાન પ્રક્રિયા ન્યાયી અને નિષ્પક્ષ રીતે થાય તે માટે ગુજરાતનું ચૂંટણીતંત્ર સંપૂર્ણ સુસજ્જ છે. ભારતના ચૂંટણી પંચની સૂચના પ્રમાણે સમગ્ર વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યકક્ષાએ મોનિટરીંગ રૂમ ઉપરાંત તમામ જિલ્લાઓમાં પણ જિલ્લા કક્ષાનો એક મોનિટરિંગ રૂમ કાર્યરત કરાશે. જે તે જિલ્લાના મતદાન મથકોના લાઈવ વેબકાસ્ટિંગનું આ જિલ્લા કક્ષાના મોનિટરીંગ રૂમમાં નિરીક્ષણ થતું રહેશે. જિલ્લા અને રાજ્યકક્ષા ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા પણ વેબ કાસ્ટિંગનું મોનિટરીંગ કરવામાં આવશે.

મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો મોનિટરિંગ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. જ્યાંથી તમામ ૨૫ હજારથી વધુ મતદાન મથકો પર ચાંપતી નજર રાખવામાં આવશે. આ મોનિટરિંગ રૂમમાં આશરે ૯૦ જેટલા કર્મચારીઓ/અધિકારીઓ તા. ૭ મે ના રોજ સવારે ૫.૩૦ વાગ્યાથી શરૂ કરી મતદાન પ્રક્રિયા સંપન્ન થાય ત્યાં સુધી મતદાન મથકોના વેબકાસ્ટિંગ પર સતત નજર રાખશે. સાત જેટલા ઉચ્ચ અધિકારીઓ રાજ્ય કક્ષાના આ મોનિટરિંગ રૂમમાંથી વેબકાસ્ટિંગ દ્વારા મતદાન પ્રક્રિયા પર દેખરેખ રાખશે.











